BAOU
Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

બી.કોમ. સેમેસ્ટર - ૧

MDC101-BC

એકમલક્ષી અર્થશાસ્ત્ર

સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:
‘જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય’

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

‘સ્વાધ્યાય: પરમં તપ:’ સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને ‘સ્વાધ્યાય ટેલિવિઝન’, ‘સ્વાધ્યાય રેડિયો’ જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય
કુલપતિશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.કોમ. સેમેસ્ટર-૧

MDC101-BC

એકમલક્ષી અર્થશાસ્ત્ર

ભાગ-1

એકમલક્ષી અર્થશાસ્ત્ર

એકમ : 1 ધંધાકીય અર્થશાસ્ત્રનો પરિચય અને મૂળભૂત ખ્યાલો	01-42
એકમ : 2 માંગની સ્થિતિ સ્થાપકતા અને વપરાશનું વર્તન	43-121
એકમ : 3 ઉત્પાદન અને ઉત્પાદન વિધેય	122-144
એકમ : 4 ખર્ચ રેખાઓ તથા પુરવઠાનો નિયમ	145-168

લેખન :	ડૉ. હીનાબેન પટેલ	પ્રિન્સીપાલ, મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી.
	ડૉ. બીનાબેન પટેલ	આસિસ્ટન્ટ પ્રોફેસર, GLS કોલેજ, અમદાવાદ.
પરામર્શક(વિષય) :	ડૉ. હીનાબેન પટેલ	પ્રિન્સીપાલ, મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી.
	ડૉ. પલ્લવી વ્યાસ	આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ હેડ ઓફ ઇકોનોમિક ડીપાર્ટમેન્ટ પ્રિ. એમ.સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ.
પરામર્શક(ભાષા) :	ડૉ.જાગૃતિ મેહતા	આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. પ્રવીણ વણકર	આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
સંયોજક :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક :	ડૉ. અજયસિંહ જાડેજા	કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : સુધારેલ પુનઃ આવૃત્તિ (૨૦૨૪)

ISBN : 978-93-5598-369-5

<u>સર્વાધિકાર સુરક્ષિત</u>

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ -૧ ધંધાકીય અર્થશાસ્ત્રનો પરિચય અને મૂળભૂત ખ્યાલો

: રૂપરેખા :

1.1 *પ્રસ્તાવના*

1.2 *અર્થશાસ્ત્રની વ્યાખ્યા*

1.3 *ધંધાકીય અર્થશાસ્ત્રનાં લક્ષણો*

1.4 *ઉત્પાદનનાં સાધનો*

1.5 *અર્થતંત્રની મૂળભૂત સમસ્યાઓ*

1.6 *ઉત્પાદન શક્યતા વક*

1.7 *આર્થિક પદ્ધતિઓ અને સંસાધનોની ફાળવણી*

1.8 *આર્થિક પદ્ધતિઓમાં સંસાધનોની ફાળવણી*

1.9 *પાયાનાં ખ્યાલો*

1.10 *સારાંશ*

1.11 *ચાવીરૂપ શબ્દો*

1.12 *સ્વાધ્યાય*

1.1 પ્રસ્તાવના :

ધંધાકીય અર્થશાસ્ત્ર એ સંસાધનોની અછતની વચ્ચે વસ્તુ અને સેવાઓનાં ઉત્પાદન અને વપરાશમાં ગ્રાહકો, પેઢીઓ વગેરેનો અભ્યાસ છે. ધંધાકીય અર્થશાસ્ત્ર એ તેના ઈચ્છિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે મર્યાદિત સાધનોનું આયોજન અને ફાળવણી કઈ રીતે કરવી તે દર્શાવે છે. ધંધાકીય અર્થશાસ્ત્ર એ નિર્ણય લેવા માટેનું અર્થશાસ્ત્ર છે. ધંધાકીય સમસ્યાઓ અને તેના નિરાકરણની પદ્ધતિઓ પ્રસ્તુત કરતી વખતે નિયોજકો આર્થિક કાયદાઓ અને સિદ્ધાંતો લાગુ પાડે છે. ધંધાકીય અર્થશાસ્ત્રની એક " વિશેષ શાખા" છે. જે અમૂર્ત આર્થિક સિદ્ધાંત અને મેનેજરી આ પ્રેક્ટિસ વચ્ચેનાં અંતરને દૂર કરે છે. નિયોજકોને ધંધાકીય સમસ્યાઓ હલ કરવા માટે અર્થશાસ્ત્રના સિદ્ધાંતો, વિભાવનાઓ અને સાધનો ઉપયોગી છે.

1.2 અર્થશાસ્ત્રની વ્યાખ્યા :-

અર્થશાસ્ત્ર શબ્દનો સાદો અર્થ છે ' અર્થ ' નું શાસ્ત્ર, અર્થશાસ્ત્ર સમાજમાં રહેતા સામાન્ય મનુષ્યના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે. સમાજની પરિસ્થિતિ સતત બદલાતી રહેતી હોવાથી

તે મુજબ માનવીનું વર્તન પણ બદલાય છે. આથી અર્થશાસ્ત્રનું કાર્ય સતત બદલાતું જાય છે. અર્થશાસ્ત્રની જુદા જુદા સમયે જે વ્યાખ્યાઓ પ્રાપ્ત થઈ તે સમજીએ.

એડમ સ્મિથની વ્યાખ્યા :-

1776માં એડમ સ્મિથે સૌ પ્રથમ તેમના પ્રકાશિત પુસ્તક " An Enquiry in to the Nature and Courses of Wealth of Nations " *માં અર્થશાસ્ત્રને સંપત્તિનાં શાસ્ત્ર તરીકે દર્શાવ્યું. તેઓનાં મતે " ઉત્પાદક શ્રમ દ્વારા ઉત્પન્ન થયેલ ભૌતિક સંપત્તિનું ઉત્પાદન-વપરાશ અને વિનિમયનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર"*

પ્રો. જે. એસ. મિલ :-

ઈંગ્લેન્ડનાં અર્થશાસ્ત્રી જે. એસ. મિલના મતે " અર્થશાસ્ત્ર સંપત્તિનું સ્વરૂપ તેમજ તેની ઉત્પાદન અને વહેંચણીની સમજૂતી આપતું શાસ્ત્ર છે."

પ્રો. આલ્ફ્રેડ માર્શલ :-

પ્રો. આલ્ફ્રેડ માર્શલે તેમના પુસ્તક " પ્રિન્સિપલ્સ ઓફ ઈકોનોમિક્સ"માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા રજૂ કરી છે. " અર્થશાસ્ત્ર માનવીના સામાન્ય જીવન વ્યવહારનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર વ્યક્તિ તેમજ સમાજની તે પ્રવૃત્તિઓનું અધ્યયન કરે છે જે માનવ સુખનાં ભૌતિક સાધનોની પ્રાપ્તિ અને વપરાશ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે."

પ્રો. એ. સી. પીગુ :-

" આપણા અભ્યાસનું ક્ષેત્ર સમાજ કલ્યાણના તે ભાગ પૂરતું મર્યાદિત છે કે જે નાણાં વડે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માપી શકાય છે."

પ્રો. લાયોનલ રોબિન્સ :-

પ્રો. રોબિન્સે 1931*માં પ્રકાશિત થયેલાં તેમનાં પુસ્તક* " Nature and significance of Economic Science "*માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે અર્થશાસ્ત્ર એ " અછતનું શાસ્ત્ર છે" અર્થશાસ્ત્ર એ વાસ્તવદર્શી શાસ્ત્ર છે તેમજ તે મનુષ્યનાં આર્થિક વર્તનને તપાસે છે. તે મુજબ રોબિન્સે નીચે મુજબ અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી છે. " અર્થશાસ્ત્ર એ એવું શાસ્ત્ર કે વિજ્ઞાન છે જે અમર્યાદિત જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતા મર્યાદિત સાધનોનાં સંદર્ભમાં માનવ વર્તણૂંકનો અભ્યાસ કરે છે."*

1.3 ધંધાકીય અર્થશાસ્ત્રનાં લક્ષણો :-

(i) અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે :-

અંગ્રેજીમાં science*નો અર્થ વિજ્ઞાન કે શાસ્ત્ર થાય છે. વિજ્ઞાન એટલે પદ્ધતિસરનું જ્ઞાન જેમાં કાર્ય કારણનો સંબંધ દર્શાવવામાં આવે છે. જેમાં કોઈ એક જ ઘટના નહિ પરંતુ અનેક ઘટનાઓ સમજાવવામાં આવે છે. જેના આધારે નિયમો શોધવામાં આવે છે. નિયમોના આધારે આગાહી કરવામાં આવે છે. જેમ વિજ્ઞાન જડ પદાર્થોનો અભ્યાસ કરે છે તે જ રીતે અર્થશાસ્ત્ર માનવીનાં વર્તનનો, પેઢીનો, ઉદ્યોગનો વગેરેનો અભ્યાસ કરે છે. તેને અસર કરતાં પરિબળોને ચકાસે છે.*

(ii) **અર્થશાસ્ત્ર કલા છે :-**

અર્થશાસ્ત્ર એક સામાજિકશાસ્ત્ર કે વિજ્ઞાન છે સાથે સાથે અર્થશાસ્ત્ર એક કલા પણ છે. આદર્શલક્ષી કે વાસ્તવલક્ષી વિજ્ઞાનમાં શું હોવું જોઈએ ? તે સમજાવવામાં આવે છે. જ્યારે આર્થિક નીતિઓ કે વ્યૂહરચનાના અમલની બાબતમાં અર્થશાસ્ત્ર કલા છે.

(iii) **અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે :-**

આદર્શલક્ષી વિજ્ઞાન તરીકે અર્થશાસ્ત્ર માનવીનાં આર્થિક વર્તનો અને તેના દ્વારા મહત્તમ સંતોષ કે કલ્યાણ અંગેનો અભ્યાસ કરે છે. આદર્શલક્ષી વિજ્ઞાન એક પ્રકારનું ધ્યેયલક્ષી વિજ્ઞાન છે. જેમાં આર્થિક ધ્યેયો અને તે ધ્યેયોને પ્રાપ્ત કરવા માટેની નીતિઓનો સમાવેશ થાય છે. અર્થતંત્રમાં કયા પ્રકારની નીતિ અપનાવવી, નીતિની ગરીબ અને ધનિક વર્ગ પર શું અસરો કરશે ? ગરીબોનાં કલ્યાણને ધ્યાનમાં રાખી આવકની વહેંચણી કેવી રીતે કરવી વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(iv) **અર્થશાસ્ત્ર વાસ્તવલક્ષી વિજ્ઞાન છે :-**

અર્થશાસ્ત્ર આર્થિક એકમો અને તેમની વચ્ચેનાં આંતર સંબંધોનો અભ્યાસ કરે છે અને ભાવિ આગાહી માટે સહાયરૂપ થાય તેવા મોડેલની રચના કરે છે. વાસ્તવલક્ષી અર્થશાસ્ત્ર હકીકતોનું નિરીક્ષણ અને પૃથ્થકરણ કરે છે તેમજ કોઈ એક ધારણાના નૈતિક ફલિતાર્થો કે સાધ્યો પ્રત્યે તટસ્થ રહે છે. જેમાં સારા નરસાં પરિણામો સાથે કોઈ સંબંધ દર્શાવવામાં આવતો નથી.

(v) **ધંધાકીય અર્થશાસ્ત્રમાં સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પણ ઉપયોગ કરવામાં આવે છે :-**

અર્થતંત્રમાં વેપારચક્રો, રાષ્ટ્રીય આવકની ગણતરી, વિદેશ વેપાર, રાજ્યના કરવેરા, ઈજારાશાહી જેવાં બાહ્ય પરિબળો પર પેઢીનો અંકુશ હોતો નથી. આવા પરિબળો સાથે સમાયોજન સાધવા માટે નિયોજકોને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું જ્ઞાન જેમ વધુ તેમ ધંધાકીય ક્ષેત્રે વધુ સફળતા પ્રાપ્ત કરી શકે છે.

1.4 ઉત્પાદનનાં સાધનો :-

- **ઉત્પાદનનો અર્થ :-**

માનવ જરૂરિયાતોને પહોંચી વળવા માનવસર્જિત તેમજ કુદરતી રીતે પ્રાપ્ત મર્યાદિત સાધનોનો એવી રીતે ઉપયોગ કરવામાં આવે છે જેથી લોકોની જરૂરિયાતો સંતોષી શકાય છે. આવા મર્યાદિત સાધનો દ્વારા ચીજવસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે. ઉત્પાદનનો અર્થ સમજવામાં નીચેની બાબતો મહત્ત્વની છે.

(i) **પદાર્થનું રૂપાંતર :-**

સામાન્ય રીતે " ઉત્પાદન એટલે કોઈ નવી સ્થૂળ વસ્તુ કે પદાર્થનું સર્જન" પરંતુ મોટા ભાગની વસ્તુઓનું માનવી પોતે સર્જન કરી શકતો નથી. પરંતુ તેનું રૂપાંતર કરે છે. જેમકે, કુંભાર માટીમાંથી માટલું, કોડિયું કે રસોઈનાં વાસણ બનાવે છે તો માટીનાં રૂપમાં બદલાવ કરવાથી તેનો તુષ્ટીગુણ પણ બદલાય છે. આમ; અહીં ઉત્પાદન એટલે સ્વરૂપ તુષ્ટીગુણનું સર્જન તેવો અર્થ થાય.

(ii) **પદાર્થનું સ્થળાંતર :-**

વસ્તુ કે પદાર્થનું સ્થળાંતર કરવામાં આવે તો પણ તેનું મહત્ત્વ બદલાય છે. જેમ ખેતરમાં અનાજ પકવવામાં આવે છે તે અનાજ અન્ય શહેરમાં જઈ વેચવામાં આવે તો અનાજનો તુષ્ટીગુણ તેના ખેતર કરતાં શહરેમાં જરૂરિયાત વાળા લોકો પાસે અનાજ પહોંચાડવાથી તુષ્ટીગુણ વધારે એટલે કે છતવાળી જગ્યાએથી અછતવાળી જગ્યાએ વસ્તુઓ લઈ જવાથી વસ્તુમાં ઉમેરાતો તુષ્ટીગુણ સ્થળ તુષ્ટીગુણ છે. આમ, ઉત્પાદન એટલે સ્થળ તુષ્ટીગુણનું સર્જન.

(iii) **પદાર્થનું સમયાંતર** :-

કોઈપણ વસ્તુને બનાવવાની શરૂઆતથી બજારમાં વેચાણ કરવા સુધીનો સમય લાગતો હોય છે. તદુપરાંત ઉત્પાદિત વસ્તુને જરૂરિયાતની સમય પહેલાં ઉત્પાદિત કરી તેને સાચવી રાખવામાં આવે છે. અને જયારે જરૂર પડે ત્યારે બજારમાં વેચીને નફો કમાવાય છે. દા.ત. ઉનનાં સ્વેટર કે શાલ કે અન્ય ગરમ કપડાંઓનું ઉત્પાદન કરનાર ઉનમાંથી તે વસ્તુઓ બનાવે ત્યારે શહરેમાં વેપારીઓ શિયાળાની સિઝન ન હોય તો પણ ઓછા ભાવે ખરીદી કરી તેનો જથ્થો સાચવી રાખે છે અને શિયાળામાં તેનું વેચાણ કરે છે. આ પણ એક જાતની ઉત્પાદન પ્રક્રિયા છે અને તેને સમય તુષ્ટીગુણ કહેવામાં આવે છે.

(iv) **આર્થિક ચીજોનું ઉત્પાદન :-**

વસ્તુનું સ્વરૂપ કે સ્થળ કે સમય બદલાવાની ક્રિયા બધાં જ સંજોગોમાં ઉત્પાદન નથી ગણાતી જે વસ્તુની છત હોય તેવી વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે તો તેને અર્થશાસ્ત્રની ભાષામાં ઉત્પાદન ન કહેવાય. પરંતુ જેની અછત હોય જેનું વપરાશ મૂલ્ય હોય, જેને પ્રાપ્ત કરવા માટે આર્થિક પ્રવૃત્તિ કરવી પડતી હોય, જેનું વિનિમય મૂલ્ય હોય એટલે કે તે વસ્તુને પ્રાપ્ત કરવા ખર્ચ કરવો પડતો હોય તેને ઉત્પાદન કહે છે.

(v) **આર્થિક ઉદ્દેશ મહત્ત્વનો :-**

ઉત્પાદક દ્વારા જે વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે, તે હંમેશા ઉત્પાદન ન કહેવાય. એટલે કે માત્ર સેવાની ભાવનાથી ઉત્પાદન કરવામાં આવે તો તે ઉત્પાદન ન કહેવાય.

પરંતુ જેની પાછળ આર્થિક કમાણીની ભાવના કે હેતુ હોય તેને જ ઉત્પાદન કહેવાય. જેમકે, ડૉકટર કોઈ દર્દીને તપાસવાની ફી ન લે તો તે ઉત્પાદન ન કહેવાય, પણ જો એ ફી વસૂલે તો તે ઉત્પાદન કહેવાય. આમ, જે પ્રવૃત્તિ આર્થિક હેતુ વાળી હોય તે જ ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે.

(vi) **સમાજના કુલ કલ્યાણમાં વધારો :-**

જેના દ્વારા લોકોનાં કલ્યાણમાં વધારો થાય તેને ઉત્પાદન કહેવાય. જેમકે; જયારે રાસાયણિક ફેક્ટરીઓ ઉત્પાદનક્રિયા દરમ્યાન ઝેરી રસાયણવાળું પાણી નદી કે તળાવમાં નિકાલ કરે છે ત્યારે ફેક્ટરીના માલિકને તો ઉત્પાદિત વસ્તુનાં વેચાણથી નફો પ્રાપ્ત થાય છે. પરંતુ નદી કે તળાવનું પ્રદૂષિત પાણી વાપરવાથી લોકોનાં સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે. એટલે કે તેમાં અન્ય લોકોનું કલ્યાણ વધતું નથી. આથી અહીં નિયોજકો કે ઉત્પાદકો દ્વારા થયેલ ઉત્પાદન કે ઉત્પાદકીય ન કહેવાય.

ટૂંકમાં " ઉત્પાદન એટલે આર્થિક ઉદ્દેશથી આર્થિક વસ્તુ કે સેવાઓનું રૂપાંતર, સ્થળાંતર અને સમયાંતર કે જેના લીધે સમાજની કુલ સુખાકારીમાં વધારો થાય"

- **ઉત્પાદનનાં સાધનો :-**

જે સાધનો ઉત્પાદન કાર્યમાં સહાયરૂપ થાય છે તેવા સાધનોને ઉત્પાદનનાં સાધનો કહે છે. અર્થશાસ્ત્રમાં ઉત્પાદનને કુલ ચાર સાધનોમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે. (1) *જમીન* (2) *મૂડી* (3) *શ્રમ* (4) *નિયોજન શક્તિ.*

જમીન અને શ્રમ પ્રાથમિક સાધનો છે. જમીન કુદરતી રીતે પ્રાપ્ત થયેલ છે. જયારે શ્રમ માનવ શ્રમ છે. આમ; કુદરત અને માનવનાં સહયોગથી ચીજ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. શરૂઆતમાં જમીન અને શ્રમ આ બે સાધનો વડે જ ઉત્પાદન થતું. જેમ જેમ સમય બદલાતો ગયો તેમ તેમ માનવીએ પોતાના શ્રમ વડે વસ્તુઓની સાથે સાથે મૂડી સાધનો પણ બનાવવાનું શરૂ કર્યું. અને આ રીતે ઉત્પાદનમાં મૂડીનો પ્રવેશ થયો. મૂડી એ માનવ સર્જિત સાધન છે. વર્તમાન આધુનિક યુગમાં ઉત્પાદનનું ચોથું મહત્ત્વનું સાધન છે નિયોજન શક્તિ. ઉત્પાદનનાં સાધનો જમીન, મૂડી અને શ્રમ આ ત્રણ સાધનોનું સંકલન કરી ઉત્પાદનમાં વ્યવસ્થિતતા લાવવાનું કામ નિયોજકનું છે.

ઉપરોક્ત ચારેય સાધનોને આપણે વિગતવાર સમજીએ.

1) <u>**જમીન**</u> *:-*

અર્થ :- *સામાન્ય રીતે આપણે પૃથ્વીની સપાટી, જેના પર મકાનો બાંધવામાં આવે છે, કે ખેતરો કે ફેક્ટરીઓ જેના પર હોય તેને જમીન કહીએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રની ભાષામાં જમીનનો અર્થ જુદો " આવકનું સર્જન કરવા માટે અંકુશમાં આવી શકે અને ઉપયોગમાં લઈ શકાતી કુદરતી સંપત્તિને જમીન કહે છે."*

એટલે કે પૃથ્વીની સપાટીની ઉપર તેમજ નીચે આવેલ નદીઓ, તળાવો, જંગલો, પર્વતો, રણ, ખેતરો, કોલસો, ખનીજ, ગેસ, પાણી આ તમામ જમીન છે. સૂર્ય પ્રકાશ, હવા વગેરે કુદરતી સંપત્તિ છે પરંતુ માનવનો તેના પર અંકુશ હોતો નથી. આથી કહી શકાય કે ઉત્પાદન કાર્યમાં લઈ શકાતી સમગ્ર કુદરતી સંપત્તિ જમીન છે.

- **<u>જમીનનાં લક્ષણો :</u>-**

1. **કુદરતી બક્ષિસ :-**

જમીન કુદરત દ્વારા માનવીને મળેલી કુદરતી બક્ષિસ છે. જેનાં સર્જન માટે મનુષ્યે કોઈ ખર્ચ કરવો પડતો નથી. જેમકે, અનાજ પકવવા ખેતરનું ઉત્પાદન કરવું પડતું નથી, કે તેના માટે કોઈ ખર્ચ કરવું પડતું નથી. ખેતર કુદરતી રીતે પ્રાપ્ત છે. જ્યારે અનાજ ઉત્પાદન કરી શકાય તેવી જમીન શોધવાનું કામ મનુષ્યનું છે.

2. અંકુશમાં આવી શકે તેવી સંપત્તિ :-

બધી જ કુદરતી સંપત્તિ જમીન નથી. પરંતુ જે કુદરતી સંપત્તિ માનવીનાં અંકુશમાં આવી શકે જેને માનવી પોતાની જરૂરિયાત મુજબ ઉપયોગમાં લઈ શકે તે જમીન છે.

3. સ્થિર પુરવઠો :-

જમીન કુદરતી સંપત્તિ છે, આથી માનવી વધુ ઉત્પાદન કરવા માટે જમીનનું પ્રમાણ વધારી શકતો નથી. જેટલી પ્રાપ્ત જમીન છે તેનો જ વિવેકપૂર્વક ઉપયોગ કરી ઉત્પાદન કરે છે.

4. **અગતિશીલ સાધન** *:-*

મૂડી સાધનો, વસ્તુઓ, યંત્રો વગેરેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે એટલે કે ગતિશીલ છે. પરંતુ જમીનને કોઈ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાતી નથી. એટલે કે અગતિશીલ છે. જો કે; તેનો એક ઉપયોગનાં બદલે બીજો ઉપયોગ કરી શકાય છે.

5. **વિવિધતા** *:-*

જમીન દરેક પ્રદેશમાં કે અલગ અલગ જગ્યાએ જુદા જુદા પ્રકારની છે. કયાંક ફળદ્રુપ જમીન, કયાંક રણ વિસ્તાર, પર્વતાળ વિસ્તાર જોવા મળે છે. કેટલીક જમીન સ્થાનની રીતે ખૂબ મહત્ત્વની હોય છે.

6. **ઘટતી ઉત્પાદકતા** *:-*

જમીનની જેમ જેમ વપરાશ થાય તેમ તેમ તેની યોગ્ય સંભાળ રાખવામાં ન આવે તો ફળદ્રુપતા ઘટે છે. જેથી ઉત્પાદન પણ ઘટતું જાય છે.

- **જમીનનું મહત્ત્વ :-**

(1) **લોકોનું અસ્તિત્વ :** *માનવીની પ્રાથમિક જરૂરિયાતો રોટી, કપડાં અને મકાન તેમજ રોજિંદા વ્યવહારો માટે જમીન ખૂબજ મહત્ત્વની છે.*

(2) **ખેતીની પ્રગતિ :** *જમીન વગર ખેતી અશક્ય છે. અનાજ – પાણીની જરૂરીયાતો પૂર્ણ કરવાં, તેનું ઉત્પાદન કરવા જમીન ખૂબજ મહત્ત્વની છે.*

(3) **ઔદ્યોગિક વિકાસ :** *ઉદ્યોગોમાં ખેત ઉત્પાદક વસ્તુઓ, બળતણ - ઈંધણ, ખનીજ પદાર્થો, કાચો માલ વગેરે જેવી જરૂરી વસ્તુઓ જમીનમાંથી જ પ્રાપ્ત થાય છે.*

(4) **વાહનોનો આધાર** *: બસ, ટ્રેન, કાર વગેરે જેવા વાહનો જો રસ્તા ન હોય તો કઈ રીતે ચાલી શકે ? જમીન હોય તો જ રસ્તા હોય. તો જ વાહનો ચાલી શકે.*

(2) <u>મૂડી</u> *:-*

- **અર્થ** *:-*

સામાન્ય રીતે આપણે ઘરેણાં, ઝવેરાત, મિલ્કત, મકાન વગેરેને મૂડી તરીકે ઓળખીએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રમાં " મૂડી એટલે માનવીએ કુદરતી સાધનોનો ઉપયોગ કરીને બનાવેલી કોઈપણ વસ્તુ, જે બીજી વસ્તુઓનાં ઉત્પાદનમાં સહાયરૂપ થાય "

મૂડી એ માનવસર્જિત સાધન છે. અને ઉત્પાદન કાર્યમાં ઉપયોગી છે. એટલે કે જે માનવસર્જિત ન હોય તેમજ ઉત્પાદકાર્યમાં ઉપયોગી ન હોય તો તેને મૂડી ન કહેવાય. જેમકે; આપણે બેંકમાં ઘરેણાં, પૈસા એમજ મૂકી રાખ્યાં હોય, મકાન બનાવી ખાલી મૂકી રાખ્યું હોય તો તેને મૂડી ન કહેવાય.

એટલે કે જેનું રૂપાંતર તૈયાર માલ કરવામાં સહાયરૂપ સાધનો કોલસો, ખનીજ, બળતણ, ઈંધણ, યંત્ર સામગ્રી વગેરે મૂડી કહેવાય.

- **મૂડીનાં લક્ષણો :-**

1. **માનવ સર્જિત :** *મૂડી એ કુદરત અને માનવ શ્રમનાં સંયોજન અને પ્રયત્નોથી સર્જિત સાધન છે.*
2. **ઉત્પાદન માટે ઉપયોગ :** *માનવસર્જિત તમામ વસ્તુઓ મૂડી ન કહેવાય. પરંતુ જે વસ્તુનો કે યંત્રોનો કે સાધનનો ઉપયોગ ઉત્પાદન ક્ષેત્રમાં થતો હોય તેને જ મૂડી કહેવાય.*
3. **ગતિશીલ :** *મૂડી સાધનો જેવા કે વાહનો, યંત્રો વગેરે એક સ્થળેથી બીજા સ્થળે લઈ જઈ શકાય છે. એટલે કે મૂડી જમીનની જેમ અગતિશીલ નથી. મૂડી ગતિશીલ સાધન છે. કેટલીક મૂડી અગતિશીલ હોય છે જેમકે; ફેક્ટરી, મિલ વગેરે.*
4. **ત્યાગ કે બચતનું પરિણામ :** *મૂડીનો આધાર બચત ઉપર છે. એટલે કે મૂડી સર્જન માટે બચત જરૂરી છે. બચત એ ત્યાગનું પરિણામ છે. જો વ્યક્તિ વધુ કામ કરી વધુ બચત કરે તો મૂડી દ્વારા અનેકગણું ઉત્પાદન પ્રાપ્ત કરી શકે છે.*

5. **ક્રિયાશીલ બચત :** *બધી જ બચતો મૂડી ન ગણી શકાય. જે બચતો ઉત્પાદન કાર્યમાં વપરાશમાં લેવાય તેવી બચતોને જ મૂડી કહી શકાય. જેમકે; ખેડૂત દ્વારા અનાજ ઉત્પાદન કરવામાં આવે અને તે સ્વવપરાશ માટે જ રાખી મૂકે તો તે મૂડી ન કહેવાય. પરંતુ તેનો ઉપયોગ વધારાનાં અનાજનાં ઉત્પાદન માટે કરે તો તેને મૂડી કહી શકાય.*
6. **વાસ્તવિક થાપણ :** *રોકડનાણું મૂડી નથી પણ યંત્રો, વાહનો વગેરે મૂડી છે. જે પૈસા ઉત્પાદનના ઉપયોગમાં લેવામાં આવે તો તેને મૂડી કહે છે. પૈસા વડે વાસ્તવિક થાપણો મેળવવામાં આવે તે મૂડી છે. જેમકે; પૈસા દ્વારા યંત્રો, ઓજારો વગેરે ખરીદવામાં આવે તો એ રીતે પૈસા મૂડી છે.*
7. **ઉત્પાદન માટે મદદરૂપ :** *મૂડી અનેકગણા ઉત્પાદન માટે મદદરૂપ થાય છે. કોઈ એક વ્યક્તિ દ્વારા ઉત્પાદન કરવામાં આવે તો ઉત્પાદન ઓછું થાય પરંતુ જો વ્યક્તિ યંત્ર વડે ઉત્પાદન કરે તો ઓછા સમયમાં ઝડપથી વધુ ઉત્પાદન કરી શકે છે.*

- **મૂડીનું મહત્ત્વ :-**

1. **મૂડીનું વધતું મહત્ત્વ :-**

મનુષ્ય જીવનની શરૂઆતથી જ મૂડી મનુષ્ય માટે મદદરૂપ થતી આવી છે. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ઉત્પાદનક્ષેત્રે મૂડીનું સ્થાન ખૂબજ આગળ પડતું વધી ગયું છે. આજે ઉદ્યોગ ક્ષેત્રે, ખેતીક્ષેત્રે મૂડી સાધનો દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે.

2. **વિકાસની ચાવી :-**

કોઈ પણ દેશનો વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે તે દેશમાં ઉદ્યોગોનો વિકાસ થયો હોય. જેના માટે મૂડી આવશ્યક છે. દેશની વસ્તીની જરૂરિયાતો પૂરી કરવા માનવશ્રમ કરતાં મૂડી સાધનો દ્વારા ઉત્પાદન કરવું જરૂરી છે. આજે આપણે જોઈએ છીએ કે વિશ્વમાં મૂડી પ્રધાન દેશો જ વિકસિત દેશો છે. એટલે કે જ્યાં મૂડીનો ઉત્પાદનક્ષેત્રે વધુ ઉપયોગ કરવામાં આવે છે ત્યાં વિકાસ ખૂબ જ ઝડપથી થઈ રહ્યો છે. આમ, મૂડી એ વિકાસની ચાવી છે.

3. **શ્રમ**

- **અર્થ :-**

સામાન્ય રીતે આપણે કામ કરવાથી લાગતા થાક ને શ્રમ કહીએ છીએ. પણ અર્થશાસ્ત્રની ભાષામાં " કોઈની દેખરેખ હેઠળ વસ્તુ કે આર્થિક લાભના બદલાની અપેક્ષાથી કરવામાં આવેલો શારીરિક કે માનસિક પ્રયત્ન એટલે શ્રમ અને જે શ્રમ કરે છે તેને શ્રમિક કહેવામાં આવે છે."

દા.ત. કોઈ ઓફીસમાં કામ કરતાં કર્મચારી, મિલ મજૂરો, જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતાં કારીગરો કે મજૂરો એ શ્રમિક છે. જેઓને તેમનાં શ્રમનાં બદલામાં પગાર કે વેતન મળે છે. પરંતુ સ્વતંત્ર રીતે કામ કરતાં જેવા કે ડૉકટર, એન્જિનિયર, વકીલ વગેરે તેઓનાં શ્રમ બદલ વળતર પ્રાપ્ત કરે છે. પરંતુ તેઓ શ્રમિક નથી, તેઓ નિયોજક છે.

આમ, પૈસાની કે વેતનની અપેક્ષા રાખી કામ કરે તેને શ્રમ કરે છે તેમ કહેવાય.

- **શ્રમનાં લક્ષણો :-**

1. **સજીવ :-**

જમીન અને મૂડી નિર્જીવ છે. જ્યારે શ્રમ એ ઉત્પાદનનું સજીવ સાધન છે. માલિકનું વર્તન, કામનાં સંજોગો, કામનાં પ્રકાર, મજુરને મળતી સગવડ વગેરે શ્રમની ઉત્પાદકતાને અસર કરે છે શ્રમિક ઉત્પાદક પણ છે અને ગ્રાહક પણ છે.

2. **શ્રમ અને શ્રમિક અવિભાજય :-**

જમીન કે મૂડીને તેના માલિકથી જુદા પાડી શકાય છે, પરંતુ શ્રમને શ્રમિકથી જુદો પાડી શકાતો નથી. શ્રમના માલિકની હાજરી વગર શ્રમ કરી શકાતો નથી. શ્રમનો માલિક શ્રમને સાથે લઈ ફરી શકે છે.

3. **અત્યંત નાશવંત :-**

શ્રમ નાશવંત છે એટલે કે વ્યક્તિ કામ ન કરે તો શ્રમનો સંગ્રહ કરી શકતો નથી. આજનો શ્રમ આવતીકાલ માટે સંગ્રહી શકાતો નથી. કામ વિના ગયેલો સમય પાછો આવતો નથી. શ્રમનો સંગ્રહ થઈ શકતો ન હોવાથી શ્રમની સોદાશક્તિ નીચી હોય છે. આપેલા વેતનદરે શ્રમ પ્રાપ્ત હોવાથી શ્રમિકો, વધુ વેતન મેળવવામાં સફળ થતાં નથી.

4. **ગતિશીલતા ઓછી :-**

શ્રમ જીવંત સાધન છે. તે અન્ય સ્થળે, અન્ય વાતાવરણમાં જલ્દીથી કામ કરવા જવા તૈયાર થતો નથી એટલે કે યંત્રોની જેમ શ્રમ સંપૂર્ણ ગતિશીલ નથી પણ ઓછો ગતિશીલ છે.

5. **ઉત્પાદકતામાં વિભિન્નતા :-**

શ્રમનાં દરેક એકમોની ઉત્પાદકતા જુદી જુદી હોય છે એટલે કે જુદા જુદા શ્રમિકોની કામ કરવાની શારીરિક – માનસિક ક્ષમતા જુદી જુદી હોય છે. આથી તેઓની ઉત્પાદકતા પણ જુદી જુદી હોય છે કોઈ વધુ ઉત્પાદન કરી શકે છે તો કોઈ ઓછું ઉત્પાદન કરી શકે છે.

6. **ઉત્પાદકતામાં ફેરફાર ક્ષમતા :-**

શ્રમિકોની ઉત્પાદકતા હંમેશા સ્થિર રહેતી નથી. તેમાં ફેરફાર થતો રહે છે. જો વ્યક્તિની ઉત્પાદકતા ઓછી હોય તો શિક્ષણ, તાલીમ, સહાયક સાધનો વગેરેની મદદથી તે ઉત્પાદકતા વધારી શકે છે.

7. **શ્રમનાં પુરવઠામાં ફેરફાર ક્ષમતા :-**

શ્રમનો પુરવઠો પણ વસ્તી, વેતનદર, કાર્ય કરવાની ઈચ્છા, કામ કરવાની શક્તિ સાથે બદલાય છે. જો વસ્તીમાં વધારો થાય કે કિંમતમાં વધારો થાય તો શ્રમનો પુરવઠો વધે છે જો વેતનદર વધે તો કામ કરનાર શ્રમિકો કામનાં કલાકો વધારે છે, આથી શ્રમનો પુરવઠો વધે છે.

- **શ્રમનું મહત્ત્વ :-**

કોઈ પણ દેશમાં વિપુલ પ્રમાણમાં કુદરતી સંપત્તિ કે મૂડી સાધનો હોય પરંતુ તેનો ઉપયોગ કરી ઉત્પાદન કરવા માટે શ્રમ મહત્વનો છે. કોઈપણ દેશમાં જો વસ્તી અભણ, નિર્બળ, આળસુ, પ્રમાદી હોય તો તે દેશોમાં વિકાસ થઈ શકતો નથી. શિક્ષિત અને કાર્યશીલ વસ્તી દેશ માટે મૂડી સમાન છે. આથી, પ્રા. ટી. ડબલ્યુ શુલ્ટઝ કહે છે કે, " જો માનવ સમાજોની અતિ મૂલ્યવાન મૂડી હોય તો તે માનવ મૂડી છે."

(4) **<u>નિયોજન શક્તિ</u> :-**

અર્થ :-

" નિયોજક એટલે અનિશ્ચિતતાઓ ઉઠાવનાર" ઉત્પાદનનાં અન્ય ત્રણ સાધનો જમીન, મૂડી અને શ્રમ ઉત્પાદન ક્ષેત્રે જેટલા મહત્ત્વનાં છે તેટલું જ મહત્ત્વ નિયોજન શક્તિ ધરાવનાર નિયોજક ન હોય તો બહું જ નકામું છે.

- **<u>નિયોજકનાં લક્ષણો :</u>-**

(1) **નિયોજક માત્ર સાધન સંયોજક નથી :-**

નિયોજન શક્તિ સિવાયનાં ઉત્પાદનનાં અન્ય ત્રણ સાધનોની માલિકી જુદા જુદા લોકો પાસે હોય છે તેમજ તેઓ અલગ અલગ જગ્યાએ હોય છે. આ ત્રણેયને ભેગા કરવાનું, યોગ્ય સમયે સ્થાને, યોગ્ય પ્રમાણમાં યોગ્ય વળતર આપવું, તેમના કામ પર દેખરેખ રાખવી, તેઓ દ્વારા ઉત્પાદિત તૈયાર વસ્તુઓને યોગ્ય ભાવે બજારમાં વેચવી વગેરે તમામ કાર્યો નિયોજક કરે છે.

(2) **નિયોજક માત્ર વ્યવસ્થાપક નથી :-**

નિયોજક એ વ્યવસ્થાપક નથી. ઉત્પાદન કાર્યમાં જેઓ પગારથી વ્યવસ્થાપક તરીકે કામગીરી કરે છે તેને શ્રમિક કહેવામાં આવે છે. નિયોજક તેના ઉદ્યોગમાં પત્ર વ્યવહાર, હિસાબ કિતાબ, ખરીદ વેચાણ વગેરેમાં તેના નિર્ણય મુજબ પગારદાર વ્યવસ્થાપકો પાસે કાર્ય કરાવે છે.

(3) **નિયોજક માત્ર મૂડીદાર નથી :-**

નિયોજક માત્ર મૂડીદાર નથી. નિયોજક ઉછીના વ્યાજે મૂડી લઈને કે પોતાની મૂડી વડે ધંધો કરે છે. મૂડીદાર અને નિયોજક વચ્ચે તફાવત છે. નિયોજકની આવક અનિશ્ચિત હોય છે જ્યારે મૂડીદારની આવક વ્યાજ નિશ્ચિત હોય છે.

(4) **નિયોજક માત્ર સાહસિક નથી :-**

નિયોજક જોખમો અને અનિશ્ચિતતાઓ ઉઠાવે છે. તે ધંધામાં ખોટ કે નફો ભોગવે છે. કેટલાક વીમા પાત્ર જોખમો આગ,અકસ્માત, ચોરી વગેરે જોખમો ઉઠાવે જેમાં તે વીમાના પ્રિમિયમ ભરી વીમાનાં પ્રિમિયમ જેટલા ભાવ વધારી નિયોજક તેના બોજામાંથી મુક્ત થઈ જાય છે.

- **<u>નિયોજન શક્તિનું મહત્ત્વ</u>** :-

1. **આર્થિક વિકાસ** :-

કોઈપણ દેશનાં વિકાસનો આધાર પેઢીઓની સંખ્યા અને પ્રકાર પર હોય છે. દેશમાં ઉત્પાદનનાં સાધનો ઘણાં ઉપલબ્ધ હોય પરંતુ પેઢી કક્ષાએ આ સાધનોનું સંયોજન કરનાર નિયોજક જરૂરી છે. જો લોકો માત્ર સ્વવપરાશ માટે જ ઉત્પાદન કરે તો દેશનો આર્થિક વિકાસ થઈ ન શકે પરંતુ જરૂરિયાત ઉપરાંત વધુ ઉત્પાદન કરી બજારમાં વેચાણ કરે તો દેશનો આર્થિક વિકાસ શકય બને છે. જેના માટે નિયોજક જરૂરી છે. જે દેશમાં નિયોજકની સંખ્યા વધુ તેમ દેશનાં વિકાસની પ્રક્રિયા વધુ ઝડપી બને છે. આથી નિયોજન શક્તિને દેશનાં આર્થિક વિકાસની ચાવીરૂપ સાધન કહેવામાં આવે છે.

2. **ગતિશીલતા** :-

નિયોજકો સ્થિર અર્થતંત્રમાં ગતિશીલતા લાવે છે. નિયોજકો વચ્ચે પોતાની વસ્તુનું ઉત્પાદન અને વેચાણમાં હરીફાઈ થાય છે. નિયોજકોનો મુખ્ય હેતુ નફો કમાવાનો હોય છે. આથી તે હંમેશા પ્રયત્નશીલ હોય છે. આથી અર્થકારણમાં ગતિશીલતા આવે છે.

3. **જુદા જુદા ક્ષેત્રોનો વિકાસ** :-

નિયોજકોનો મુખ્ય હેતુ નફાનો હોવાથી તે એવી વસ્તુનું ઉત્પાદન કે વેચાણ કરશે જેની બજારમાં માંગ વધુ હોય, જે વસ્તુનાં ઉત્પાદનમાં ઓછી હરીફાઈ હોય. આથી અર્થતંત્રમાં જુદાજુદા ઉદ્યોગો અને આર્થિક પ્રવૃત્તિઓની શરૂઆત થાય છે અને વિકાસ થાય છે.

4. **વિવિધ વસ્તુઓની પ્રાપ્તિ** :-

નિયોજકો વધુમાં વધુ નફો પ્રાપ્ત કરવા માટે નવી નવી વસ્તુઓની શોધ કરે છે. લોકોને વધુ સંતોષ આપે તેવી ચીજ વસ્તુઓ શોધનારને વધુ નફો મળવાથી સંશોધનને વેગ મળે છે. અને લોકોને વિવિધ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

5. **સસ્તી વસ્તુઓની પ્રાપ્તિ** :-

નિયોજકો બજારમાં હરીફાઈમાં ટકી રહેવા માટે પોતાની વસ્તુનાં ભાવ વધારી શકતાં નથી. આથી ઉત્પાદન ખર્ચ ઘટાડવા ઓછી ખર્ચાળ, કાર્યક્ષમ ઉત્પાદન પધ્ધતિ, નવો સસ્તો સારો માલ, વધુ ઉત્પાદન અને ઓછા ખર્ચાળ ઉત્પાદનનાં સાધનોની શોધ કરે છે. આથી લોકોને સસ્તી વસ્તુ પ્રાપ્ત થાય છે.

6. **ગ્રાહકોની સેવા** :-

નિયોજકોનો મુખ્ય હેતુ નફો કમાવાનો છે. તેઓ માટે ગ્રાહક તેમનો રાજા છે, ભગવાન છે. તે હંમેશા પોતાના ગ્રાહકોને વિવિધ સેવા પૂરી પાડી ખુશ રાખી ને નફો વધારવા કોશિશ કરે છે. તદુપરાંત જયાં ગ્રાહકો હોય ત્યાં જઈ પોતાનું બજાર વિસ્તારે છે. એ માટે મોટા પ્રમાણમાં ઓછા ઉત્પાદન ખર્ચે સસ્તી વસ્તુઓ ઉત્પાદિત કરી ગ્રાહકોને નવી, સસ્તી વસ્તુઓ પૂરી પાડે છે, નવા

ગ્રાહકો ઉભા કરી પ્રચાર કરી પોતાની વસ્તુ ખરીદવા માટે ગ્રાહકોને પ્રેરે છે અને વધુ વેચાણ કરી નફો કમાય છે.

1.5 અર્થતંત્રની મૂળભૂત સમસ્યાઓ :-

અર્થતંત્રમાં સમસ્યા ઉદ્ભવવાનું મુખ્ય કારણ અછત છે. હવા, સૂર્યપ્રકાશ જેવી વસ્તુઓની છત હોવાથી તેને પ્રાપ્ત કરવા માટે કોઈ આર્થિક સમસ્યા ઉભી થતી નથી. પરંતુ જેની અછત છે, જેમાં પસંદગીનાં પ્રશ્નો ઉભા થાય છે તેના ઉકેલ શોધી દેશની આર્થિક પ્રગતિ અંગે અંદાજ બાંધી શકાય છે. દરેક વ્યક્તિ સામે પસંદગીનો પ્રશ્ન ઉભો થાય છે. અને તેમાંથી મહત્તમ સંતોષ મેળવવા વિવિધ મૂળભૂત આર્થિક સમસ્યાઓને ઉકેલવી જરૂરી છે જે નીચે મુજબ છે.

1. **ઉત્પાદનનાં તમામ સાધનોને પૂર્ણ રોજગારી મળે છે :-**

દેશમાં લોકોની અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવાનાં સાધનો મર્યાદિત છે. આ મર્યાદિત સાધનોનો પૂર્ણ અને બુદ્ધિ પૂર્વકનો ઉપયોગ થવો જોઈએ. એટલે કે ઉત્પાદનનાં તમામ સાધનો સંપૂર્ણપણે રોજગારી ક્ષેત્રે જોડાયેલા હોય. તેમ છતાં માનવશ્રમની બાબતમાં મૂડીવાદી અર્થ વ્યવસ્થામાં માનવશ્રમ બેકાર જોવા મળે છે. માનવશ્રમની બેકારીથી ઉત્પાદન ઘટે છે તેની સાથે સાથે તેનાં કુટુંબની પણ આવક ઘટે છે. અર્થતંત્રમાં મંદીની પરિસ્થિતિમાં પણ ઉત્પાદન સાધનોમાં બેકારી પ્રવર્તે છે. અર્થશાસ્ત્રનો મૂળભૂત ઉદ્દેશ આ સમસ્યા ઉકેલવાનો છે. બેકારીમાં ઉત્પાદનનાં સાધનો વેડફાતા અટકાવવા અને જાહેર કાર્ય કરી ઉત્પાદનનાં સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો. મંદીની પરિસ્થિતિમાં સરકાર દ્વારા પૂર્ણ રોજગારીની સ્થાપના માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરી લોકોની આવક વધારી અસરકારક માંગમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવામાં આવે તો અર્થતંત્રને મંદીમાં બહાર લાવી શકાય.

2. **કઈ વસ્તુનું ઉત્પાદન કરવું ? :-**

અમર્યાદિત જરૂરિયાતોને મર્યાદિત સાધનો દ્વારા પૂર્ણ કરવી શકય નથી. આથી જુદી-જુદી અગત્યાનુક્રમ નક્કી કરવામાં આવે અને ત્યારબાદ સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો પડે. એક વસ્તુનું ઉત્પાદન કરવા જતાં અન્ય વસ્તુ જતી કરવી પડે છે. માટે વસ્તુની જરૂરિયાતનાં પ્રમાણમાં અને ઉત્પાદનનાં સાધનોના પ્રમાણના અધારે કંઈ વસ્તુનું ઉત્પાદન કરવું ? તે નક્કી કરવામાં આવે છે.

3. **કેટલું ઉત્પાદન કરવું ? :-**

કઈ વસ્તુનું ઉત્પાદન કરવું ? તે નક્કી થયા બાદ કેટલું ઉત્પાદન કરવું ? તે નક્કી કરવામાં આવે છે. બજારમાં કઈ વસ્તુની માંગ છે ? કેટલા પ્રમાણમાં વસ્તુની માંગ છે, તેનું કેટલું ઉત્પાદન ખર્ચ છે તેના આધારે વસ્તુના ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે.

4. કઈ પદ્ધતિથી ઉત્પાદન કરવું ? :-

કઈ કઈ વસ્તુનું, કેટલું ઉત્પાદન કરવું તે નક્કી કર્યા પછી તરત પ્રશ્ન આવે કે દરેક ચીજ કઈ પદ્ધતિથી ઉત્પાદન કરવું ? એટલે કે સાધન સંયોજન, મૂડી પ્રચૂર ઉત્પાદન પદ્ધતિ, શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ કઈ ઉત્પાદન પદ્ધતિ અપનાવવી તે નક્કી કરવામાં આવે છે. જો ઉત્પાદન કાર્યમાં શ્રમનો ઉપયોગ વધુ જરૂરી હોય તો શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ જેમ કે, ખેતીક્ષેત્રે ઉત્પાદન માટે શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવવામાં આવે છે. જો ઉત્પાદન કાર્યમાં યંત્રોનો ઉપયોગ વધુ થતો હોય તો મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવવામાં આવે છે. તદુપરાંત જ્યાં શ્રમ સસ્તો હોય ત્યાં શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિઓ અને જ્યાં મૂડી સસ્તી હોય ત્યાં મૂડી પ્રધાન ઉત્પાદન પદ્ધતિ દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે. આમ, ઉત્પાદન પદ્ધતિની પસંદગી સંજોગોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. સંશોધનો, સમય, સ્થળ બદલાય તેમ સાધન બજારના સંજોગો બદલાય છે એ તે રીતે ઉત્પાદન પદ્ધતિ પસંદ કરવામાં આવે છે.

5. ઉત્પાદિત વસ્તુની વહેંચણી કઈ રીતે કરવી ? :-

ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થયા બાદ તેને સમાજનાં જુદા જુદા વર્ગો, સમૂહો કે સભ્યો વચ્ચે કઈ રીતે વહેંચણી કરવી ? એ એક અગત્યનો પ્રશ્ન છે. વહેંચણી કરવાની એક રીતે બજારની છે. બજારમાં જેની આવક વધુ છે તે વધુ ખરીદી કરે છે અને જેની આવક ઓછી છે તે ઓછી ખરીદી કરે છે. આવકની અસમાન વહેંચણી વસ્તુની અસમાન વહેંચણીમાં પરિવર્તિત થાય છે. વહેંચણીની બીજી પદ્ધતિ માપ બંધીની છે. જે પ્રમાણે સરકાર દ્વારા પ્રત્યેક નાગરિકને નક્કી કરેલા પ્રમાણમાં વસ્તુની વહેંચણી કરવામાં આવે છે. ઉત્પાદનની વહેંચણી, રાષ્ટ્રીય આવકની વહેંચણી બરાબર છે. માટે તેનો અભ્યાસ વહેંચણીનાં સિદ્ધાંતમાં પણ જોવા મળે છે. ઉત્પાદનનાં દરેક સાધન જમીનને ભાડું, શ્રમને વેતન, મૂડીને વ્યાજ અને નિયોજકોને નફો મળે છે.

6. ઉત્પાદનનાં સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ :-

ઉત્પાદનનાં સાધનો મર્યાદિત હોવાથી ઉત્પાદન પ્રક્રિયામાં તેનો ઉપયોગ કાર્યક્ષમતા પૂર્વક થવો જોઈએ. કઈ વસ્તુનું, કેટલું અને કઈ ઉત્પાદન પદ્ધતિથી ઉત્પાદન કરવું ? તેની વહેંચણી કેવી રીતે કરવી ? આ તમામ પ્રશ્નોનાં ઉકેલ પ્રાપ્ત કર્યા બાદ એ પ્રશ્ન આવે કે ઉત્પાદનનાં સાધનોનો ઉપયોગ કાર્યક્ષમ છે કે નહિ ? ઉત્પાદનની કાર્યક્ષમતા એટલે ઉત્પાદનના સાધનોની ફાળવણી કરવામાં આવે કે જેમાં કોઈપણ ફેરફાર કરવામાં આવે તો ઉત્પાદનનું પ્રમાણ બદલાય છે. સાધનની ફાળવણીમાં ફેરફાર કરી અન્ય વસ્તુનું ઉત્પાદન ઘટાડ્યા વિના કોઈ એક વસ્તુનું ઉત્પાદન વધારવું શકય ન હોય તો ઉત્પાદન કાર્યક્ષમ કહેવાય. સમગ્ર ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતા એટલે રાષ્ટ્રીય ઉત્પાદનની એવી વહેંચણીમાં ફેરફાર કરવામાં આવે તો કુલ સંતોષ ઘટી જાય. વહેંચણીમાં ફેરફાર કરી અન્ય વ્યક્તિનાં સંતોષમાં ઘટાડો કર્યા સિવાય એક વ્યક્તિનાં સંતોષમાં વધારો કરવો શકય ન હોય તો તે વહેંચણી કાર્યક્ષમ કહેવાય.

7. ઉત્પાદન શક્તિ કઈ રીતે વધારવી ? :-

કોઈ પણ દેશમાં ટૂંકા ગાળામાં અછતનો સામનો કરકસર વડે તથા ન્યાયી વહેંચણી વડે કરવાનો હોય છે, લાંબાગાળે સમાજની સમગ્ર ઉત્પાદન શક્તિમાં વધારો કરી અછતનો સામનો કરવાનો હોય છે. દેશમાં ઉત્પાદન ક્ષમતા સતત વધવી એટલે કે દેશમાં ઉત્પાદનનાં સાધનોનું પ્રમાણ સતત વધતું રહેવું જોઈએ. તેમજ ટેક્નોલોજીકલ પરિવર્તનો દ્વારા ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદન ક્ષમતામાં સુધારા વધારા થવા જોઈએ. દેશનાં ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતા જેમ વધે તેમ વસ્તુઓ અને સેવાઓનું પણ ઉત્પાદન વધે છે. કેમ કે જેમ વસ્તી વધે, આવક વધે તેમ બચતો વધે, બચતોનું મૂડી રોકાણ થતાં સાધનોનું પ્રમાણ વધે, ઉત્પાદકતા વધે અને બેકારી દૂર થાય. લોકોનું જીવનધોરણ ઉંચુ જાય છે, જીવનધોરણમાં વિવિધતા આવે છે. જેથી લોકોના સંતોષની સપાટી ઉંચી જાય છે. આમ, આર્થિક વિકાસ દ્વારા ઉત્પાદનનાં સાધનોની અછત ઘટાડવામાં આવે છે. અર્થતંત્ર સતત પરિવર્તનશીલ હોવું જોઈએ. બદલાતી પરિસ્થિતિઓને અનુકૂળ થવાની એનામાં ક્ષમતા હોવી જોઈએ. આમ દેશનાં ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદન ક્ષમતા સતત વધતી રહે છે.

- **ઉત્પાદન શકયતા વક્ર :-**

મૂળભૂત આર્થિક સમસ્યાઓની આકૃતિમાં રજૂઆત ઉત્પાદન શક્યતા વક્ર દ્વારા કરવામાં આવે છે. ઉત્પાદન શકયતા વક્રને રૂપાંતર રેખા પણ કહેવામાં આવે છે.

1.6 ઉત્પાદન શક્યતા વક્ર :-

અર્થ :- *" જ્યારે ઉત્પાદનનાં સાધનોનું પ્રમાણ તેમની ઉત્પાદકતા અને ઉત્પાદન પદ્ધતિ સ્થિર હોય ત્યારે કોઈપણ બે વસ્તુઓનાં કયાંકયાં સંયોજનોનું ઉત્પાદન શક્ય છે અને કયા સંયોજનોનું ઉત્પાદન અશક્ય છે તે દર્શાવતી રેખાને ઉત્પાદન શક્યતા રેખા કે ઉત્પાદન શક્યતા વક્ર કહે છે."*

- **ઉત્પાદન શકયતા વક્રની ધારણા :-**

1. *ઉત્પાદનનાં તમામ સાધનો ઉત્પાદન કાર્યમાં જોડાયેલા છે અને અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન છે.*
2. *સાધનોનો પુરવઠો સ્થિર છે તેમજ સાધનને એક ઉદ્યોગમાંથી અન્ય ઉદ્યોગમાં લઈ જઈ ઉત્પાદન માટે વાપરવામાં આવે છે.*
3. *ઉત્પાદન પદ્ધતિ બદલાતી નથી.*
4. X અને Y *માત્ર બે જ વસ્તુઓનું ઉપાદન કરવામાં આવે છે.*

ઉદાહરણ દ્વારા સમજૂતી.

સંયોજનો	X *વસ્તુ*	Y *વસ્તુ*
A	0	25
B	1	22
C	2	18
D	3	13
E	4	07
F	5	0

ઉપરોક્ત અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ જો બધાં જ સાધનો વડે માત્ર Y *વસ્તુનું જ ઉત્પાદન કરવામાં અવે તો વધુમાં વધુ* 25Y *પ્રાપ્ત કરી શકાય. અને માત્ર* X *વસ્તુનું ઉત્પાદન કરવામાં આવે તો વધુમાં વધુ* 5*એકમો પ્રાપ્ત કરી શકાય છે. અહી* A *સંયોજનમાં* 0X *અને* 25Y *નું છે. જેમ જેમ સંયોજન* B, C, D, E, F *તરફ જઈએ તેમ તેમ* X*નાં ઉત્પાદનમાં એક એક એકમનો વધારો થતો જાય છે અને* Y *નાં ઉત્પાદનમાં ઘટાડો થતો જાય છે. અહીં* X *નાં દરેક એકમ માટે* Y *વધુને વધુ એકમો જતાં કરે છે.*

આકૃતિ દ્વારા સમજૂતી :-



ઉપરોક્ત આકૃતિમાં OX *ધરી પર* X *વસ્તુનાં એકમો અને* OY *ધરી પર* Y *વસ્તુનાં એકમો દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ* X *નું ઉત્પાદન શૂન્ય છે. ત્યારે* Y *નાં* 25 *એકમોનું ઉત્પાદન થાય છે. જે આકૃતિમાં* A *બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.* X *નાં ઉત્પાદનમાં*

ક્રમશ : 1, 2, 3, 4, *અને* 5 *એકમનું ઉત્પાદન કરતાં* Y *નાં ઉત્પાદન ક્રમશઃ ઘટીને* 22, 18, 13, 7 *અને* 0 *એકમ જેટલું થાય છે જે* B, C, D, E *અને* F *બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. તમામ બિંદુઓને જોડતાં ઉત્પાદન શકયતા વક્ર પ્રાપ્ત થાય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ આપેલા સાધન પ્રમાણે અને ટેકનોલોજીને ઉત્પાદક* X *નાં વધુમાં વધુ* 5 *અને* Y *નાં વધુમાં વધુ* 25 *એકમો ઉત્પાદન કરી શકે છે. એટલે કે ઉત્પાદક* A *થી* F *સુધીનાં સંયોજનો શકય છે તેની અંદરનાં કોઈપણ સંયોજન પસંદ કરી ઉત્પાદન કરી શકાય છે.*

આકૃતિમાં G *બિંદુ ઉત્પાદન શકયતા રેખાની બહારનું બિંદુ છે. આથી તે સંયોજન પ્રાપ્ત કરવું અશકય છે.* H *બિંદુ ઉત્પાદન શકયતા રેખાની નીચેનું બિંદુ છે. તે શકય છે પરંતુ તેના કરતાં પણ આગળનાં સંયોજનો પર* X *અને* Y *નાં સંયોજનો શકય હોવાથી* H *બિંદુ ઈચ્છવા યોગ્ય નથી. કારણ કે આ બિંદુ એ ઉત્પાદનનાં બધાં સાધનોનો સંપૂર્ણપણે ઉપયોગ થતો નથી, કેટલાક સાધનો બેરોજગાર હોય છે.*

(i) **કઈ વસ્તુનું ઉત્પાદન કરવું અને કેટલું ઉત્પાદન કરવું ? :-**

ઉત્પાદનનાં સાધનો મર્યાદિત હોવાથી સાધનોની અછતનો પ્રશ્ન ઉભો થાય છે, આથી માનવીની તમામ જરૂરીયાતો એક સાથે સંતોષવા માટે બધી જ વસ્તુઓનું એકમ સાથે ઉત્પાદન વધારી શકાતું નથી. જો એક વસ્તુનું ઉત્પાદન વધારવામાં આવે તો અન્ય વસ્તુનું ઉત્પાદન ઘટાડવું પડે છે. આથી ઉત્પાદન શકયતા રેખા ઋણ ઢાળવાળી બને છે. જે ઉપરોક્ત આકૃતિ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. તે મુજબ X *નું ઉત્પાદન વધારવામાં આવે તો* Y *નું ઉત્પાદન ઘટાડવું પડે છે. સમાજે ઉત્પાદન શકયતા રેખા પર આવેલું કોઈપણ બિંદુ પસંદ કરી શકે છે પણ તે ઉત્પાદન શકયતા રેખાની બહારનું બિંદુ પસંદ ન કરી શકે. ઉત્પાદન શકયતા રેખા પરનાં દરેક બિંદુ* X *અને* Y *વસ્તુનાં ઉત્પાદનમાં થયેલ સાધન ફાળવણી દર્શાવે છે.*

(ii) **કઈ પધ્ધતિથી ઉત્પાદન કરવું :-**

કઈ વસ્તુનું કેટલું ઉત્પાદન કરવું નકકી કર્યા પછી કઈ ઉત્પાદન પદ્ધતિથી ઉત્પાદન કરવું તે પ્રશ્ન થાય છે. જો ઉચ્ચકક્ષાની ઉત્પાદન પદ્ધતિ હોય તો સમાજ ઉત્પાદન શકયતા રેખા પરનાં બિંદુઓમાંથી કોઈપણ બિંદુ પસંદ કરશે. જો ઉત્પાદન પદ્ધતિ હલકી કક્ષાની હશે તો સાધનનો દુર્વ્યય થાય છે અને સાધનોની ઉત્પાદકતા ઘટે છે. આવી પરિસ્થિતિમાં આકૃતિમાં દર્શાવ્યા મુજબ H *બિંદુએ અટકી જશે. મહત્તમ ઉત્પાદન પ્રાપ્ત કરી શકશે નહિ.*

(iii) **સમાજમાં વસ્તુઓ અને સેવાઓની વહેંચણીનો પ્રશ્ન :-**

ઉત્પાદિત વસ્તુઓને સમાજનાં વિવિધ વર્ગોમાં કેટ કેટલી વહેંચણી કરવી તેની માહિતી ઉત્પાદન શકયતા રેખા દ્વારા પરોક્ષ રીતે પ્રાપ્ત થાય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ ઉત્પાદન શકયતા રેખાનાં E *બિંદુને પસંદ કરવામાં આવે તો એનો અર્થ એ થાય કે મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન થાય છે. અને જો* B *બિંદુ પસંદ કરે તો ગરીબોની પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓનું વધુ*

ઉત્પાદન થાય છે. E બિંદુએ આવકની વહેંચણી વધુ અસમાન હોય છે અને B બિંદુએ આવકની વહેંચણી ઓછી અસમાન હોય છે.

(iv) **સાધનોનો સંપૂર્ણ ઉપયોગ થાય છે કે નહિ તે પ્રશ્ન :-**

આકૃતિમાં સમાજ દ્વારા X અને Y વસ્તુનાં ઉપલબ્ધ ઉત્પાદનનાં સાધનોનો પૂર્ણ ઉપયોગ થાયછે તે દર્શાવી શકાય છે. પૂર્ણ રોજગારીની પરિસ્થિતિમાં સમાજની ઉત્પાદન શકયતા રેખા AF પરનાં કોઈપણ બિંદુ પર રહે. અપૂર્ણ રોજગારીની પરિસ્થિતિમાં સમાજ ઉત્પાદન શકયતાઓની નીચેનાં બિંદુને એટલે કે H બિંદુને પસંદ કરશે. H બિંદુએ ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણપણે ઉપયોગમાં લેવાયેલ ન હોવાથી અન્ય વસ્તુનું ઉત્પાદન ઘટાડયા વગર અન્ય વસ્તુનું ઉત્પાદન વધારી શકાય છે.

(v) **અર્થતંત્રની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવો :-**

કઈ વસ્તુનું કેટલા પ્રમાણમાં, કઈ પદ્ધતિથી ઉત્પાદન કરવું, સમાજમાં તેની વહેંચણી કરવી તે નક્કી થયા બાદ ઉત્પાદન હતાં સાધનોનો પૂર્ણત્તમ ઉપયોગ થાય છે તે નક્કી થયા બાદ જેમ સમય જાય છે તેમ વસ્તી વધતાં માંગ વધે છે. આવી પરિસ્થિતિમાં સમયાંતરે વધતી માંગને પહોંચી વળવા ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદન ક્ષમતામાં પણ વધારો થવો જોઈએ, આ બાબતને ઉત્પાદન શકયતા વક્ર દ્વારા દર્શાવી શકાય છે. જો સાધનનો પુરવઠો વધે અથવા સ્થિર રહે પરંતુ તેમાં ટેક્નોલોજીકલ પરિવર્તનો લાવવામાં આવે તો ઉત્પાદકતા વધે છે. ઉત્પાદન ક્ષમતા વધવાથી X અને Y બંન્ને વસ્તુઓનું ઉત્પાદન વધારી શકાય છે. આથી નવી ઉત્પાદન શકયતા રેખા મૂળ ઉત્પાદન શકયતા રેખાની જમણી બાજુ ઉપર તરફ ગતિ કરે છે. જે નીચેની આકૃતિ દ્વારા સમજાવી શકાય.



આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX ધરી પર X વસ્તુનાં એકમો અને OY ધરી પર Y વસ્તુનાં એકમો દર્શાવવામાં આવ્યા છે. આકૃતિમાં મૂળ ઉત્પાદન શકયતા રેખા AF છે. અર્થતંત્રમાં ઉત્પાદન ક્ષમતા વધતાં નવી ઉત્પાદન શકયતા રેખા A1, F1 અસ્તિત્વમાં આવે છે. તે મુજબ

હવે X અને Yબંન્ને વસ્તુઓનું પહેલાં કરતાં વધારે ઉત્પાદન કરી શકાય છે. અને સમાજ C બિંદુએથી I બિંદુએ જઈ શકે છે. આમ, આર્થિક વિકાસની પ્રક્રિયા દરમ્યાન ઉત્પાદન શકયતા વક્ર સતત ઉપરની તરફ ગતિ કરે છે અને લોકોનું જીવન ધોરણ સુધરતું જાય છે.

1.7 આર્થિક પદ્ધતિઓ અને સંસાધનોની ફાળવણી :-

આર્થિક પદ્ધતિઓનો અર્થ :-

જે. એસ. પ્રાબ્લાની વ્યાખ્યા :-

" આર્થિક પદ્ધતિ એટલે એવી રીત રસમોનો સમૂહ જે પોતાના આંતર સંબંધો દ્વારા કોઈ આર્થિક પસંદગીને અસરકારક બનાવે છે, એટલે કે એવી રીત રસમો જે પસંદગીના વિચારોનું ક્રિયામાં રૂપાંતર કરે છે. ક્રિયા એટલે સાધનોને નક્કી કરેલા ઉપયોગો તરફ વાસ્તવમાં લઈ જવા તે. "

આર્થિક પદ્ધતિનું સ્વરૂપ :-

આર્થિક પદ્ધતિનાં સિદ્ધાંતની રીતે મુખ્ય બે પદ્ધતિઓ અને બે ઉપાયો છે.

(i) *બજાર પદ્ધતિનો અને* (ii) *કેન્દ્રવર્તી હુકમવાળી પદ્ધતિ સાધનો ફાળવવાનાં બે ઉપાયો* (i) *ઉત્પાદનનાં બધાંજ સાધનો ખાનગી માલિકીનાં રાખવા અને* (ii) *ઉત્પાદનનાં બધાં સાધનો જાહેર માલિકીના રાખવાં.*

સાધનોની ફાળવણીની પદ્ધતિઓ અને તેના ઉપાયોના સંયોજનથી ચાર શુધ્ધ આર્થિક પદ્ધતિઓ બનાવે છે.

(i) *મૂડીવાદ.*
(ii) *સમાજવાદ.*
(iii) *બજાર સમાજવાદ*
(iv) *અશુદ્ધ મૂડીવાદ.*

આર્થિક પદ્ધતિનાં કાર્યો.

(i) *કોણ નિર્ણયો લેશે ? બજાર, આયોજન પંચ કે સરકાર તે આર્થિક પદ્ધતિ નકકી કરે છે.*
(ii) *કોઈ એક સમયે અને કોઈ સમયગાળા દરમ્યાન સાધનોના ઉપયોગની બાબતમાં લેવાતાં નિર્ણયો વચ્ચે મેળ બેસે તેની સંભાળ આર્થિક પદ્ધતિ લે છે.*
(iii) *કોણ કઈ રીતે નિર્ણય લેશે તેનો વિચાર કરવા ઉપરાંત કયા નિર્ણયો લેવાશે તેનો વિચાર આર્થિક પદ્ધતિ કરે છે.*

આર્થિક પદ્ધતિની સફળતાના માપ દંડો :-

(i) *સમાજમાં ઉત્પાદક સાધનોનો મહત્તમ ઉપયોગ થતો હોય તો એટલે કે સમાજ ઈષ્ટ અવસ્થા પ્રાપ્ત કરે તો પદ્ધતિ સફળ કહેવાય.*

(ii) *કોઈ ચોકકસ સમયગાળા દરમ્યાન દેશમાં વિકાસદરની સાથે સાધનોની ઉત્પાદન ક્ષમતા વધે, મૂળભૂત આર્થિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે તે જોવું જરૂરી છે.*

(iii) *અર્થતંત્રમાં ફુગાવો, મંદી, નાણાંની અછત જેવી આર્થિક અસ્થિરતા સમાજની સુખાકારીમાં ઘટાડો કરે છે. આથી કોઈ પદ્ધતિ જેટલા અંશે સમાજને સ્થિર- સહી સલામત આર્થિક જીવન બક્ષે તેટલા અંશે તે પદ્ધતિ સફળ નીવડી કહી શકાય.*

(iv) *કોઈપણ આર્થિક પદ્ધતિ માત્ર વસ્તુના જથ્થાના આધારે સફળ ન ગણાય. તેની સાથે સાથે ગ્રાહકોની જરૂરિયાતનાં ક્રમ, પ્રમાણ, ગુણવત્તા, સ્થળ, સમય વગેરે મુજબ વસ્તુનું ઉત્પાદન થાય છે કે નહિ તેના આધારે સફળતા માપી શકાય.*

(v) *સમાજમાં ઉપલબ્ધ કામો, આવક- અને સંપત્તિની વહેંચણી સમાજની અપેક્ષા મુજબ થાય તો આર્થિક પદ્ધતિ સફળ ગણી શકાય.*

(vi) *વ્યક્તિને તેની કામગીરી બદલ, તેની કામ કરવાની વૃત્તિ અને શક્તિ મુજબ વળતર મળે છે તેનું પણ મૂલ્યાંકન કરવામાં આવે છે.*

1.8 આર્થિક પદ્ધતિઓમાં સંસાધનોની ફાળવણી :

(A) **<u>મૂડીવાદી આર્થિક પદ્ધતિનાં સાધન ફાળવણી :-</u>**

મૂડીવાદનો અર્થ :-

ડબલ્યુ એન. લુકાસની વ્યાખ્યા :-

" મૂડીવાદ એ આર્થિક વ્યવસ્થાનું એવું સ્વરૂપ છે જેમાં માનવ સર્જિત અને કુદરત સર્જિત મૂડી ખાનગી માલિકીમાં હોયઅને ખાનગી નફાનાં હેતુથી તેનો ઉપયોગ થાય. "

મૂડીવાદનાં લક્ષણો :-

(i) *ઉત્પાદનનાં સાધનો ખાનગી માલિકીનાં હોય છે.*

(ii) *ઉત્પાદનનાં સાધનોનું રોકાણ વ્યક્તિગત સાહસ દ્વારા થાય છે.*

(iii) *ખાનગી સાહસિકો વ્યક્તિગત લાભ કે નફાને લક્ષમાં રાખીને બધાં નિર્ણયો લે છે.*

(iv) *સાધનોનો ઉપયોગ અને આવકની વહેંચણી બજારો દ્વારા નકકી થાય છે.*

<u>મૂડીવાદની આર્થિક સંસ્થાઓ અને તેની કામગીરી.</u>

(i) આર્થિક માનવી :-

અર્થ :- *મૂડીવાદી અર્થવ્યવસ્થામાં વ્યક્તિ પોતાના નિર્ણયો આર્થિક માનવી તરીકે કરે છે. વ્યક્તિ હંમેશા ખર્ચ અને તુષ્ટીગુણની ઉત્પાદનનાં ફાળાની અને બદલામાં પ્રાપ્ત વળતરની તુલના કરે છે.*

અને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય તે રીતે ઉત્પાદન, વપરાશ અને વિનિમય કરે છે. મહત્તમ સંતોષ માટે તે અસામાન્ય તુષ્ટીગુણનાં નિયમનું પાલન કરે છે.

કાર્યો આર્થિક માનવી તરીકેની વ્યક્તિની નિર્ણય શક્તિ મૂડીવાદી અર્થતંત્રને સંપૂર્ણ બનાવે છે. જે જુદા જુદા એકમનો જોડાણ કરતી સાંકળ બને છે. મૂડીવાદમાં ઉત્પાદન ખર્ચનાં અંદાજો, ત્યાગનું પ્રમાણ સંતોષનું પ્રમાણ વગેરે જાણવા માટે " આર્થિક માનવી " તરીકેનું વર્તન જરૂરી છે.

(ii) ખાનગી મિલકત :-

મૂડીવાદમાં ખાનગી મિકલત અનિવાર્ય અને તેનો અંતર્ગત ભાગ ગણાય છે. ખાનગી મિલકત માનવી વચ્ચેના સંબંધો નક્કી કરે છે. ખાનગી મિલકત વ્યવસ્થિત જીવનની હેતુલક્ષી પ્રવૃત્તિઓનું સાધન છે અને ખાનગી મિલકતનો હક વ્યક્તિ સ્વાતંત્ર્યનું સાધન કે જેના દ્વારા ઉત્પાદનનાં સાધનોની ઈષ્ટ ફાળવણી અંગે જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થાય છે, મૂડી વાદી અર્થતંત્ર ગતિશીલ બને છે, બચતો અને મૂડી સર્જનને ઉત્તેજન મળે છે, સંપત્તિનો બગાડ થતો અટકાવે છે, વધારે આર્થિક લાભ મેળવવાનું ઉત્તેજન મળે છે.

(iii) **વારસો :-**

મૂડીવાદમાં વારસાનો હક પણ મહત્ત્વનો છે. લોકસ નામના અર્થશાસ્ત્રી વારસાહકની સમજૂતી આપતા જણાવે છે. વારસાના હક પ્રમાણે વ્યક્તિ પોતાની મિલકત પોતાના કાયદેસરના વારસોને વારસામાં આપી શકે છે અથવ પોતાની મિલકત બીજાને મળે તે રીતે વસિયતનામું કરી શકે છે. વારસાની સંસ્થા મૂડીવાદને સતત ચાલુ રાખવા જરૂરી છે. મૂડીવાદી અર્થ વ્યવસ્થામાં વારસા હક બચતો અને મૂડી નિર્માણ પ્રોત્સાહન આપવાનું તેમજ સંપત્તિનું રક્ષણ કરવાનું પરિબળ પુરું પાડે છે.

(iv) **વ્યક્તિગત પહેલવૃત્તિનું સ્વાતંત્ર્ય :-**

વ્યક્તિગત પહેલ વૃત્તિનું સ્વાતંત્ર્ય મૂડીવાદીનું આર્થિક પદ્ધતિનું મહત્ત્વનું અંગ છે. મૂડીવાદમાં પ્રત્યેક વ્યક્તિને આવું સ્વાતંત્ર્ય આપવામાં આવે છે. દરેક તેનો ઉપયોગ ઉત્પાદન રોજગારી અને વપરાશની બાબતમાં સ્વેચ્છાએ નિર્ણય લઈ શકે છે, ગમે તે વ્યવસાયમાં જોડાઈ શકે છે, ગમે તે વસ્તુઓની વપરાશ પાછળ ખર્ચ કરી શકે છે.

વ્યક્તિગત પહેલવૃત્તિનાં સ્વાતંત્ર્યથી ઉત્પાદનનાં સાધનોની ઈષ્ટ ફાળવણી થાય છે. ઉત્પાદનનું દરેક સાધન એવી કામગીરી પસંદ કરે છે જેમાં સૌથી વધુ વળતર પ્રાપ્ત થાય. જેના પરિણામે ઉત્પાદનનાં સાધનોની ઈષ્ટ ફાળવણી થાય છે અને મહત્તમ ઉત્પાદન પ્રાપ્ત થઈ શકે છે. તદુપરાંત સંશોધનો, ટેક્નિકલ ફેરફારો વગેરેને ઉત્તેજન મળે છે. દરેક નિયોજક મહત્તમ નફો પ્રાપ્ત કરવા ઉત્પાદન પદ્ધતિ, વસ્તુમાં નવસંશોધન કરે છે, સાધન સંયોજનોમાં ફેરફાર કરે છે.

(v) હરીફાઈ :-

મૂડીવાદી અર્થ વ્યવસ્થામાં બજારમાં જુદા જુદા પ્રકારની અસંખ્ય હરીફાઈ જોવા મળે છે. એક સરખા પ્રકારની વસ્તુનાં ઉત્પાદકો અને વેચનાર પોતાની વસ્તુનું વેચાણ વધારવા ગ્રાહકોને આકર્ષવા સતત એક બીજા સાથે હરીફાઈ કરે છે. નિયોજકો ઉત્પાદનનાં સાધનો મેળવવામાં, શ્રમિકો રોજગારી મેળવવામાં, મૂડીદાર બચતોના સલામત રોકાણ અને ઉંચુ વળતર પ્રાપ્ત કરવા ગ્રાહકો ઓછા ભાવે ઉંચી ગુણવત્તાવાળી વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત કરવા માટે હરીફાઈ કરે છે. હરીફાઈનાં લીધે મૂડીવાદી વ્યવસ્થામાં ઉત્પાદન કાર્યક્ષમ બને છે, સંશોધનને ઉત્તેજન મળે છે, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય અને વધુ ઉત્પાદન કરી શકાય તેવી ટેક્નોલોજીની શોધ કરવા નિયોજકો પ્રેરાય છે. પરિણામે ઉત્પાદકતા વધે છે અને ગ્રાહકોને સસ્તી વસ્તુ મળે છે.

(vi) **ભાવતંત્ર** :-

મૂડીવાદમાં ભાવતંત્ર દ્વારા આર્થિક નિર્ણયોનું સંકલન કરી શકાય છે. મૂડીવાદમાં ભાવ પદ્ધતિ ગ્રાહકોની રૂચિ, માંગ, પુરવઠામાં ફેરફારો, સાધનોની છત- અછત વગેરેનું સંકલન સાધે છે તેમજ વસ્તુઓ અને સેવાઓની સમાજમાં વહેચણીમાં સહાય કરે છે.

(B) **<u>સમાજવાદી આર્થિક પદ્ધતિ સાધન ફાળવણી :</u>**-

અર્થ :-

" સમાજવાદી આર્થિક વ્યવસ્થા એટલે ઉત્પાદનનાં મહત્ત્વનાં ભૌતિક સાધનો સરકારની માલિકી હેઠળ હોય અને કેન્દ્ર સરકાર દ્વારા આયોજન કરવામાં આવતું હોય જેનો મુખ્ય ઉદ્દેશ લોકોનાં કલ્યાણનો સામાજિક સુખાકારી અને દેશનાં વિકાસ માટેનો હોય છે. તંદુપરાંત અર્થતંત્રમાં આવકની અસમાન વહેંચણી દૂર કરવી, શોષણ નાબૂદી તેમજ લોક કલ્યાણ માટેનાં નિશ્ચિત ધ્યેયો સિદ્ધ કરવાની નીતિ."

(i) *સમાજવાદમાં આવકની અસમાનતા, નફાખોરી, શોષણ અટકાવવા ઉત્પાદનનાં બધાંજ સાધનો સરકારની માલિકી હેઠળ મૂકવામાં આવે છે તેમજ તેનું સંચાલન પણ સરકાર નિયુકત વ્યવસ્થાપકો જ કરે છે.*

(ii) *સમાજવાદમાં ઉત્પાદનનું આયોજન શું અને કેટલું ઉત્પાદન કરવું ? કયા, કયા સમયે, કઈ પદ્ધતિથી ઉત્પાદન કરવું ? તેની વહેંચણી વગેરે મહત્ત્વના નિર્ણયો સરકાર દ્વારા લેવામાં આવે છે.*

(iii) *કેન્દ્રીય સમાજવાદમાં રાજય સમાજવાદનાં સિદ્ધાંતો અમલમાં મૂકવાનું અને સમાજવાદનાં ધ્યેયો સિદ્ધ કરવાનું મહત્વનું સાધન છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા ઉપરાંત આયોજન હેઠળ ઉત્પાદન અને વિતરણ અંગેનાં નિર્ણયો લેનાર, તેનો અમલ કરનાર આર્થિક નિયામક બને છે.*

(iv) *સમાજવાદમાં બજાર પદ્ધતિ નિયંત્રિત રાખવામાં આવે છે. નાણાંનો પણ સ્વીકાર કરવામાં આવે છે. ઉત્પાદનનાં ભૌતિક સાધનોની માલિકી રાજયની હોય છે. આથી*

ઉત્પાદકીય વસ્તુઓ અને સેવાઓનો વિનિમય, રાજયની હોય છે. આથી ઉત્પાદકીય વસ્તુઓ અને સેવાઓનો માલિકીનું જુદા જુદા ઉત્પાદન એકમો વચ્ચેની આપ લે થાય છે.

(v) સમાજવાદી અર્થ વ્યવસ્થામાં ગ્રાહકોને તેમની લાયકાત અને કાર્ય પ્રમાણે નાણાંનાં રૂપમાં આવક પ્રાપ્ત થાય છે. ગ્રાહકો તેમની નાણાંકીય આવકમાંથી તેને ગમે તે વસ્તુઓ ખરીદવા સ્વતંત્ર હોય છે. તેમજ બેંકોમાં બચત પણ કરે છે. તેમ છતાં ગ્રાહકોની વસ્તુની ખરીદી પર મર્યાદા આવે છે. તેમણે સરકાર દ્વારા ઉત્પાદિત વસ્તુઓનો જ વપરાશ કરવો પડે છે.

(vi) સામાન્ય રીતે સમાજવાદમાં દરેક વ્યક્તિને તેઓની લાયકાત મુજબ કામગીરી સોંપવામાં આવે છે. છતાં જરૂર પડે ત્યારે રાજય વ્યક્તિને તેની ઈચ્છા વિરૂદ્ધ ફરજિયાત કામગીરી સોંપી શકે છે.

(vii) કેન્દ્રીય સમાજવાદમાં ખાનગી મિલકત અને વારસાનો હકને મર્યાદિત પ્રમાણમાં જાળવવામાં આવે છે.

(C) **<u>મિશ્ર અર્થ વ્યવસ્થા સાધન ફાળવણી :-</u>**

અર્થ :-

એસ. એમ. ઈસરાની વ્યાખ્યા :-

" મિશ્ર અર્થતંત્ર એવી આર્થિક વ્યવસ્થા છે જયાં ખાનગી અને જાહેરક્ષેત્રને એવી કામગીરી સોંપવામાં આવે છે જેથી સમાજના બધાજ વર્ગોનું આર્થિક હિત વધારી શકાય. "

(v) મિશ્ર અર્થતંત્રમાં કેટલાક ઉદ્યોગો જેવા કે ખેતી વપરાશી ચીજો પેદા કરતાં ઉદ્યોગો, છૂટક વેપાર કે જેમાં જલ્દીથી નફો મળે, ઓછું ઉત્પાદન ખર્ચ, ઓછું મૂડી રોકાણ કરવું પડે તેમાં ખાનગી કંપનીની અથવા વ્યક્તિગત માલિકી હોય છે તો કેટલાક અર્થતંત્રની આવક અને રોજગારીની દષ્ટિએ ચાવીરૂપ ઉદ્યોગો જેવા કે લોખંડ, પોલાદ, વીજળી, વાહન વ્યવહાર, ભારે મોટા પાયાનાં ઉદ્યોગો, બંધ, શિક્ષણ,રસ્તા, સંરક્ષણ, પુલ, ન્યાય જેવી બાબતોમાં સરકારની કે જાહેર ક્ષેત્રની માલિકી હોય છે. જાહેર ક્ષેત્ર દ્વારા સમાજને કેવી, કેટલી સસ્તી ચીજવસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં આવે તેનું ધ્યાન રાખવામાં આવે છે. ખાનગીક્ષેત્રમાં નફો કેન્દ્ર સ્થાને હોવાથી મજૂરોનું શોષણ, કૃત્રિમ અછતો, વસ્તુમાં ભેળસેળ, ઉંચા ભાવ લેવા વગેરે જોવા મળે છે.

ખાનગીક્ષેત્રનાં હરીફ તરીકે નહિ પણ પૂરક તરીકે જાહેરક્ષેત્ર અસ્તિત્વ ધરાવતું હોવાથી મિશ્ર અર્થતંત્રમાં બંન્ને સાથે રહી કામગીરી બજાવવાની હોય છે. દેશના તથા સમયનાં સંદર્ભમાં બન્ને સાધનોનું યોગ્ય રીતે મિશ્રણ કરવાની આવડત સત્તાધારીઓ પાસે હોય તો જ દેશનો વિકાસ થઈ શકે છે.

(i) *મિશ્ર અર્થતંત્રમાં આર્થિક વિકાસનાં નિશ્ચિત ધ્યેયો સાથે ટૂંકા અને લાંબાગાળાનું આયોજન સરકાર કરી શકે છે. તે માટે ઉત્પાદનનાં સાધનોની જુદા જુદા ક્ષેત્રોમાં ફાળવણી કરે છે. જાહેરક્ષેત્ર પોતાનાં અંકુશમાં હોવાથી તેમજ ખાનગીક્ષેત્ર પર સરકારનું નિયંત્રણ હોવાથી થોડા ઘણા અંશે આયોજન કરવું શકય અને જરૂરી હોય છે. જાહેરક્ષેત્રનાં ઉત્પાદન એકમો તેમની કામગીરી માટે પ્રત્યક્ષ રીતે આયોજનપંચને જવાબદાર રહે છે. જ્યારે ખાનગીક્ષેત્રની બાબતમાં આયોજનપંચ માર્ગદર્શક બની રહે છે.*

(ii) *મિશ્ર અર્થતંત્રમાં વ્યક્તિનું આર્થિક સ્વતંત્ર્ય અને અંકુશો વચ્ચે પણ સમન્વય સાધવામાં આવે છે. અહીં વ્યક્તિને સંપૂર્ણ સ્વાતંત્ર્ય મળતું નથી. સ્વાતંત્ર્ય કેવળ વ્યક્તિ હિત- માટે નહિ પણ સૌના હિત સાથે જોડવામાં આવે છે. આથી સરકાર મૂડી રોકાણ, ઉત્પાદન પ્રમાણ, ઉત્પાદન સ્થળ, સંગ્રહ વેચાણ, ભાવ, આયાત-નિકાસ, આવક વગેરે નિયંત્રિત કરે છે. અને આર્થિક સ્વતંત્રતાના દુરુપયોગને રોકે છે. છતાં લોકોની પહેલવૃત્તિને મોકળાશ પણ આપવામાં આવે છે.*

(iii) *મિશ્ર અર્થતંત્રમાં બજાર પધ્ધતિ અને ભાવ પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવે છે. એટલે કે સરકાર અને ખાનગી સાહસિકો સાથે ઉદ્યોગ ચલાવે છે. તેમાં સરકારની મૂડી 50% કરતાં વધારે રાખવામાં આવે છે, જેથી સરકારનો અંકુશ વધારે રહે છે અને પેઢીનું સંચાલન ફકત નફાલક્ષી ન રહેતાં સમાજનાં હિત ને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. સરકાર ખાનગી સાહસિકોની સાહસ તથા સંચાલન શક્તિનો લાભ લે અને ખાનગી સાહસિકો સરકારી મૂડીનો લાભ લે છે. આમ, બંન્ને એક બીજાના સહકારમાં કામ કરી ને સમાને જરૂરી ચીજ-વસ્તુઓ પૂરી પાડે છે અને તેથી સરકારને પણ નફો મળે છે.*

(iv) *મિશ્ર અર્થતંત્રમાં જાહેર સુખાકારી પર સરકાર ધ્યાન આપે છે. શ્રમિકોને યોગ્ય વેતન, રોજગારી, નોકરીની સલામતી વગેરે અંગે સરકાર યોગ્ય કરવાનું હોય છે અને તે દ્વારા આવકની અસમાનતા ઘટાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તદુપરાંત જાહેર તંદુરસ્તી, શાંતિ, સલામતી, ન્યાય, શિક્ષણ, તાલીમ, સંશોધન, કુદરતી તેમજ માનવ સર્જિત આફતો સમયે લોકોને સહાય, વગેરે જવાબદારીઓ સરકાર સ્વતંત્ર રીતે કે અન્ય લોકોની મદદ લઈને કરે છે. વર્તમાનમાં સરકાર દ્વારા દરેક મોટા ઉદ્યોગોને સમાજના નબળા વર્ગોનો વિવિધ સહાય કરવા માટે* CSR Fund *ની જોગવાઈ કરવાનું જણાવવામાં આવેલ છે.*

(v) *મિશ્ર અર્થતંત્રમાં કેટલાક ક્ષેત્રોએ સહકારનાં સિધ્ધાંત પર પેઢીનું સંચાલન કરવામાં આવે છે. ખેતી, ડેરી, નાના પાયાનું ઉત્પાદન, ખરીદ વેચાણ વગેરે ક્ષેત્રોએ સહકારી મંડળીઓ, પેઢીઓનું સંચાલન કરે છે, જેથી ગ્રાહકોને સસ્તી ચીજો, ઉત્પાદનનાં સસ્તા સાધનો મળે છે તેમજ તેઓ દ્વારા ઉત્પાદિત વસ્તુનું વાજબી ભાવે વેચાણ થઈ*

શકે, ખેડાણનું એકમ મોટું બને. આ ક્ષેત્રે જો લોકોની પહેલવૃત્તિ મુખ્ય હોય અને તેને સરકારનાં સાથ – સહકાર અને માર્ગદર્શન મળતાં હોય તો સફળતા હાંસલ કરી શકે છે.

1.9 પાયાનાં ખ્યાલો :

પ્રસ્તાવના :-

અર્થશાસ્ત્રમાં માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરવામાં આવે છે. અર્થશાસ્ત્રનાં અભ્યાસને સમજવા તેના પાયાનાં ખ્યાલો સમજવા આવશ્યક છે. જે વિશે અહીં આપણે વિચાર કરીશું ?

(1) તુષ્ટીગુણ (Utility)

" કોઈપણ વસ્તુ કે સેવામાં રહેલો માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ એટલે તુષ્ટીગુણ " દા.ત. ભુખ લાગી હોય તો તમે દાબેલી ખાવ તો દાબેલીમાં તમારી ભૂખ સંતોષવાનો ગુણ એટલે કે તુષ્ટીગુણ રહેલો છે. તરસ લાગી હોય તો પાણી કે ઠંડાપીણામાં તુષ્ટીગુણ રહેલો છે.

- **તુષ્ટીગુણનાં લક્ષણો.**

(i) તુષ્ટીગુણ એટલે સારાપણું નહિ :-

તુષ્ટીગુણને વ્યક્તિના સારા- નરસા સાથે સંબંધ નથી. વ્યક્તિને વસ્તુ વાપરવાથી સંતોષ મળે છે તે તેના માટે ફાયદાકારક છે કે નુકશાનકારક તેની સાથે કોઈ સંબંધ નથી. દા.ત. અફીણ, ગાંજો, ચરસ, દારૂ, તમાકુ વગેરેનાં સેવનથી વ્યક્તિનાં સ્વાસ્થ્યને હાનિ પહોંચે છે. પરંતુ તેનાં વ્યસનીઓને તેમાંથી સંતોષ મળે છે માટે તેમાં પણ તુષ્ટીગુણ રહેલો છે. આત્મ હત્યા કરનાર વ્યક્તિ માટે ઝેરમાં પણ તુષ્ટીગુણ રહેલો છે.

(ii) **તુષ્ટીગુણ એટલે આનંદ નહિ :-**

કેટલીક વસ્તુઓની વપરાશમાંથી આપણને તુષ્ટીગુણ મળે છે. પરંતુ તે વસ્તુનાં વપરાશમાંથી હંમેશા આનંદ મળે તેવું નથી હોતું જેમ કે આપણે બિમાર હોઈએ તો સાજા થવા માટે કડવી દવા પીવી પડે છે. દવા કડવી હોવાથી પીવી ગમતી નથી તેમ છતાં સાજા થવા માટે દવાનું સેવન કરીએ તો દવામાં પણ તુષ્ટીગુણ છે.

(iii) **<u>તુષ્ટીગુણનો ખ્યાલ સાપેક્ષ છે :</u>-**

તુષ્ટીગુણનો ખ્યાલ સાપેક્ષ છે. એટલે કે વ્યક્તિ, સમય, સ્થળ, સંજોગો બદલાય તેમ તુષ્ટીગુણ પણ બદલાય છે. દા.ત. શિયાળામાં ગરમ કપડાંમાં તુષ્ટીગુણ હોય છે પણ ઉનાળા કે ચોમાસામાં ગરમ કપડાંમાંથી તુષ્ટીગુણ મળતો નથી, કોઈ વ્યક્તિને શાસ્ત્રીય સંગીત સાંભળવાથી આનંદ મળતો હોય તો અન્યને ઓછો આનંદ મળતો હોય કે આનંદ ન પણ મળે. નદી કિનારા પર

રેતીમાંથી તુષ્ટીગુણ ઓછો કે શૂન્ય મળે છે જ્યારે શહેરમાં બાંધકામ માટે તે જ રેતીમાંથી વધુ તુષ્ટીગુણ મળે છે.

(iv) **<u>તુષ્ટીગુણ એટલે ઉપયોગિતા નહિ</u>** :-

સામાન્ય રીતે ઉપયોગિતા અને તુષ્ટીગુણને એકજ ગણવામાં આવે છે. પરંતુ અર્થશાસ્ત્રમાં તુષ્ટીગુણ અને ઉપયોગિતાનો અર્થ જુદો જુદો છે. દા. ત. દારૂડિયો દારૂ પીવે તો તેને દારૂમાંથી તુષ્ટીગુણ મળે છે, પરંતુ તેની દારૂની લતના લીધે તેના પરિવારને જે સહન કરવું પડે, તેની સ્વાસ્થ્ય પર વિપરીત અસર પડે, સમાજ માટે પણ હાનિકારક સાબિત થાય છે. એટલે કે ત્યારે દારૂમાં ઉપયગિતાનો ગુણ નથી. તુષ્ટીગુણને વસ્તુનાં સારા કે ખરાબ લક્ષણો સાથે સંબંધ નથી. જ્યારે ઉપયોગિતાને માત્ર વસ્તુનાં સારા લક્ષણ સાથે સંબંધ છે.

(v) <u>તુષ્ટીગુણ માપી શકાતો નથી. :-</u>

તુષ્ટીગુણ માનસિક ખ્યાલ છે. કોઈ વસ્તુની વપરાશ કરવાથી તેમાંથી કેટલો તુષ્ટીગુણ મળે છે તે અનુભવી શકાય છે પણ ચોક્કસ રીતે માપી શકાતો નથી.

- **<u>તુષ્ટીગુણનાં પ્રકારો :</u>**-

(i) પ્રાથમિક કે નૈસર્ગિક તુષ્ટીગુણ :-

કેટલીક વસ્તુઓ કુદરતી રીતે જ કે પ્રાથમિક અવસ્થામાં જ માનવીની જરૂરિયાતો સંતોષે છે તેને પ્રાથમિક કે નૈસર્ગિક તુષ્ટીગુણ કહે છે. દા.ત. જંગલમાંથી મળતું લાકડું, પેટ્રોલિયમ પેદાશો, કોલસો વગેરેમાં પ્રાથમિક તુષ્ટીગુણ રહેલો છે.

(ii) સ્વરૂપ તુષ્ટીગુણ :-

વસ્તુનું સ્વરૂપ બદલાવાથી એટલે કે કોઈ વસ્તુનાં રંગ, સ્વાદ, આકાર, કદ, વજન, ગુણ વગેરે બદલાય અને તેની સાથે તેમાંથી મળતો તુષ્ટીગુણ બદલાય તો તેને સ્વરૂપ તુષ્ટીગુણ કહે છે. દા.ત. જંગલમાંથી મળતાં લાકડામાંથી ફર્નિચર બનાવવામાં આવે, ઘઉં, ચોખા, બાજરી જેવા અનાજમાંથી લોટ તૈયાર કરી વસ્તુ બનાવવામાં આવે તો જે તુષ્ટીગુણ મળે છે તે સ્વરૂપ તુષ્ટીગુણ છે.

(iii) સમય તુષ્ટીગુણ :-

સમયમાં ફેરફારની સાથે તુષ્ટીગુણમાં ફેરફાર થાય તેને સમય તુષ્ટીગુણ કહે છે. દા.ત. શિયાળામાં ગરમ કપડાંમાંથી વધુ તુષ્ટીગુણ મળે છે, જ્યારે ઉનાળા કે ચોમાસામાં ઓછો તુષ્ટીગુણ મળે છે. ઠંડાપીણા, આઈસ્ક્રીમ વગેરેમાંથી ઉનાળામાં વધુ તુષ્ટીગુણ મળે છે જ્યારે શિયાળો કે ચોમાસામાંથી નહિવત તુષ્ટીગુણ મળે છે.

(iv) સ્થળ તુષ્ટીગુણ :-

વસ્તુને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જતાં તુષ્ટીગુણમાં જે ફેરફાર થાય છે તેને સ્થળ તુષ્ટીગુણ કહે છે જેમ કે નદી કિનારાની રેતને બાંધકામ સાઈટ પર લઈ જવામાં આવે તો નદી કિનારા કરતાં બાંધકામ સાઈટ પર રેતીમાંથી વધુ સંતોષ મળે છે.

(v) માલિકી હકનો તુષ્ટીગુણ :-

વસ્તુની માલિકી બદલાય તેમ તેનો તુષ્ટીગુણ બદલાય તેને માલિકી હકનો તુષ્ટીગુણ કહે છે. દા.ત. કોઈ વ્યક્તિ ભાડાંનાં મકાનમાં રહેતી હોય અને તે પોતાના મકાનમાં રહેવા જાય તો તેનો તુષ્ટીગુણ વધે છે.

(2) **વસ્તુઓ અને સેવાઓ :- (Goods And services)**

- **વસ્તુઓનો અર્થ :-**

માણસ પોતાની વિવિધ જરૂરિયાતો વિવિધ રીતે સંતોષવાનો પ્રયત્ન કરે છે. ભૌતિક બાબતો દ્વારા જરૂરિયાત સંતોષાય છે તે વસ્તુ છે.

- **વસ્તુનાં લક્ષણો :-**

(i) તુષ્ટીગુણ હોવો જોઈએ :-

અર્થશાસ્ત્રની રીતે જે વસ્તુમાં જરૂરિયાત સંતોષવાની શક્તિ હોય અથવા જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય તેને વસ્તુ કહેવાય. દા.ત. કાપડ, અનાજ, દવા, મકાન વગેરે.

(ii) **મૂર્ત અથવા ભૌતિક સ્વરૂપ :-**

જે વસ્તુ ભૌતિક સ્વરૂપમાં હોય એટલે કે જેને નરી આંખે જોઈ શકાય, જેને સ્પર્શ કરી શકાય તેને વસ્તુ કહેવાય.

(iii) **વિનિમય પાત્રતા :-**

કોઈ વસ્તુમાંથી તુષ્ટીગુણ મળતો હોય, ભૌતિક સ્વરૂપ હોય તેની સાથે તેનો વિનિમય થઈ શકતો હોય એટલે કે જેનું ખરીદ- વેચાણ કે આપ-લે થઈ શકે તેને જ વસ્તુ કહેવાય. દા.ત. ટી.વી. રેફ્રીજરેટર, અનાજ, કપડાં, દવા વગેરે. ગાયક કલાકાર દ્વારા ગાવામાં આવતા ગીત, ડૉકટરની સેવા વગેરે દ્વારા તુષ્ટીગુણ મળે છે. તેની વિનિમય પાત્રતા છે. પરંતુ તે અભૌતિક હોવાથી વસ્તુ ન કહી શકાય.

- **વસ્તુઓનું વર્ગીકરણ :-**

(i) **આર્થિક વસ્તુ અને સર્વ સુલભ વસ્તુ :-**

જે વસ્તુની છત હોય, સરળતાથી પ્રાપ્ત કરી શકાય, તેને મેળવવા કોઈ પ્રયત્ન કરવો ન પડે અથવા કોઈ કિંમત ચૂકવવી ન પડે તેને સર્વ સુલભ કે મુકત વસ્તુ કહે છે. સર્વસુલભ વસ્તુઓને બિન આર્થિક વસ્તુ પણ કહે છે. સૂર્ય પ્રકાશ, હવા, પાણી વગેરે સર્વસુલભ વસ્તુઓ છે.સર્વસુલભ વસ્તુઓ કુદરતી રીતે પ્રાપ્ત થાય છે. આવી વસ્તુઓ વિનિમયપાત્ર હોતી નથી.
જે વસ્તુની અછત હોય, જેને મેળવવા માટે માનવીએ ખર્ચ કરવો પડે છે અને જે વિનિમય પાત્ર છે તેવી વસ્તુને આર્થિક વસ્તુ કહે છે. દા.ત. રેફ્રીજરેટર, ટીવી, મકાન, કપડાં, ફર્નિચર વગેરે.

કેટલીક વસ્તુઓ સર્વસુલભ પણ હોય છે અને આર્થિક પણ હોય છે. સમય, સંજોગો, પરિસ્થિતિ બદલાય તેમ વસ્તુનું સ્વરૂપ બદલાય છે. જેમ કે, હવા કે ઓક્સિજન સર્વસુલભ છે. પરંતુ ઘણીવાર વ્યક્તિને હોસ્પિટલમાં ઓક્સિજન સિલિન્ડર દ્વારા ઓક્સિજન આપવામાં આવે ત્યારે તેની તેને કિંમત ચૂકવવી પડે છે તે રીતે ત્યારે ઓક્સિજન આર્થિક વસ્તુ બને છે.

(ii) **વપરાશી વસ્તુઓ અને ઉત્પાદકીય વસ્તુઓ :-**

જે વસ્તુનો માનવી પ્રત્યક્ષ રીતે ઉપયોગ કરે તેને વપરાશી વસ્તુ કહે છે. જેમકે; એરકન્ડીશનર, રેફ્રીજરેટર, અનાજ, કપડાં વગેરે. ઉપરાંત વકીલની સેવા, સંગીતકારની સેવા, ડૉકટરની સેવા વગેરે પણ વપરાશી વસ્તુ છે. આવી વપરાશી વસ્તુઓ કે સેવાઓને પ્રાથમિક કે પ્રથમ કક્ષાની વસ્તુ પણ કહેવામાં આવે છે.

જે વસ્તુનો માનવી પરોક્ષ રીતે ઉપયોગ કરતાં હોય તેને ઉત્પાદક વસ્તુ કહે છે. કારખાનાનાં યંત્રો કે જેના દ્વારા જુદી જુદી વસ્તુઓનું ઉત્પાદન થાય છે અને પરોક્ષ રીતે માનવીની તે વસ્તુની જરૂરિયાત સંતોષે છે. આથી યંત્ર ઉત્પાદક વસ્તુ છે.

વસ્તુ વપરાશી છે કે ઉત્પાદક તેનો આધાર તે વસ્તુની વપરાશ પર છે. દા.ત. જો વ્યક્તિ મોટરકારનો પોતાના માટે વપરાશ કરે તો વપરાશી વસ્તુ છે, પરંતુ જો મોટરકારને ભાડે ટેક્ષી તરીકે વાપરવામાં આવે તો તે ઉત્પાદકીય વસ્તુ છે.

(iii) **ભૌતિક અને અભૌતિક વસ્તુઓ :-**

જે વસ્તુ નરી આંખે જોઈ શકાય, સ્પર્શ કરી શકાય તેવી વસ્તુને ભૌતિક વસ્તુ કહે છે. દા.ત. ખુરશી, ટેબલ, મોબાઈલ ફોન, ટી.વી. વગેરે. યંત્રો, મકાનો, વસ્તુઓ વગેરે માનવસર્જિત ભૌતિક વસ્તુઓ છે. જ્યારે ખનીજ, ખેતર, જમીન, કુવો વગેરે કુદરતી ભૌતિક વસ્તુઓ છે.

જે વસ્તુ વ્યક્તિની જરૂરિયાત સંતોષી શકતી હોય, નરી આંખે જોઈ ન શકાતી હોય, સ્પર્શી ન શકાતી હોય એટલે કે અદશ્ય હોય તેવી વસ્તુને અભૌતિક વસ્તુ કહે છે. દા.ત. શિક્ષકની સેવા, ડૉકટરની સેવા, વકીલની સેવા વગેરે.

(iv) **ટકાઉ અને નાશવંત વસ્તુઓ :-**

જે વસ્તુને અનેકવાર ઉપયોગમાં લેવા છતાં તે માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ ટકાવી રાખે તેને ટકાઉ વસ્તુ કહે છે. દા.ત. ખુરશી, ટેબલ, સોફાસેટ, રેફ્રીજરેટર વગેરે.

જે વસ્તુને એક વાર ઉપયોગમાં લેવાથી તેમાં રહેલો માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ ગુમાવે છે તેને નાશવંત વસ્તુ કહે છે. દા.ત. દુધ, શાકભાજી, ફળ, બ્રેડ, ઈંડા વગેરે.

(v) **ખાનગી અને જાહેર વસ્તુઓ :-**

જે વસ્તુની માલિકી કોઈ એક વ્યક્તિની, કંપનીની, સંસ્થાની, જૂથની કે પરિવારની હોય તેને ખાનગી વસ્તુ કહે છે. દા.ત. મકાન, પુસ્તક, ઓફિસ, મોટરકાર વગેરે.

જે વસ્તુની માલિકી રાજ્યની કે સરકારની કે સમાજની કે રાષ્ટ્રની હોય તેને જાહેર વસ્તુ કહે છે. દા.ત. બગીચો, પુલ, રસ્તા, નહેરો વગેરે.

કેટલીક વસ્તુ ખાનગી હોય છે પણ તેનો ઉપયોગ જાહેર વસ્તુ તરીકે થાય છે. જેમ કે ટોરેન્ટ પાવર ખાનગી કંપની છે જે વીજળી ઉત્પન્ન કરે છે પણ તેનો ઉપયોગ લાખો લોકો કરે છે. આમ એક બાજુ તે ખાનગી છે અને બીજી રીતે જાહેર વસ્તુ છે.

(3) **સંપત્તિ :- (Wealth)**

- **અર્થ :-**

માર્શલની વ્યાખ્યા :- *" જે વસ્તુ તુષ્ટીગુણ ધરાવતી હોય, જેની અછત હોય, જેનો વિનિમય થઈ શકતો હોય અને જેનો વંશ પરંપરાગત કે કાયદેસરનો હક પ્રાપ્ત થઈ શકતો હોય તેને સંપત્તિ કહે છે."*

પ્રો. ટોસિંગની વ્યાખ્યા *:- " દરેક આર્થિક વસ્તુને સંપત્તિ કહી શકાય "*

- **સંપત્તિનાં લક્ષણો :-**

(i) **તુષ્ટીગુણ :**

જે વસ્તુમાં માનવ જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય તેને સંપત્તિ કહે છે. દા.ત. મકાન, સોના- ચાંદી, ઝવેરાત, રેફ્રીજરેટર વગેરે.

(ii) **અછત :-**

જો કોઈ વસ્તુમાં તુષ્ટીગુણ હોય તેની સાથે તેની અછત હોય તો તેને સંપત્તિ કહેવાય. જો વસ્તુની છત હોય એટલે કે સર્વસુલભ વસ્તુને સંપત્તિ ન કહી શકાય. દા.ત. સૂર્ય પ્રકાશ, હવા, પાણી વગેરે.

(iii) **પ્રયત્ન કરવો પડે છે ? :-**

જે વસ્તુ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો પડે તેને સંપત્તિ કહેવાય. જે વસ્તુ મેળવવા માટે પ્રયત્ન કરવો પડે છે એટલે કે તે વસ્તુની અછત છે. જેને મેળવવા શ્રમ, સેવા કે પ્રવૃત્તિ કરવી પડે છે.

(iv) **વિનિમય પાત્રતા :-**

જે વસ્તુનું બજાર હોય, જેના ખરીદ વેચાણ થઈ શકતાં હોય તેને સંપત્તિ કહે છે. દા.ત. ફર્નિચર, મકાન, ઘરઘંટી, ટી.વી. વગેરે.

(v) **ટકાઉપણાનો ગુણ :-**

જે સંપત્તિમાં ટકાઉપણાનો ગુણ હોય એટલે કે જે સંપત્તિનો વારંવાર અનેક ઉપયોગ શકય હોય તેને સંપત્તિ કહેવાય. જેમ કે મકાન, ટી.વી. વગેરે દુધ, શાકભાજી, બ્રેડ વગેરે જેવી નાશવંત વસ્તુઓને સંપત્તિ ન કહી શકાય.

(vi) **માલિકી હકની પ્રાપ્તિ :-**

જે વસ્તુનો માલિકી હક મેળવી શકાય તેમ હોય તેને જ સંપત્તિ કહી શકાય. વસ્તુ પર માલિકી કાંતો તેની કિંમત ચૂકવી તેની ખરીદી કરીને અથવા વારસાગત સંપત્તિ પ્રાપ્ત કરવી.

(vii) **ભૌતિક સ્વરૂપ :-**

માત્ર ભૌતિક વસ્તુને જ સંપત્તિ કહેવાય.

(viii) **<u>સંપત્તિનો ખ્યાલ સાપેક્ષ છે :</u>-**

સંપત્તિનો ખ્યાલ સાપેક્ષ છે. સમય, સ્થળ, સંજોગોનાં આધારે સંપત્તિનો અર્થ બદલાય છે. જેમ કે હીરાની ખાણમાં રહેલો હીરો સંપત્તિ નથી, પણ જે વ્યક્તિ બજારમાંથી હીરો ખરીદે તો તે સંપત્તિ છે.

- **સંપત્તિનાં પ્રકારો :-**

(i) **વ્યક્તિગત સંપત્તિ અને સામાજિક સંપત્તિ :-**

જે વસ્તુ પર વ્યક્તિ માલિકી હક ધરાવી શકે તેવી આર્થિક વસ્તુને વ્યક્તિગત સંપત્તિ કહે છે. દા.ત. મકાન, મોટરકાર, સોનું ચાંદી, જવેરાત વગેરે. ધંધામાં પેટન્ટ, ધંધાની પ્રતિષ્ઠા, કોપીરાઈટ પણ વ્યક્તિગત સંપત્તિ છે.

જે આર્થિક વસ્તુ પર જાહેર જનતા કે સમાજની માલિકી હોય તેને સામાજિક સંપત્તિ કહે છે. દા.ત. રસ્તાઓ, પુલો, નહેરો, બગીચાઓ વગેરે.

(ii) **<u>રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ :</u>-**

રાષ્ટ્રનાં બધા જ નાગરિકોની વ્યક્તિગત સંપત્તિનો સરવાળો કરી તેમાં કુલ સામાજિક સંપત્તિને ઉમેરવામાં આવે ત્યારે રાષ્ટ્રીય સંપત્તિ પ્રાપ્ત કરી શકાય. એટલે કે રાષ્ટ્રીય સંપત્તિ = રાષ્ટ્રનાં બધાં જ નાગરિકોની વ્યક્તિગત સંપતિ + કુલ સામાજિક સંપત્તિ.

જે સંપત્તિ પર કોઈ એક વ્યક્તિ, સમાજ કે દેશનો નહિ પણ દુનિયાનાં તમામ દેશોની માલિકી હોય તેને આંતરરાષ્ટ્રીય સંપત્તિ કહે છે. દા.ત. મહાસાગરો,ઓઝોન વાયુ વગેરે.

(iii) **સંભવિત સંપત્તિ :-**

જે સંપત્તિ વર્તમાનમાં અસ્તિત્વમાં ન હોય, પરંતુ ભવિષ્યમાં તેની શોધ થવાની સંભાવના હોય તેને સંભવિત સંપત્તિ કહે છે. દા.ત. મંગળ ગ્રહ પર માનવજીવનની શકયતા. વૈજ્ઞાનિકક્ષેત્રે શોધખોળો વગેરે.

(iv) નકારાત્મક સંપત્તિ :-

જે સંપત્તિ એક વ્યક્તિ કે એક રાષ્ટ્ર એ બીજી વ્યક્તિ કે બીજા રાષ્ટ્રને દેવાની ચુકવણી કરવા માટે આપવાની હોય તો તેને નકારાત્મક સંપત્તિ કહે છે.

- **<u>સંપત્તિ અને કલ્યાણ કે સુખાકારી :-</u>**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વ્યક્તિની સંપત્તિમાં વધારો થાય તો તેનું કલ્યાણ કે સુખાકારી વધે છે. પરંતુ હંમેશા એવું થતું નથી. કેટલીકવાર સંપત્તિ વધે છતાં વ્યક્તિનું કલ્યાણ ન પણ વધે. સિગારેટ, દારૂ જેવી હાનિકારક વસ્તુઓ સંપત્તિ છે પણ તેનાથી વ્યક્તિનું કલ્યાણ વધતું નથી. આમ, સંપત્તિમાં વધારો થવાથી લોકોના કલ્યાણમાં વધારો થાય છે તે ઉપરાંત અન્ય પરિબળો પણ કલ્યાણનાં વધારવા પર ભાગ ભજવે છે. જેમ કે;

(i) **સંપત્તિનું સ્વરૂપ :-**

સંપત્તિમાં વધારો થશે તેથી લોકોનાં કલ્યાણમાં વધારો થશે કે નહિ તેનો આધાર સંપત્તિનાં સ્વરૂપ પર છે. દા.ત. દારૂગોળા, શસ્ત્ર સરંજામ, ચરસ જેવી હાનિકારક સંપત્તિ વધવા છતાં લોકોનું કલ્યાણ ઘટે છે. જ્યારે પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ જેવી કે; અનાજ, કઠોળ, કપડાં વગેરેમાં વધારો થાય તો લોકોના કલ્યાણમાં વધારો થાય છે.

(ii) **સંપત્તિનું ઉત્પાદન :-**

કોઈપણ દેશમાં સંપત્તિનું ઉત્પાદન કઈ પદ્ધતિથી કરવામાં આવે છે તેના પર લોકોનાં કલ્યાણનો આધાર છે. જે ટેકનોલોજીથી લોકોને વધુ ઉત્પાદન પ્રાપ્ત થાય, વસ્તુની વપરાશમાં વધારો થાય તો લોકોનું કલ્યાણ વધે છે.

(iii) **સંપત્તિની વહેંચણી :-**

સંપત્તિની વહેંચણી સમાજના જુદા જુદા વર્ગો વચ્ચે કેવી રીતે થાય છે તેના પર લોકોનાં કલ્યાણનો આધાર છે. જો સંપત્તિની ન્યાયી વહેંચણી થાય તો માનવ કલ્યાણમાં વધારો થાય છે, પરંતુ જો અસમાન વહેંચણી થાય તો સંપત્તિ વધવા છતાં લોકોનાં કલ્યાણમાં વધારો થતો નથી. એટલે ધનિકોને વધુ સંપત્તિ અને ગરીબ, ખેતમજૂરો, ઔદ્યોગિક મજૂરોને પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકાતી ન હોય તો સંપત્તિ વધવા છતાં કલ્યાણ ઘટે છે.

(iv) **સંપત્તિ સર્જનનું સામાજિક ખર્ચ :-**

એક બાજુ સંપત્તિનાં ઉત્પાદનમાં વધારો થતો હોય અને બીજી બાજુ ઉદ્યોગીકરણનાં લીધે ગંદા વસવાટો, પ્રદૂષણ, વસ્તી ગીચતા, કાયદો, વ્યવસ્થા, પાણીનું પ્રદૂષણ વગેરે પાછળ સરકારનું સામાજિક ખર્ચ વધે છે. આથી રાષ્ટ્રની સંપત્તિમાં વધારો થવા છતાં લોકોનાં કલ્યાણમાં ઘટાડો થાય છે.

(v) **રાજ્યની આર્થિક નીતિ :-**

સંપત્તિમાં વધારો થવાથી લોકોનાં કલ્યાણમાં વધારો થશે કે નહિ તેનો આધાર રાજ્યની આર્થિક નીતિ પર છે. જો સરકાર પ્રગતિશીલ વેરા નાંખી ધનિકો, ઉદ્યોગપતિઓ પાસેથી કર આવક પ્રાપ્ત કરી તેને ગરીબોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ માટે વાપરે તો લોકોનું કલ્યાણ વધે છે.

- **નાણું અને સંપત્તિ** *:-*

નાણું; સંપત્તિનાં બધાંજ લક્ષણો ધરાવતુ હોવા છતાં નાણું સંપત્તિ ન કહેવાય. દૂધ, શાકભાજી, કપડાં વગેરે પ્રત્યક્ષ વપરાશની વસ્તુઓ છે. જેની વપરાશ દ્વારા જરૂરિયાતોને સંતોષી શકાય છે. જ્યારે નાણું પ્રત્યક્ષ વપરાશની વસ્તુ ન હોવાથી તે સંપત્તિ નથી.

(4) **મૂલ્ય અને કિંમત :- (Value And Price)**

- **મૂલ્યનો અર્થ** *:-*

" કોઈપણ વસ્તુમાં રહેલી અન્ય વસ્તુ ખરીદવાની શક્તિ અથવા વ્યક્તિની જરૂરિયાત સંતોષવાની શક્તિ એટલે મૂલ્ય."

- **વપરાશ મૂલ્ય** *:-*

જે વસ્તુ કે સેવાની વપરાશથી માનવીની જરૂરિયાત સંતોષાય છે તે વસ્તુમાં વપરાશ મૂલ્ય રહેલું છે તેમ કહી શકાય.

- **વિનિમય મૂલ્ય** *:-*

જો કોઈ વસ્તુનાં બદલે બીજી વસ્તુ મેળવી શકાતી હોય એટલે કે વસ્તુનો વિનિમય થઈ શકતો હોય તો તે વસ્તુમાં વિનિમય મૂલ્ય છે તેમ કહેવાય.

ધારો કે કોઈ વસ્તુ વપરાશ મૂલ્ય ધરાવતી હોય પણ વિનિમય પાત્રતા ધરાવતી ન હોય તો તેમાં વિનિમય મૂલ્ય નથી તેમ કહેવાય. દા.ત. હવા, સૂર્યપ્રકાશ વગેરે જેનું વપરાશ મૂલ્ય છે પણ તેનો વિનિમય થઈ શકતો નથી. આથી તેનું વિનિમય મૂલ્ય શૂન્ય હોય છે.

જો કોઈ વસ્તુનાં બદલામાં વધુ વસ્તુ મેળવી શકાતી હોય તો તેનું વિનિમય મૂલ્ય વધુ અને ઓછી વસ્તુ મેળવી શકાતી હોય તો તેનું વિનિમય મૂલ્ય ઓછું હોય છે.

વસ્તુની અછત વિનિમય મૂલ્યને અસર કરે છે જે વસ્તુની અછત હોય તેનું વિનિમય મૂલ્ય વધુ અને જે વસ્તુની છત હોય તેનું વિનિમય મૂલ્ય ઓછું કે શૂન્ય હોય છે.

જેનું વિનિમય મૂલ્ય હોય તેનું વપરાશ મૂલ્ય હોય જ છે પરંતુ જેનું વપરાશ મૂલ્ય હોય તેનું વિનિમય મૂલ્ય હોય તે જરૂરી નથી.

ટૂંકમાં; મૂલ્ય એટલે વપરાશની રીતે વસ્તુની અગત્યતા નહિ પરંતુ કોઈ વસ્તુની બીજી વસ્તુ પરની વર્ચસ્વ શક્તિ કે વિનિમય શક્તિ.

- **કિંમતનો અર્થ :-**

વસ્તુના મૂલ્યની નાણાંનાં રૂપમાં કરવામાં આવતી રજૂઆત એટલે કિંમત. દા.ત. X વસ્તુનાં 1 એકમ માટે રૂ. 10 ચૂકવવા પડે તો X ની કિંમત 10 રૂ. છે તેમ કહેવાય.

- **કિંમત અને મૂલ્ય વચ્ચે તફાવત :**

મૂલ્ય		કિંમત	
(1)	*વસ્તુનાં સ્વરૂપમાં વ્યક્ત થાય તે મૂલ્ય છે.*	(1)	*નાણાંનાં સ્વરૂપમાં વ્યક્ત થાય તે કિંમત છે.*
(2)	*કોઈપણ વસ્તુનું મૂલ્ય સાપેક્ષ છે એટલે કે અલગ અલગ હોય છે.*	(2)	*કિંમત એક જ હોય છે.*
(3)	*બધી જ વસ્તુઓનું મૂલ્ય એક સાથે વધી કે ઘટી શકે નહિ.*	(3)	*બધીજ વસ્તુઓની કિંમતમાં એક સાથે વધારો ઘટાડો કરી શકાય છે.*
(4)	*મૂલ્યનો ખ્યાલ વિનિમય પ્રથામાં ઉપયોગી થાય છે.*	(4)	*કિંમતનો ખ્યાલ નાણાં આધારિત અર્થ વ્યવસ્થામાં ઉપયોગી છે.*

(5) **કલ્યાણ :- (Welfare) :-**

- **<u>અર્થ :-</u>**

કલ્યાણ એટલે સારી સ્થિતિ, પરિસ્થિતિમાં સુધારો, એટલે કે ભૌતિક જીવન ધોરણમાં સુધારો, વધુ સારી સ્થિતિનું નિર્માણ એટલે કલ્યાણ.

(i) **સામાન્ય કલ્યાણ અને આર્થિક કલ્યાણ :-**

જો કોઈ વ્યક્તિનું કુલ કલ્યાણ કે સુખ આરોગ્ય, શિક્ષણ, ઘર, સામાજિક મોભો, સત્તા, સંતોષ વગેરે પરિબળો પર આધારિત છે. આ મનુષ્યનું સામાન્ય કલ્યાણ છે એમ કહેવાય.

મનુષ્યનું આર્થિક કલ્યાણ એ એના સામાન્ય કલ્યાણનો એક ભાગ છે. આર્થિક કલ્યાણને માપી શકાય છે. જે વસ્તુઓ અને સેવાઓનું નાણાંકીય મૂલ્ય છે અને જેનો વિનિમય થાય છે અને જેની વપરાશ થાય છે તેને આર્થિક કલ્યાણ સાથે સંબંધ છે.

(ii) **વ્યક્તિનું કલ્યાણ :-**

વ્યક્તિનું કલ્યાણ આત્મલક્ષી બાબત છે. દરેક વ્યક્તિને અલગ અલગ વસ્તુમાંથી અલગ અલગ સંતોષ મળે છે. આમ; વ્યક્તિએ વ્યક્તિએ કલ્યાણનો ખ્યાલ બદલાય છે.

એ જ રીતે વ્યક્તિનો પસંદગીની તક વધારે તેમ વધુ કલ્યાણ, પસંદગીની તક ઓછી તેમ કલ્યાણ ઘટે છે.

જ્યારે વ્યક્તિની આવક વધે, વપરાશ વધે ત્યારે તેનું કલ્યાણ થયું તેમ કહેવાય.

(iii) સામાજિક કલ્યાણ :-

સમગ્ર સમાજનું કલ્યાણ એ સામાજિક કલ્યાણ છે. સમાજની બધી જ વ્યક્તિઓનું કલ્યાણ એટલે સામાજિક કલ્યાણ. પરંતુ ઘણીવાર સમાજની બધી જ વ્યક્તિનું કલ્યાણ એક સાથે થતું નથી તેમજ એક સરખું પણ થતું નથી. તમામ વ્યક્તિઓના કલ્યાણનો સરવાળો એટલે સામાજિક કલ્યાણ.

જેમ વ્યક્તિની પસંદગી હોય છે તેમ સમાજની પણ પસંદગી હોય છે, આથી ઘણીવાર વ્યક્તિ અને સમાજની પસંદગી એક બીજા સાથે ટકરાય છે. જેમકે; કોઈ વ્યક્તિને સિગારેટ પીવાની મજા આવે છે. તે જાહેર સ્થળે સિગારેટ પીવે તો અન્ય લોકોને તે ન ગમે. તો જાહેર સ્થળોએ સરકાર ધુમ્રપાન પર પ્રતિબંધ મૂકે છે. આ રીતે વ્યક્તિગત પસંદગી અને સામાજિક પસંદગી વચ્ચે ટકરાવ થાય છે.

(iv) **કલ્યાણનું માપન** *:-*

કલ્યાણને નાણાંકીય આવક અને વાસ્તવિક આવક દ્વારા માપી શકાય છે. નાણાકીય અને વાસ્તવિક આવક વધે તો કલ્યાણ વધે છે તેમ કહી શકાય.

(v) **મૂલ્ય નિર્ણય :-**

સામાજિક કલ્યાણ સિદ્ધ થયું કે નહિ તે નક્કી કરવા અથવા સામાજિક કલ્યાણ શું છે એ નક્કી કરવા માટે મૂલ્ય નિર્ણયો કરવા પડે છે. એટલે કે; સમગ્ર સમાજની દૃષ્ટિએ શું સારું અને શું ખોટું એ નક્કી કરવું પડે છે. મૂલ્ય નિર્ણયને નીતિશાસ્ત્ર સાથે સંબંધ છે. આર્થિક વિશ્લેષણમાં મૂલ્ય નિર્ણય કરી શકાય છે. સમાજના પ્રતિનિધિ તરીકે રાજય એટલે કે સરકાર મૂલ્ય નિર્ણયો લે છે.

(6) **નાણું :- (Money) :-**

- **નાણાંનો અર્થ :-**

કેઈન્સની વ્યાખ્યા *:- " જેનાથી લેવડ-દેવડ તેમજ મૂલ્ય સંબંધી સોદાઓની પતાવટ થતી હોય તથા જેમાં ખરીદ શક્તિ સંગ્રહાયેલી હોય તેને નાણું કહે છે "*

પ્રો. ફ્રીડમેન *:- " ખરીદ શક્તિના કામ ચલાઉ સંગ્રહસ્થાન તરીકે કામ કરવા શક્તિમાન એવી કોઈપણ અસ્કયામત નાણું છે. "*

- **નાણાંના લક્ષણો :-**

(i) **ખરીદ શક્તિ :-**

નાણાંમાં વસ્તુ કે સેવા ખરીદવાની શક્તિ હોય છે. દા.ત. દુકાનદારને રૂ. 100 આપવામાં આવે તો તે ગ્રાહકને 1 કિલો સફરજન આપે છે. જો તે દુકાનદારને ઘડિયાળ આપવામાં આવે તો તે સફરજન આપતો નથી. એટલે કે ચલણી નોટો કે સિક્કા આપવામાં આવે તો જ વસ્તુ મળે છે.

(ii) **વિનિમયનું માધ્યમ :-**

નાણું વિનિમયનું માધ્યમ છે, નાણાંથી જ વિનિમય થાય છે. વ્યક્તિને રોજબરોજ વસ્તુ કે સેવાનાં ખરીદ વેચાણ કે આપ લે માટે નાણું જરૂરી છે. એટલે કે, નાણું વિનિમયનાં માધ્યમ તરીકેની કામગીરી બજાવે છે.

(iii) **મૂલ્યનું સંગ્રાહક :-**

નાણાંનાં મૂલ્યનો એટલે કે ખરીદ શક્તિનો સંગ્રહ થાય છે કોઈ વસ્તુઓનો સંગ્રહ કરતાં નથી. લોકો જેમાંથી ભવિષ્યમાં અને વર્તમાનમાં વસ્તુઓ અને સેવાઓની ખરીદી કે વેચાણ શકય છે તેને સંગ્રહે છે. આવી વસ્તુને નાણું કહે છે. મૂલ્યનો સંગ્રહ જેટલી સહેલાઈથી નાણાંમાં શકય છે તેટલો બીજી કોઈ વસ્તુમાં નથી.

1.10 સારાંશ :-

ધંધાકીય અર્થશાસ્ત્ર એ સંસાધનોની અછતની વચ્ચે વસ્તુ અને સેવાઓનાં ઉત્પાદન અને વપરાશમાં ગ્રાહકો પેઢીઓ વગેરેનો અભ્યાસ છે. તે તેના ઈચ્છિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે મર્યાદિત સાધનોનું આયોજન અને ફાળવણી કઈ રીતે કરવી તે દર્શાવે છે. ધંધાકીય અર્થશાસ્ત્રની એક વિશેષ શાખા છે. જે અમૂર્ત આર્થિક સિદ્ધાંત અને મેનેજરીઅલ પ્રેક્ટિસ વચ્ચેનાં અંતરને દૂર કરે છે. માનવીની અમર્યાદિત જરૂરિયાતોની સામે તેનો સંતોષવાના સાધનો મર્યાદિત હોવાથી અછતનો પ્રશ્ન થાય છે. આથી માનવી પોતાને જરૂરિયાતો એવી રીતે પુરી કરે છે જેમાંથી મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય. જે માટે વિવિધ સંસ્થાઓ, પદ્ધતિઓ અને વ્યવસ્થાઓની રચના કરવામાં આવે છે.

જેમાં ઉત્પાદનનાં સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજકોનો ઉત્પાદનમાં ઉપયોગ થાય છે. જમીન કુદરતી સાધન છે. જયારે મૂડી, શ્રમ માનવ સર્જિત સાધનો છે. નિયોજકો વેપારી પ્રવૃત્તિ અંગેનાં નિર્ણયો લેવાનું અને જોખમ તેમજ અનિશ્ચિતતાઓ ઉઠાવે છે.

દરેક અર્થતંત્રને તેની મૂળભૂત સમસ્યાઓ હોય છે. શેનું ઉત્પાદન કરવું ? કેટલું ઉત્પાદન કરવું ? કઈ પદ્ધતિથી ઉત્પાદન કરવું ? ઉત્પાદન થયેલ વસ્તુની સમાજનાં વિવિધ વર્ગોમાં વહેંચણી કઈ

રીતે કરવી ? ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદન ક્ષમતા કઈ રીતે ટકાવી રાખવી ? વગેરે સમસ્યાઓ જોવા મળે છે. ઉત્પાદન શકયતા વક્ર દ્વારા આ તમામ સમસ્યાઓમાં શું પરિસ્થિતિ હોય તે સમજાવી શકાય છે. જ્યારે અર્થતંત્રમાં ઉત્પાદનનાં બધાંજ સાધનો ઉત્પાદનમાં રોકાયેલા હોય એટલે કે અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની પરિસ્થિતિ હોય ત્યારે કઈ વસ્તુનું કેટલું ઉત્પાદન થઈ શકે ? અન્ય વસ્તુનાં ઉત્પાદનમાં ઘટાડો કર્યા વગર તેનાં ઉત્પાદનમાં વધારો થઈ શકતો નથી. જો આર્થિક વિકાસ થવાથી બધી જ વસ્તુઓનાં ઉત્પાદનમાં વધારો એક જ વખતે શકય બને છે, કારણ કે ઉત્પાદન શક્યતા વક્ર બહારની તરફ ખસે છે.

ઉત્પાદનનાં સાધનોની ફાળવણી જુદી જુદી આર્થિક પદ્ધતિમાં જુદી જુદી હોય છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં સાધન ફાળવણી બજારતંત્રની મદદથી થાય છે. મૂડીવાદી અર્થ વ્યવસ્થામાં ખાનગી એકમોની માલિકી હોય છે. જેનો મુખ્ય હેતુ નફાકારતાનો હોય છે. સમાજવાદી અર્થતંત્રમાં સાધનોની માલિકી સમાજની કે રાજયની હોય છે. આવી વ્યવસ્થામાં આવક અને સંપત્તિની વહેંચણીમાં અસમાનતા દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. લોકોની સાચી જરૂરિયાતો મુજબ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. તે મુજબ સાધન ફાળવણી કરવામાં આવે છે. મિશ્ર અર્થ વ્યવસ્થામાં નિર્ણયીકરણની જવાબદારી ખાનગી એકમો અને સરકાર બંને વચ્ચે વહેંચી દેવામાં આવે છે.

અર્થશાસ્ત્રમાં માનવીને આર્થિક વર્તનનો અભ્યાસ સમજવા પાયાનાં ખ્યાલો સમજવા જરૂરી બને છે. તુષ્ટીગુણ, સંપત્તિ, નાણું, વિનિમય, મૂલ્ય વગેરે મહત્ત્વનાં ખ્યાલો છે. વસ્તુઓ અને સેવાઓના પ્રવાહોની બનેલી આર્થિક પદ્ધતિ તરીકે અર્થતંત્રને સમજી શકાય છે. જેમાં વ્યક્તિ, કુટુંબ, પેઢી, ઉદ્યોગ, ઉત્પાદક, વેચનાર, સરકાર વગેરે જુદા જુદા ક્ષેત્રો વચ્ચે આર્થિક પ્રવાહો ચાલતાં હોય છે. એક વ્યક્તિ અન્ય પાસેથી વસ્તુ ખરીદે છે, પોતાની વસ્તુ બીજાને વેચે છે. દરેક વ્યક્તિ, કુટુંબ કે સમાજ વિવિધ કારણોના પ્રતિસાદરૂપે આર્થિક એકમોને અર્થશાસ્ત્રનાં વિવિધ સિદ્ધાંતો દ્વારા સમજાવે છે. અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો ધારણાઓ આધારિત તેમજ વાસ્તવિકતા આધારિત તર્કની મદદથી રચાયા હોય છે. તેના આધારે તારણો કાઢવામાં આવે છે. બીજી બાજુ હકીકત આધારિત તર્કમાં હકીકતો એકત્રિત કરીને વિવિધ બળો અને ઉદ્દીપનો સામેનાં પ્રતિસાદરૂપે આર્થિક એકમોની વર્તણૂંકનાં સ્વરૂપને શોધી કાઢવા પ્રયાસ કરવામાં આવે છે.

1.11 ચાવીરૂપ શબ્દો :- (Key- Words)

(1) શ્રમ :- ભૌતિક અને માનસિક માનવ પુરુષાર્થ જેનો ઉપયોગ ઉત્પાદન માટે નીપજકો તરીકે થાય છે.

(2) નિક્ષેપ/નીપજક :- વસ્તુ કે જેનો ઉત્પાદન પ્રક્રિયામાં ઉપયોગ થાય છે.

(3) જમીન :- કુદરત દ્વારા વિના મૂલ્યે પ્રાપ્ત થયેલ ઉત્પાદનના સાધનો. જેમાં ખેતી કામની ભૂમિ, ઔદ્યોગિક હેતુની ભૂમિ, અને ધરતીની ઉપર અને અંદરથી મળતાં કુદરતી સંસાધનોનો સમાવેશ થાય છે.

(4) ઉત્પાદન :- વિવિધ પદ્ધતિઓ દ્વારા વસ્તુના તુષ્ટિગુણનું સર્જન કરવું.

(5) મૂડી :- ઉત્પાદિત અથવા માનવસર્જિત ઉત્પાદનનાં સાધનો.

(6) આર્થિક ઘટકો :- આર્થિક પદ્ધતિમાં નિર્ણય કરનારાં આર્થિક એકમો.

(7) આર્થિક પદ્ધતિ અથવા અર્થતંત્ર :- બધી જ સંસ્થાઓ પદ્ધતિઓ અને વ્યવસ્થાઓ કે જેના વડે અમર્યાદિત જરૂરિયાતોના સાધનોની અછતની સમસ્યા હલ કરવાનો પ્રયાસ થાય છે અને કઈ જરૂરિયાતો સંતોષવી તેની પસંદગી થાય છે.

(8) નિયોજન :- વ્યાવસાયિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ જોખમ લેનાર અને આખરી નિર્ણય કરનાર એકમ નિયોજન ઉત્પાદન વ્યવસ્થાના પ્રબંધનું કાર્ય છે.

(9) મધ્યવર્તી વસ્તુ :- ઉત્પાદનમાં વપરાતાં નીયોજક.

(10) મોજશોખની વસ્તુઓ :- સામાજિક મોભા કે દરજ્જા માટેની વસ્તુઓ.

(11) વિનિમય મૂલ્ય :- કોઈ પણ વસ્તુ બજારમાં જે મળી શકે તે કિંમત.

(12) સરેરાશ તુષ્ટીગુણ :- કુલ ભાગ્ય વસ્તુના કુલ તુષ્ટીગુણ એકમો.

(13) વસ્તુ વિનિમય :- વસ્તુ અને સેવાના બદલામાં આપેલ અન્ય વસ્તુ અને સેવાની આપવી.

(14) અર્થશાસ્ત્રના સિદ્ધાંતો :- વિવિધ બળો અને ઉદ્દીપનો સામેના આર્થિક એકમોના પ્રામાઈ અથવા તારવેલા પ્રતિસાદનાં વલણો અને વિવિધ વલણો સમજાવતાં વિધાનો.

(15) પ્રાથમિક જરૂરિયાતો :- જિંદગીને વધુ આરામ દાયક બનાવવા અથવા ઉત્પાદક શક્તિ વધારવા ઉપયોગમાં લેવાતી વસ્તુઓ.

(16) ગતિશીલ અર્થશાસ્ત્ર :- સ્થિર ધારી લેવાયેલા ચલ પરિમાણોમાં તેમજ અન્ય પરિબળોમાં ગમે તે ફેરફાર થાય છે તેવું માનીને થતાં આર્થિક વિશ્લેષણની પધ્ધતિ. અભ્યાસ હેઠળના ચલ પરિમાણની સ્થિતિ તેના ફેરફારના માર્ગ શોધીને નક્કી કરવામાં આવે છે.

(17) તુષ્ટિગુણ :- વસ્તુની જરૂરિયાતને સંતોષવાની શક્તિ કે જે ઉપભોક્તાને સંતોષ આપે છે.

(18) કુલ તુષ્ટિગુણ :- વસ્તુનાં બધાં જ એકમોના ઉપભોગમાંથી મળતો કુલ સંતોષ.

(19) ઉપયોગિતા મૂલ્ય :- વસ્તુનો તુષ્ટિગુણ.

(20) વૈકલ્પિક ખર્ચ :- જતા કરાતા બીજા શ્રેષ્ઠના વિકલ્પનો લાભ પસંદ કરેલા વિકલ્પનું વિકલ્પાર્થી ખર્ચ છે.

(21) પુરવઠો :- આપેલ સમયગાળા દરમિયાન ચોક્કસ કિંમતે વેચનાર દ્વારા વેચાણ માટે મૂકવામાં આવતા વસ્તુના એકમોનો જથ્થો.

(22) *સામાન્ય :- કોઈપણ ચલ પરિમાણના સૌથી વધારે વખત જોવા મળતાં વલણની સામાન્ય સ્થિતિ.*

(23) *નાણાં વિનિમય :- નાણાંની સામે વસ્તુ અને સેવાનું વેચાણ.*

(24) *સીમાંત :- કોઈપણ ચલ પરિમાણના એક વધુ એકમનું મૂલ્ય.*

(25) *સીમાંત – તુષ્ટિગુણ :- વસ્તુના એક વધુ એકમના ઉપભોગમાંથી મળતો વધારાનો સંતોષ.*

(26) *અભ્યાસ પદ્ધતિ :- વિશ્લેષણનાં સાધનો પાયાની માહિતીના એકત્રીકરણ અને ઉપયોગ અને લાગુ કરવામાં આવતા તર્ક ને દર્શાવતી પદ્ધતિ.*

(27) *વસ્તુલક્ષી અર્થશાસ્ત્ર :- આર્થિક વિશ્લેષણનો એવો ભાગ કે જે " શું છે " તેનો અભ્યાસ કરે છે પણ તે ઈષ્ટ છે કે અનિષ્ટ તેના તરફ ધ્યાન આપતો નથી અને વર્તમાન સ્થિતિને સુધારવાના ઉકેલો સૂચવતો નથી.*

(28) *આદર્શલક્ષી અર્થશાસ્ત્ર :- આર્થિક વિશ્લેષણનો એવો ભાગ કે " શું હોવું જોઈએ " તેનો અભ્યાસ કરે છે અને વર્તમાન સ્થિતિ કેવી રીતે સુધારી શકાય તેના ઉકેલો દર્શાવે છે.*

(29) *સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર :- સમગ્ર અર્થતંત્ર અથવા તેના મોટા હિસ્સાની ફાળવણીને અભ્યાસ કરતી અર્થશાસ્ત્રની એક શાખા.*

(30) *એકમલક્ષી અર્થશાસ્ત્ર :- આર્થિક વિશ્લેષણની એવી શાખા કે જે વ્યક્તિગત આર્થિક એકમ અથવા તેના નાના સમૂહનો અભ્યાસ કરે છે અને વ્યક્તિગત વસ્તુની કિંમત અને એકમલક્ષી ચલ પરિમાણોને ધ્યાનમાં લેવાય છે.*

(31) *સ્થૈતિક અર્થશાસ્ત્ર :- વિશ્લેષણની એક પદ્ધતિ કે જેમાં મૂળ સમતુલા અને નવી સમતુલાની સ્થિતિની તુલના કરવામાં આવે છે તે માટે અર્થતંત્રની પાયાની બાબતો બદલાતી નથી તેવી ધારણા કરવામાં આવે છે.*

(32) *મૂડીવાદ :- ઉત્પાદનનાં સાધનોની માલિકી ખાનગી હોય છે અને ઉત્પાદન મુખ્યત્વે બજાર માટે હોય છે.*

(33) *જાહેર ક્ષેત્ર :- ઉત્પાદનનાં સાધનોની માલિકી સરકારની હોય છે તે લોકોના વિશાળ હિત માટે જે ઉત્પાદન કરે છે.*

(34) *ખાનગી ક્ષેત્ર :- ઉત્પાદનનાં સાધનોની માલિકી અંગત હોય અને જ્યાં નફા માટે ઉત્પાદન થાય છે તેવું ક્ષેત્ર.*

(35) *ઉત્પાદક બળો :- ઉત્પાદનનાં સાધનો અને શ્રમશક્તિ વચ્ચેની આંતરક્રિયા.*

(36) *બજાર તંત્ર :- વસ્તુ તેમજ સાધનના ખરીદનાર અને વેચનાર વચ્ચેની આંતરક્રિયાની વ્યવસ્થા.*

(37) *પ્રાથમિક સમાજ :- માણસે છ થી સાત હજાર વર્ષ પહેલાં કરેલી સૌ પ્રથમ વ્યવસ્થા.*

(38) *ઉત્પાદકોનું સાર્વભૌમત્વ :- વિજ્ઞાનના જોરે ઉત્પાદક ગમે તે ચીજ વેચી શકે તેવી સ્થિતિ.*

(39) *ઉત્પાદનના સંબંધો :- ઉત્પાદન પ્રક્રિયાનાં પરિણામે સર્જાતા લોકો વચ્ચેના સંબંધો.*

(40) *નફાનો ઉદ્દેશ :- નફો કમાવાનો ઉદ્દેશ કે જે ખાનગી ક્ષેત્રનાં ઉત્પાદકને આર્થિક પ્રવૃત્તિ તરફ પ્રેરિત કરે છે.*

(41) સમાજવાદ :- ઉત્પાદનનાં સાધનો રાજ્યની માલિકીનાં હોય અને જેમાં સમાજની જરૂરિયાતને અંદાજીત વસ્તુનું ઉત્પાદન થતું હોય.

(42) સમાજવાદી સંચય :- સમાજવાદી ક્ષેત્રમાં સંસાધનોનું એકત્રીકરણ જે પોતાના વિસ્તાર માટે હોય.

(43) વેપારી પ્રથા :- એવી વ્યવસ્થા કે જેમાં વેપારી કારીગરને કાચો માલ આપી વસ્તુનું ઉત્પાદન કરાવતો હતો અને તેની રકમ લઈને કારીગર વસ્તુનું ઉત્પાદન વેપારીને પૂરું પાડતો.

(44) મિશ્ર અર્થતંત્ર :- જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના સહ અસ્તિત્વવાળી આર્થિક પદ્ધતિ.

(45) પ્રાથમિક સમાજવાદ :- સમાજવાદી ક્ષેત્રના વિકાસ માટે બિનસમાજવાદી ક્ષેત્રમાં મૂડી- સંચય કરવો.

(46) આયોજિત અર્થતંત્ર :- બજાર તંત્રના બદલે આર્થિક આયોજનને નિર્ણાયક કામ કરવાનું હોય તેવી પધ્ધતિ.

1.12 સ્વાધ્યાય

1. આર્થિક વ્યવસ્થા એટલે શું ?
2. આર્થિક એકમો વિશે જણાવો ?
3. જરૂરિયાતો અમર્યાદિત બને છે તે માટે જવાબદાર બે લક્ષણો જણાવો.
4. વિકાસની સમસ્યા વિશે જણાવો
5. મૂડી નિર્માણ એટલે શું ?
6. અર્થતંત્રની મૂળભૂત સમસ્યાઓ કઈ કઈ છે ?
7. ખાનગી અને જાહેર વસ્તુઓ વચ્ચેનો ભેદ ટૂંકમાં સમજાવો ?
8. ઉત્પાદન શક્યતા વક્ર એટલે શું ?
9. મૂડીવાદી અર્થતંત્રના સંસાધનની ફાળવણી વિશે ટૂંકમાં સમજાવો ?
10. મિશ્ર અર્થતંત્રમાં સાધન ફાળવણી વિશે જણાવો ?
11. " ઈષ્ટતમ " નો ખ્યાલ સમજાવો ?
12. એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિશે ટૂંકમાં સમજાવો ?
13. મિશ્ર અર્થતંત્રના લક્ષણો જણાવો.

1. આર્થિક પદ્ધતિ એટલે શું ? અર્થતંત્રની મૂળભૂત સમસ્યાઓ એટલે શું ?
2. માનવ જરૂરિયાતોનાં મુખ્ય લક્ષણો કયાં છે ?
3. અર્થતંત્રની મૂળભૂત સમસ્યાઓના નિરાકરણો એકબીજા સાથે સંબંધિત હોય છે તે સમજાવો.

4. *“ અછત ” તે દરેક આર્થિક પદ્ધતિની માતા છે તે સમજાવો.*

5. *ઉત્પાદન શક્યતા વકનો ખ્યાલ સમજાવો, અને તેની ધારણાઓ સમજાવી ઉદાહરણ આપીને સમજૂતિ આપો.*

6. *ઉત્પાદનના સાધનોનો અર્થ જણાવો. ચાર સાધનોમાંથી દરેક સાધનની સમજૂતી આપો.*

8. ટૂંક નોંધ લખો.

(અ) માનવ જરૂરિયાતો.

(બ) ખાનગી અને જાહેર વસ્તુઓ.

9. *વસ્તુલક્ષી અને આદર્શલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો ભેદ સમજાવો. કયા અર્થશાસ્ત્રને શા માટે પસંદ કરવું જોઈએ ?*

10. *દરેક આધુનિક અર્થતંત્ર ગતિશીલ હોય છે તેના કારણો સમજાવો.*

11. *કયા સ્વરૂપમાં વિકલ્પથી ખર્ચ વ્યકત થાય છે – ઉત્પાદક માટે, સાધન માલિક માટે, ઉપભોક્તા માટે?*

12. **તફાવત સમજાવો.**

(અ) ગતિશીલ અર્થશાસ્ત્ર અને સ્થૈનિક અર્થશાસ્ત્ર

(બ) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર અને એકમલક્ષી અર્થશાસ્ત્ર

13. **ટૂંક નોંધ લખો.**

(અ) અર્થશાસ્ત્રના સિદ્ધાંતોની મર્યાદાઓ.

(બ) સમતુલાનો ખ્યાલ.

(ક) જથ્થા અને પ્રવાહો વિશે ટૂંક નોંધ લખો.

(ડ) ફેરફારનો માર્ગ શોધવો અંગે ટૂંક નોંધ લખો.

14. *આર્થિક પદ્ધતિ એટલે શું અને આર્થિક પદ્ધતિનાં વિવિધ સ્વરૂપોની ચર્ચા કરો ?*

15. *મૂડીવાદનાં લક્ષણો સમજાવો અને તેમાં બજારતંત્રની ભૂમિકા વર્ણવો.*

16. *મિશ્ર અર્થતંત્રના લક્ષણો અને તેની મર્યાદાઓ જણાવો.*

17. *સમાજવાદ એટલે શું ? તેનાં લક્ષણો જણાવો.*

18. **નીચેનામાંથી કયું વિધાન ખરું કે ખોટું છે તે લખો.**

1. *બધાજ માણસોની જરૂરિયાતો મર્યાદિત હોય છે.*

2. *બધાજ વ્યક્તિઓની જરૂરિયાતો એકસરખી હોય છે.*

3. *કેટલીક આર્થિક વ્યવસ્થાઓમાં બધીજ વ્યક્તિઓની બધીજ જરૂરિયાતોને સંતોષવાનું શક્ય હોય છે.*

4. *વ્યક્તિની બધીજ જરૂરિયાતોનો આધાર તેની આવક ઉપર જ છે.*

5. *જરૂરિયાતો અને તેમને સંતોષવાનાં સાધનોના વૈકલ્પિક સંયોજન શક્ય છે.*

6. જરૂરિયાતો અને તેમને સંતોષવાનાં સાધનોના વિવિધ વૈકલ્પિક સંયોજન શક્ય છે.
7. કમિશન એજન્ટોની માફક આર્થિક એકમો અન્યોને ખરીદી કે વેચાણની પ્રવૃત્તિ કરવામાં ઉપયોગી બને છે.
8. ખાનગી વસ્તુઓ બધી જ વ્યક્તિઓને મફત મળે છે.
9. બધાંજ અર્થતંત્રોમાં ઉત્પાદક સાધનોની ફાળવણી એક સમાન હોય છે.
10. જે પણ વસ્તુઓનો પુરવઠો પસંદગીની વ્યક્તિઓ પૂરતો સીમિત હોતો નથી તેને સાર્વજનિક વસ્તુઓ કહે છે.
11. બજાર આધારિત અર્થતંત્રમાં સાધન ફાળવણી હંમેશા સમાજની સાચી જરૂરિયાતો મુજબ જ થાય છે.
12. ચોક્કસતા પૂર્વકની આગાહી કરવામાં અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો ઉપયોગ થાય છે.
13. અવલોકન કરેલી હકીકતોના આધારે હકીકતલક્ષી તર્ક કામ કરે છે.
14. ભૌતિક વિજ્ઞાનોના સિદ્ધાંતો જેટલા ચોક્કસ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો હોતા નથી.
15. અર્થશાસ્ત્રનો દરેક સિદ્ધાંત " અન્ય " પરિબળો યથાવત રહેશે એવી શરત હેઠળ જ કામ કરે છે.
16. અનુમાન આધારિત તર્કમાં બધીજ ધારણાઓ અવાસ્તવિક હોય છે.
17. બાકીના સામાજિક સિદ્ધાંતોથી અર્થશાસ્ત્રના સિદ્ધાંતોને હંમેશા અલગ પાડી શકાય છે.

જવાબો :

(૧) ખોટું (૨) ખોટું (૩) ખોટું (૪) ખોટું (૫) ખરૂ
(૬) ખરૂ (૭) ખરૂ (૮) ખોટું (૯) ખોટું (૧૦) ખરૂં

(૧૧) ખોટું (૧૨) ખરૂ (૧૩) ખરૂ (૧૪) ખરૂ (૧૫) ખરૂ
(૧૬) ખોટું (૧૭) ખોટું

M C Q.

- **યોગ્ય વિકલ્પ શોધી જવાબ આપો.**

1. અર્થશાસ્ત્રની મૂળભૂત આર્થિક સમસ્યાઓ કેટલી છે ?

(અ) એક (બ) બે
(ક) ત્રણ (ડ) પાંચ

2. આર્થિક સમસ્યાઓ શામાંથી ઉદ્ભવે છે ?

(અ) માંગ (બ) પુરવઠો
(ક) છત (ડ) અછત

3. ઉત્પાદનનું કયું સાધન માનવસર્જિત છે.

(અ) જમીન (બ) મૂડી

(ક) તળાવ (ડ) શ્રમ

4. મૂડીવાદી અર્થતંત્રમાં કોની માલિકી હોય છે ?

(અ) ખાનગી એકમ (બ) રાજ્ય સરકાર

(ક) સમાજ (ડ) એક પણ નહી

5. કયા પ્રકારનાં અર્થતંત્રમાં ખાનગી અને જાહેરક્ષેત્રને કામગીરી સોંપવામાં આવે છે ?

(અ) સમાજવાદી અર્થતંત્ર (બ) મિશ્ર અર્થતંત્ર

(ક) ખાનગી અર્થતંત્ર (ડ) મૂડીવાદી અર્થતંત્ર

6. " An Enquiry in to the Nature And Courses of Wealth of Nation's"આ પુસ્તક કયા અર્થશાસ્ત્રીનું છે.

(અ) રોબિન્સ (બ) પ્રો. માર્શલ

(ક) એડમ સ્મિથ (ડ) પ્રો. કેઈન્સ

7. ઉત્પાદનનું કયું સાધન અત્યંત નાશવંત છે.

(અ) જમીન (બ) મૂડી

(ક) શ્રમ (ડ) નિયોજક

8. ઉત્પાદન શક્યતા વકનો ઢાળ કેવો હોય છે ?

(અ) ધન (બ) અંતર્ગોળ

(ક) બહિર્ગોળ (ડ) કાટખૂણાવાળો

9. તુષ્ટિગુણનો ખ્યાલ કેવો છે ?

(અ) સાપેક્ષ (બ) નિરપેક્ષ

(ક) ઉપરનાં બંને (ડ) ઉપરમાંથી એકપણ નહિ

10. જે વસ્તુનો વિનિમય ન થઈ શકે તેવી વસ્તુને શું કહેવાય ?

(અ) આર્થિક વસ્તુ (બ) બિનઆર્થિક વસ્તુ

(ક) બાહ્ય વસ્તુ (ડ) આંતરિક વસ્તુ

11. નાણાંનાં મૂલ્યને શેના દ્વારા વ્યક્ત કરવામાં આવે છે ?

(અ) વસ્તુઓ (બ) સેવાઓ

(ક) ચલણી નાણું (ડ) ઉપરમાંથી એકપણ નહિ

12. નીચેમાંથી કઈ સંપત્તિ સામાજિક સંપત્તિ છે ?

(અ) મોટરકાર (બ) મકાન

(ક) કુવો (ડ) રેલ્વ

13. જે વસ્તુની છત હોય તે કયા પ્રકારની વસ્તુ કહેવાય ?

(અ) સર્વસુલભ વસ્તુ (બ) આર્થિક વસ્તુ

(ક) મૂડી વસ્તુ (ડ) વપરાશી વસ્તુ

14. ઉત્પાદનની પ્રક્રિયામાં નીચેનામાંથી શું હોવું જરૂરી છે ?

(અ) તુષ્ટીગુણ (બ) વિનિમય મૂલ્ય

(ક) ઉત્પાદન ખર્ચ (ડ) કાચો માલ

15. નીચેમાંથી કયા સાધનનો પુરવઠો મર્યાદિત છે.

(અ) જમીન (બ) મૂડી

(ક) શ્રમ (ડ) નિયોજન શક્તિ

16. ઉત્પાદનનું કયું સાધન અનિશ્ચિતા ઉઠાવે છે ?

(અ) શ્રમ (બ) મૂડી

(ક) નિયોજક (ડ) જમીન

17. એડમ સ્મિથ અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં કેવી સંપત્તિનો ઉલ્લેખ કરે છે ?

(અ) ભૌતિક (બ) અભૌતિક

(ક) સામાજિક (ડ) અદૃશ્ય

18. રોબિન્સ અર્થશાસ્ત્રને કેવું શાસ્ત્ર કહે છે ?

(અ) નાણાનું (બ) ત્રવેડ

(ક) મૂડીનું (ડ) સમાજનું

19. ટેબલ- ખુરશીને કેવી વસ્તુ કહેવાય ?

(અ) ભૌતિક (બ) અભૌતિક

(ક) પ્રવાહી (ડ) એક પણ નહિ

20. જો સાધનોની ઉત્પાદન ક્ષમતા વધે તો ઉત્પાદન શકયતા રેખા કઈ બાજુ ખસશે ?

(અ) જમણી બાજુ (બ) ડાબી બાજુ

(ક) સ્થિર રહેશે (ડ) સીધી રેખા થશે

<u>જવાબ :</u>

(૧)	(ડ)	(૨)	(ડ)	(૩)	(બ)	(૪)	(અ)	(૫)	(બ)
(૬)	(ક)	(૭)	(ક)	(૮)	(બ)	(૯)	(અ)	(૧૦)	(બ)
(૧૧)	(ક)	(૧૨)	(ડ)	(૧૩)	(અ)	(૧૪)	(ડ)	(૧૫)	(અ)
(૧૬)	(ક)	(૧૭)	(અ)	(૧૮)	(બ)	(૧૯)	(અ)	(૨૦)	(અ)

એકમ- ૨	માંગની સ્થિતિ સ્થાપકતા અને વપરાશનું વર્તન

: રૂપરેખા :

2.1 *પ્રસ્તાવના.*

2.2 *તુષ્ટીગુણ.*

2.3 *તટસ્થતા વક્રોનું પૃથ્થકરણ.*

2.4 *વપરાશકારની માંગ.*

2.5 *માંગની સ્થિતિ સ્થાપકતાનાં ખ્યાલો.*

2.6 *સારાંશ, ચાવીરૂપ શબ્દો.*

2.7 *સ્વાધ્યાય.*

- **<u>ઘટતાં સીમાંત તુષ્ટીગુણનો નિયમ :-</u>** (Law of Dimiaiswag Marginal Utility)
- **તુષ્ટીગુણનો અર્થ :-** (Utility)

"કોઈપણ વસ્તુ કે સેવામાં રહેલો માનવીની જરૂરિયાત સંતોષવાનો ગુણ એટલે તુષ્ટીગુણ" દા.ત. તરસ લાગી હોય તો પાણી કે ઠંડા પીણામાં વ્યક્તિની તરસ છીપાવવાનો ગુણ કે તુષ્ટીગુણ રહેલો છે.

- **કુલ તુષ્ટીગુણ :-** (Total Utility)

"વાપરવામાં આવતી વસ્તુનાં તમામ એકમોમાંથી પ્રાપ્ત થતાં તુષ્ટીગુણના સરવાળાને કુલ તુષ્ટીગુણ કહે છે."

દા. ત. ગ્રાહક ગુલાબજાંબુની વપરાશ કરે છે તેના જુદા જુદા એકમોમાંથી પ્રાપ્ત થતો તુષ્ટીગુણ નીચે મુજબ છે.

એકમ	*તુષ્ટીગુણ*
1	25
2	20
3	15
4	10
5	5

અહી ગ્રાહક ગુલાબજાંબુનાં કુલ પાંચ એકમોની વપરાશ કરે છે, તેને પ્રથમ એકમમાંથી 25 એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે એ જ રીતે ક્રમશઃ બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાં એકમનો

વપરાશ કરવાથી ક્રમશઃ 20, 15, 10 અને 5 એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે. અહીં ગુલાબજાંબુનાં 5 એકમોનો વપરાશ કરવાથી કુલ તુષ્ટીગુણ 25 + 20 + 15 + 10 + 5 = 75 એકમ જેટલો થાય છે.

- **સીમાંત તુષ્ટીગુણ** (Marginal Utility) Mu :-

"કોઈપણ વાપરવામાં આવતી વસ્તુનાં વપરાશમાં એક એકમનો વધારો કરવાથી કુલ તુષ્ટીગુણમાં જે ફેરફાર થાય છે તેને સીમાંત તુષ્ટીગુણ કહે છે."

દા. ત. વ્યક્તિ ગુલાબજાંબુ નં. 5 એકમની વપરાશ કરે છે ત્યારે કુલ તુષ્ટીગુણ 75 એકમ જેટલો મળે છે. જો તે ગુલાબજાંબુની વપરાશમાં એક એકમનો વધારો કરે એટલે કે 6 એકમ વાપરે તો કુલ તુષ્ટીગુણ 78 એકમ જેટલો મળે છે. આમ વધારાનો એક એકમ વાપરવાથી કુલ તુષ્ટીગુણમાં 78 – 75 = 3 એકમનો થતો વધારો એ સીમાંત તુષ્ટીગુણ છે.

- **ઘટતાં સીમાંત તુષ્ટીગુણનો નિયમ** :-

ઘટતાં સીમાંત તુષ્ટીગુણના નિયમની રજુઆત સૌ પ્રથમ જર્મન અર્થશાસ્ત્રી પ્રા.ગોસેને કરી હતી. આથી આ નિયમને ગોસેનના નિયમ નં.1 તરીકે પણ ઓળખાવે છે.

પ્રો. માર્શલ ઘટતાં સીમાંત તુષ્ટીગુણના નિયમનો અર્થ સમજાવતાં કહે છે કે "કોઈ એક સમાનગુણી વસ્તુના વપરાશમાં જેમ જેમ એક એક એકમનો વધારો કરવામાં આવે છે તેમ તેમ જરૂરિયાત સંપૂર્ણપણે સંતોષાય નહિ ત્યાં સુધી વધારાના દરેક એકમમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે."

- **ઘટતાં સીમાંત તુષ્ટીગુણનાં નિયમની ધારણાઓ :-**

(1) **સમાનગુણી એકમો** :-

વાપરવામાં આવતી વસ્તુનાં એકમો સમાનગુણી છે. એટલે કે વસ્તુના દરેક એકમના રંગ, રૂપ, સ્વાદ, કદ, વજન, આકાર વગેરે એક સરખાં હોવા જોઈએ. દા.ત. વ્યક્તિ કેરીની વપરાશ કરે તેમાં પ્રથમ કેરી ખાટી હોય, બીજી કેરી મીઠી હોય તો સીમાંત તુષ્ટીગુણ ઘટવાને બદલે વધે છે. આથી વસ્તુના દરેક એકમ સમાનગુણી હોવાં જોઈએ.

(2) **સમાન કદઃ-**

વપરાશમાં લેવામાં આવતી વસ્તુના એકમો વ્યાજબી કદના હોવા જોઈએ. દા.ત. રોટલી ખાતા હોય તો રોટલીનું કદ યોગ્ય હોવું જોઈએ. અત્યંત નાની કે અત્યંત મોટી રોટલી ન હોવી જોઈએ.

(3) **સમયાંતરનો અભાવ :-**

વસ્તુની વપરાશક્રિયા દરમ્યાન સમયનું અંતર ન પડવું જોઈએ. એટલે કે વસ્તુના દરેક એકમનો એક પછી એક સતત વપરાશ કરવામાં આવે છે. દા.ત. તરસ લાગી હોય તો વ્યક્તિ પાણીનો પ્રથમ ગ્લાસ, પછી તરત બીજો ગ્લાસ, તરત ત્રીજો ગ્લાસ વાપરવાથી સીમાંત તુષ્ટીગુણ ઘટે છે.

(4) **ગ્રાહકોનો સ્વભાવ, રૂચિ, ફેશન, ટેવ બદલાતાં નથી :-**

ગ્રાહકનો સ્વભાવ સામાન્ય હોવો જોઈએ. તેનું વર્તન બુધ્ધિ પૂર્વકનું હોવું જોઈએ. તેના રૂચિ, ફેશન, ટેવ બદલાતાં નથી. જો તેમાં ફેરફાર થાય તો વસ્તુના પ્રત્યેક એકમમાંથી મળતો તુષ્ટીગુણ ઘટવાને બદલે વધે છે.

(5) **તુષ્ટીગુણ માપી શકાય છે :-**

વાપરવામાં આવતી વસ્તુના દરેક એકમમાંથી કેટલો તુષ્ટીગુણ મળે છે તે માપી શકાય છે.

(6) **અન્ય વસ્તુથી સ્વતંત્ર વસ્તુ :-**

વાપરવામાં આવતી વસ્તુ અન્ય વસ્તુથી સ્વતંત્ર વસ્તુ છે. એટલે કે તે કોઈ અન્ય વસ્તુની અવેજી, હરીફ કે પૂરક વસ્તુ નથી. આથી તે વસ્તુના જથ્થામાં વધારો થાય તો પણ અન્ય વસ્તુના ફેરફારની તેના તુષ્ટીગુણ પર કોઈ અસર થતી નથી.

ઘટતાં સીમાંત તુષ્ટીગુણની અનુસૂચિ :-

વસ્તુના એકમો	*કુલ તુષ્ટીગુણ* Tu	*સીમાંત તુષ્ટીગુણ* Mu
1	5	5
2	9	4
3	12	3
4	14	2
5	15	1
6	15	0
7	13	-2

આકૃત્તિ દ્વારા સમજૂતી :-



ઉપરોકત આકૃતિમાં OX ધરી પર વસ્તુનાં એકમો અને OY ધરી પર કુલ તુષ્ટીગુણ અને સીમાંત તુષ્ટીગુણ દર્શાવવામાં આવ્યાં છે.

આકૃતિમાં દર્શાવ્યા મુજબ વ્યક્તિ વસ્તુનો પ્રથમ એકમ વપરાશ કરે છે ત્યારે કુલ તુ. ગુ. 5 એકમ જેટલો થાય છે. એ જ રીતે ક્રમશઃ દ્વિતિય, તૃતિય, ચોથો, પાંચમો એકમ વાપરે છે ત્યારે અનુક્રમે 9, 12, 14 અને 15 એકમ છઠ્ઠા એકમનો વપરાશ કરે છે ત્યારે પહેલા જેટલો જ એટલે કે 15 એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે, સાતમા એકમે કુલ તુષ્ટીગુણ 13 એકમ જેટલો થાય છે. આ તમામ બિંદુઓને જોડતાં કુલ તુષ્ટીગુણની રેખા TY પ્રાપ્ત થાય છે. ઉંધા ' U ' આકારની છે. જે દર્શાવે છે કે વસ્તુની વપરાશની શરૂઆતમાં કુલ તુ. ગુ. વધે છે. આથી કુલ તુષ્ટીગુણ રેખા ધન ઢાળવાળી બને છે, 5 અને 6 એકમે કુલ તુષ્ટીગુણ 15 એકમ જેટલો સ્થિર થાય છે આથી કુલ તુષ્ટીગુણની રેખા શૂન્ય ઢાળવાળી બને છે અને સાતમા એકમો કુલ તુષ્ટીગુણ ઘટીને 13 એકમ જેટલો થાય છે. આથી કુલ તુષ્ટીગુણની રેખા ઋણ ઢાળવાળી બને છે.

આકૃતિમાં Mu રેખા સીમાંત તુ. ગુ. ની રેખા છે. જે ઋણ ઢાળવાળી છે. જે દર્શાવે છે કે વ્યક્તિ જેમ જેમ વસ્તુના વપરાશમાં એક એક એકમનો વધારો કરતો જાય છે તેમ તેમ તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે, શૂન્ય થાય છે અને નકારાત્મક થાય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ વ્યક્તિ અનુક્રમે પ્રથમ, બીજો, ત્રીજો, ચોથો અને પાંચમાં એકમની વપરાશ કરે છે તેમ તેમ તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટીને અનુક્રમે 5, 4, 3, 2 અને 1 એકમ જેટલો થાય છે, છઠ્ઠા એકમે શૂન્ય અને સાતમા એકમે – 2 એકમ એટલે કે નકારાત્મક તુષ્ટીગુણ પ્રાપ્ત થાય છે.

- **ઘટતાં સીમાંત તુષ્ટીગુણનાં નિયમનાં અપવાદો :-**

વ્યક્તિ જ્યારે સમાનગુણી વસ્તુનો સતત વપરાશ કરે છે તો તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે પરંતુ કેટલીક વસ્તુઓની બાબતમાં ઘટતાં સીમાંત તુષ્ટીગુણનાં નિયમથી ઉલટું બને છે એટલે કે આવી વસ્તુઓની વપરાશમાં જેમ જેમ એક એક એકમનો વધારો કરે છે તેમ તેમ તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ વધતો જાય છે.

(1) **ખૂબ શરૂઆતમાં :-**

વ્યક્તિ જ્યારે કોઈ વસ્તુની વપરાશની શરૂઆત કરે છે ત્યારે તેને પ્રથમ એકમ કરતાં બીજા એકમમાંથી વધુ સંતોષ મળે છે. જેમ કે, કોઈ વ્યક્તિને ખૂબ જ તરસ લાગી હોય ત્યારે પ્રથમ ગ્લાસ પાણી પીએ પણ તેની તરસ છીપાતી નથી તે બીજા ગ્લાસ પાણી માટે તલપાપડ થઈ જાય છે અને જ્યારે તે બીજો ગ્લાસ પાણી પીએ ત્યારે તેને વધારે સંતોષ પ્રાપ્ત થાય છે.

(2) **મદીરા પાન :-**

દારૂડિયા માટે ઘટતાં સીમાંત તુષ્ટીગુણના નિયમથી ઉલટું બને છે. દારૂડિયો જેમ વધુને વધુ દારૂ પીએ તેમ તેને વધુ ને વધુ સંતોષ પ્રાપ્ત થાય છે. જો કે વધારે દારૂ પીવાથી વ્યક્તિનું વર્તન

બદલાય છે જ્યારે ઘટતાં સીમાંત તુષ્ટીગુણનાં નિયમ મુજબ ગ્રાહકનું વર્તન સ્થિર રહેવું જોઈએ. દારૂડિયો અસામાન્ય વર્તણૂંક ધરાવનાર વ્યક્તિ છે.

(3) નાણું અથવા ધન લાલચ :-

કેટલીક વ્યક્તિ એવી હોય છે કે જેની પાસે નાણું કે ધનનું જેમ જેમ પ્રમાણ વધે તેમ તેમ તેના સીમાંત તુષ્ટીગુણમાં વધારો થતો જાય છે. કંજુસ વ્યક્તિઓ કે જેને પોતાની બેંકની પાસબુકનાં આંકડા વધુને વધુ મોટા થતાં હોય તેમાં આનંદ આવતો હોય છે. આવી વ્યક્તિઓની બાબતમાં ઘટતાં સીમાંત તુષ્ટીગુણનો નિયમ લાગુ પાડી શકાય નહિ.

(4) સંગ્રહ શોખ :-

કેટલીક વ્યક્તિઓને જૂની પુરાણી વસ્તુઓ, ચલણી સિક્કાઓ, જુદા જુદા દેશોની ચલણી નોટો - સિક્કાઓ ટપાલની ટિકિટો વગેરે સંગ્રહ કરવાનો શોખ હોય છે. આવી વ્યક્તિઓ પાસે જેમ જેમ અલગ અલગ વસ્તુઓનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ વધતો જાય છે. એટલે કે સંગ્રહ શોખ ધરાવનાર વ્યક્તિઓની બાબતમાં ઘટતાં સીમાંત તુષ્ટીગુણના નિયમથી વિપરીત બને છે.

(5) અસામાન્ય વર્તણૂંક ધરાવતી વ્યક્તિઓ :-

અસામાન્ય વર્તણૂંક ધરાવતી વ્યક્તિઓને ઘટતાં સીમાંત તુષ્ટીગુણનો નિયમ લાગુ પડતો નથી. જેમ કે કોઈને શાસ્ત્રીય સંગીત સાંભળવાનો શોખ હોય તે જેમ જેમ વધુ ને વધુ શાસ્ત્રીય સંગીત સાંભળે છે તેમ તેમ તેને વધુને વધુ આનંદ મળે છે. એ જ રીતે વાંચનનો શોખ ધરાવતી વ્યક્તિને પણ ઘટતાં સીમાંત તુષ્ટીગુણનો નિયમ લાગુ પડતો નથી.

- **ઘટતા સીમાંત તુષ્ટીગુણનું મહત્ત્વ :-**

(1) **અતિમહત્ત્વની વસ્તુ સસ્તી સાથી :-**

આપણા જીવનમાં કેટલીક વસ્તુઓ અત્યંત મહત્ત્વની હોય છે. જેમ કે કેટલીક વસ્તુઓનું વપરાશ મૂલ્ય વધુ હોય છે પરંતુ તેનું વિનિમય મૂલ્ય નહિવત કે ઓછું હોય છે જેમ કે હવા, સૂર્ય પ્રકાશ, પાણી વગેરે. કેટલીક વસ્તુઓ આપણાં જીવનમાં ખૂબ મહત્ત્વની ન હોય છતાં પણ ખૂબ મોંઘી હોય છે. જેમ કે હીરા, ઝવેરાત, મોતી, માણેક વગેરે. જીવનમાં અત્યંત મહત્ત્વની જરૂરિયાતની વસ્તુ શા માટે સસ્તી અને ઓછી મહત્ત્વની જરૂરિયાતની વસ્તુ શા માટે મોંઘી છે તે અંગેની સમજૂતી ઘટતાં સીમાંત તુષ્ટીગુણનાં નિયમ પરથી મળે છે. જે વસ્તુની છત છે તે સસ્તી અને જેની અછત હોય તે મોંઘી હોય છે. કારણ કે જે વસ્તુની છત હોય તેનું સીમાંત મહત્ત્વ ઓછું હોય છે. આથી તે સસ્તી હોય છે અને જેની અછત હોય તેનું સીમાંત મહત્ત્વ વધુ હોય છે આથી તે મોંઘી હોય છે.

(2) કરવેરા નક્કી કરવા :-

સરકારને કરવેરા નક્કી કરવા માટે ઘટતાં સીમાંત તુષ્ટીગુણનો નિયમ ઉપયોગી છે. જે વસ્તુઓની વપરાશ ગરીબ કે મધ્યમ વર્ગ કરતો હોય તેના પર ઓછા દરે અને ધનિક વર્ગ પર ઊંચા દરે કરવેરા નાખે છે. કારણ કે જો ગરીબો પર વધુ વેરા નાખવામાં આવે તો તેમના સીમાંત તુષ્ટીગુણ કે કલ્યાણમાં ઘટાડો થાય છે, કલ્યાણ લક્ષી સરકાર હંમેશા ગરીબોને કલ્યાણને ધ્યાનમાં રાખી કરવેરા નક્કી કરે છે. જ્યારે ધનિકોના કલ્યાણમાં ઓછોક ઘટાડો થાય તે રીતે કરવેરા નક્કી કરે છે.

(3) **કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ સમજવા** :-

કિંમત અને માંગ વચ્ચે શા માટે વ્યસ્ત સંબંધ છે તે ઘટતાં સીમાંત તુષ્ટીગુણ દ્વારા સમજાવી શકાય છે. કિંમત વધતા ગ્રાહકને પહેલા કરતાં વધુ કિંમત ચૂકવવી પડે છે જેને કારણે એનો સીમાંત તુષ્ટીગુણ ઘટે છે આથી તે વસ્તુની માંગ ઘટાડે છે.

(4) વિવિધ વસ્તુઓની વપરાશ શાથી :-

લોકો શા માટે જુદી જુદી વસ્તુઓની વપરાશ કરે છે તેનો ખ્યાલ ઘટતા સીમાંત તુષ્ટીગુણના આધારે આવી શકે છે. માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે જ્યારે તેને સંતોષવાના સાધનો મર્યાદિત છે આ મર્યાદિત સાધનોના વૈકલ્પિક ઉપયોગમાં લઈ માનવી મહત્ત્મ સંતોષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. જો વ્યક્તિ એક જ પ્રકારની વસ્તુની સતત વપરાશ કરે તો તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટે છે. અને કોઈપણ વ્યક્તિ સંતોષમાં ઘટાડો થાય તે ઈચ્છતો નથી આથી તે જુદા જુદા પ્રકારની વસ્તુ વપરાશ કરે છે.

(5) **ગ્રાહકના અધિક સંતોષનો ખ્યાલ :-**

ગ્રાહકના અધિક સંતોષનો ખ્યાલ પણ ઘટતા સીમાંત તુષ્ટીગુણનો નિયમ પર આધારિત છે. વસ્તુની કિંમત તેના સીમાંત તુષ્ટીગુણ બરાબર હોય છે. આથી પૂર્વ સીમાંત એકમો માટે ચૂકવાતી કિંમત કરતા તેમાંથી પ્રાપ્ત થતાં વધારાનાકકકક તુષ્ટીગુણ જે ગ્રાહકોનાં અધિક સંતોષ દર્શાવે છે.

- **ઘટતાં સીમાંત તુષ્ટીગુણનાં નિયમની મર્યાદાઓ :-**

(1) **તુષ્ટીગુણ માપી શકાય નહિ** :-

આ નિયમમાં એવી ધારણા કરવામાં આવે છે કે વાપરવામાં આવતી વસ્તુમાંથી પ્રાપ્ત થતો તુષ્ટીગુણ માપી શકાય છે. પરંતુ વાસ્તવમાં તુષ્ટીગુણ એ માનસિક ખ્યાલ છે વસ્તુની વપરાશમાંથી તુષ્ટીગુણ કેટલો મળ્યો તે અનુભવી શકાય છે પરંતુ ચોક્કસ રીતે માપી શકાતો નથી.

(2) **વસ્તુઓ વચ્ચે આંતર સંબંધ :-**

અહીં એવી ધારણા કરવામાં આવી છે કે વાપરવામાં આવતી વસ્તુ અન્ય વસ્તુથી સ્વતંત્ર છે. પરંતુ વાસ્તવમાં દરેક વસ્તુઓ વચ્ચે આંતર સંબંધ હોય છે. દરેક વસ્તુ કોઈની હરીફ પૂરક કે અવેજી વસ્તુ હોય છે. આથી અન્ય વસ્તુના ભાવમાં કે ગુણવત્તામાં ફેરફાર થાય તો પણ તે વસ્તુની માંગમાં ફેરફાર થાય છે.

(3) **ઈર્ષાનું દુઃખ :-**

કેટલીકવાર વ્યક્તિ પોતે વસ્તુની વપરાશ ન વધારે પણ અન્ય પાસે વસ્તુ જોઈને તેના તુષ્ટીગુણમાં ઘટાડો થાય છે. જેમ કે વ્યક્તિ પાસે એક ગાડી હોય અને પડોશીના ઘરે પ્રથમ ગાડી પછી બીજી ગાડી આવે તે જોઈને વ્યક્તિને ઈર્ષા થાય છે અને તેનો તુષ્ટીગુણ ઘટે છે.

(4) **અવિભાજ્યતા :-**

અહીં નિયમમાં વસ્તુના જુદા જુદા એકમો વાપરવાથી તેમાંથી પ્રાપ્ત થતો તુષ્ટીગુણ ઘટે છે તે સમજાવ્યું છે. પણ તે વિભાજ્ય વસ્તુને લાગુ પડે છે. વાપરવામાં આવતી બધી જ વસ્તુઓ વિભાજ્ય હોતી નથી. કેટલીક વસ્તુઓ અવિભાજ્ય પણ હોય છે. જેમ કે રેફ્રીજરેટર, ફર્નિચર, ટીવી, આવી અવિભાજ્ય વસ્તુની બાબતમાં સળંગ અતુટ રેખા પ્રાપ્ત કરી શકાતી નથી.

• તુષ્ટીગુણ વિશ્લેષણ દ્વારા માંગના નિયમની સમજૂતી.

પ્રસ્તાવના :-

તુષ્ટીગુણ વિશ્લેષણ પધ્ધતિ દ્વારા માંગના નિયમની સમજૂતી પ્રો. માર્શલે રજૂ કરી હતી. તેઓએ એવું દર્શાવ્યું કે માંગનો નિયમ ઘટતા સીમાંત તુષ્ટીગુણનાં નિયમ પર આધારિત છે. તે મુજબ ગ્રાહક કોઈ એક વસ્તુના એકમોની સતત વપરાશ ચાલુ રાખે છે ત્યારે તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે. દરેક વ્યક્તિ મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા માટે વસ્તુ કે સેવાની ખરીદી કે વપરાશ કરે છે. જો તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટે તો તે વસ્તુની માંગ પણ ઘટાડે છે. ગ્રાહકના આ વલણ દ્વારા માંગનો નિયમ સાબિત કરી શકાય.

- **માંગનો નિયમ :-**

પ્રો. માર્શલ કિંમત અને માંગ વચ્ચે કારણ - પરિણામનો સંબંધ સમજાવે છે. પ્રો. માર્શલ જણાવે છે કે " જ્યારે બજારમાં વસ્તુનું પ્રમાણ વધારે હોય ત્યારે વધારે ગ્રાહકોને આકર્ષી શકે તે માટે વસ્તુની કિંમત ઓછી રાખવામાં આવે છે. કિંમત ઘટવાને કારણે માંગ વધે છે અને કિંમત વધે તો માંગ ઘટે છે."

- **<u>ધારણાઓ :</u>-**

(1) *ગ્રાહકોની સંખ્યા સ્થિર રહે છે.*

(2) *ગ્રાહકોની આવક સ્થિર રહે છે.*

(3) *ગ્રાહકના રુચિ, ફેશન, ટેવ બદલાતા નથી.*

(4) *અન્ય અવેજી વસ્તુના ભાવો.*

(5) *વસ્તુની ગુણવત્તા.*

(6) *ભવિષ્યના ભાવ અંગેના અંદાજો.*

(7) *સીમાંત તુષ્ટીગુણ માપી શકાય છે.*

(8) *વસ્તુની વપરાશ ક્રિયા દરમ્યાન સમયનું અંતર પડતું નથી.*

(9) *વાપરવામાં આવતી વસ્તુના એકમો સમાન ગુણી છે.*

(10) *નાણાનો સીમાંત તુષ્ટીગુણ સ્થિર રહે છે.*

(11) *ગ્રાહકનું વર્તન તર્કબધ્ધ છે.*

- **<u>તુષ્ટીગુણ પધ્ધતિ દ્વારા માંગનો નિયમની સમજૂતી</u>** *:-*

માર્શલ માંગનો નિયમ સમજાવવા તુષ્ટીગુણ પધ્ધતિનો આધાર લીધો છે. આ પધ્ધતિમાં ગ્રાહકનું વલણ સીમાંત તુષ્ટીગુણ = કિંમત ચૂકવવાની તૈયારીનું રહેતું હોય છે. કારણ કે ગ્રાહક તેની વસ્તુની જરૂરિયાતની તીવ્રતાના આધારે કિંમત ચૂકવવા તૈયાર થતો હોય છે. જો વસ્તુની તીવ્ર જરૂરિયાત હોય તો વધુ કિંમત ચૂકવવા તૈયાર થાય અને વસ્તુની જરૂરિયાત ઓછી તીવ્ર હોય તો કિંમત ઓછી ચૂકવવા તૈયાર થાય છે. અને તે મુજબ ગ્રાહકને તે વસ્તુમાંથી સીમાંત તુષ્ટીગુણ અથવા સંતોષ પ્રાપ્ત થાય છે. આમ, વસ્તુની કિંમત એ વસ્તુની માંગ અને પુરવઠાના આધારે નક્કી થાય છે. આથી, ગ્રાહક હંમેશા મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા પોતાની ખરીદી સીમાંત તુષ્ટીગુણ = કિંમત ચૂકવવાની તૈયારી = બજાર કિંમતને ધ્યાનમાં લઈને કરશે. જયારે વસ્તુની કિંમત અને સીમાંત તુષ્ટીગુણ સમાન થશે ત્યારે ગ્રાહક સમતુલાની સ્થિતિ પ્રાપ્ત કરે છે અને તે વસ્તુની ખરીદી બંધ કરે છે.

દા.ત. ગ્રાહક X *વસ્તુ ખરીદવા ઈચ્છે છે.* X *ની કિંમત, તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ, તેની કિંમત ચૂકવવાની તૈયારી, મૂળ બજાર કિંમત નીચે મુજબ દર્શાવવામાં આવ્યાં છે.*

વસ્તુના એકમ	*સીમાંત તુ.ગુ.*	*કિંમત ચૂકવવાની તૈયારી (રૂ.માં)*	*મૂળ બજાર કિંમત (રૂ.માં)*	*નવી બજાર કિંમત (રૂ.માં)*
1	20	20	12	04
2	16	16	12	04
3	12	12	12	04
4	08	08	12	04
5	04	04	12	04
6	00	00	12	04

ઉપરોકત ઉદાહરણમાં દર્શાવવામાં આવ્યું છે કે ગ્રાહક X ના એકમની વપરાશમાં જેમ જેમ એક એકમ એ વધારતો જાય છે તેમ તેમ અનુક્રમે 1, 2, 3, 4, 5 અને 6 એકમમાંથી અનુક્રમે 20, 16,12, 08, 04 અને શૂન્ય એકમ જેટલ તુષ્ટીગુણ થાય છે. એટલે સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે. X ની મૂળ બજાર કિંમત રૂ. 12 છે. ત્યારે તે X નાં 3 એકમો ખરીદવા તૈયાર થશે. કારણ કે ત્રીજા એકમે ગ્રાહકને તે વસ્તુમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ 12 એકમ, કિંમત ચૂકવવાની તૈયારી રૂ. 12 અને મૂળ બજાર કિંમત રૂ. 12 ત્રણેય સરખા થાય છે. જયાં તેને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે.

હવે જો કિંમત ઘટીને રૂ. 4 થાય એટલે કે નવી બજાર કિંમત રૂ. 4 થતાં ગ્રાહક પાંચ એકમની ખરીદી કરશે અને સમતુલા પ્રાપ્ત કરશે. કારણ કે પાંચમા એકમે સીમાંત તુષ્ટીગુણ 4 એકમ, કિંમત ચૂકવવાની તૈયારી 4 રૂ. અને વસ્તુની કિંમત રૂ. 4 સરખા થાય છે અને ગ્રાહકને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં કિંમતમાં જયારે ફેરફાર થાય છે ત્યારે ગ્રાહક સીમાંત તુષ્ટીગુણને ધ્યાનમાં લઈને વસ્તુની માંગમાં ફેરફાર કરે છે. આમ વસ્તુની કિંમત અને માંગમાં થતાં ફેરફારો નીચેની આકૃત્તિ દ્વારા સમજાવી શકાય.

X વસ્તુની કિંમત (રૂ.માં)	X વસ્તુની માંગ (એકમમાં)
12 રૂ	3 એકમ
4 રૂ	5 એકમ



ઉપરોકત આકૃત્તિમાં OX *ધરી પર* X *વસ્તુના એકમો અને* OY *ધરી પર* X *વસ્તુની કિંમત દર્શાવવામાં આવ્યો છે. વસ્તુની કિંમત જ્યારે* 12 *રૂ. છે. ત્યારે ગ્રાહક* 3 *એકમોની માંગ કરે છે જે આકૃતિમાં* A *બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કિંમત ઘટીને રૂ.* 4 *થતાં ગ્રાહક તેની માંગ વધારીને* 5 *એકમ જેટલી કરે છે. જે આકૃતિમાં* B *બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. આ બંને બિંદુઓને જોડતાં* DD *માંગરેખા પ્રાપ્ત થાય છે. જે ઋણ ઢાળવાળી છે. જે દર્શાવે છે કે* X *ની કિંમતમાં ઘટાડો થતાં ગ્રાહક મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા નવી બજાર કિંમતે* 5 *એકમની માંગ કરે છે.*

- **માંગનાં નિયમની મર્યાદાઓ** *:-*

(1) **તુષ્ટીગુણ માપી શકાતો નથી** *:-*

માંગના નિયમમાં એવી ધારણા કરવામાં આવી છે કે ગ્રાહક વસ્તુની વપરાશ કરે છે તેના દરેક એકમમાંથી કેટલો તુષ્ટીગુણ પ્રાપ્ત થાય છે તે માપી શકાય છે. પરંતુ વાસ્તવમાં તુષ્ટીગુણ માનસિક ખ્યાલ છે, આત્મલક્ષી ખ્યાલ છે. વસ્તુની વપરાશમાંથી કેટલો તુષ્ટીગુણ મળ્યો તે અનુભવી શકાય છે પરંતુ માપી શકાતો નથી.

(2) **નાણાનો સીમાંત તુષ્ટીગુણ સ્થિર રહેતો નથી** *:-*

અહીં નાણાના સીમાંત તુષ્ટીગુણને સ્થિર ધારી લેવામાં આવ્યો છે. માર્શલના મતે નાણા દ્વારા સીમાંત તુષ્ટીગુણ માપી શકાય છે. પરંતુ વાસ્તવમાં નાણાનો સીમાંત તુષ્ટિગુણ બદલાય છે. આથી તેના દ્વારા ચોક્કસ રીતે સીમાંત તુષ્ટીગુણ માપી શકાય નહિ.

(3) **સમયના તત્ત્વની અવગણના :-**

માર્શલે તુષ્ટીગુણ પધ્ધતિ દ્વારા માંગના નિયમની સમજૂતી આપતાં એ ધારણા કરી છે કે વસ્તુની વપરાશ ક્રિયા દરમ્યાન સમયનું અંતર પડતું નથી. એટલે કે ગ્રાહક વસ્તુની સતત વપરાશ જુદા જુદા સમયે કરે છે. આથી આ ધારણા અવાસ્તવિક છે.

(4) **અવિભાજ્ય વસ્તુનાં સંદર્ભમાં** *:-*

ગ્રાહક વસ્તુના જુદા જુદા એકમોનો ક્રમશઃ વપરાશ કરે છે અને તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે અને તેથી તે વસ્તુની માંગ ઘટાડે છે. વિભાજ્ય વસ્તુની બાબતમાં આ સાચું છે. પણ ગ્રાહક માત્ર વિભાજ્ય વસ્તુઓની જ વપરાશ નથી કરતો. રેફ્રીજરેટર, માઈક્રોવેવ, ઘરઘંટી, સોફાસેટ જેવી અવિભાજ્ય ટકાઉ વસ્તુઓની પણ વપરાશ કરે છે જેનું નાા નાના એકમોમાં વિભાજન કરવું શકય નથી. આવી અવિભાજ્ય વસ્તુઓનાં સંદર્ભમાં માંગનો નિયમ લાગુ પડે નહિ.

(5) **આવક અસરની ઉપેક્ષા :-**

માર્શલ માત્ર અવેજી અસર વડે કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ સમજાવે છે આવક અસરની ઉપેક્ષા કરે છે. સામાન્ય રીતે વ્યક્તિની આવકમાં ફેરફાર થાય તો કિંમત સ્થિર હોવા છતાં માંગમાં ફેરફાર થાય છે.

(6) **અન્ય વસ્તુથી સ્વતંત્ર વસ્તુ :-**

માર્શલનો માંગનો નિયમ તુષ્ટીગુણ પધ્ધતિ પર આધારિત છે. જેમાં વસ્તુની માંગને સ્વતંત્ર દર્શાવવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં દરેક વસ્તુ કોઈ ની અવેજી પૂરક કે હરીફ વસ્તુ હોય છે. આથી કોઈ એક વસ્તુની માંગનો સ્વતંત્ર રીતે વિચાર થઈ શકે નહિ.

- **માંગના નિયમના અપવાદો :-**

(1) **હલકા પ્રકારની વસ્તુ (ગીફન વસ્તુ) :-**

હલકા પ્રકારની વસ્તુઓની બાબતમાં માંગનો નિયમ લાગુ પડતો નથી. એટલે કે હલકા પ્રકારની વસ્તુની કિંમત વધે તો તેની માંગ વધે છે અને કિંમત ઘટે તો તેની માંગ ઘટે છે. જુવાર, બાજરી, બરછટ કાપડ વગેરે જેવી હલકા પ્રકારની વસ્તુઓ કે જેનો વપરાશ ગરીબ ગ્રાહકો કરે છે. જો આવી વસ્તુઓની કિંમત વધે તો ગરીબ ગ્રાહકની ખરીદ શક્તિ ઘટે છે. આથી તે અન્ય સારી જાતની ચીજોની માંગ ઘટાડી હલકા પ્રકારની વસ્તુની માંગ વધારે છે. અને જો હલકા પ્રકારની વસ્તુની કિંમત ઘટે તો ગ્રાહકની ખરીદશક્તિ વધે છે આથી તે સારા પ્રકારની વસ્તુની માંગ વધારે છે અને હલકા પ્રકારની વસ્તુની માંગ ઘટાડે છે. અર્થશાસ્ત્રમાં આવી વસ્તુઓને ગિફન વસ્તુઓ કહે છે. આંકડાશસ્ત્રી રોબર્ટ ગિફને આ વસ્તુઓનો માંગના નિયમના અપવાદ તરીકે સમજૂતી આપી હોવાથી આવી વસ્તુઓને ગિફન વસ્તુઓ કહે છે.

(2) **પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓ :-**

જે વસ્તુ વ્યક્તિ પાસે હોવાથી સમાજમાં તેની પ્રતિષ્ઠા દેખાય તેને પ્રતિષ્ઠા મૂલ્ય વાળી વસ્તુ કહે છે. જેમ કે સોનું, ચાંદી, હીરા, માણેક, મોતી, નીલમ વગેરે. આવી વસ્તુઓની બાબતમાં માંગનો નિયમ લાગુ પાડી શકાતો નથી. આવી વસ્તુઓની કિંમતમાં વધારો થતાં તેના પ્રતિષ્ઠા મૂલ્યમાં વધારો થાય છે. જે લોકોને સમાજમાં પોતાની પ્રતિષ્ઠા દર્શાવવી છે તેઓ કિંમત વધવા છતાં પ્રતિષ્ઠા મૂલ્ય વાળી વસ્તુની માંગ વધારે છે. અને જો કિંમત ઘટે તો તેનું પ્રતિષ્ઠા મૂલ્ય ઘટે છે. આથી ધનિક વર્ગ તેની માંગમાં ઘટાડો કરે છે.

- **સમસીમાંત તુષ્ટીગુણનો નિયમ** :- (Law of Equi Marginal Utility) :-

પ્રસ્તાવના :-

માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે તેમાંથી તે પોતાની જરૂરિયાતો એવી રીતે સંતોષે છે કે જેથી તે ઈષ્ટત્તમ અવસ્થાએ પહોંચી શકે. જરૂરિયાતના આ લક્ષતાને આધારે ઘટતા સીમાંત

તુષ્ટીગુણનો નિયમ સમજાવવામાં આવ્યો છે. જ્યારે મહત્તમ સંતોષનો નિયમ અવેજીનો નિયમ અથવા સમસીમાંત તુષ્ટીગુણનાં નિયમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે આથી જરૂરિયાતો એકબીજાની હરીફ હોય છે. જ્યારે આ જરૂરિયાત સંતોષવાના સાધનો મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતા હોય છે. ગ્રાહક તેની મર્યાદિત આવકમાંથી વિવિધ વસ્તુઓ કે સેવાઓ ખરીદી વધુ ને વધુ તુષ્ટીગુણ કેવી રીતે પ્રાપ્ત કરે છે તેની સમજૂતી સમસીમાંત તુષ્ટીગુણના નિયમ દ્વારા સમજાવી શકાય.

- **સમસીમાંત તુષ્ટીગુણનો નિયમ :-**

પ્રો. માર્શલના શબ્દોમાં, જ્યારે કોઈ વ્યક્તિ પાસે અનેક ઉપયોગમાં લઈ શકાય તેવું સાધન એટલે કે આવક હોય તો તે આવકને જુદા જુદા ઉપયોગમાં એવી રીતે ગોઠવશે કે જેથી દરેક ઉપયોગમાં તેનો સીમાંત તુષ્ટીગુણ એક સરખો રહે. જો કોઈ એક ઉપયોગમાં અન્ય ઉપયોગ કરતા સીમાંત તુષ્ટીગુણ વધારે હોય તો અન્ય ઉપયોગમાંથી પ્રથમ ઉપયોગમાં તેની ફેર બદલી કરવાથી કુલ તુષ્ટીગુણમાં વધારો કરી શકે છે. તેમજ બંને વસ્તુઓ પર ખર્ચાતા નાણાનો સીમાંત તુષ્ટીગુણ સરખો થઈ રહે છે.

કોઈપણ વસ્તુનું મૂલ્ય જ્યારે નાણામાં વ્યક્ત થાય ત્યારે તેને કિંમત કહેવાય. આ રીતે કોઈપણ ગ્રાહક જુદી જુદી વસ્તુઓમાંથી પ્રાપ્ત થતાં સીમાંત તુષ્ટીગુણને જુદી જુદી વસ્તુઓની કિંમત સાથે કરે છે. અને બે જુદી જુદી વસ્તુઓમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ અને તેમની કિંમત સરખાં થઈ રહે ત્યાં સુધી એ જુદી જુદી વસ્તુઓના ઉપયોગમાં ફેરબદલી કરશે. જ્યાં તે મહત્તમ સંતોષ પ્રાપ્ત કરે ત્યાં ગ્રાહક સમતુલાની સ્થિતિ પર છે તેમ કહેવાય.

આમ ગ્રાહકની સમતુલા દર્શાવતું સૂત્ર નીચે મુજબ રજૂ કરી શકાય.

A *વસ્તુમાંથી પ્રાપ્ત થતો સી.તુ.ગુ.*		B *વસ્તુમાંથી પ્રાપ્ત થતો સી.તુ.ગુ.*		C *વસ્તુમાંથી પ્રાપ્ત થતો સી.તુ.ગુ.*
----------	=	----------	=	----------
A *વસ્તુની કિંમત*		B *વસ્તુની કિંમત*		C *વસ્તુની કિંમત*

- **સમસીમાંત તુષ્ટીગુણના નિયમની ધારણાઓ :-**

(1) ગ્રાહકનું વર્તન તર્કબધ્ધ છે :-

અહીં ગ્રાહકનું વર્તન તર્કબધ્ધ છે એટલે કે ગ્રાહક જુદી જુદી વસ્તુઓની ખરીદી તેમાંથી પ્રાપ્ત થતાં સંતોષને આધારે કરે છે. એ પ્રમાણે મહત્તમ સંતોષ મેળવે છે.

(2) તુષ્ટીગુણ માપી શકાય છે તેમજ સરખાવી શકાય છે :-

ગ્રાહકને જુદી જુદી વસ્તુના અલગ અલગ એકમોમાંથી કેટલો તુષ્ટીગુણ મળે છે તે માપી શકાય છે તેમજ જુદી જુદી વસ્તુઓમાંથી પ્રાપ્ત થતો તુષ્ટીગુણ સરખાવી શકાય છે.

(3) **ઘટતાં સીમાંત તુષ્ટીગુણના નિયમ પર આધારિત નિયમ :-**

સમસીમાંત તુષ્ટીગુણનો નિયમ ઘટતાં સીમાંત તુષ્ટીગુણના નિયમ પર આધારિત છે. એટલે કે વસ્તુના વપરાશમાં કે ખરીદીમાં જેમ જેમ એક એક એકમનો વધારો કરવામાં આવે છે તેમ તેમ તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે.

(4) સંપૂર્ણ માહિતગાર :-

ગ્રાહક બજારમાં મળતી વસ્તુઓ તેમાંથી પ્રાપ્ત તુષ્ટીગુણ વિશે સંપૂર્ણ માહિતગાર છે. તે મુજબ તે વસ્તુની કરે છે.

(5) **ગ્રાહકની આવક અને વસ્તુની કિંમત સ્થિર રહે છે :-**

નિયમમાં એવી ધારણા કરવામાં આવી છે કે ગ્રાહકની આવક કે વસ્તુની કિંમતમાં કોઈ ફેરફાર થતો નથી. કારણ કે જો ગ્રાહકની આવક અથવા વસ્તુની કિંમતમાં ફેરફાર થાય તો સમતુલામાં વિક્ષેપન ઉભું થાય છે.

- **<u>ઉદાહરણ દ્વારા નિયમની સમજૂતી</u>** *:-*

ધારો કે ગ્રાહકની આવક 1000 *રૂ. છે તે* A, B *અને* C *ત્રણ વસ્તુઓ પાછળ ખર્ચે છે. ત્રણેય વસ્તુઓની કિંમત* 50 *રૂ. હોય તો ત્રણેય વસ્તુઓમાંથી પ્રાપ્ત થતાં સીમાંત તુષ્ટીગુણની અનુસૂચિ નીચે મુજબ છે.*

વસ્તુના એકમો	A *વસ્તુમાંથી પ્રાપ્ત થતો સી.તુ.ગુ.*	B *વસ્તુમાંથી પ્રાપ્ત થતો સી.તુ.ગુ.*	C *વસ્તુમાંથી પ્રાપ્ત થતો સી.તુ.ગુ.*
1	24	20	18
2	22	14	10
3	20	10	6
4	16	06	0
5	10	0	- 6
6	6	- 2	- 12

ઉપરોકત અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ ગ્રાહક તેના પ્રથમ 50 *રૂ.* A *વસ્તુ પાછળ ખર્ચે છે કારણ કે તેમાંથી તેને* 24 *એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે બીજા* 50 *રૂ. પણ તે* A *વસ્તુ પાછળ ખર્ચે છે. કારણ કે તેમાંથી* 22 *એકમ તુષ્ટીગુણ મળે છે તે ત્રીજા* 50 *રૂ. તે* B *વસ્તુ પાછળ ખર્ચ કરશે. કેમ કે,* C *વસ્તુના પ્રથમ એકમમાંથી* 18 *એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે. જયારે* A*નો ત્રીજા અને* B*ના પ્રથમ એકમમાંથી* 20 *એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે. અહી ગ્રાહક પાસે* A*ના બે એકમો પહેલેથી જ છે. આથી તે* B*નું પ્રથમ ખરીદશે. ત્યારબાદ ચોથા* 50 *રૂ. તે* A *વસ્તુ પાછળ ખર્ચશે. કારણ કે તેમાંથી* 20 *એકમ જેટલો તુષ્ટીગુણ મેળવે છે પાંચમાં પચાસ રૂપિયા તે* C*ના*

પ્રથમ એકમ પાછળ ખરીદશે કેમ કે Cના પ્રથમ એકમમાંથી 18 એકમ જેટલો તુષ્ટીગુણ મળે છે. આમ તે A અને Bની અવેજીમાં C વસ્તુની ખરીદી કરશે. સમસીમાંતના નિયમ મુજબ ગ્રાહક મહત્તમ તુષ્ટીગુણ મેળવવા પ્રયત્નશીલ રહે છે. અહીં તેને Aના 5 એકમો, Bના 3 એકમો અને Cના 2 એકમોમાંથી એકસરખો 10 એકમ સીમાંત તુષ્ટીગુણ મળે છે. A ના પાંચ એકમમાંથી ગ્રાહકને 24+ 22+ 20+ 16+ 10 =92, Bના ત્રણ એકમમાંથી 20+ 14+ 10 = 44 અને Cના બે એકમમાંથી 18+ 10 = 28 એકમ તુષ્ટીગુણ મળે છે. કુલ તુષ્ટીગુણ 92+ 44+ 28 = 164 એકમ જેટલો થશે. જો ગ્રાહક પોતાની ખરીદીમાં ફેરફાર કરશે તો કુલ તુષ્ટીગુણ ઘટશે. આથી ગ્રાહક Aના કે, Bના 3 અને Cના 2 એકમો ખરીદી મહત્તમ સંતોષ મેળવીને સમતુલા પ્રાપ્ત કરશે. આ બાબતને આકૃતિ દ્વારા સમજીએ.



ઉપરોકત આકૃતિઓમાં OX ધરી પર અનુકમે A, B અને C વસ્તુના એકમો દર્શાવવામાં આવ્યાં છે. જયારે OY ધરી પર વસ્તુઓમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ A વસ્તુના પાંચ, B વસ્તુના ત્રણ અને C વસ્તુના બે એકમો ખરીદે છે. ત્યારે સમતુલામાં આવે છે, A ના પાંચમા એકમ પાછળ છેલ્લા 50 રૂ. ખર્ચે છે. ત્યારે તેને 10 એકમ સી.તુ.ગુ. મળે છે. B વસ્તુના ત્રીજા એકમમાં છેલ્લા પચાસ રૂપિયા ખર્ચે છે ત્યારે તેને 10 એકમ સીમાંત તુષ્ટીગુણ મળે છે અને C ના બીજા એકમ પાછળ છેલ્લા 50 રૂ.

ખર્ચે છે. ત્યારે તેને 10 એકમ સીમાંત તુષ્ટીગુણ મળે છે. આમ દરેક વસ્તુ પાછળ ખર્ચવામાં આવતા છેલ્લા 50 રૂ. એકસરખો તુષ્ટીગુણ આપે છે.

- **સમસીમાંત તુષ્ટીગુણના નિયમની મર્યાદાઓ :-**

(1) **તુષ્ટીગુણ માપી શકાય નહિ :-**

અહીં એવી ધારણા કરવામાં આવી છે કે ગ્રાહક જે વસ્તુની ખરીદી કે વપરાશ કરે છે તેમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટીગુણ માપી શકાય છે તેમજ સરખાવી શકાય છે. પરંતુ વાસ્તવમાં તુષ્ટીગુણ માનસિક ખ્યાલ હોવાથી તે અનુભવી શકાય છે ચોક્કસ પણે માપી શકાતો નથી.

(2) **અવિભાજ્ય વસ્તુના સંદર્ભમાં :-**

અવિભાજ્ય વસ્તુની બાબતમાં આ નિયમ સાચો સાબિત થતો નથી. કારણ કે અવિભાજ્ય વસ્તુઓનું નાના નાના એકમોમાં વિભાજન શકય ન હોવાથી તેની સળંગ અતૂટ સીમાંત તુષ્ટીગુણની રેખા મેળવી શકાતી નથી. નાશવંત વસ્તુમાંથી તરત તુષ્ટીગુણ મળે છે, જયારે ટકાઉ વસ્તુમાંથી કયારે તુષ્ટીગુણ મળે તે જાણી શકાતું નથી.

(3) **સમયના તત્ત્વની ઉપેક્ષા :-**

વસ્તુની વપરાશ ક્રિયા દરમ્યાન સમયાંતરનો અભાવ છે તેવી અહીં ધારણા કરવામાં આવી છે. વાસ્તવમાં દરેક વ્યક્તિ વસ્તુની એક સાથે સતત વપરાશ કરતી નથી.

(4) ગ્રાહકની તર્ક બધ્ધતા :-

ગ્રાહકનું વર્તન તર્કબધ્ધ ધારી લેવામાં આવ્યું છે. વાસ્તવમાં ગ્રાહકો દરેક વસ્તુઓની કિંમત, તેમાંથી પ્રાપ્ત થતાં તુષ્ટીગુણથી સંપૂર્ણપણે માહિતગાર હોતાં નથી.

- **સમસીમાંત તુષ્ટીગુણનાં નિયમનું મહત્ત્વ :-**

(1) **ઉત્પાદકો માટે ઉપયોગી :-**

ઉત્પાદકો મહત્તમ નફો પ્રાપ્ત કરવા ઉત્પાદન ખર્ચ શકય તેટલું ઓછું રાખવા પ્રયત્ન કરે છે. જુદા જુદા સાધનોમાંથી જે સાધન સસ્તુ હોય તે સાધનના ઉપયોગથી ઉત્પાદન કરે છે.

(2) **વપરાશ ક્ષેત્રેમાં :-**

ગ્રાહકને જે વસ્તુના વપરાશથી મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકે તેટલ ખરીદી કરે છે તેની સમજૂતી સમસીમાંત તુષ્ટીગુણના નિયમમાંથી મળે છે.

(3) **સરકાર માટે ઉપયોગી :-**

રાષ્ટ્રીય અર્થ વિધાનના ક્ષેત્રોમાં આ નિયમ ઉપયોગી છે. દેશના વિવિધ ક્ષેત્રો ખેતી, રસ્તા, બાંધકામ, શાળા- કોલેજો, વીજળી વગેરેના વિકાસ માટે મર્યાદિત સાધનોનો કઈ રીતે ઉપયોગ કરવો તે નક્કી કરવા સમસીમાંત તુષ્ટીગુણના નિયમોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રો. માર્શલ

કહે છે કે, આ નિયમ અર્થશાસ્ત્રનાં લગભગ બધાં જ ક્ષેત્રોને લાગુ પડે છે. પ્રો. રોબિન્સ આ નિયમને 'અર્થશાસ્ત્રના આધાર' તરીકે ગણાવે છે, કારણ કે વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં મર્યાદિત સાધનોથી અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે આ નિયમ ઉપયોગી છે.

(4) **નાણાના વર્તમાન તેમજ ભાવિ ઉપયોગ વિશે નિર્ણય લેવા માટે :-**

નાણાના વર્તમાન ઉપયોગ અને ભવિષ્યના ઉપયોગ વિશે નિર્ણય લેવા માટે આ નિયમ ઉપયોગી છે. વર્તમાનમાં કેટલું ખર્ચ કરવું અને ભવિષ્ય માટે કેટલી બચત કરવી તે બંને સમયમાં નાણાના સીમાંત તુષ્ટીગુણ પર આધાર રાખે છે. ભવિષ્યમાં ખર્ચ કરવાથી જો સીમાંત તુષ્ટીગુણ વધુ મળે તેમ હોય, તો તે વર્તમાનમાં ઓછું કરશે અને જો ભવિષ્યમાં સીમાંત તુષ્ટીગુણ ઓછો મળે તેમ હોય તો તે વર્તમાનમાં વધુ ખર્ચ કરશો.

તુષ્ટીગુણ વિશ્લેષણનાં આધારે ગ્રાહકનો અધિક સંતોષ :-

પ્રસ્તાવના :-

ગ્રાહકના અધિક સંતોષનો ખ્યાલ સૌ પ્રથમ 1804માં ફ્રેન્ચ એન્જિનીયર ડુપીટ એ રજૂ કર્યો હતો. ત્યારબાદ પ્રો માર્શલે 1895માં પોતાનાં પુસ્તક 'Principles of Economics' માં વિસ્તૃત રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. માર્શલે આપેલ ગ્રાહકના અધિક સંતોષની વ્યાખ્યા નીચે મુજબ છે.

ગ્રાહક વસ્તુ વિના ચલાવી લેવાને બદલે સ્વેચ્છાએ વધુમાં વધુ જે કિંમત ચૂકવવા તૈયાર હોય અને વાસ્તવમાં જે કિંમત ચૂકવે છે એ બંને વચ્ચેનો તફાવત ગ્રાહકના અધિક સંતોષનું માપ છે. ઓ ઉપભોકતાનો અધિક સંતોષ કે વિશેષ સંતોષ પણ કહેવામાં આવે છે. ગાણિતિક સૂત્રમાં આ ખ્યાલને નીચે મુજબ રજૂ કરી શકાય.

ગ્રાહકનો અધિક સંતોષ = કિંમત ચૂકવવાની તૈયારી – વાસ્તવમાં ચૂકવાતી કિંમત.

દા.ત. ગ્રાહક કોઈ પુસ્તક ખરીદવા માંગે છે જેની તે રૂ. 500 કિંમત ચૂકવવા તૈયાર થાય છે. પરંતુ જયારે તે બજારમાં એ પુસ્તક ખરીદવા જાય છે ત્યારે તે પુસ્તકમાં 25% વળતર હોવાથી તે પુસ્તક તેને રૂ. 375માં મળે છે. એટલે કે ગ્રાહકને $500 - 375 = 125$ રૂ. ઓછા ચૂકવવા પડે તો તે તેનો અધિક સંતોષ છે.

- **ગ્રાહકના અધિક સંતોષનાં ખ્યાલની ધારણાઓ :-**

  (1) *ગ્રાહક જે વસ્તુ ખરીદે છે તેની માંગ અન્ય વસ્તુની ગુણવત્તા, પ્રમાણ કે કિંમતથી સ્વતંત્ર છે.*

  (2) *નાણાનો સીમાંત તુષ્ટીગુણ સ્થિર રહે છે.*

(3) *વસ્તુમાંથી પ્રાપ્ત થતો તુષ્ટીગુણ માપી શકાય છે.*

(4) *માંગને અસર કરતાં અન્ય પરિબળો યથાવત રહે છે.*

- **ઉદાહરણ દ્વારા સમજૂતી :-**

વસ્તુના એકમો	*સી.તુ.ગુ. (રૂ.માં)*	*એકમ દીઠ કિંમત (રૂ.માં)*	*અધિક સંતોષ (રૂ.માં)*
1	50	10	40
2	40	10	30
3	30	10	20
4	20	10	10
5	10	10	0
6	00	10	-



ઉપરોકત આકૃતિમાં OX *ધરી પર વસ્તુના એકમો અને* OY *ધરી પર વસ્તુની કિંમત અને સીમાંત તુષ્ટીગુણ દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં* Q *બિંદુએ કિંમત રેખા અને સીમાંત તુષ્ટીગુણની રેખા એક બીજાને છેદે છે. એટલે કે કિંમત* 10 *રૂ. છે ત્યારે ગ્રાહક* 5 *એકમો ખરીદે છે. કારણ કે ખરીદીની આ સપાટીએ સીમાંત તુષ્ટીગુણ = કિંમત રૂ.* 10 *= રૂ.* 10 *સરખાં થાય છે.*

આકૃતિમાં ઘાટો ભાગ ગ્રાહકનો અધિક સંતોષ દર્શાવે છે. જે મુજબ પ્રથમ એકમ માટે ગ્રાહક 50 રૂ. ચૂકવવા તૈયાર છે જ્યારે તેને વાસ્તવમાં તેને 10 રૂ. જ ચૂકવવા પડે છે. આથી ગ્રાહકને રૂ. 50 – રૂ. 10 = 40 રૂ. જેટલો અધિક સંતોષ મળે છે. એ જ રીતે અનુક્રમે બીજા, ત્રીજા અને ચોથા એકમમાંથી અનુક્રમે રૂ. 40- રૂ. 10 = રૂ. 30, રૂ. 30 – રૂ. 10 = રૂ. 20, રૂ. 20 – રૂ. 10 = રૂ. 10 જેટલો અધિક સંતોષ મળે છે. જ્યારે પાંચમા એકમે અને રૂ. 10 – રૂ.10 = 0 જેટલો અધિક સંતોષ પ્રાપ્ત થાય છે.

- **ગ્રાહકના અધિક સંતોષના ખ્યાલની મર્યાદાઓ :-**

(1) અહીં તુષ્ટીગુણ માપી શકાય છે તેવી ધારણા કરવામાં આવી છે. જે અવાસ્તવિક છે કારણ કે તુષ્ટીગુણ એક માનસિક ખ્યાલ છે, સાપેક્ષ ખ્યાલ છે. આથી વસ્તુમાંથી પ્રાપ્ત થતો તુ. ગુ. અનુભવી શકાય છે પણ માપી શકાતો નથી.

(2) નાણાના સીમાંત તુષ્ટીગુણને અહીં સ્થિર ધારી લેવામાં આવ્યો છે. વાસ્તવમાં નાણાનો સીમાંત તુષ્ટીગુણ બદલાતો રહે છે.

(3) આ ખ્યાલમાં વાપરવામાં આવતી વસ્તુને અન્ય વસ્તુથી સ્વતંત્ર વસ્તુ છે તેવી ધારણા કરી છે. પરંતુ દરેક વસ્તુ અન્ય વસ્તુ સાથે સંકળાયેલી હોય છે. તે કોઈની હરીફ, પૂરક કે અવેજી વસ્તુ હોય છે.

(4) પ્રાથમિક જરૂરિયાતની વસ્તુ માટે વ્યક્તિ ગમે તેટલી કિંમત ચૂકવવા તૈયાર થાય છે. આથી આવી વસ્તુઓની બાબતમાં આ ખ્યાલ લાગુ પાડી શકાય નહિ.

(5) રીવાજી વસ્તુઓ, પ્રણાલિકાગત વસ્તુઓની બાબતમાં પણ આ ખ્યાલ લાગુ પાડી શકાતો નથી.

(6) પ્રતિષ્ઠા મૂલ્ય વાળી વસ્તુઓની બાબતમાં પણ આ ખ્યાલ લાગુ પડતો નથી.

(7) અહીં દરેક એકમમાંથી કેટલો અધિક સંતોષ મળે છે તે દર્શાવ્યું છે. પરંતુ વાસ્તવમાં અધિક સંતોષ ચોક્કસ રીતે માપી શકાતો નથી.

(8) કોઈ એક વસ્તુના અનેક ગ્રાહકો હોવાથી તેઓને તે વસ્તુમાંથી મળતો અધિક સંતોષ પણ જુદો જુદો હોય છે. આથી વ્યક્તિગત ગ્રાહકોના અધિક સંતોષનો સરવાળો શકય નથી.

(9) ગ્રાહકની માંગને અસર કરતાં અન્ય પરિબળોને સ્થિર ધારવામાં આવ્યાં છે. વાસ્તવમાં આ પરિબળો બદલાતા હોય છે. આથી આ ધારણા અવાસ્તવિક છે.

- **અધિક સંતોષના ખ્યાલની ઉપયોગિતા :-**

(1) ગ્રાહકના અધિક સંતોષનો ખ્યાલ આર્થિક પરિસ્થિતિના એવા લાભો તરફ ધ્યાન દોરે છે કે જે માનવીના રોજબરોજના જીવનમાં વિના મૂલ્ય પ્રાપ્ત થાય છે.

(2) ગ્રાહકના અધિક સંતોષનો ખ્યાલ વપરાશ મૂલ્ય અને વિનિમય મૂલ્ય વચ્ચેનો તફાવત સમજવામાં મદદરૂપ થાય છે.

(3) ઈજારદારને પોતાની વસ્તુની કિંમત નક્કી કરવા માટે આ ખ્યાલ ઉપયોગી છે.

(4) આંતરરાષ્ટ્રીય વેપારનો લાભ મુખ્યત્વે અધિક સંતોષના સ્વરૂપમાં મળે છે. જુદા જુદા દેશો વચ્ચે ચીજવસ્તુઓની આયાત-નિકાસને લીધે ભાવો ઘટે છે અને અગત્યની વસ્તુ પણ ઓછા ભાવે પ્રાપ્ત થાય છે.

(5) કરવેરા નક્કી કરવા માટે આ ખ્યાલ ઉપયોગી છે નાણા પ્રધાન એવી વસ્તુ પર વેરા નાખશે જે વસ્તુ ગ્રાહકોને વધુ સંતોષ આપતી હોય.

ચાવીરૂપ શબ્દો (Key – Words) :-

(1) તુષ્ટીગુણ : - ચીજવસ્તુની જરૂરિયાત સંતોષવાની ક્ષમતા ચીજવસ્તુમાંથી પ્રાપ્ત થતો અપેક્ષિત સંતોષ.

(2) સીમાન્ત તુષ્ટીગુણ : તે ચીજવસ્તુના છેલ્લા એકમનો તુષ્ટીગુણ છે તે ચીજવસ્તુના છેલ્લા એકમના કારણસર એકંદર તુષ્ટીગુણમાં થતો વધારો છે.

(3) માંગ સૂચિ :- જુદા-જુદા નિર્દિષ્ટ ભાવે માંગવા આવતા ચીજવસ્તુન જથ્થાઓનું કોષ્ટકરૂપે નિરૂપણ.

(4) માંગનો નિયમ :- આ એ વલણ દ્યોતક વિધાન છે કે ચીજવસ્તુનો ભાવ ઘટે છે ત્યારે તેની માંગ વધે છે.

(5) ઊતરતી કક્ષાની ચીજવસ્તુઓ :- કેવળ ઓછી આવકવાળી વ્યક્તિઓ દ્વારા આ ચીજવસ્તુઓ ખરીદવામાં આવે છે એવી આ ચીજવસ્તુઓ વિષે માન્યતા પ્રવર્તે છે.

(6) ઘટતા સીમાંત તુષ્ટીગુણનો નિયમ :- એ સિધ્ધાંત કે જેના પ્રમાણે આપેલી જરૂરિયાતને પૂર્ણ રીતે સંતોષી શકાય છે અને તેથી જેમ જેમ ચીજવસ્તુ વધુને વધુ પ્રાપ્ત કરવામાં આવે તેમ તેમ તેનો સીમાંત તુષ્ટીગુણ ઘટતો જાય છે.

(7) તુષ્ટીગુણની આંતર વ્યક્તિગત તુલના :- તેનો અર્થ બે વ્યક્તિઓ દ્વારા મેળવાતા તુષ્ટીગુણની સરખામણી એવો થાય આ તુલના તુષ્ટીગુણનું મૂળભૂત માપ કાઢવાની સ્થિતિમાં જ શકાય છે.

<u>પ્રશ્નો</u>

(1) ઘટતા સીમાંત તુષ્ટીગુણનો નિયમ જણાવો.

(2) ઘટતા સીમાંત તુષ્ટીગુણનો નિયમ નાણાને લાગું પડે છે કે કેમ ?

(3) સમસીમાંત તુષ્ટીગુણના નિયમને સમાલોચના પૂર્વક તપાસો.

(4) સીમાંત તુષ્ટીગુણ અને ચીજવસ્તુ માટેની માંગ વિશે ચર્ચા કરો.

(5) એકંદર તુષ્ટીગુણ અને સીમાંત તુષ્ટીગુણ વચ્ચેનો તફાવત જણાવો.

MCQ

(1) તુષ્ટિગુણ કઈ રીતે માપી શકાય છે.

(અ) મૂળભૂત રીતે (બ) ક્રમાંકરૂપે (ક) અપેક્ષિત (ડ) જરૂરિયાત રીતે

(2) જ્યારે કુલ તુષ્ટિગુણ મહત્તમ હોય ત્યારે સીમાંત તુષ્ટિગુણ કેટલો હોય છે ?

(અ) હકારાત્મક (બ) નકારાત્મક (ક) શૂન્ય (ડ) ગમે તે હોઈ શકે.

(3) માંગ અને સીમાંત તુષ્ટિગુણ બંને નકારાત્મક વલણ ધરાવે છે. કારણ કે

(અ) માંગ અને ભાવ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

(બ) વસ્તુઓના પ્રમાણ અને સીમાંત તુષ્ટિગુણ વચ્ચે વ્યસ્ત સબંધ છે.

(ક) (અ) અને (બ) બંને.

(4) નીચેનામાંથી વસ્તુઓ માટે ઘટતા સીમાંત તુષ્ટિગુણનો નિયમ લાગુ પડતો નથી.

(અ) તમાકું (બ) આઈસક્રીમ (ક) નાણું (ડ) જૂની ટિકિટો

(5) માંગના નિયમનું ગાણિતિક સ્વરૂપ સૌ પ્રથમ કયા અર્થશાસ્ત્રીઓ આપ્યુ હતું.

(અ) આલ્ફ્રેડ માર્શલ (બ) એડમ સ્થિપ

(ક) જોન રોબિન્સ (ડ) કુર્નોટ

તટસ્થવક્રોનું પૃથ્થકકરણ :

પ્રસ્તાવના :-

તુષ્ટીગુણ વિશ્લેષણની અવાસ્તવિક ધારણાઓ અને તેના ઉપયોગમાં લેવાયેલા સાધનો તેમજ પધ્ધતિઓ યોગ્ય ન લાગતા અર્થશાસ્ત્રીઓએ તટસ્થ રેખા વિશ્લેષણનો ખ્યાલ રજૂ કર્યો. પ્રો. એજવર્થ, ફિશરા પેરેટો, હિક્સ, એલન વગેરે અર્થશાસ્ત્રીઓનો તટસ્થ રેખાનો ખ્યાલ વિકાસાવવામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે.

તટસ્થ રેખા વિશ્લેષણની સૌ પ્રથમ શોધ એજવર્થ નામના અર્થશાસ્ત્રીએ 1881 માં તેમનાં પુસ્તક 'Mathematical Physics' માં કરી હતી. જેમાં તેમણે બે વ્યક્તિઓ વચ્ચે બે વસ્તુઓનો વ્યવહાર થાય છે તે દર્શાવવા માટે આ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો. 1892માં ફિશરે 'Mathematical Investigation In the Thcory of Value And Practice' માં તટસ્થરેખાનો ખ્યાલ રજૂ કર્યો. અને તે દ્વારા ગ્રાહકની સમતુલા સમજાવી હતી. ત્યારબાદ પેરેટો નામના અર્થશાસ્ત્રીએ તેમનાં પુસ્તક 'Manual' માં તટસ્થરેખા દ્વારા ગ્રાહકના વર્તનને

સમજાવવા માંગનો નિયમ રજૂ કર્યો. પેરેટો પછી ડબલ્યુ. ઈ. જહોનસન દ્વારા પેરેટોની આ વિચાર સરણીને અનુમોદન આપ્યું. 1915માં રશિયન અર્થશાસ્ત્રી પ્રો. સ્લટસ્કીએ તેમના પુસ્તક ' On The Theory of The Budget of The Consumer' માં ગ્રાહકની સમતુલાનાં વિવિધ ખ્યાલો રજૂ કર્યા. તેમણે ક્રમવાચક સંખ્યા પધ્ધતિના આધારે કિંમતમાં થતાં ફેરફારોને લીધે વસ્તુની માંગમાં થતાં કુલ ફેરફારોને આવક અસર અને અવેજી અસરના વહેંચી નાંખવાનો પ્રયાસ કર્યા. ત્યારબાદ બ્રિટનના અર્થશાસ્ત્રી પ્રો. જે. આર. હિક્સ અને પ્રો. આર. જી. ડી. એલને 1934 માં 'ઈકોનોમિકા' નામના સામયિકમાં 'A Reconsideration of the Theory of Value' નામના લેખમાં તટસ્થરેખાનો ખ્યાલ રજૂ કર્યો. 1939 પ્રો. હિક્સે 'Value And Capital' નામના તેમનાં પુસ્તકમાં તટસ્થરેખા વિશ્લેષણની વૈજ્ઞાનિક રજૂઆત કરી હતી. આમ, તટસ્થરેખા પધ્ધતિ એ આર્થિક વિશ્લેષણનું આજનું એક મહત્ત્વનું સાધન છે.

તટસ્થરેખાની ધારણાઓ :

(1) ગ્રાહકનું વર્તન તર્કબધ્ધ છે, તે પોતાની મર્યાદિત આવકને વિવિધ વસ્તુઓના સંયોજનમાં એવી રીતે ફાળવણી કરે છે કે જેથી તે મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી શકે.

(2) ગ્રાહકની આવક મર્યાદિત છે જે X અને Y બે વસ્તુ પાછળ સંપૂર્ણપણે ખર્ચે છે.

(3) ગ્રાહક બજાર અંગેની તમામ પરિસ્થિતિઓથી સંપૂર્ણ માહિતગાર છે.

(4) વાપરવામાં આવતી વસ્તુઓ એક બીજાની અવેજી કે પૂરક છે. આથી વસ્તુની કિંમત, ગુણવત્તા, પ્રાપ્યતા અન્ય વસ્તુની માંગને અસર કરે છે.

જો આવક ઘટે તો કઈ વસ્તુની, કેટલા પ્રમાણમાં વપરાશ ઘટાડવી, આવક વધે તો કઈ વસ્તુની કેટલા પ્રમાણમાં વપરાશ વધારવી તેના આધારે તેમની પસંદગીના ધોરણો જાણી શકાય.

પસંદગીના ધોરણનો અર્થ :-

'વસ્તુની કિંમતને કે પોતાની આવકને ધ્યાનમાં લીધા સિવાય, પોતાની જરૂરિયાતની તીવ્રતા કે ફેશન, રુચિ, ટેવ વગેરે કારણોસર પોતાને મળતા સંતોષની સપાટીને ધ્યાનમાં રાખીને ગ્રાહક વસ્તુઓ અને સેવાઓના વૈકલ્પિક સંયોજનોની જે ક્રમવાર માનસિક ગોઠવણી કરે છે તેને તેના પસંદગીના ધોરણો કહે છે.'

પસંદગીના ધોરણો વ્યક્તિ વ્યવસાય, સમય તથા સ્વભાવ વગેરે અનુસાર જુદા જુદા હોય છે અને સમય બદલાતા તેમાં પણ ફેરફાર થાય છે. પસંદગીના ધોરણો ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છાને વ્યકત કરે છે, તે વ્યક્તિની વસ્તુઓ ખરીદવાની ઈચ્છાનો નકશો છે.

પસંદગીના ધોરણો વસ્તુની કિંમત તથા ગ્રાહકની આવકથી સ્વતંત્ર હોય છે. પસંદગીના ધોરણો પણ તુષ્ટીગુણની જેમ આત્મલક્ષી, સાપેક્ષ અને માનસિક ખ્યાલ છે. જો પસંદગીના ધોરણો મગજ પૂર્વક તૈયાર કરવામાં આવે, તે સ્થિર રહે તોજ વાસ્તવિક માંગ રેખા જાણી શકાય.

તટસ્થ રેખાનો અર્થ :-

કોઈપણ બે વસ્તુઓના જુદા જુદા સંયોજનોમાંથી મળતાં સંતોષની સપાટીના આધારે વ્યક્તિ દ્વારા યાદી તૈયાર કરવાના આવે અને તેની અન્ય અવેજી અને પૂરક વસ્તુઓનો પણ સાથે સાથે વિચાર કરે. જુદી જુદી વસ્તુઓના વૈકલ્પિક સંયોજનોમાંથી કેટલાક સંયોજનો તેમાંથી મળતા સંયોજનોના આધારે ક્રમશઃ ગોઠવવામાં આવે છે. આવા સંયોજનોમાંથી એકસરખો સંતોષ પ્રાપ્ત થતો હવાથી ગ્રાહક તે પ્રત્યે તટસ્થ હોય છે. આપેલી વસ્તુઓનાં એકસરખો સંતોષ દર્શાવતાં જુદાજુદા સંયોજનોની યાદીને તટસ્થ અનુસૂચિ કહે છે. જે નીચેના ઉદાહરણ દ્વારા આપે સમજીએ.

તટસ્થ અનુસૂચિ :-

સંયોજન	X *વસ્તુ*	Y *વસ્તુ*	*સીમાંત અવેજીનો દર*
A	0	25	-
B	1	20	1 X = 5 Y
C	2	16	1 X = 4 Y
D	3	13	1 X = 3 Y
E	4	11	1 X = 2 Y
F	5	10	• X = 1 Y

- **<u>આકૃતિ દ્વારા સમજૂતી :-</u>**



ઉપરોકત આકૃતિમાં OX ધરી પર X વસ્તુના એકમો અને OY ધરી પર Y વસ્તુના એકમો દર્શાવવામાં આવ્યા છે. આકૃતિમાં A સંયોજને ગ્રાહક OX અને 25Y ખરીદવા તૈયાર છે. ત્યારબાદ B સંયોજને તે 1X ખરીદવા તૈયાર થાય છે, તેની પાસે X નો એક પણ એકમ ન હોવાથી તે Xના એક એકમ માટે 5Y જતાં કરવા તૈયાર થાય છે. તે જ રીતે અનુક્રમે C, D. E અને F સંયોજને તે Xના એક એક એકમ વધારતો જશે તેમ તેમ તેની પાસે Yના એકમો ઓછા થતાં જશે. આથી ગ્રાહકની Xના એકમ માટે Yના એકમો જતાં તૈયારી ઓછી થતી જશે અનુક્રમે 4, 3, 2 અને 1Y જતાં કરવા તૈયાર થશે. આ તમામ બિંદુઓને જોડતાં IC તટસ્થરેખા પ્રાપ્ત થાય છે. તટસ્થરેખા પર આવેલા તમામ બિંદુઓ પર ગ્રાહકને એકસરખો સંતોષ પ્રાપ્ત થાય છે. આથી તેને સમતૃપ્તિ રેખા પણ કહેવામાં આવે છે. તદુપરાંત દરેક સંયોજનમાંથી ગ્રાહકને મળતો સંતોષ એકસરખો હોવાથી તે તેની પસંદગી પ્રત્યે તટસ્થ રહે છે. આથી આ રેખાને તટસ્થરેખા કહે છે.

તટસ્થ રેખાનો નકશો :-

તટસ્થરેખાના સમૂહને તટસ્થરેખાનો નકશો કહે છે. એક જ તટસ્થરેખા પર આવેલા જુદા જુદા બિંદુઓના સંયોજનો એકસરખો સંતોષ દર્શાવે છે. પરંતુ તટસ્થરેખા જેમ ઉપર તરફ જાય તેમ તે વધુ સંતોષ દર્શાવે છે. જે નીચેના તટસ્થરેખાના નકશા દ્વારા જાણી શકાય છે.



ઉપરોકત આકૃતિમાં તટસ્થરેખાઓનો નકશો દર્શાવ્યો છે. જે મુજબ તટસ્થરેખા 1 મજુબ ગ્રાહક A બિંદુએ 3X અને 9Yનું સંયોજન પ્રાપ્ત કરે છે. જો એ ઉપરની તટસ્થરેખા પર જાય. ગ્રાહક અનુક્રમે તટસ્થરેખા 2, તટસ્થરેખા 3 અને તટસ્થરેખા 4 પર જાય છે ત્યારે B, C અને D બિંદુએ 3X અને અનુક્રમે 11Y, 15Y, 20Yનું સંયોજન પ્રાપ્ત કરે છે. આમ, અહીં ગ્રાહક જેમ ઉપરની તટસ્થરેખા પર જાય છે તેમ તેમ ને Yના વધારાના એકમને પ્રાપ્ત કરવા Xના એકપણ એકમ જતાં કરવા પડતા નથી. આથી અહીં ગ્રાહક તટસ્ટ રહેતો નથી. તેને A કરતાં Bમાંથી, B કરતાં C માંથી અને C કરતાં D માંથી વધુ સંતોષ મળે છે. આથી તે સૌથી ઉપરની તટસ્થરેખાના સંયોજનો પસંદ કરશે.

- **તટસ્થ રેખાના લક્ષણો :-**

(1) જેમ તટસ્થ રેખા ઉપર તરફ તેમ વધુ સંતોષ દર્શાવે છે, જેમ તટસ્થરેખા નીચે તરફ તેમ ઓછો સંતોષ દર્શાવે છે. :-

તટસ્થ રેખાનું પ્રથમ લક્ષણ છે કે કોઈ એક તટસ્થરેખા પર આવેલા તમામ બિંદુ પર ગ્રાહક તટસ્થ હોય છે. પરંતુ જો તે ઉપરની તટસ્થરેખા પર જશે તો તેને વધુ સંતોષ મળશે અને જો તે નીચેની તટસ્થરેખા પર જશે તો ઓછો સંતોષ પ્રાપ્ત કરે છે. આ બાબતને નીચેની આકૃતિ દ્વારા સમજીએ.



અહીં A સંયોજન = 4 X + 8Y

B સંયોજન = 5 X + 9Y

C સંયોજન = 3 X + 6Y

ઉપરોકત આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX ધરી પર X વસ્તુના એકમો અને OY ધરી પર Y વસ્તુના એકમો દર્શાવવામાં આવ્યા છે. તટસ્થરેખા 1 મુજબ ગ્રાહક A સંયોજને 4X અને 8Y મેળવે છે. અહીં તટસ્થરેખા 1 પર આવેલા તમામ બિંદુ પર તટસ્થ રહે છે. પરંતુ જો ગ્રાહક તટસ્થરેખા 2 પર જાય તો B બિંદુએ 5X +9Y નું પ્રાપ્ત કરે છે એટલે કે તેને પહેલા કરતા 1X અને 1Y વધુ મળે છે. અહીં તેને X કે Y ના વધારાના 1 એકમ માટે તેની અવેજી વસ્તુ જતી કરવી પડતી નથી. તેને X અને Y બંને પહેલા કરતા વધુ મળતા હોવાથી B બિંદુએ ગ્રાહકને વધુ સંતોષ પ્રાપ્ત થાય છે. જો તટસ્થરેખ ૩ પર ગ્રાહક જાય તો C બિંદુએ તેને 3X + 6Y નું સંયોજન પ્રાપ્ત થાય છે. એટલે કે તેને પહેલા કરતા 1X અને 2Y ઓછા મળે છે. આથી તેના સંતોષમાં ઘટાડો થાય છે. આથી ગ્રાહક C બિંદુ પસંદ કરશે નહિ.

(2) **તટસ્થરેખા ઋણ ઢાળવાળી હોય છે :-**

તટસ્થરેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપરથી નીચે તરફ જતી ઋણ ઢાળવાળી હોય છે. તટસ્થરેખાની પ્રથમ શરત એ છે કે તટસ્થરેખા પર તમામ બિંદુએ એકસરખો સંતોષ પ્રાપ્ત થાય છે તેમજ Xના વધારાના એક એકમ માટે Yના ઓછાને ઓછા એકમો જતાં કરવા તૈયાર થાય છે. આથી તટસ્થરેખાનો ઢાળ ઋણ હોય છે જે નીચેની આકૃતિઓ દ્વારા સમજીએ. જે અંગેની કેટલીક શકયતાઓ તપાસીએ.

(4) **જો તટસ્થરેખા આડી ધરીને સમાંતર હોય તો :-**



ઉપરોકત આકૃતિમાં દર્શાવ્યા મુજબ તટસ્થરેખા OX ધરીને સમાંતર છે. જે મુજબ ગ્રાહકને A સંયોજનમાંથી 1X + 4Y, B સંયોજનમાંથી 2X + 4Y અને C સંયોજનમાંથી 3X + 4Y પ્રાપ્ત થાય છે. અહીં ગ્રાહક C સંયોજન પસંદ કરશે. કારણ કે તેને A કરતાં Bમાંથી અને B કરતાં Cમાંથી Xના વધારે એકમો પ્રાપ્ત થાય છે. અને Xના દરેક એકમ માટે Y જતો કરવો પડતો નથી. વાસ્તવમાં તટસ્થરેખાની શરત મુજબ Xના દરેક એકમ માટે ગ્રાહકે Y જતો કરવો પડે છે અને તે ક્રમશઃ Y આપવાનું પ્રમાણ ઘટાડતો જાય છે. તેમજ એક તટસ્થરેખા પર આવેલા તમામ બિંદુઓ એક સરખ સંતોષ દર્શાવે છે. જ્યારે અહીં A, B અને C ત્રણેય બિંદુઓ એકજ તટસ્થરેખા પર આવેલા હોવા છતાં જુદો જુદો સંતોષ દર્શાવે છે. આથી તટસ્થરેખા આડીધરીને સમાંતર હોઈ ન શકે.



આકૃતિમાં દર્શાવ્યા મુજબ જો તટસ્થરેખા ઉભી ધરીને એટલે કે OY ધરીને સમાંતર હોય તો તે મુજબ ગ્રાહકને A બિંદુએ 3X + 2Y, B બિંદુએ 3X + 4Y અને C બિંદુએ 3X + 6Y સંયોજનો પ્રાપ્ત થાય છે. અહીં ગ્રાહક C બિંદુ પસંદ કરશે. કારણ કે તેને A કરતાં Bમાંથી અને B કરતાં Cમાંથી વધુ સંતોષ પ્રાપ્ત થાય છે. અને તેને Yના વધારાના એકમો માટે Xના એકમ જતાં કરવા પડતા નથી. અહીં A, B અને C ત્રણેય બિંદુઓ એકજ તટસ્થરેખા પર આવેલા હોવા છતાં જુદો જુદો સંતોષ દર્શાવે છે. આથી તટસ્થરેખા ઉભી ધરીને સમાંતર હોઈ શકે નહિ.

(C) જો તટસ્થરેખા ઘન ઢાળવાળી હોય તો :-



આકૃતિમાં દર્શાવ્યા મુજબ તટસ્થરેખા ઘન ઢાળવાળી છે. જે મુજબ ગ્રાહકને A બિંદુએ 1X + 2Y, B બિંદુએ 2X + 4Y અને C બિંદુએ 3X + 6Y સંયોજનો પ્રાપ્ત થાય છે. અહીં ગ્રાહક C બિંદુ પસંદ કરશે કારણ કે C બિંદુએ X અને Y બંનેના એકમો વધુ પ્રાપ્ત થાય છે. આમ, A, B અને C ત્રણેય એક જ તટસ્થરેખા પર આવેલા હોવા છતાં જુદો જુદો સંતોષ દર્શાવે છે. આથી તટસ્થરેખા ઘન ઢાળવાળી ન હોઈ શકે.

તટસ્થરેખાની શરત મુજબ તટસ્થરેખા ઋણ ઢાળવાળી હોવી જોઈએ તેમજ Xના દરેક એકમ માટે ગ્રાહક Yના ઓછા એકમો જતા કરવા તૈયાર થાય છે તેમજ તટસ્થરેખા પર આવેલા તમામ સંયોજનો એ ગ્રાહક તટસ્થ હોવા જોઈએ. આથી તટસ્થરેખા ઋણ ઢાળવાળી હોય છે. જે નીચેની આકૃતિ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.



(3) **તટસ્થરેખા બહિર્ગોળ હોય છે :-**

તટસ્થરેખા ઋણ ઢાળવાળી હોવાની સાથે તે મૂળ તરફથ બહિર્ગોળ હોય છે. જો તટસ્થરેખા ઋણ ઢાળવાળી બહિર્ગોળ ન હોય તો શું પરિસ્થિતિ હોય, નીચેની આકૃતિઓ દ્વારા તે સમજીએ.

(A) **જો તટસ્થરેખા સીધી રેખા હોય છે :-**



સંપૂર્ણ અવેજી વસ્તુઓની બાબતમાં તટસ્થરેખા સીધી રેખા હોય છે. દા.ત. ચલણી નાણું આકૃતિમાં દર્શાવ્યા મુજબ 10 રૂ.ની નોટો અને 10 રૂ.ની નોટો એક બીજાની સંપૂર્ણ અવેજી છે. તમે 10 રૂ.ની 1 નોટ આપો કે 1 રૂ.ની 10 નોટ આપો બંને એકબીજાની અવેજીમાં સંપૂર્ણ રીતે લઈ શકાય છે. આથી 10 રૂ.ની નોટ અને 1 રૂ.ની નોટ વચ્ચેનો સીમાંત અવેજીનો દર સ્થિર રહે છે તેથી તટસ્થરેખા નીચેના ત્રિકોણો એકસરખા કદના છે. વાસ્તવમાં મોટા ભાગની વસ્તુઓ અપૂર્ણ અવેજી વસ્તુઓ હોવાથી તટસ્થરેખા સીધી રેખા હોઈ શકે નહિ.

(B) જો તટસ્થરેખા કાટખૂણાવાળી હોય તો ...



પૂરક વસ્તુઓની બાબતમાં તટસ્થરેખા કાટખૂણાવાળી હોય છે. આકૃતિમાં OX ધરી પર બોલપેનના એકમો અને OY ધરી પર રીફીલના એકમો દર્શાવવામાં આવ્યાં છે, જે બંને એકબીજાના પૂરક છે. અહીં ત. રેખા 1 પર A બિંદુએ બોલપેનનો 1 એકમ અને રીફીલનો 1 એકમનું સંયોજન પ્રાપ્ત થાય છે. આથી અહીં ગ્રાહકને 1 પેન જેટલો સંતોષ પ્રાપ્ત થાય છે. B બિંદુ મુજબ બોલપેનના 2 એકમ અને રીફીલના 1 એકમનું સંયોજન મળે છે. અહીં ગ્રાહકને 1 પેન જેટલો જ સંતોષ મળે છે. આમ માત્ર બોલપેનના એકમો વધે અને રીફીલના એકમ સ્થિર રહે તો પણ ગ્રાહકના સંતોષમાં વધારો થતો નથી.

તે જ રીતે C બિંદુએ 1 એકમ બોલપેન અને 2 એકમ રીફીલ છે તો ગ્રાહકને 1 પેન જેટલો જ સંતોષ મળશે. D બિંદુ કે જે ઉપરની તટસ્થરેખા 2 પર આવેલું બિંદુ છે. તે મુજબ ગ્રાહકને 2 બોલપેન અને 2 રીફીલનું સંયોજન મળતાં 2 પેન જેટલો સંતોષ પ્રાપ્ત થાય છે.

આમ, આ પરથી કહી શકાય કે જો પૂરક વસ્તુ હોય તો જ તટસ્થ રેખા કાટખૂણા આકારની હશે. પરંતુ મોટા ભાગની વસ્તુઓ અવેજી હોવાથી તટસ્થરેખા બહિર્ગોળ હશે.

(C) *જો તટસ્થરેખા અંતર્ગોળ હોય તો ..*



સંયોજન.		*સીમાંત અવેજીનો દર*
A =	OX + 50Y	-
B =	1X + 49Y	1X = 1Y
C =	2X + 46Y	1X = 3Y
D =	3X + 40Y	1X = 6Y
E =	4X + 30Y	1X = 10Y
F =	5X + 15	1X = 15Y

પરસ્પર વિરોધી વસ્તુઓની બાબતમાં તટસ્થરેખા અંતર્ગોળ હોય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX *ધરી પર સોનાના એકમો અને* OY *ધરી પર કોલસાના એકમો દર્શાવ્યા છે. જે બંન્ને પરસ્પર વિરોધી છે. અહીં* A *સંયોજને ગ્રાહકને* OX *અને* 50Y *મળે છે. એટલે કે સોનાના* O *એકમ અને કોલસાના* 50 *એકમો મળે છે. સોનાના એકમમાં જેમ જેમ* 1 *એકમનો વધારો થતો જાય છે તેમ તેમ ગ્રાહક* Y *ના વધુને વધુ એકમો જતાં કરવા તૈયાર થાય છે. ગ્રાહક સોનાના દરેક વધારાના એકમ માટે અનુક્રમે કોલસાના* 1, 3, 6, 10 *અને* 15 *એકમો જતાં કરવા તૈયાર ક્રમશઃ મોટા થતાં જાય છે જે આકૃતિમાં ઘાટા ભાગ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.*

સામાન્ય રીતે સીમાંત અવેજીનો દર ઘટતો હોવો જોઈએ. પરંતુ અહીં સીમાંત અવેજીનો દર વધતો જાય છે. આથી તટસ્થરેખા અંતર્ગોળ ન હોઈ શકે.



આકૃતિમાં તટસ્થરેખા બહિર્ગોળ છે. તે અનુસાર Xના દરેક એકમ માટે ગ્રાહક Yના ઓછાને ઓછા એકમો જતાં કરવા તૈયાર છે. અવેજી વસ્તુઓ માટે તટસ્થરેખા બહિર્ગોળ હોય છે. અહીં તટસ્થરેખા નીચે આવેલા ત્રિકોણ ક્રમશઃ નાના થતાં જાય છે. એટલે કે એક વસ્તુનું પ્રમાણ વધે અને બીજી વસ્તુનું પ્રમાણ ઘટે ત્યારે સીમાંત અવેજીનો દર ઘટતો જાય છે. આથી તટસ્થરેખા બહિર્ગોળ હોય છે.

(4) **બે તટસ્થરેખા એકબીજીને છેદી શકે નહિ :-**



આકૃતિમાં બે તટસ્થરેખા 1 ને તટસ્થરેખા 2 બંને એકબીજાને B બિંદુએ છેદે છે. તટસ્થરેખા 1 પર A અને B બિંદુ છે. તેથી તે બંને સરખો સંતોષ દર્શાવે છે. B અને C બિંદુ તટસ્થરેખા 2 પર આવેલા છે અહી C બિંદુ તટસ્થરેખા 1થી ઉપરની તટસ્થરેખા પર વધુ સંતોષ આપે છે. B અને C બંને એક જ તટસ્થરેખા પર આવેલા હોવાથી સરખો સંતોષ દર્શાવે છે.

સંક્રમત્તાના નિયમ મુજબ, A = B
B = C હોય તો
A = C થાય.

પરંતુ અહી A અને C બંને જુદીજુદી તટસ્થરેખા પર આવેલા હોવાથી એકસરખો સંતોષ આપતા નથી. આથી તટસ્થરેખાઓ એકબીજીને છેદી શકતી નથી.

- **<u>ઘટતાં સીમાંત અવેજીનો દર નો નિયમ :-</u>**
  - **<u>વ્યાખ્યા :-</u>**

" જ્યારે એક વસ્તુનું પ્રમાણ વધે ત્યારે બીજી વસ્તુનું પ્રમાણ ઘટતું જાય, ત્યારે એક વસ્તુના એક એક એકમમાં વધારો થતો જાય છે તેમ તેમ ગ્રાહક અન્ય વસ્તુના ઓછા ને ઓછા એકમો જતાં કરવા તૈયાર થાય છે. એટલે કે બે વસ્તુઓ વચ્ચેનો સીમાંત અવેજીનો દર ઘટતો જાય છે."

નિયમની ધારણો :-

(1) બે વસ્તુ X અને Y છે જે બંને એકબીજાની અવેજી વસ્તુ છે.

(2) ગ્રાહક X અને Y ના દરેક સંયોજનમાંથી એક સરખો સંતોષ પ્રાપ્ત કરે છે.

(3) ગ્રાહક પાસે 25 Y છે અને શૂન્ય X છે.

- **ઉદાહરણ દ્વારા સમજૂતી.**

સરખો સંતોષ દર્શાવતાં સંયોજનો.	X વસ્તુના એકમો	Y વસ્તુના એકમો	સીમાંત અવેજીનો દર
A	0	25	-
B	1	20	1X=5Y
C	2	16	1X=4Y
D	3	13	1X=3Y
E	4	11	1X=2Y
F	5	10	1X=1Y

ઉપરોક્ત કોષ્ટકમાં X અને Y વસ્તુના જુદા જુદા સંયોજનો દર્શાવવામાં આવ્યાં છે. ગ્રાહક પાસે Yના 25 એકમ છે ત્યારે Xના શૂન્ય એકમો છે. તે Xના ક્રમશઃ 1, 2, 3, 4 5 એકમો ખરીદે છે ત્યારે તેની પાસે Yના ક્રમશઃ 20, 13, 11 અને 10 એકમો બચે છે. એટલે કે Xના દરેક એકમ માટે ગ્રાહક ક્રમશઃ 5, 4, 3, 2 અને 1 એકમો એટલે કે ઓછાને ઓછા એકમો જતા કરવા તૈયાર થાય છે.



આકૃતિમાં A બિંદુ દર્શાવે છે કે ગ્રાહક પાસે માત્ર Yના 25 એકમ છે. જ્યારે Xના શૂન્ય એકમો છે. B બિંદુએ 1X અને 20Y એકમોનું સંયોજન પ્રાપ્ત થાય છે. તેજ રીતે ક્રમશઃ C, D, E અને F બિંદુએ Xના પ્રત્યેક એકમે Yના ક્રમશઃ 16, 13, 11 અને 10 એકમો પ્રાપ્ત થાય છે. આ તમામ બિંદુઓને જોડતા જે રેખા પ્રાપ્ત થાય છે તેને સમતૃપ્તિ રેખા કે તટસ્થરેખા કહે છે. તટસ્થરેખા પર આવેલા તમામ બિંદુઓએ એકસરખો સંતોષ પ્રાપ્ત કરે છે.

આકૃતિમાં તટસ્થરેખા ઋણ ઢાળવાળી બહિર્ગોળ રેખા છે. આથી તેની નીચેના ત્રિકોણો નાના થતાં જાય છે. જે દર્શાવે છે કે Xના એકમ માટે ગ્રાહક Yના ઓછા ને ઓછા એકમો જતાં કરવા તૈયાર થાય છે.

(3) **Y વસ્તુની 'જરૂરિયાત સંતોષવાની શક્તિ'માં વધારો થતો નથી :-**

જો ગ્રાહક પાસે Xનું પ્રમાણ વધવાની સાથે Yની ગ્રાહકોની જરૂરિયાત સંતોષવાની શક્તિમાં વધારો થાય તો Xનું વધારે એકમ મેળવી, સંતોષની એકસરખી સપાટી પર રહેવા માટે, ગ્રાહકે Yના વધુને વધુ એકમ ચૂકવવાં પડશે. એટલે કે X અને Yનો સીમાંત અવેજીનો દર વધે છે.

- **સીમાંત અવેજી દરના નિયમના અપવાદો :-**

(1) *સંપૂર્ણ અવેજી વસ્તુ માટે ઘટતા સીમાંત અવેજીનો દરનો નિયમ લાગુ પડતો નથી.*

(2) *પૂરક વસ્તુઓ માટે ઘટતા સીમાંત અવેજીના દરનો નિયમથી ઉલટું બને છે.*

(3) *પરસ્પર વિરોધી વસ્તુની બાબતમાં સીમાંત અવેજીનો દર ઘટવાને બદલે વધે છે.*

- **ઘટતા સીમાંત અવેજીના દરના નિયમની ઉપયોગિતા :-**

(બ) વ્યકિત, પેઢી કે રાષ્ટ્રને મર્યાદિત સાધનોની ઈષ્ટતમ ફાળવણી કરી મહત્તમ ઉત્પાદન, મહત્તમ સંતોષ કે મહત્તમ કલ્યાણની સપાટી કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેની સમજૂતી સીમાંત અવેજી દરના નિયમમાંથી જાણી શકાય છે.

- **નિયમની મર્યાદાઓ :-**

(1) *આ નિયમમાં ઘટતા સીમાંત તુષ્ટીગુણના નિયમ મુજબ મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેવી ધારણા કરવામાં આવી છે. વાસ્તવમાં સંતોષનો ખ્યાલ માનસિક ખ્યાલ હોવાથી તે અનુભવી શકાય છે પરંતુ માપી શકાતો નથી.*

(2) *અવિભાજય વસ્તુઓ માટે આ નિયમ લાગુ પાડી શકાય નહિ.*

(3) *ગ્રાહકોનું વર્તન તર્કબધ્ધ છે તેવી ધારણા અવાસ્તવિક છે હંમેશા ગ્રાહક બજારની તમામ માહિતીથી સંપૂર્ણ માહિતગાર અને તે તર્કબધ્ધ વર્તન કરે છે તેવું બનતું નથી.*

- **<u>તક રેખા અથવા આવક રેખા અથવા કિંમત રેખા અથવા અંદાજપત્ર રેખા અથવા બજેટ રેખા :</u>-**

- *કોઈપણ વસ્તુની માંગ ગ્રાહકની ખરીદવાની ઈચ્છા, શક્તિ અને વૃત્તિ પર આધાર રાખે છે. તટસ્થ રેખા દ્વારા ગ્રાહકની ખરીદવાની ઈચ્છા કે પસંદગીઓ વ્યક્ત થાય છે. પરંતુ માંગ ખરીદવાની ઈચ્છા ખરીદવાની શક્તિ પર આધાર પર પણ આધાર રાખે છે. આ બાબતને આપણે તકરેખાના ખ્યાલ દ્વારા સમજીએ.*
  ધારો કે ગ્રાહકની આવક 24 રૂ. છે. Xની કિંમત 4 રૂ. અને Yની કિંમત 2 રૂ. છે. તો નીચે પ્રમાણેની પરિસ્થિતિ સર્જાશે.

સંયોજનો	X વસ્તુ	Y વસ્તુ	સીમાંત અવેજીનો દર
A	**0**	**12**	**--**
B	**1**	**10**	**1X = 2Y**
C	**2**	**08**	**1X = 2Y**
D	**3**	**06**	**1X = 2Y**
E	**4**	**04**	**1X = 2Y**
F	**5**	**02**	**1X = 2Y**
G	**6**	**00**	**1X = 2Y**



ઉપરોકત આકૃતિમાં OX ધરી પર X વસ્તુના એકમો અને OY ધરી પર Y વસ્તુના એકમો દર્શાવવામાં આવ્યા છે. A સંયોજને ગ્રાહક પાસે માત્ર Yના 12 એકમો છે. ગ્રાહક Xના પ્રથમ એકમ માટે Yના 2 એકમ ખર્ચ કરે છે. આથી B બિંદુએ 1X અને 10Yનું સંયોજન પ્રાપ્ત કરે છે. એ જ રીતે ક્રમશઃ C, D, E. F બિંદુએ Xના 2, 3, 4, 5 એકમો અને Y નાં 10, 08, 06, 04, 02 એકમો મેળવે છે. Xના 6 એકમે ગ્રાહકની સંપૂર્ણ આવક ખર્ચ થઈ જાય છે આથી Yના શૂન્ય એકમ મળે છે. આ તમામ બિંદુઓને જોડતા પ્રાપ્ત થતી રેખાને તકરેખા કહે છે.

આકૃતિમાં દર્શાવ્યા મુજબ તકરેખા સીધી રેખા છે તેમજ ઋણ ઢાળવાળી છે. તક રેખા નીચેના તમામ ત્રિકોણ એકસરખું કદ ધરાવે છે. જે દર્શાવે છે કે સીમાંત અવેજીનો દર એકસરખો રહે છે. એટલે કે Xના પ્રત્યેક એકમ માટે ગ્રાહક Yના 2 એકમ જતાં કરે છે.

તક રેખાને કિંમતરેખા કે અંદાજપત્ર રેખા પણ કહે છે. કારણ કે ગ્રાહક જ્યાં સુધી તેની બધી આવક X અને Y પાછળ ખર્ચ ના કરે ત્યાં સુધી તે પોતાની ખરીદી કરે છે. તે પોતાની કિંમત રેખાની બહારની બાજુએ આવેલા કોઈપણ સંયોજનને પસંદ કરી શકતો નથી. તેમજ ગ્રાહક સંપૂર્ણપણે પોતાની આવક ખર્ચે છે તે ધારણા કરી હોવાથી તે તકરેખાની અંદરનાંભાગમાં આવેલું કોઈપણ સંયોજન પસંદ કરતો નથી. આથી ગ્રાહક તેની તકરેખા પર આવેલા સંયોજનોમાંથી જ એક સંયોજન પસંદ કરે છે.

તક રેખાના સ્થાનમાં ફેરફાર :-

જો ગ્રાહકની આવકમાં વધારો થાય અથવા કિંમતમાં ઘટાડો થાય તો તકરેખા ઉપર તરફ જશે અને જો ગ્રાહકની આવકમાં ઘટાડો થાય અથવા કિંમતમાં વધારો થાય તો તકરેખા નીચે તરફ ખસશે. જે નીચેની આકૃતિ દ્વારા દર્શાવી શકાય.



આકૃતિમાં દર્શાવ્યા મુજબ PL મૂળ કિંમત રેખા છે. ધારો કે ગ્રાહકની આવક 100 રૂ. છે. X ની કિંમત 2 રૂ. છે અને Y ની કિંમત 2 રૂ. છે ત્યારે ગ્રાહક 50X અથવા 50Y ખરીદી શકે છે. જો X અને Y ની કિંમત ઘટીને 1 રૂ. થાય તો ગ્રાહક હવે Xના વધુમાં વધુ 100 એકમો અથવા Yના વધુમાં વધુ 100 એકમો ખરીદે છે. આથી નવી તકરેખા P1L1- અસ્તિત્વમાં આવે છે. જે મૂળ તક રેખાની ઉપરની તરફ ખસે છે.

જો X અને Yની કિંમત વધીને 4 રૂ. થાયતો ગ્રાહકે હવે Xના વધુમાં વધુ 25 એકમો અથવા Yના વધુમાં વધુ 25 એકમો ખરીદે છે. આથી તકરેખા મૂળ તકરેખાની નીચે તરફ ખસશે અને નવી તકરેખા 52L2 અસ્તિત્વમાં આવે છે.

કિંમતરેખાનું સ્થાન બદલાય છે ત્યારે વસ્તુઓની કિંમત વચ્ચેનો ગુણોત્તર (Px)

PY

બદલાતો ન હોવાથી વસ્તુઓ વચ્ચેની અવેજીનો સીમાંતદર (Y) પણ બદલાતો નથી.

X

આથી કિંમત રેખાનું માંગ સ્થાન બદલાય છે. ઢાળ બદલાતો નથી.

(ii) **તક રેખાના ઢાળમાં ફેરફાર :-**

(a) જો Yની કિંમત સ્થિર રહે અને Xની કિંમતમાં ફેરફાર થાય તો માંગ રેખાનો નીચેનો ઢાળ બદલાય છે. દા.ત. ગ્રાહકની આવક 100 રૂ. છે.

X ની કિંમત 1 = 10 રૂ.
X ની કિંમત 2 = 5 રૂ.
X ની કિંમત 3 = 25 રૂ.
Y ની કિંમત = 10 રૂ. છે.



ઉપરોકત આકૃતિમાં દર્શાવ્યા મુજબ X પ્રથમ કિંમત 10 રૂ. છે ત્યારે ગ્રાહક 10X અથવા Yની કિંમત 10 રૂ. છે ત્યારે ગ્રાહક વધુમાં વધુ 10Y ખરીદે છે. જે PL તક રેખા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. Yની કિંમત સ્થિર રહે છે. Xની કિંમત ઘટીને 5 રૂ. થતાં તે વધુમાં વધુ 10Y અથવા 20X ખરીદે છે. આથી નવી તકરેખા P1L1 અસ્તિત્વમાં આવે છે. Xની કિંમત વધીને 25 રૂ. થતાં તે Xના વધુમાં વધુ 4 એકમો અને Yના વધુમાં વધુ 10 એકમો ખરીદે છે. આથી નવી

તકરેખા P2L2 અસ્તિત્વમાં આવે છે. અહીં Yની કિંમત સ્થિર રહે છે અને Xની કિંમતમાં ફેરફાર થતો હોવાથી તકરેખાનો ઢાળ ઓછો તીવ્ર છે જ્યારે તકરેખા 3નો ઢાળ વધુ તીવ્ર બને છે. કિંમતરેખાનો ઢાળ X અને Y વસ્તુઓ વચ્ચેના અવેજીના સીમાંત અવેજીનો દર $\frac{(Y \quad PX)}{X \quad PY}$ દ્વારા નક્કી થાય છે. જો X અને Y માટેનો સીમાંત અવેજીનો દર બદલાય તો કિંમત રેખાનો ઢાળ બદલાય છે.

(બી) જો Xની કિંમત સ્થિર રહે અને Yની કિંમતમાં ફેરફાર થાય તો કિંમત રેખાનો ઉપરનો ઢાળ બદલાય છે. દા. ત. ગ્રાહકની આવક 100 રૂ. છે.

X ની કિંમત = 10 રૂ.

Y ની કિંમત 1 = 10 રૂ.

Y ની કિંમત 2 = 5 રૂ.

Y ની કિંમત 2 = 20 રૂ. છે.

આથી નીચે મુજબ પરિસ્થિતિ સર્જાશે.



ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ Xની કિંમત 10 રૂ. સ્થિર રહે છે. ગ્રાહક તેની આવકમાંથી વધુમાં વધુ 10 X ખરીદે છે. Yની કિંમત 10 રૂ. છે ત્યારે ગ્રાહક 10Y ખરીદી શકે છે. જે આકૃતિમાં PL તકરેખા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. Yની કિંમત ઘટીને 5 રૂ. થતાં ગ્રાહક હવે વધુમાં વધુ 20Y ખરીદી શકે છે. જ્યારે Xની કિંમત 10 રૂ. સ્થિર હોવાથી તે વધુમાં વધુ 10X ખરીદી શકે છે. આવી નવી તકરેખા P1L1 અસ્તિત્વમાં આવે છે. જેનો ઢાળ PL કરતા વધુ તીવ્ર છે. Yની કિંમત વધીને 20 રૂ.

થતાં ગ્રાહક હવે વધુમાં વધુ 5Y ખરીદી શકે છે. આથી નવી તક રેખા P2L2 અસ્તિત્વમાં આવે છે. જેનો ઢાળ PL તકરેખા કરતાં ઓછો તીવ્ર હોય છે.

ગ્રાહકની સમતુલા :-

<u>પ્રસ્તાવના :-</u>

પ્રો. હિક્સ અને એલને તટસ્થરેખા વિશ્લેષણના આધારે ગ્રાહકની સમતુલા સમજાવવા પ્રયત્ન કર્યો છે. તેઓના મતે તટસ્થારેખાઓ ગ્રાહકની પસંદગી સૂચવે છે જ્યારે કિંમતરેખા કે તકરેખા ગ્રાહક X અને Yના કયા કયા વિકલ્પો ખરીદી શકે છે તેની શકયતાઓ દર્શાવે છે.

- ગ્રાહકની સમતુલાનો અર્થ :- "ગ્રાહક વસ્તુની ખરીદી એવી રીતે કરે છે કે જેથી તેને શકય તેટલો મહત્તમ સંતોષ મળે. ગ્રાહકની સમતુલા એટલે એવી પરિસ્થિતિ કે જ્યાં પહોંચ્યા પછી ગ્રાહક તેની ખરીદીમાં વધારો કે ઘટાડો કરતો નથી. "
  સમતુલાની સ્થિતિએ સ્થિરતાની સ્થિતિ છે. ગ્રાહક સમતુલાની સ્થિતિમાં તર્કબધ્ધ હોય છે.

- **ધારણાઓ :-**
  ગ્રાહકની સમતુલા સમજાવવા માટે નીચે મુજબની ધારણાઓ કરવામાં આવી છે.

(1) ગ્રાહકનું વર્તન તર્કબધ્ધ છે તે મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા ઈચ્છે છે.

(2) વસ્તુના એકમો સમાનગુણી અને વિભાજય છે.

(3) ગ્રાહકના X અને Y વસ્તુના પસંદગીના ધોરણો તટસ્થરેખાના નકશા દ્વારા દર્શાવવામાં આવ્યાં છે અને તે સ્થિર રહે છે.

(4) ગ્રાહકની આવક મર્યાદિત છે અને તે X અને Y વસ્તુ પાછળ સંપૂર્ણપણે ખર્ચ કરે છે. ધારો કે, ગ્રાહકની આવક 100 રૂ. છે.

(5) ગ્રાહક બજારની તમામ પરિસ્થિતિઓથી સંપૂર્ણ માહિતગાર છે.

(6) વસ્તુઓની કિંમત આપેલી છે અને ગ્રાહક તેનાથી માહિતગાર છે. ધારો કે Xની કિંમત 10 રૂ. અને Yની કિંમત 10 રૂ. છે. જે સ્થિર રહે છે.

આકૃતિ દ્વારા સમજૂત



ઉપરોકત આકૃતિમાં OX ધરી પર X વસ્તુના એકમો અને OY ધરી પર Y વસ્તુનાં એકમો દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં તટસ્થરેખાનો નકશો તેમજ તકરેખા દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં તટસ્થરેખા1 પર P_1 અને P_2 બિંદુ આવેલા છે.

આકૃતિમાં તટસ્થરેખા2 પર આવેલું P3 - બિંદુ સૌથી વધુ સંતોષ દર્શાવે છે. આ તટસ્થરેખા ઉપર તરફ તેમ વધુ સંતોષ દર્શાવે છે. આથી P7 બિંદુ સૌથી વધુ સંતોષ દર્શાવે છે. પરંતુ ગ્રાહકની આવક મર્યાદિત છે જો ગ્રાહકની આવક અમર્યાદિત હોત તો P7 બિંદુ પસંદ કરશે. પરંતુ અહીં આવક મર્યાદિત હોવાથી P7 બિંદુ ઈચ્છતા હોય છે. પરંતુ ખરીદવા શકય નથી. એ જ રીતે P6 બિંદુ પણ અશકય છે. કારણ કે P6 બિંદુ પણ તકરેખાથી ઉપરની તટસ્થરેખા પર આવેલું હોવાથી વધુ સંતોષ આપતું હોવા છતાં તે બિંદુએ ખરીદી શકય જ નથી. આથી ગ્રાહક P6 અને P7 બિંદુ પર સમતુલા પ્રાપ્ત નહિ કરી શકે.

તકરેખા X અને Yના વધુમાં વધુ કેટલા એકમો ખરીદી શકય તેની શકયતા દર્શાવે છે. આકૃતિમાં તટસ્થરેખા1 પર P1 અને P2 બિંદુઓ આવેલા છે. જે તટસ્થરેખા 2 પર આવેલા P3 અને તટસ્થરેખા 3 4 2 P4 બિંદુ કરતાં ઓછો સંતોષ આપે છે. આથી ગ્રાહક P3 અથવા

P4 બિંદુ પસંદ કરે છે. પરંતુ ગ્રાહકની આવક હજુ પણ વધુ હોવાથી તે ઉપરની તટસ્થરેખા પર જઈ શકે તેમ હોવાથી તે P1, P2, P3 કે P4 બિંદુ પસંદ કરતો નથી.

તટસ્થરેખા ૩ પર આવેલું P5 બિંદુ કે જ્યાં તકરેખા અને તટસ્થરેખા એકબીજાને સ્પર્શે છે. અને તે બિંદુએ ગ્રાહક પોતાની સમક્ષ આવક X અને Y વસ્તુ પાછળ ખર્ચ કરે છે. આથી P5 બિંદુએ ગ્રાહક મહત્તમ સંતોષ મેળવી સમતુલા પ્રાપ્ત કરે છે.

આમ, સમતુલા પ્રાપ્તિ માટે મુખ્ય બે શરતો અનિવાર્ય છે.

(i) તકરેખા અને તટસ્થરેખા એકબીજાને સ્પર્શતી હોવી જોઈએ.

(ii) તટસ્થરેખા ઋણ ઢાળી બહિર્ગોળ હોવી જોઈએ.

જો આ બે શરતો પૂર્ણ થાય તો જ ગ્રાહક સમતુલા પ્રાપ્ત કરી શકે છે. બે માંથી એક પણ શરત ગેરહાજર હોય તો સમતુલા મળતી નથી. જે નીચેની શક્યતાઓ ઉપરથી સમજી શકાય.

જો તટસ્થરેખા અંતર્ગોળ હોય તો ...



જો તટસ્થરેખા અંતર્ગોળ હોય તો S1 બિંદુએ તટસ્થરેખા 2 અને તકરેખા એકબીજાને સ્પર્શે છે ત્યાં ગ્રાહક સમતુલા મેળવે છે S1 બિંદુએ ગ્રાહકને Yના ઓછા અને Xના વધુ એકમો મળે છે. જો ગ્રાહક તટસ્થરેખા ૩ પર આવેલું S2 બિંદુ પસંદ કરી સમતુલા મેળવે તો S2 બિંદુએ Xના ઓછા અને Yના વધુ એકમો મેળવે છે. આમ અહીં ગ્રાહક કયું બિંદુ પસંદ કરશે તે બાબતમાં અસ્થિર બને છે. આથી અહીં ગ્રાહકની સમતુલા અસ્થિર બને છે. આકૃતિમાં તટસ્થરેખા 1 પર

આવેલું S બિંદુ કે જ્યાં તકરેખા અને તટસ્થરેખા 1 એકબીજાને સ્પર્શે છે છતાં ત્યાં સમતુલા આવતી નથી. કારણ કે, S બિંદુ કરતાં ગ્રાહક S1 કે S2 બિંદુ પર વધુ સંતોષ મળતો હોવાથી તે S1 કે S2 બિંદુ પસંદ કરશે. પરંતુ અહીં ગ્રાહકની સમતુલાની એકજ શરત પૂર્ણ થાય છે. કે તકરેખા અને તટસ્થરેખા એક બીજાને સ્પર્શતી હોવી જોઈએ. પણ બીજી શરત તટસ્થરેખા બહિર્ગોળ હોવી જોઈએ તે પૂર્ણ થતી નથી. આથી તટસ્થરેખા અંતર્ગોળ હોય તો ગ્રાહક સમતુલા પ્રાપ્ત કરતો નથી.

જો તટસ્થરેખા કાટખૂણાવાળી હોય તો ...



જો પૂરક વસ્તુઓ હોય તો તટસ્થરેખા કાટખૂણાવાળી હોય છે. અહીં તટસ્થરેખા 1 પર આવેલા P1, P2 અને તટસ્થરેખા 2 પર આવેલા P3 અને P4 બિંદુ ગ્રાહક પસંદ કરતો નથી. કારણ કે P1, P2 સૌથી નીચેની તટસ્થરેખા પર આવેલા હોવાથી ઓછો સંતોષ દર્શાવે છે. P3, P4 બિંદુ ઉપરથી તટસ્થરેખા પર હોવા છતાં તેનાથી વધુ ખરીદી શકય હોવાથી ગ્રાહક P3 કે P4 બિંદુ પસંદ નહિ કરે. P6 બિંદુ તટસ્થરેખા 4 પર એટલે કે સૌથી ઉપરની તટસ્થરેખા પર આવેલું

છે. આથી તે સૌથી વધુ સંતોષ દર્શાવે છે. પરંતુ તે તકરેખાથી ઉપરની તટસ્થરેખા પર આવેલું હોવાથી અશકય છે. P5- *બિંદુએ તકરેખા અને તટસ્થરેખા ૩ એક બીજાને સ્પર્શે છે. આથી ગ્રાહક* P5 *બિંદુએ સમતુલા પ્રાપ્ત કરે છે.*

જો તટસ્થરેખા સીધી રેખા હોય તો ...



*જો સંપૂર્ણ અવેજી વસ્તુ હોય તો તટસ્થરેખા સીધી રેખા હોય છે. આકૃતિમાં તટસ્થરેખા*1 *પર આવેલું* P1 *બિંદુ તટસ્થરેખા ૨ પર આવેલા* P2 *બિંદુ વધુ સંતોષ આપતું હોવાથી* P2 *બિંદુ પસંદ કરશે.* P4 *બિંદુ સૌથી ઉપરની તટસ્થરેખા* 4 *પર આવેલું હોવાથી સૌથી વધુ સંતોષ દર્શાવે છે. તેમ છતાં ગ્રાહક* P4 *બિંદુ સુધી જઈ શકતો નથી. કારણ કે ગ્રાહકની આવક મર્યાદિત છે.* P5 *બિંદુએ તકરેખા અને તટસ્થરેખા* 3 *એક બીજાને સ્પર્શે છે. અને તે બિંદુએ ગ્રાહક પોતાની સમગ્ર આવક* X *અને* Y *વસ્તુ પાછળ ખર્ચ કરે છે. આથી* P5 *બિંદુએ ગ્રાહક મહત્તમ સંતોષ પ્રાપ્ત કરી સમતુલા પ્રાપ્ત કરે છે.*

ચાવી રૂપ શબ્દો (Key Words)

(1) *ભાવ વપરાશ વક્ર : જ્યારે ચીજવસ્તુના ભાવમાં ફેરફારના કારણે અંદાજપત્ર ભાવ રેખા ખસે છે ત્યારે તટસ્થતા વક્ર સહિત અંદાજપત્ર ભાવ રેખાની સ્પર્શ રેખાના બધા બિંદુઓનો તે બિંદુ પથ હોય છે.*

(2) *તટસ્થતા વક્ર : તટસ્થતા સૂચિનું આલેખમાં નિરૂપણ.*

(3) *તટસ્થતા સૂચિ : તે એકસરખો સંતોષ આપતાં* X *અને* Y *ના બધાં સંયોજનોનું કોષ્ટક રૂપે નિરૂપણ કરે છે.*

(4) *અવેજીનો સીમાન્ત દર :* X *નો એક વધુ એક મેળવવા માટે, સીમાન્ત સ્થિતિમાં, વપરાશકાર* Y *નો જે જથ્થો જતો કરવા તૈયાર હોય તેને* Y *ના ના બદલે* X *મેળવવાના અવેજીના સીમાન્ત દર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.*

<u>પ્રશ્નો</u>

(1) *ટૂંકનોંધ લખો : અવેજીનો સીમાંત દર.*

(2) *તટસ્થતા વક્રોના ગુણ ધર્મો જણાવો.*

(3) *તટસ્થતા વક્રની સહાય વડે વપરાશકાર દ્વારા સમતોલ સ્થિતિએ પહોંચવાની બાબત સમજાવો.*

(4) *અંદાજપત્ર ભાવ રેખા એક અને માત્ર એક તટસ્થતા વક્રની સ્પર્શરેખા હોય છે એ દર્શાવો.*

<u>MCQ</u>

(1) *તટસ્થરેખાઓના સમૂહમાંથી સૌથી ઊંચી તટસ્થરેખા પસંદ કરવા કઈ ઉપભોક્તાની મર્યાદાઓ જણાવો.*

(અ) આવક પ્રમાણ (બ) વસ્તુઓની બજાર કિંમત

(ક) બજેટરેખા (ડ) વસ્તુઓની આવક કિંમત.

(2) *બજારરેખા એટલે શું ?*

(અ) સંયોજનો દર્શાવતી રેખા (બ) આવક દર્શાવતી રેખા

(ક) કરવેરા (ડ) બજાર કિંમત દર્શાવતી રેખા.

(3) *તટસ્થરેખા એટલે કેટલા અવેજી વસ્તુઓનો સમાન સંતોષ આપતા સંયોજનો દર્શાવતી રેખા.*

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

(4) સીમાંત અવેજીનો દર એટલે શું ?

(અ) વસ્તુ X અને Y અવેજી

(બ) વસ્તુ Y અને X અવેજી

(ક) વસ્તુ Z અને Y અવેજી

(ડ) વસ્તુ Y અને Z અવેજી.

(5) સીમાંત અવેજીના દરનું બીજું નામ જણાવો.

(અ) તુષ્ટિગુણ (બ) વૈયકિતક દર (ક) એકસરખો દર

(ડ) સમતુલાનો છે

(6) બજેટ રેખાનું બીજુ નામ શું છે ?

(અ) તકરેખા, કિંમતરેખા (બ) એકસરખી રેખા

(ક) ઋણ રેખા (ડ) સમતૃપ્તિ રેખા.

જવાબ :

(1) અ (2) ડ (3) અ (4) અ (5) બ (6) અ

2.4 વપરાશકારની માંગ :

પ્રસ્તાવના :-

સામાન્ય રીતે માંગનો અર્થ વ્યક્તિની કંઈક મેળવવાની ઈચ્છા અથવા જરૂરિયાત એવો કરવામાં આવે છે. પરંતુ અર્થશાસ્ત્રમાં માંગનો અર્થ જુદો છે. અહીં આપણે માંગનો અર્થ સમજવા માટે નીચેની શરતો સમજવી જરૂરી છે.

(1) ઈચ્છા :-

ગ્રાહકને વસ્તુ ખરીદવાની ઈચ્છા હોવી જોઈએ જો ગ્રાહકની કોઈ વસ્તુ કે સેવા ખરીદવાની ઈચ્છાજ ન હોય તેની માંગ થશે નહિ. દા.ત. રેતી, ઝેર, ઈંટ જેવી નિર્જીવ વસ્તુઓની માંગ કરતો નથી. કારણ કે નિર્જીવ વસ્તુઓની ઈચ્છા હોતી નથી. જે જીવંત છે તેની શારીરિક-માનસિક જરૂરિયાતો હોય છે, તેથી તે ઈચ્છા કરે છે. અને તેથી તે વસ્તુની માંગ કરે છે.

(2) **ખરીદશક્તિ :-**

ગ્રાહક વસ્તુ ખરીદવાની ઈચ્છા ધરાવતો હોય પરંતુ તે વસ્તુ ખરીદવાની તેની શક્તિ ન હોય તો માંગ થઈ શકે નહિ. દા. ત. કોઈ વ્યક્તિ મર્સીડીઝ ગાડી લેવાની ઈચ્છા ધરાવતો હોય પરંતુ તે ગાડી ખરીદવા જેટલા તેની પાસે પૈસા ન હોય તો માંગ થતી નથી. આથી, વસ્તુ ખરીદવાની ઈચ્છા સાથે તે વસ્તુ ખરીદવાની શક્તિ પણ હોવી જરૂરી છે. તો જ માંગ શક્ય બને છે.

(3) ખર્ચ કરવાની વૃત્તિ :-

ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છા હોય, ખરીદવાની શક્તિ પણ હોય પણ ખરીદવાની વૃત્તિ ન હોય તો માંગ ન થાય. કેટલાક ગ્રાહકો કંજૂસ હોય છે. વસ્તુ ખરીદવાની ઈચ્છા અને તે માટે તેની પાસે પૈસા હોવા છતાં પૈસા ખર્ચ કરવા તૈયા થતાં નથી. જો તે પૈસા ખર્ચ કરવા તૈયાર હોય તો જ ઈચ્છા માંગ બને છે.

(4) સમયની અનુકૂળતા :-

ઘણીવાર વ્યક્તિની વસ્તુ ખરીદવાની ઈચ્છા, શક્તિ અને વૃત્તિ હોય પણ તે વસ્તુ ખરીદવા જવા માટે સમય ન મળતો હોયતો પણ માંગ તે સમયે થતી નથી. આથી માંગ માટેની ચોથી શરત સમયની અનુકૂળતા છે. દા.ત. વ્યક્તિ કોમ્પ્યુટર ખરીદવા ઈચ્છે છે, તેની શક્તિ અને વૃત્તિ છે છતાં તે ખરીદવા માટે વ્યક્તિને દુકાન સુધી જવાનો સમય ન હોય તો તે કોમ્પ્યુટરની માંગ થતી નથી.

(5) વસ્તુની ઉપલબ્ધિ :-

વસ્તુની ખરીદવાની ઈચ્છા, શક્તિ, વૃત્તિ હોય, ગ્રાહક પાસે વસ્તુ ખરીદવાનો સમય પણ હોય પરંતુ બજારમાં તે વસ્તુ ઉપલબ્ધ ન હોય તો માંગ થઈ શકે નહિ. દા.ત. વ્યક્તિ Apple *નો* Iphone- II *લેવા ઈચ્છે છે, તેની ફોન ખરીદવાની શક્તિ, વૃત્તિ છે અને સમયની અનુકૂળતા પણ છે પરંતુ બજારમાં તે મોબાઈલ ફોન ઉપલબ્ધ ન હોય તો તેની માંગ થઈ શકે નહિ. આથી માંગની પાંચમી શરત વસ્તુની ઉપલબ્ધિની છે. તો જ માંગ થઈ શકે.*

(6) સમયનો સંદર્ભ :-

કેટલીક વસ્તુઓની માંગ સમય આધારિત હોય છે. સમય બદલાતા માંગ પણ બદલાય છે. જેમ કે શિયાળામાં ગરમ કપડાની માંગ, ચોમાસામાં છત્રી કે રેઈનકોટની.

(7) **ભવિષ્યના ભાવ વિશેના અંદાજો :-**

ભવિષ્યનાંભાવ વિશેના અંદાજો પણ માંગમાં ફેરફાર લાવે છે. જો ભવિષ્યમાં વસ્તુનાંભાવ ઘટવાનો અંદાજ હોય તો વર્તમાનમાં વસ્તુનો ભાવ વધ્યો ન હોવા છતાં વસ્તુની માંગ ઘટે છે અને જો ભાવ વધવાનો અંદાજ હોય તો વર્તમાનમાં ભાવ ઘટયાં ન હોવા છતાં વસ્તુની માંગ વધે છે.

- *માંગનું વિધેય :- ગ્રાહકની માંગને અસર કરતાં અન્ય પરિબળો યથાવત રહે અને કિંમતમાં ફેરફાર થાય તો માંગમાં ફેરફાર થાય છે એટલે કે માંગનો આધાર કિંમત પર હોય તો માંગનું વિધેય નીચે મુજબ લખી શકાય.*

Dx = f (Px, y, t, Py, Pz)

dx = x *વસ્તુની માંગ*
Px = x *વસ્તુની કિંમત*
Y = *ગ્રાહકની આવક*
T = *ગ્રાહકની રુચિ*
Py = Y *વસ્તુની કિંમત – પુરક વસ્તુ*
Pz = Z *વસ્તુની કિંમત – અવેજી વસ્તુ.*

- **બજારની માંગ નક્કી કરતા પરિબળો :-**

(1) વસ્તીનું કદ :-

અન્ય પરીબળો યથાવત્ રહે અને માત્ર વસ્તીનું કદ વધે તેમ બજારમાં વસ્તુઓની માંગ વધે છે. એટલે કે દેશમાં જન્મદર વધે, મૃત્યુદર ઘટે, અન્ય દેશમાંથી વસ્તુનું સ્થળાંતર થાય વગેરેને કારણે વસ્તીનું કદ વધે છે. અને એનાથી ઉલટું જો જન્મદર ઘટે, કે મૃત્યુદરમાં વધારો થાય, કે નાનો દેશ હોય તો વસ્તીનું કદ ઘટે તો માંગ ઘટે છે.

(2) આવકની વહેંચણી :-

જો દેશમાં રાષ્ટ્રીય આવકની અસમાન હોય એટલે કે દેશની કુલ રાષ્ટ્રીય આવકમાંથી ગરીબોને ઓછો ભાગ મળે અને ધનિકોને વધુ આવક મળે તો ધનિકો દ્વારા ઉપયોગમાં લેવાતી મોજશોખની કે સુખસગવડની વસ્તુઓની માંગ વધશે. જો આવકની વહેંચણીમાં ગરીબ વર્ગને આવકની ફાળવણી વધુ કરવામાં આવે તો ગરીબો દ્વારા વપરાશમાં લેવાતી પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓની માંગ વધશે.

માંગનો નિયમ :-

વસ્તુની કિંમત અને માંગ વચ્ચેના સંબંધની રજૂઆત માંગના નિયમ દ્વારા કરવામાં આવી છે.

માર્શલના મતે :-

" અન્ય પરિબળો સ્થિર રહેતાં કોઈ એક વસ્તુની કિંમતમાં વધારો થતાં તેની માંગમાં ઘટાડો થાય છે અને કિંમતમાં ઘટાડો થતાં તેની માંગમાં વધારો થાય છે."

પ્રો. બેનહામની વ્યાખ્યા :-

" અન્ય પરિબળો યથાવત રહેતા અમુક કિંમતે થતી વસ્તુની માંગ તેનાથી વધારે કિંમતે થતી વસ્તુની માંગ કરતાં વધારે હોય છે."

પ્રો. કેનરીઝ :- *"વસ્તુની માંગનો અર્થ લોકો કેટલા પ્રમાણનાં તેની માંગ કરે છે તેવો નથી થતો. પરંતુ અસરકારક માંગનો અર્થ આપેલી કિંમતે આપણે કેટલા પ્રમાણમાં વસ્તુની ખરીદી કરીએ છીએ તેના પરથી થાય છે."*

- **<u>ધારણાઓ :-</u>**

(1) ગ્રાહકની આવક સ્થિર રહે છે :-

માંગના નિયમમાં ગ્રાહકની આવકને સ્થિર ધારી લેવામાં આવે છે. કિંમતમાં ફેરફાર થવાની સાથે જો ગ્રાહકની આવકમાં ફેરફાર થાય તો ગ્રાહકની વસ્તુની માંગમાં પણ ફેરફાર થાય છે. જો કિંમત વધવાની સાથે ગ્રાહકની આવક વધે તો માંગ ઘટવાને બદલે વધે છે અને કિંમત ઘટે તો માંગ ઘટે છે. આથી અહીં વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ સાચો સાબિત કરી શકાતો નથી.

(2) ગ્રાહકની સંખ્યા :-

ગ્રાહકની સંખ્યાને અહીં સ્થિર ધારી લેવામાં આવી છે. કિંમત વધવાની સાથે જો ગ્રાહકની સંખ્યા વધે તો માંગ ઘટવાને બદલે વધે છે અને કિંમત ઘટે તેની ગ્રાહકની સંખ્યા ઘટે તો માંગ ઘટે છે. આથી અહી કિંમત અને માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ સમજાવી શકાતો નથી.

(3) ગ્રાહકની રુચિ, ફેશન, ટેવ બદલાતા નથી :-

વસ્તુની કિંમત વધે તે સમયે ગ્રાહકની તે વસ્તુ પ્રત્યેની રુચિ, ફેશન, ટેવ બદલાતા નથી તેવી ધારણા કરવામાં આવી છે. તો જ નિયમ સાચો કરે છે.

(4) વસ્તુની ગુણવત્તા :-

અહીં જે વસ્તુની માંગનો વિચાર કરવામાં આવે છે. તેની ગુણવત્તા સ્થિર ધારી લેવામાં આવી છે તો જ માંગનો નિયમ સાચો સાબિત કરી શકાય કેમ કે જો વસ્તુની કિંમત વધવાની સાથે તેની ગુણવત્તામાં પણ સુધારો થાય તો જે ગ્રાહકો વસ્તુની ગુણવત્તાને મહત્ત્વ આપે છે તે વસ્તુની માંગ ઘટાડતા નથી.

(5) અન્ય વસ્તુના ભાવો :-

વસ્તુની અન્ય અવેજી કે હરીફ વસ્તુનાં ભાવોને અહીં સ્થિર ધારવામાં આવ્યાં છે. કેમ કે, જો વસ્તુની કિંમતમાં વધારો થાય તેની સાથે અન્ય વસ્તુની કિંમતમાં પણ વધારો થાય તો વસ્તુની માંગ ઘટતી નથી. આથી અન્ય વસ્તુઓના ભાવ સ્થિર હોય તો જ કિંમત અને માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ સમજાવી શકાય.

(6) ભવિષ્યના ભાવ વિશેના અંદાજો :-

ભવિષ્યના ભાવ વિશેના અંદાજો પણ સ્થિર ધારી લેવામાં આવ્યાં છે. કારણ કે જો ભવિષ્યમાં ભાવ વધવાના અંદાજ હોય તો વર્તમાનમાં ભાવ સ્થિર હોવા છતાં માંગ વધે છે. અને જો ભાવ ઘટવાના અંદાજ હોય તો વર્તમાનમાં ભાવ સ્થિર હોવા છતાં માંગ ઘટે છે. આથી અહીં ભવિષ્યના ભાવ વિશેના અંદાજો પણ સ્થિર રહેવા જોઈએ તો જ કિંમત અને માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ સમજાવી શકાય.

- **માંગની અનુસૂચિ :-**

માંગના નિયમને સમજાવા માટે ગ્રાહક વસ્તુની જુદી જુદી કિંમતે કેટલી માંગ કરે છે તે દર્શાવતી અનુસૂચિ એટલે માંગની અનુસૂચિ ધારો કે, ગ્રાહક બજારમાં કોઈ એક X વસ્તુ ખરીદવા માટે જાય છે. તેની જુદી જુદી કિંમતે ગ્રાહક કેટલી માંગ કરે છે તે નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે.

X વસ્તુની કિંમત (રૂપિયામાં)	*X વસ્તુની માંગ (એકમમાં)*
10	500
20	400
30	300
40	200
50	100

ઉપરોકત અનુસૂચિમાં X વસ્તુની જુદીજુદી કિંમતે ગ્રાહકની માંગ દર્શાવવામાં આવી છે. Xની કિંમત 10 રૂ. છે ત્યારે માંગ 500 એકમ જેટલી છે. કિંમત અનુક્રમે વધીને 20 રૂ., 30 રૂ. 40 રૂ. અને 50 રૂ. થતાં માંગ અનુક્રમે ઘટીને 400 એકમ, 300 એકમ, 200 એકમ અને 100 એકમ થાય છે.

આકૃતિ દ્વારા સમજૂતી :-



<u>માંગના નિયમના અપવાદો :</u>-

માંગનો નિયમ બધી જ વસ્તુઓ માટે લાગુ પડતો નથી. કેટલાક અપવાદરૂપ સંજોગોમાં માંગના નિયમથી ઉલટું બને છે. એટલે કે આવી વસ્તુઓની કિંમત વધે તો માંગ ઘટવાને બદલે વધે છે. માંગના નિયમના કેટલાક અપવાદો નીચે મુજબ છે.

(1) ગિફન વસ્તુઓ (હલકા પ્રકારની વસ્તુઓ) :-

હલકા પ્રકારની વસ્તુઓની બાબતમાં માંગનો નિયમ લાગુ પડતો નથી. એટલે કે હલકા પ્રકારની વસ્તુ કે જેનો ઉપયોગ ગરીબ લોકો કે ઓછી આવકવાળા કરતાં હોય છે. જેવી બાજરી, જુવાર, બરછટ કાપડ વગેરે. આવી વસ્તુઓની કિંમત વધતાં ગ્રાહક પોતાની આવકનો અમુક ભાગ સારા પ્રકારની વસ્તુઓ પાછળ ખર્ચ કરતો હોય છે. જો હલકા પ્રકારની વસ્તુની કિંમત વધે તો તેની આવકનો જે હિસ્સો સારા પ્રકારની વસ્તુ પાછળ ખર્ચ કરે છે તે હલકા પ્રકારની વસ્તુ પાછળ ખર્ચ કરવો પડે છે એટલે હલકા પ્રકારની વસ્તુની માંગ વધે છે. જો હલકા પ્રકારની વસ્તુની કિંમત ઘટે તો ગ્રાહકની ખરીદશક્તિ વધવાથી તે હલકા પ્રકારની વસ્તુની માંગ ઘટાડે છે અને સારા પ્રકારની માંગમાં વધારો કરે છે. હલકા પ્રકારની વસ્તુઓનો સૌ પ્રથમ ખ્યાલ રોબર્ટ ગિફને આપ્યો હોવાથી આવી વસ્તુઓને ગિફન વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે.

(2) પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓ :-

જે વસ્તુ વ્યક્તિ પાસે હોય તેનાથી તેની પ્રતિષ્ઠામાં વધારો થાય તેવી વસ્તુને પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુ કહે છે. દા.ત. હીરા, માણેક, મોતી, નીલમ વગેરે. આવી વસ્તુઓની માંગ ધનિક લોકો કરતાં હોય છે. જો આવી વસ્તુઓની કિંમત વધે તો તેનું પ્રતિષ્ઠા મૂલ્ય ઊંચું જાય છે. આથી ધનિક વર્ગ કે જેમણે સમાજમાં પોતાની પ્રતિષ્ઠા બતાવવી છે તેઓ આવી વસ્તુઓની માંગ વધારે છે. એથી ઉલટું જો પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓની કિંમત ઘટે તો તેનું પ્રતિષ્ઠા મૂલ્ય નીચું જાય છે. આથી ધનિક વર્ગ આવી વસ્તુઓની માંગ ઘટાડે છે. આમ, પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓ માટે માંગનો નિયમ લાગુ પડતો નથી.

(3) અત્યંત સસ્તી વસ્તુઓ :-

મીઠું, વર્તમાનપત્ર, ટાંકણી, પોસ્ટકાર્ડ જેવી અત્યંત સસ્તી વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય તો પણ તેમની માંગમાં કોઈ ફેરફાર થતો નથી. તે ઉપરાંત જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમજ નાશવંત વસ્તુઓને પણ માંગનો નિયમ લાગુ પાડી શકાતો નથી.

(4) ગ્રાહકની અજ્ઞાનતા :-

કેટલીક વાર ગ્રાહકો વસ્તુની ગુણવત્તા એની પ્રાપ્તતા વિશે સંપૂર્ણ માહિતગાર હોતા નથી. તેમજ તેઓ એવી માન્યતા ધરાવતાં હોય છે કે વસ્તુની કિંમત વધારે હોય તો કિંમત વધે છતાં તેની માંગ ઘટાડવાને બદલે વધારે છે.

2.5 માંગમાં વિસ્તરણ – સંકોચન :

પ્રસ્તાવના :-

વસ્તુની માંગમાં ફરેફાર થતાં ચારે મુખ્યત્વે પ્રકારના પરિબળો છે. (1) *વસ્તુની કિંમતમાં ફેરફાર અને* (2) *અન્ય પરિબળો જેવા કે ગ્રાહકની આવક, ગ્રાહકની સંખ્યા, ગ્રાહકની રુચિ, ફેશન, ટેવ વસ્તુની ગુણવત્તા, અન્ય વસ્તુની કિંમત અને ભવિષ્યના ભાવ વિશેના અંદાજો.*

માંગના ફેરફાર થવા માટે જવાબદાર પરિબળોના લીધે માંગમાં થતાં ફેરફારને માંગનું વિસ્તરણ અને માંગનું સંકોચન તેમજ માંગમાં વધારો- માંગમાં ઘટાડો આ બંને બાબતોને આપણે વિગતવાર સમજીએ.

(1) માંગનું વિસ્તરણ- સંકોચન :-

અન્ય પરિબળો યથાવત રહેતાં વસ્તુની કિંમતમાં વધારો થાય તેના લીધે માંગમાં સંકોચન અને કિંમતમાં ઘટાડો થાય તેના લીધે માંગમાં વિસ્તરણ થાય છે. જેને આકૃતિ દ્વારા સમજીએ.



આકૃતિમાં OX *ધરી પર વસ્તુની માંગ અને* OY *ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં અવી છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ વસ્તુની કિંમત* 20 *રૂ. છે ત્યારે વસ્તુની માંગ* 200 *એકમની છે. જે* A *બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કિંમત વધીને* 30 *રૂ. થતાં માંગ ઘટીને* 100 *એકમ થાય છે. જે*

આકૃતિમાં B બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કિંમતમાં વધારો થતાં ગ્રાહકની માંગ A બિંદુથી ખસીને B બિંદુને થાય છે. આમ, A થી B બિંદુ તરફની ગતિ માંગનું સંકોચન છે.

જો વસ્તુની કિંમત ઘટીને 10 રૂ. થાય તો માંગ વધીને 300 એકમ થાય છે. જે આકૃતિમાં C બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કિંમતમાં ઘટાડો થતાં ગ્રાહકની માંગ A બિંદુથી ખસી C બિંદુએ થાય છે. આમ, A થી C બિંદુ તરફની ગતિ એ માંગનું વિસ્તરણ છે.

(2) **માંગમાં વધારો - ઘટાડો :-**

જ્યારે વસ્તુની કિંમત સ્થિર રહે અને અન્ય પરિબળોમાં ફેરફાર થાય તો માંગમાં વધારો અથવા માંગમાં ઘટાડો થાય છે. જે નીચેની આકૃતિ દ્વારા સમજી શકાય.



વસ્તુની માંગ.

ઉપરોકત આકૃતિમાં OX ધરી પર વસ્તુના એકમો અને OY ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં આવ્યાં છે. જ્યારે OP કિંમત છે ત્યારે ગ્રાહક OM એકમોની માંગ કરે છે. જે DD રેખા પર આવેલા A બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કિંમત સિવાયના અન્ય પરિબળો બદલાતા માંગ કરે છે. જે DD રેખા પર આવેલા A બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. કિંમત સિવાયનાં અન્ય પરિબળો બદલાતા વસ્તુની માંગ વધીને OM એકમો જેટલી થાય છે. આથી મૂળ માંગ રેખા DD ની જમણી બાજુ ઉપર તરફ નવી માંગ રેખા D1D1 અસ્તિત્વમાં આવે છે. જે મુજબ ગ્રાહક OPકિંમતે OM એકમોની માંગ કરે છે. આમ, માંગમાં MM1 જેટલો

વધારો થાય છે. અહીં કિંમત વધીને OP થાય છે તો પણ ગ્રાહક O1Y1 એકમો જેટલી જ માંગ કરે છે જે આકૃતિમાં B બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

જો કિંમત સિવાયના અન્ય પરિબળો બદલાતા વસ્તુની માંગ ઘટીને O1Y2 જેટલી થાય છે. આથી મૂળ માંગ રેખા DD ની ડાબી બાજુ નીચે તરફ નવી માંગ રેખા D2D2 અસ્તિત્વમાં આવે છે. જે મુજબ OP કિંમતે ગ્રાહક OM2 એકમોની માંગ કરે છે. અહીં ગ્રાહક OP2 કિંમત આપવાની થાય તો પણ ગ્રાહક OM2 એકમોની જ માંગ કરે છે. જે આકૃતિમાં C બિંદુ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. માંગમાં MM2 જેટલો ઘટાડો થાય છે. અહીં ગ્રાહક OP2 કિંમત આપવા તૈયાર થાય છે.

તારણ :-

(i) માંગમાં કિંમત અથવા કિંમત સિવાયના અન્ય પરિબળોથી ફેરફાર થાય છે.

(ii) કિંમતમાં ફેરફાર થવાથી માંગનું વિસ્તરણ કે સંકોચન થાય છે.

(iii) કિંમત સિવાયના અન્ય પરિબળોમાં ફેરફાર થવાથી માંગમાં વધારો કે ઘટાડો થાય છે.

(iv) માંગનું વિસ્તરણ-સંકોચન એકજ માંગરેખા પર થાય છે.

(v) માંગનો વધારો - ઘટાડો થતાં માંગનું સ્થાન બદલાય છે. અને નવી માંગ રેખા અસ્તિત્વમાં આવે છે.

ચાવી રૂપ શબ્દો :

(1) માંગ સૂચિ : ચીજવસ્તુ માટે જુદી જુદી ભાવ સપાટીએ તે ચીજવસ્તુના માંગવામાં આવતા જથ્થાઓ દર્શાવતું કોષ્ટક.

(2) માંગમાં ફેરફાર : માંગ વક્ર ઉપર અમુક બિન્દુને અનુલક્ષીને માંગ વક્ર ઉપર ગતિ.

(3) માંગ : ખરીદ શક્તિના પીઠ બળવાળી વપરાશ કારની જરૂરિયાત.

(4) ગિફિન ચીજવસ્તુ : એવી ચીજવસ્તુની કે જેની બાબતમાં ચીજ વસ્તુનો ભાવ અને તેના માંગેલા જથ્થા વચ્ચે સીધો સંબંધ હોય છે.

(5) આવક અસર : તે વપરાશકારની આવકમાં ફેરફારની ચીજવસ્તુના માંગવામાં આવવા જથ્થા ઉપરની અસર દર્શાવે છે.

(6) માંગ વક્ર : ચીજવસ્તુના ભાવો અને તેના માંગવામાં આવતા જથ્થામાં જુદા જુદા સંયોજનો દર્શાવતી રેખા અથવા વક્ર તે સામાન્ય રીતે નીચેની તરફ ડાબીથી જમણી બાજુ રહે છે.

(7) સામાન્ય ચીજવસ્તુ : એવી ચીજવસ્તુ કે જેની બાબત કઈ વપરાશકારની આવક અને ચીજવસ્તુના માંગવામાં આવતા જથ્થા વચ્ચેનો સંબંધ સીધો હોય છે.

(8) *ઊતરતી કક્ષાની ચીજવસ્તુ : એવી ચીજવસ્તુ કે જેની બાબતમાં વપરાશકારની આવક અને ચીજવસ્તુના માંગવામાં આવતા જથ્થા વચ્ચે વિપરીત સંબંધ હોય છે.*

પ્રશ્નો

(1) *બજાર માટે ચીજવસ્તુની માંગ નક્કી કરતાં મુખ્ય પરિબળો સમજાવો.*
(2) *માંગ સૂચિ અને માંગ વકની મદદથી માંગનો સિદ્ધાંત સમજાવો.*
(3) *ઉતરતી કક્ષાની ચીજ અને ગિફિન ચીજ વચ્ચેનો ભેદ સમજાવો.*
(4) *સરકાર ભાવ નીતિ નક્કી કરવામાં અને કર તથા આર્થિક સહાયની નીતિ મટે માંગના નિયમનો શો ઉપયોગ કરી શકે ?*
(5) *ચીજવસ્તુની જરૂરિયાત અને માંગ વચ્ચેનો ભેદ સમજાવો.*
(6) *વપરાશકાર માટે ચીજવસ્તુની માંગ નક્કી કરનાર પરિબળો કયા છે.*

નીચેના જોડકા જોડો.

(અ)		*(બ)*
(1) *જે તે ચીજવસ્તુનો ભાવ*	------	*વપરાશકારોની અભિપ્રાય*
(2) *અન્ય ચીજવસ્તુઓના ભાવો*	------	*વસ્તીનું કદ, અને*
(3) *વપરાશકારોની આવક*	-----	*આવકની વહેંચણી*

MCQ

(1) *જો વસ્તુના ભાવ વધે અને સાથે સાથે ગ્રાહકની આવક વધે તો માંગ.*
(અ) વધે છે (બ) ઘટે છે (ક) સ્થિર રહે છે. (ડ) કહી ન શકાય.
(2) *માંગ રેખા ઋણ ઢાળ ધરાવે છે એટલે કે ?*
(અ) કિંમત અને માંગ સ્વતંત્ર છે.
(બ) કિંમત અને માંગ વચ્ચે સીધો સંબંધ છે.
(ક) કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.
(ડ) માંગ અને કિંમત વચ્ચે સંબંધ જ નથી.
(3) *ગિફન વસ્તુઓની કિંમત ઘટતા માંગ.*
(અ) વધે છે (બ) સ્થિર રહે છે (ક) (અ) અને (બ) બંને (ડ) ઘટે છે.
(4) *કિંમત અને માંગ વચ્ચ શો સંબંધ હોય છે.*
(અ) વ્યસ્ત (બ) અવ્યસ્ત (ક) ખોટો (ડ) સીધો

જવાબ :

(1) ક (2) ક (3) ડ (4) અ

માંગની સ્થિતિ સ્થાપકતા :

પ્રસ્તાવના :-

આપણે માંગના નિયમમાં જોઈ ગયાં કે કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સબંધ છે. એટલે કે વસ્તુની કિંમત વધે તો માંગનું સંકોચન થાય છે અને કિંમત ઘટે તો માંગનું વિસ્તરણ થાય છે. પરંતુ કિંમતમાં ફેરફાર થવાથી માંગમાં કેટલો ફેરફાર થાય છે તે માંગના નિયમ દ્વારા જાણી શકાતું નથી. કિંમતમાં થયેલા ટકાવારી ફેરફારને કારણે માંગમાં થયેલા ટકાવારી ફેરફારને જાણવા માટે માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી છે. આર્થિક વિશ્લેષણમાં માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ખૂબ જ મહત્વનો છે. અર્થશાસ્ત્ર અને સંચાલકીય અર્થશાસ્ત્રમાં માંગની મૂલ્ય સાપેક્ષતાનું ખૂબ જ મહત્ત્વ છે.

માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ સૌ પ્રથમ પ્રો. આલ્ફ્રેડ માર્શલે 1890 *માં તેમના પુસ્તક* 'Principles of Caonovaico' *માં આવ્યો.*

માંગની મૂલ્ય સાપેક્ષતાનો અર્થ :-

માંગનો નિયમ વસ્તુની કિંમત અને ગ્રાહક દ્વારા થતી તેની માંગ વચ્ચેનું ગુણાત્મક વિધાન છે. પરંતુ આ નિયમ કિંમત અને માંગ વચ્ચે પારિમાણિક સંબંધ દર્શાવતો નથી. દા.ત. કિંમતમાં ઘટાડો થતાં માંગમાં કેટલા પ્રમાણમાં વધારો થશે તેનો કોઈ ચોક્કસ આંક માંગનો નિયમ રજૂ કરતો નથી. આ અંગેની સમજૂતી મેળવવા માંગની મૂલ્ય સાપેક્ષતાનાં ખ્યાલનો ઉપયોગ કરવામાં આવે છે.

" અન્ય પરિબળો યથાવત્ રહેતા વસ્તુની કિંમતમાં થતાં ફેરફારને કારણે તે વસ્તુની માંગમાં થતાં ફેરફારોનું માપ અથવા ગુણોત્તરને માંગની મૂલ્ય સાપેક્ષતા કહે છે."

માંગની મૂલ્ય સાપેક્ષતાનો અર્થ વધુ સારી રીતે સમજવા કેટલાંક અર્થશાસ્ત્રીઓ દ્વારા વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે તે જોઈએ.

પ્રો. આલ્ફ્રેડ માર્શલ :-

"માંગની મૂલ્ય સાપેક્ષતા એટલે કિંમતના સાપેક્ષ ફેરફારો અને તેને લીધે થતાં માંગના સાપેક્ષ ફેરફારોનું ગુણોત્તર પ્રમાણે."

પ્રો. કેઈર્નક્રોસ :-

"માંગની મૂલ્ય સાપેક્ષતા એ એક એવો દર છે કે, તે દરે ખરીદાતી વસ્તુના પ્રમાણમાં, વસ્તુના ભાવમાં આવતા પરિવર્તનો સાથે ફેરફાર થાય છે."

પ્રો. મેયર્સ :-

"આપેલી માંગરેખા પરના ભાવમાં સાપેક્ષ ફેરફાર થતાં તેના પ્રત્યાઘાતરૂપે ખરીદવામાં આવતી વસ્તુના પ્રમાણમાં જે સાપેક્ષ ફેરફાર થાય છે તેનું માપ એટલે માંગની મૂલ્ય સાપેક્ષતા."

પ્રો. આર. જે. લિપ્સી :-

"કિંમતમાં ફેરફાર થવાને લીધે માંગમાં જે ફેરફાર થાય છે તેને માંગની મૂલ્ય સાપેક્ષતા કહે છે."

શ્રીમતી જોન રોબિન્સન :-

"કિંમતમાં થયેલાં થોડા ફેરફારને પરિણામે માંગમાં જેટલાં પ્રમાણમાં ફેરફાર થાય છે, તેને કિંમતમાં થયેલા ફેરફારના પ્રમાણ વડે ભાગવાથી જે આંક આવે, તેને માંગની મૂલ્ય સાપેક્ષતા કહેવામાં આવે છે."

- **સૂત્ર દ્વારા રજૂઆત :-**

માંગની મૂલ્ય સાપેક્ષતા = વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર

વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર

$$Ed = \frac{\triangle D\%}{\triangle P\%}$$

અથવા

$$\text{માંગની મૂલ્ય સાપેક્ષા} = \frac{\frac{\text{માંગમાં ફેરફાર}}{\text{મૂળ માંગ}}}{\frac{\text{કિંમતમાં ફેરફાર}}{\text{મૂળ કિંમત}}}$$

$$Ed = \frac{\frac{DP}{D}}{\frac{\Delta P}{P}} = \frac{\Delta D}{D} \times \frac{P}{\Delta P}$$

ધારો કે, કોઈ વસ્તુની કિંમતમાં 20% *નો ઘટાડો થાય તેને કારણે તેની માંગમાં* 40% *નો વધારો થાય તો, સૂત્ર મુજબ ગણતાં.*

$$Ed = \frac{D\%}{\Delta P\%} \qquad \begin{array}{l} Ed = \text{માંગની મૂ. સા.} \\ D = \text{મૂળ માંગ} \\ \Delta D = \text{માંગમાં થતો ફેરફાર} \\ P = \text{મૂળ કિંમત} \\ \Delta P = \text{કિંમતમાં ફેરફાર} \end{array}$$

$$= \frac{40\%}{20\%}$$

$$= 2$$

અહીં વસ્તુની માંગની મૂલ્યસાપેક્ષતા 2 *છે. એટલે કે કિંમતમાં ફેરફાર થવાથી માંગમાં થતો ફેરફાર બે ગણો છે.*

- **માંગની મૂલ્ય સાપેક્ષતાના પ્રકારો :-**

(1) **સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ (Ed = x)**

કોઈ ચોક્કસ કિંમતે અથવા કિંમતમાં થતાં નજીવા ફેરફારને લીધે વસ્તુની માંગમાં અમર્યાદિત પ્રમાણમાં ફેરફાર થાય છે. જેને સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ કહે છે. સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગની રેખા OX *ધરીને સમાંતર હોય છે.*

દા. ત.

X વસ્તુની કિંમત (રૂ.માં)	X વસ્તુની માંગ (એકમ માં)
5.25	0
5	X



આકૃતિમાં OX ધરી પર વસ્તુની માંગ અને OY ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ કિંમત રૂ. 5.25 હોય ત્યારે માંગ શૂન્ય છે. કિંમત ઘટીને 5 રૂ. થતાં માંગમાં અનંતગણો વધારો થાય છે. જે DD માંગ રેખા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. આકૃતિમાં DD માંગ રેખા OX ધરીને સમાંતર છે. જે દર્શાવે છે કે કિંમતમાં નજીવો ફેરફાર થતાં માંગમાં અનેકગણો ફેરફાર થાય છે.

(2) **સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ (Ed = O)**

વસ્તુની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેની માંગમાં કોઈ જ ફેરફાર ન થાય તો માંગ સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ છે તેમ કહેવાય.

દા. ત.

X વસ્તુની કિંમત (રૂ.માં)	X વસ્તુની માંગ (એકમ માં)
2	100
4	100
6	100



વસ્તુની માંગ (એકમ માં)

ઉપરોકત આકૃતિમાં દર્શાવ્યા મુજબ વસ્તુની કિંમત 2 રૂ. છે ત્યારે માંગ 100 એકમ જેટલી થાય છે. કિંમત વધીને 4 રૂ. કે 6 રૂ. થાય છે. તો પણ માંગ 100 એકમ જેટલી સ્થિર રહે છે. આથી અહીં માંગરેખા OY ધરીને સમાંતર હોય છે. આકૃતિમાં DD માંગરેખા OY ધરીને સમાંતર છે. જે દર્શાવે છે કે કિંમતમાં ગમે તેટલો વધારો થાય માંગમાં કોઈ જ ફેરફાર થતો નથી.

(3) **એકમ કરતાં વધુ મૂલ્ય સાપેક્ષ માંગ (Ed > I)**

કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતા માંગમાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય તો તેને એકમ કરતાં વધુ મૂલ્ય સાપેક્ષ માંગ કહે છે.

દા.ત.

વસ્તુની કિંમત (રૂ.માં)	વસ્તુની માંગ (એકમમાં)
4	50
2	150



આકૃતિમાં OX ધરી પર વસ્તુની માંગ અને OY ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ કિંમત 4 રૂ. છે ત્યારે માંગ 50 એકમ જેટલી થાય છે. કિંમત ઘટીને 2 રૂ. થતાં માંગ 150 એકમ જેટલી થાય છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ X ની કિંમત 4 રૂ. થી ઘટીને 2 રૂ. થતાં માંગ 50 એકમથી વધીને 150 એકમ જેટલી થાય છે. એટલે કે કિંમતમાં 100% ફેરફાર થતાં માંગમાં 150% ફેરફાર થાય છે. આથી DD માંગરેખા ઓછા ઢાળવાળી બને છે.

(4) **એકમ કરતાં ઓછી મૂલ્ય સાપેક્ષ માંગ (Ed<1)**

કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય તો એકમ કરતાં ઓછી મૂલ્ય સાપેક્ષ માંગ કહેવાય.

વસ્તુની કિંમત (રૂ.માં)	વસ્તુની માંગ (એકમ માં)
4	50
2	75



$$Ed = \frac{\Delta D\%}{\Delta P\%} = \frac{25\%}{50\%} = 0.5 < I$$

વસ્તુની માંગ (એકમ માં)

આકૃતિમાં OX ધરી પર વસ્તુના એકમો અને OY ધરી પર વસ્તુની કિંમત દર્શાવવામાં આવી છે. કિંમત 4 રૂ. થી ઘટીને 2 થતાં માંગ 50 એકમથી વધીને 75 એકમ થાય છે. અહીં કિંમત અડધી થતાં માંગ બે ગણી થવાને બદલે માંગમાં દોઢ ગણો વધારો થાય છે. એટલે કે માંગની મૂલ્ય સાપેક્ષતા એકમ કરતાં ઓછી છે. આથી DD માંગરેખા તીવ્ર ઢાળવાળી હોય છે.

(5) એકમ બરાબર મૂલ્ય સાપેક્ષ માંગ (Ed =1)

કિંમતમાં જેટલો ટકાવારી ફેરફાર થાય તેટલો જ ટકાવારી ફેરફાર માંગમાં થાય તેને એકમ મૂલ્ય સાપેક્ષ માંગ કહે છે.

વસ્તુની કિંમત (રૂ.માં)	વસ્તુની માંગ (એકમમાં)
4	50
2	100



$$Ed = \frac{\Delta D\%}{\Delta P\%} = \frac{100\%}{100\%} = 1 = 1.$$

વસ્તુની માંગ (એકમમાં)

આકૃતિમાં દર્શાવ્યા મુજબ કિંમત 4 રૂ. થી ઘટીને 2 રૂ. થતાં માંગ 50 એકમથી 100 એકમ થાય છે. આમ, અહીં કિંમત અડધી થતાં માંગ બે ગણી થાય છે.

એટલે કે કિંમતમાં જેટલો ટકાવારી ફેરફાર થાય છે તેટલો જ ફેરફાર માંગમાં થાય છે. આથી DD *માંગરેખા સપ્રમાણ ઢાળવાળી બને છે.*

- **માંગની મૂલ્ય સાપેક્ષતાને અસર કરતાં / પરીબળો :-**

(1) **પ્રાથમિક વસ્તુ :-**

વ્યક્તિની રોજબરોજની જરૂરિયાતો જેવી કે અનાજ, કપડાં, ખાંડ, તેલ વગેરે વસ્તુઓની માંગ સામાન્ય રીતે મૂલ્ય અનપેક્ષ હોય છે. કારણ કે પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ વ્યક્તિને જીવન ટકાવી રાખવા માટે ખૂબ જ મહત્ત્વની હોવાથી આવી વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેની માંગમાં ખાસ ફેરફાર થતો નથી.

(2) મોજશોખની કે સુખ સગવડની વસ્તુઓ :-

ટી.વી., રેફ્રીજરેટ, મોટરકાર, એરકન્ડીશનર જેવી મોજશોખ અને સુખ સગવડની વસ્તુઓની માંગ મૂલ્ય સાપેક્ષ હોય છે. આવી વસ્તુઓની વ્યક્તિની જીવનમાં ખાસ જરૂર હોતી નથી. આથી આવી વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં માંગમાં વધુ ફેરફાર થાય છે.

(3) ગ્રાહકનાં બજેટમાં વસ્તુનું સ્થાન (અત્યંત સસ્તી વસ્તુ) :-

અત્યંત સસ્તી વસ્તુઓ જેવી કે મીઠું, સોય, ટાંકણી, વર્તમાનપત્ર, પોસ્ટકાર્ડ જેવી અત્યંત સસ્તી વસ્તુઓ કે જેની પાછળ ગ્રાહકની આવકનો ખૂબ જ ઓછો ભાગ ખર્ચ થાય છે. આવી વસ્તુઓની માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. કારણ કે આવી વસ્તુની કિંમતમાં થતાં ફેરફાર નજીવો હોવાથી ગ્રાહકની માંગમાં ખાસ પરિવર્તન આવતું નથી.

(4) અત્યંત મોંઘી વસ્તુ :-

હીરા, માણેક, મોતી, નીલમ, સોનું જેવી અત્યંત મોંઘી વસ્તુઓની માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. આવી વસ્તુઓ જીવન જીવવા માટે મહત્ત્વની હોતી નથી. પરંતુ આવી વસ્તુઓ પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓ હોવાથી ધનિક વર્ગ આવી વસ્તુઓની કિંમતમાં ફેરફાર થવાં છતાં તેની મંગમાં ખાસ ફેરફાર થતો નથી.

(5) અવેજીપણું :-

કોઈ પણ વસ્તુની માંગની મૂલ્ય સાપેક્ષતાનો આધાર તેની અવેજીમાં આવી શકે તેવી વસ્તુઓની સંખ્યા પર હોય છે. જેમ અવેજી વસ્તુઓની સંખ્યા વધુ તેમ માંગ વધુ મૂલ્ય સાપેક્ષ હોય છે. દા.ત. નાહવાના સાબુ જેમ કે ફેરગ્લો, લક્સ, ડવ,ડેટોલ વગેરે. જે કંપનીના સાબુની કિંમત વધે તો તેની માંગ ઘટે અને જે કંપનીના સાબુની કિંમત ઘટે તેની માંગ વધે છે.

જેમ અવેજીની સંખ્યા ઓછી તેમ માંગ ઓછી મૂલ્ય સાપેક્ષ હોય છે. દા.ત. કેરોસીન, પેટ્રોલ વગેરે. જો અવેજી વસ્તુ ન હોય તો માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. દાત. મીઠું

(6) અનિવાર્ય સેવા :-

ડૉકટર, શિક્ષક, વકીલ વગેરે લોકોની અનિવાર્ય સેવાની માંગ સામાન્ય રીતે મૂલ્ય અનપેક્ષ હોય છે. જેમ કે, કોઈ વ્યક્તિ બિમાર હોય તો ડૉકટર ગમે તેટલી ફી વસૂલે તો પણ ગ્રાહક ડૉકટરને વધુ ફી ચૂકવીને પણ ઈલાજ કરાવે છે. અને જો ડૉકટર નિ:શુલ્ક કે ઓછા દરે ઈલાજ કરતાં હોય તો પણ સામે વ્યક્તિ દવા લેવા જતો નથી.

(7) **ખરીદી મુલત્વી રાખી શકાય તેવી વસ્તુ :-**

કેટલીક વસ્તુઓ એવી હોય છે જેની ખરીદી ભવિષ્ય માટે મુલત્વી રાખી શકાય છે. આવી વસ્તુઓની માંગ મૂલ્ય સાપેક્ષ હોય છે. દા.ત. કપડા, ચંપલ, રેફ્રીજરેટર વગેરેનો ભાવ વધે તો ઘણા લોકો તેની ખરીદી મુલત્વી રાખે છે અને કિંમત ઘટે ત્યારે તેની માંગ કરે છે.

(8) **ટકાઉ વસ્તુઓ :-**

ટકાઉ વસ્તુઓની માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. દા.ત. ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, ઘરઘંટી વગેરે જેની એકવાર લીધા પછી લાંબા સમય સુધી જરૂરિયાત રહેતી નથી. આવી વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો વધારો ઘટાડો થાય તેની માંગમાં ખાસ ફેરફાર થતો નથી.

(9) અનેકોપયોગી વસ્તુ :-

કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જે અનેક ઉપયોગમાં લઈ શકાતી હોય છે. દા.ત. વિજળી તેના અનેક ઉપયોગો હોય છે. વીજળી ઘર માટે વપરાય, ફેકટરીમાં ઉત્પાદન માટે, રેલ્વે, વાહન વ્યવહાર, ખેતીક્ષેત્રે ઉપયોગમાં લેવામાં આવે છે. આવી વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હોય છે. જો તેની કિંમતમાં વધારો થાય તો અનેક ઉપયોગમાં તેની માંગ ઘટે છે અને જો તેની કિંમતમાં ઘટાડો થાય તો અનેક ઉપયોગમાં તેની માંગ વધે છે.

(10) ગ્રાહકના બજેટમાં વસ્તુનું સ્થાન :-

ગ્રાહકના બજેટમાં વસ્તુનું મહત્ત્વ કેટલું છે તેનો આધાર તે વસ્તુ પર ગ્રાહક આવકનો કેટલો ભાગ ખર્ચે છે તેના પર છે. જો ગ્રાહકની આવકનો નજીવો ભાગ ખર્ચ થતો હોય તો માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. દા.ત. મીઠું, વર્તમાનપત્ર, ટાંકણી, પોસ્ટકાર્ડ વગેરે આવી વસ્તુઓની કિંમતમાં થતાં ફેરફારની માંગ પર ખાસ અસર થતી નથી.

જો ગ્રાહકની આવકનો મોટો ભાગ જે વસ્તુ પાછળ ખર્ચે છે તેવી વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હોય છે. દા.ત. વીજળીનું બિલ, મકાનભાડું વગેરેની કિંમતમાં ફેરફાર થાય તો ગ્રાહકના સમગ્ર બજેટ પર ખૂબ જ મોટી અસર પડે છે.

(11) **રિવાજી વસ્તુઓ :-**

રિવાજી વસ્તુઓની માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. જે લાંબાગાળે બદલાય છે. દા.ત. લગ્ન પ્રસંગે કરવો પડતો ખર્ચ.

(12) ટેકનીકલ મુશ્કેલીઓ :-

કેટલીક વસ્તુઓની વપરાશ કરવા માટે અન્ય પુરક વસ્તુઓ પણ ખરીદવી પડે છે. દા.ત. વિજળી સસ્તી થાય તો તેની વપરાશ કરવા માટે તેની પૂરક વસ્તુઓ પંખો, ઈસ્ત્રી, રેફ્રીજરેટર, એરકન્ડીશનર, માઈક્રવેવ વગેરેમાં રોકાણ કરવું પડે છે. જે ટૂંકાગાળામાં શક્ય નથી. પરંતુ લાંબાગાળે રોકાણ કરવામાં આવે છે.

(13) **બજારની અપૂર્ણતા :-**

ગ્રાહકો બજારની માહિતી અંગે સંપૂર્ણપણે વાકેફ હોતા નથી. આથી કોઈ એક સમયે વસ્તુની કિંમતમાં ફેરફાર થાય તો પણ તે સમયે ગ્રાહકની વસ્તુની માંગમાં ફેરફાર થતો નથી. આથી ટૂંકાગાળામાં માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. લાંબાગાળે ગ્રાહકને જેમ જેમ ખબર પડે તેમ તેમ માંગમાં ફેરફાર કરે છે. આથી લાંબાગાળે માંગ મૂલ્ય સાપેક્ષ હોય છે.

- **ચાપ પધ્ધતિ અથવા સરાસરી પધ્ધતિ (Arc Elasticity) :-**

જ્યારે માંગની મૂલ્ય સાપેક્ષતા રેખા ઉપર આવેલાં બે બિંદુઓ વચ્ચેના અંતરના આધારે માપવામાં આવે તો તેને આંતર બિંદુ મૂલ્ય સાપેક્ષતા પધ્ધતિ કહે છે. માંગરેખા ઉપરના બે બિંદુઓ વચ્ચેનું અંતર કિંમતમાં અને માંગમાં કેટલો ફેરફાર થાય છે તે દર્શાવે છે. આંતરબિંદુ મૂલ્ય સાપેક્ષતા માપવાનું સૂત્ર નીચે મુજબ છે.

$$Ed = \frac{\text{માંગમાં થતાં ફેરફાર}}{\text{મૂળ માંગ + નવી માંગ} \div 2} \Big/ \frac{\text{કિંમતમાં થતો ફેરફાર}}{\text{મૂળ કિંમત + નવી કિંમત} \div 2}$$

$$Ed = \frac{Q1 - Q}{Q1 + Q} \div \frac{P1 - P}{P1 + P}$$
$$\frac{}{2} \qquad \frac{}{2}$$

$$Ed = \frac{Q1 - Q}{Q1 + Q} \div \frac{P1 + P}{P1 - P}$$

અહીં Q = *મૂળ માંગ* Q1 = *નવી માંગ*
P = *મૂળ કિંમત* P1 = *નવી કિંમત.*

દા.ત. ગ્રાહક 10 *રૂ.ની કિંમતે વસ્તુનાં* 100 *એકમોની માંગ કરે છે. કિંમત ઘટીને* 5 *રૂ.ની કિંમતે* 150 *એકમોની માંગ કરે છે. તો માંગની મૂલ્ય સાપેક્ષતાની ગણતરી નીચે મુજબ કરી શકાય.*

માંગની મૂલ્ય સાપેક્ષતા $= \frac{100 - 150}{100 + 150} \div \frac{10 - 5}{10 + 5}$

$= \frac{-50}{250} \div \frac{5}{15}$

$= \frac{-50}{250} \times \frac{15}{5}$

$= -0.6$

અહીં માંગની મૂલ્ય સાપેક્ષતા ઋણ છે. કારણ કે કિંમત ઘટતાં માંગ વધે છે, કિંમત વધતાં માંગ ઘટે છે.

- **માંગની મૂલ્ય સાપેક્ષતાના ખ્યાલની ઉપયોગિતા :-**

(1) ઈજારદાર માટે :-

ઈજારદાર માટે માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી છે. ઈજારદાર પોતાની વેચવાની વસ્તુની કિંમતમાં કેટલો વધારો કે ઘટાડો કરવો તે નક્કી કરવા માંગની મૂલ્ય સાપેક્ષતાના ખ્યાલનો ઉપયોગ કરે છે. જો તેની વસ્તુની માંગ મૂલ્ય અનપેક્ષ હોય તો તે વસ્તુની કિંમત વધારે રાખે છે અને તેની વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હોય તો વસ્તુની કિંમત ઓછી રાખે છે.

(2) સંચાલકીય નિર્ણયો લેવામાં ઉપયોગી :-

માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ સંચાલકીય નિર્ણયો લેવામાં ઉપયોગી નિવડે છે. વસ્તુનું ઉત્પાદન કે વેચાણ નક્કી કરવા માટે માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલનો ઉપયોગમાં લેવામાં આવે છે. જયાં માંગ વધુ મૂલ્ય અનપેક્ષ હશે ત્યાં વધુ ભાવ અને વેચાણ કરશે. મૂલ્ય સાપેક્ષ માંગની વસ્તુની કિંમત ઓછી રાખી વેચાણ કરશે. તદુપરાંત જે બજારમાં વસ્તુની માંગ સ્થિર એટલે કે મૂલ્ય અનપેક્ષ હોય ત્યાં વસ્તુના ભાવ વધારે રાખશે અને જે બજારમાં માંગ મૂલ્ય સાપેક્ષ હશે ત્યાં ઓછા ભાવ રાખશે.

(3) કરવેરા નક્કી કરવા માટે તેમજ આર્થિક નીતિઓનાં ઘડતર માટે :-

સરકારને આર્થિક નીતિ અને કરવેરા નીતિ નક્કી કરવા માટે માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી છે. અર્થતંત્રમાં ભાવનીતિ નક્કી કરવામાં કઈ વસ્તુના ભાવો પર અંકુશ મૂકવો તમામ બાબતો માટે સરકાર પહેલા વસ્તુની મૂલ્ય સાપેક્ષતાનો વિચાર કરે છે. એ જ રીતે વસ્તુ પર કરવેરા નાખવા માટે પણ મૂલ્ય સાપેક્ષતાના ખ્યાલનો ઉપયોગ કરે છે. જે વસ્તુની વપરાશ ગરીબ, ધનિક વર્ગ વપરાશ કરતો હોય. એટલે કે, પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ હોય કે જેના પર કરવેરા નાંખવાથી ગરીબોના કલ્યાણના ઘટાડો થાય આવી વસ્તુ પર ઓછા દરે વેરા નાખશે. જ્યારે જે વસ્તુની વપરાશ ધનિક વર્ગ કરતો હોય. તેવી વસ્તુઓ જેવી કે મોજશોખ કે સુખ સગવડની વસ્તુઓ પર ઊંચા દરે વેરા નાંખે છે.

(4) મજૂર નેતા માટે :-

જો શ્રમની માંગ મૂલ્ય અનપેક્ષ હોય એટલે કે સ્થિર હોય તો ઉત્પાદકો એ વધુ વેતન આપી શ્રમ ખરીદવો પડે છે. આથી શ્રમની સોદા શક્તિ મજબૂત હશે. તેઓ વધુ વેતન મેળવવામાં સફળ થાય છે.

(5) ખેડૂતો માટે :-

ઘણીવાર ખેત ઉત્પાદન વધે તો ખેડૂતોની આવક ઘટે છે. અને ઉત્પાદન ઘટે તો ખેડૂતોની આવક ઘટે છે. અને ઉત્પાદન ઘટે તો ખેડૂતોની આવક વધે છે. સામાન્ય રીતે ખેત પેદાશોની માંગ મૂલ્ય અનપેક્ષ હોય છે. આથી જો તેનું ઉત્પાદન વધુ થાય તો તેનું વેચાણ વધારવા ખેડૂતોએ તેના ભાવ ઘટાડવા પડે છે. જેને કારણે તેની ખેત આવક ઘટે છે. અને તેને નુકશાન જાય છે. આ માટે ખેડૂતોને પોતાની વસ્તુના યોગ્ય ભાવ મળી રહે તે હેતુથી સરકાર દ્વારા તળિયાના ભાવ નક્કી કરવામાં આવે છે.

(6) વિદેશી ચલણનો ભાવ નક્કી કરવા :-

વિદેશ વેપાર દરમ્યાન વિદેશી ચલણનો ભાવ ઊંચો રાખવો કે નીચે તે નક્કી કરવાં માંગની મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી બને છે. જો વિદેશી ચલણનો ભાવ વધે તો આયાતો મોંઘી થાય. પરંતુ આયાતોનું પ્રમાણ વધશે કે ઘટશે તેનો આધાર આયાતી વસ્તુની માંગની મૂલ્ય સાપેક્ષતા પર

હોય છે. જો આયાતી વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હશે તો આયાતી વસ્તુની માંગ ઘટશે. તેથી આયાતો ઘટશે. જો વિદેશી ચલણના ભાવ ઘટે તો વિદેશી ચલણની માંગ ઘટશે. આવી પરિસ્થિતિમાં વિદેશી ચલણનો ભાવ વધારીને રૂપિયાનું અવમૂલ્યન કરવાની નીતિ ફળદાયી સાબિત થશે.

(7) સંયુક્ત પેદાશોની વસ્તુઓની નક્કી કરવા માટે :-

અમુક વસ્તુઓનું ઉત્પાદન સંયુક્ત રીતે થતું હોય છે. ત્યારે આ બંને વસ્તુઓનું ઉત્પાદન ખર્ચ જાણવું મુશ્કેલ હોય છે. આવી વસ્તુઓની કિંમત નક્કી કરવામાં મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી નીવડે છે. જેમ કે જે વસ્તુની માંગ મૂલ્ય સાપેક્ષ હોય તેનું ઉત્પાદન ખર્ચ ઓછું ગણી તે વસ્તુનાં ભાવ નીચા રાખવા જેથી તે વસ્તુની માંગ વધી શકે જે વસ્તુની માંગ ઓછી મૂલ્ય સાપેક્ષ હોય તેનું ઉત્પાદન ખર્ચ વધુ ગણી તેનાં ભાવ ઉંચા રાખવા જેથી વધુ નફો પ્રાપ્ત કરી શકાય.

- **માંગની આવક સાપેક્ષતા (income Elsticity of Demand) :-**

આપણે આગળ માંગની મૂલ્ય સાપેક્ષતા વિશે અભ્યાસ કરી ગયાં. પરંતુ વસ્તુની માંગને માત્ર કિંમત ફેરફાર જ અસર નથી કરતી, આવકમાં થતો ફેરફાર પણ અસર કરે છે. ગ્રાહકની આવકમાં થતાં ફેરફાર માંગમાં ફેરફાર લાવે છે.

અર્થ :- *"અન્ય પરિબળો યથાવત્ રહેતા ગ્રાહકની આવકમાં ફેરફાર થતાં વસ્તુની માંગમાં થતાં ફેરફારનું માપ એટલે માંગની આવક સાપેક્ષતા બીજા શબ્દોમાં કહીએ તો,"*

" અન્ય પરિબળો યથાવત્ રહેતાં ગ્રાહકની આવકમાં થતાં ટકાવારી ફેરફારને કારણે માંગમાં થતો ટકાવારી ફેરફાર એટલે માંગની આવક સાપેક્ષતા."

- **<u>માંગની આવક સાપેક્ષતા માપવાની પધ્ધતિ :-</u>**

માંગની આવક સાપેક્ષતા માપવા માટે ટકાવારી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

માંગની આવક સાપેક્ષતા = માંગમાં ટકાવારી ફેરફાર

આવકમાં ટકાવારી ફેરફાર

$$EY = \frac{D}{P} \div \frac{\Delta Y}{Y} \quad \Delta$$

જેમાં D = *માંગમાં ફેરફાર* Δ D = *મૂળ માંગ*

Y = *આવકમાં ફેરફાર* Δ Y = *મૂળ આવક*

ધારો કે કોઈ વ્યક્તિની આવક રૂ. 25,000 છે અને તેની X વસ્તુની વપરાશ 25 Kg છે. જો તેની આવક વધી 90,000 રૂ. થાય તો તેની વપરાશ વધીને 30Kg થાય છે. આ પરિસ્થિતિમાં માંગની આવક સાપેક્ષતા નીચે મુજબ શોધી શકાય.

$$Ey = \frac{\Delta D}{D} \times \frac{Y}{\Delta Y}$$

$$Ey = \frac{5}{25} \times \frac{25000}{5000}$$

Ey = 1 માંગની આવક સાપેક્ષતા થશે.

માંગની આવક સાપેક્ષતા ધન કે હકારાત્મક છે. કારણ કે આવક અને માંગ વચ્ચે સીધો સંબંધ છે. અહીં માંગની આવક સાપેક્ષતા એકમ બરાબર છે.

- **માંગની આવક સાપેક્ષતાનાં પ્રકારો :-**

(1) હકારાત્મક આવક સાપેક્ષ માંગ (Ey = + ve)

ગ્રાહકની આવકમાં વધારો થવાની સાથે તેની માંગમાં પણ વધારો થાય તેને હકારાત્મક કે ધન આવક સાપેક્ષ માંગ કહે છે.



આકૃતિમાં OX ધરી પર વસ્તુની માંગના એકમો અને OY ધરી પર ગ્રાહકની આવક દર્શાવવામાં આવી છે. આકૃતિમાં DD માંગરેખા ધન ઢાળવાળી છે. જે દર્શાવે છે કે ગ્રાહકની આવક ON છે ત્યારે ગ્રાહક OM એકમોની માંગ ગ્રાહકની આવક ON થી વધી ON1 થતાં

માંગ OM *થી વધુ* OM1 *જેટલી થાય છે. સામાન્ય વસ્તુઓની માંગની આવક સાપેક્ષતા હકારાત્મક હોય છે. ગ્રાહકની આવક વધે તો સામાન્ય વસ્તુની માંગ વધે છે, ગ્રાહકની આવક ઘટે તો સામાન્ય વસ્તુની માંગ ઘટે છે.*

(2) નકારાત્મક આવક સાપેક્ષ માંગ (Negetive Income Elasticity) Ey = -ve.

જ્યારે અન્ય પરિબળો યથાવત્ રહે અને ગ્રાહકની આવકમાં વધારો થતાં વસ્તુની માંગ ઘટે અને ગ્રાહકની આવક ઘટે તો માંગ ઘટે તો માંગની આવક સાપેક્ષતા નકારાત્મક હોય છે.



આકૃતિમાં OX *ધરી પર વસ્તુની માંગ અને* OY *ધરી પર ગ્રાહકની આવક દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં* DD *માંગરેખા ઋણ ઢાળવાળી છે. જે દર્શાવે છે કે ગ્રાહકની આવક* ON *જેટલી છે ત્યારે માંગ* OM *જેટલી છે. આવક વધીને* ON1 *થતાં વસ્તુની માંગ ઘટીને* OM1 *જેટલી થાય છે. હલકા પ્રકારની વસ્તુઓની માંગની આવક સાપેક્ષતા નકારાત્મક હોય છે.*

(3) એકમ બરાબર આવક સાપેક્ષ માંગ (Ey = 1)

અન્ય પરિબળો યથાવત રહે અને ગ્રાહકની આવકમાં જેટલો ફેરફાર થાય તેટલોજ ફેરફાર માંગમાં થાય તો તેને એકમ બરાબર આવક સાપેક્ષ માંગ કહે છે.



આકૃતિમાં OX ધરી પર વસ્તુની માંગ અને OY ધરી પર ગ્રાહકની આવક દર્શાવવામાં આવી છે. આકૃતિમાં DD માંગરેખા ધન ઢાળવાળી 45ના ખૂણે આવેલી રેખા છે. જે મુજબ ગ્રાહકની આવક ON છે ત્યારે માંગ OM જેટલી થાય છે. ગ્રાહકની આવક ON1 થી વધી ON1 થતાં માંગ OM થી વધી OM1 જેટલી થાય છે. એટલે કે ગ્રાહકની આવકમાં 100% વધારો થતાં માંગમાં 100% નો વધારો થાય છે.

(4) એકમ કરતા વધુ આવક સાપેક્ષ માંગ (Ey >1)

અન્ય પરિબળો યથાવત્ રહેતા ગ્રાહકની આવકમાં થતાં ફેરફાર કરતા માંગમાં થતો ફેરફાર વધુ હોય તો માંગની આવક સાપેક્ષતા એકમ કરતા વધુ હોય છે.



આકૃતિમાં OX ધરી પર વસ્તુની માંગ અને OY ધરી પર ગ્રાહકની આવક દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં DD માંગ રેખા ઓછા ઢાળવાળી ધન રેખા છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ ગ્રાહકની આવક ON છે ત્યારે માંગ OM જેટલી છે. ગ્રાહકની આવક ON1 થતાં માંગ વધીને OM1 થાય છે. અહીં ગ્રાહકની આવકના ફેરફાર કરતા માંગનો ફેરફાર વધુ છે. આથી માંગરેખાનો ઢાળ ઓછો હોય છે.

(5) એકમ કરતાં ઓછી આવક સાપેક્ષ માંગ (Ey <1) :-

અન્ય પરિબળો યથાવત્ રહેતા ગ્રાહકની આવકમાં થતાં ફેરફાર કરતા માંગમાં થતો ફેરફાર ઓછો હોય ત્યારે માંગની આવક સાપેક્ષતા એકમ કરતા ઓછી હોય છે.



ઉપરોકત આકૃતિમાં OX ધરી પર વસ્તુની માંગ અને OY ધરી પર ગ્રાહકની આવક દર્શાવવામાં આવી છે. ગ્રાહકની આવક ON છે ત્યારે માંગ OM જેટલી છે. આવક વધીને ON1 થતાં માંગ વધીને OM1 જેટલી થાય છે. અહીં આવકમાં થતાં ફેરફાર કરતા માંગમાં થતો ફેરફાર ઓછો છે. આથી માંગરેખા તીવ્ર ઢાળવાળી અને ધન ઢાળવાળી હોય છે.

પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ જેવી કે અનાજ, કઠોળ, શાકભાજી વગેરેની આવક સાપેક્ષતા એકમ કરતા ઓછી હોય છે. ગ્રાહકની આવકમાં થતાં ફેરફાર કરતા આવી વસ્તુઓની માંગમાં થતો ફેરફાર ઓછો હોય છે.

(6) શૂન્ય આવક સાપેક્ષ માંગ :- (Ey > O)



અન્ય પરિબળો યથાવત રહેતાં ગ્રાહકની આવકમાં ગમે તેટલો ફેરફાર થાય પરંતુ તેની માંગમાં કોઈ જ ફેરફાર ન થાય તો તેને શૂન્ય આવક સાપેક્ષ માંગ કહે છે.

આકૃતિમાં OX *ધરી પર માંગ અને* OY *ધરી પર ગ્રાહકની આવક દર્શાવવામાં આવ્યાં છે. ગ્રાહકની આવક* ON *થી વધી* ON1 *થાય છે ત્યારે માંગ* OM *જેટલી સ્થિર રહે છે. આથી માંગરેખા* OY *ધરીને સમાંતર હોય છે.*

અત્યંત સસ્તી વસ્તુઓની માંગની આવક સાપેક્ષતા શૂન્ય છે. ગ્રાહકની આવકમાં ગમે તેટલો ફેરફાર થાય આવી વસ્તુની માંગમાં ફેરફાર થતો નથી.

માંગની આવક સાપેક્ષતાના ખ્યાલનું મહત્ત્વ :-

(1) વ્યાપારિક નિર્ણયો લેવામાં આવક સાપેક્ષતાનું મહત્ત્વ :-

વ્યાપારિક નિર્ણયો લેવામાં આવક સાપેક્ષતાનો ખ્યાલ પેઢીને ખૂબ જ ઉપયોગી થાય છે. વસ્તુઓનું વર્ગીકરણ કરવા માટે એટલે કે જો માંગની આવક સાપેક્ષતા હકારાત્મક હોય તો સામાન્ય પ્રકારની વસ્તુ, નકારાત્મક આવક સાપેક્ષતા હોય તો હલકા પ્રકારની વસ્તુ, એકમ કરતાં વધુ આવક સાપેક્ષતા હોય તો મોજશોખ કે સુખ સગવડની વસ્તુ, એકમથી ઓછી હોય તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુ હોય છે.

(2) ઉત્પાદકો માટે :-

ખાનગી ઉત્પાદકો માટે માંગની આવક સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી છે. પેઢી પોતાની પેઢીઓમાં ઉત્પાદન શક્તિનું આયોજન કરવા માંગની આવક સાપેક્ષતાની માહિતીના આધારે તેઓ પોતાની પેઢીઓમાં ઉત્પાદન કરે છે. જો લોકોની આવક વધવાનું વલણ બતાવે છે કે નહિ અને ઉત્પાદકની વસ્તુની માંગની આવક સાપેક્ષતા હકારાત્મક છે કે નહિ. જો માંગની આવક સાપેક્ષતા શૂન્ય કરતા વધારે પરંતુ એકમ કરતા ઓછી હશે, તો વસ્તુનું વેચાણ વધશે, જ્યારે આર્થિક વિકાસના દર કરતા વેચાણનો દર નીચો રહેશે અને જો માંગની આવક સાપેક્ષતા એકમ કરતા વધુ હોય તો આર્થિક વિકાસના દર કરતા વેચાણનો દર ઊંચો રહે છે.

(3) ઉત્પાદન શક્તિનું પૂર્વ આયોજન કરવા માટે :-

માંગની આવક સાપેક્ષતાના આધારે ઉત્પાદક પેઢી પોતાની ઉત્પાદન શક્તિનું આયોજન કરે છે. લોકોની આવક વધવાનું વલણ અને માંગની આવક સાપેક્ષતાના આધારે ભવિષ્યના ઉત્પાદન અંગે આયોજન કરે છે.

(4) આર્થિક આયોજન :-

અર્થતંત્રમાં યોજનાઓ ઘડવા માટે માંગની આવક સાપેક્ષતાનો ખ્યાલ ઉપયોગી બને છે. લોકોની આવકમાં કેટલો વધારો થશે, જુદી જુદી વસ્તુઓની માંગની આવક સાપેક્ષતા કેવી છે વગેરે નો અંદાજ મેળવી આયોજકો જુદા જુદા ઉદ્યોગોમાં ઉત્પાદનના લક્ષ્યાંકો નક્કી કરી શકે છે અને આ લક્ષ્યાંકો સિધ્ધ થાય એવી રીતે જુદા જુદી ઉદ્યોગો વચ્ચે સાધનોની ફાળવણી કરી શકે છે.

માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા (Cross Elastiaty of Demand)

" જ્યારે અન્ય પરિબળો યથાવત્ હોય અને કોઈપણ વસ્તુની અવેજી, પૂરક, વિરોધી કે હરીફ વસ્તુઓની કિંમતમાં ફેરફાર થતાં તે વસ્તુની માંગમાં થતો ફેરફાર એટલે માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા."

સૂત્રના રૂપમાં =

$$\text{માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા} = \frac{\text{X ની માંગમાં થતો ફેરફાર}}{\text{Y ની કિંમતમાં થતો ફેરફાર}}$$

$$Ec = \frac{\Delta Qx}{\Delta P} \times \frac{Py}{Qx}$$

ધારો કે કોઈ એક વસ્તુની કિંમતમાં 10% થાય તેને કારણે અન્ય વસ્તુની માંગમાં ફેરફાર થાય તો તેને પ્રતિ મૂલ્ય સાપેક્ષ માંગ કહે છે.

પ્રતિ મૂલ્ય સાપેક્ષ માંગના પ્રકારો :-

(1) હકારાત્મક પ્રતિ મૂલ્ય સાપેક્ષ માંગ :-

અવેજી વસ્તુઓની બાબતમાં માંગ પ્રતિમૂલ્ય સાપેક્ષ હોય છે. દા.ત. ચા અને કોફી જે બંને એકબીજાની અવેજીમાં આવે છે. ધારો કે, ચાની કિંમત 200 રૂ. છે ત્યારે ચાની માંગ 10 એકમની છે, જયારે કોફીની કિંમત 250 રૂ. છે ત્યારે કોફીની માંગ 5 એકમ જેટલી છે. હવે ચાની કિંમત સ્થિર રહે અને કોફીની કિંમત વધીને 300 રૂ. થાય તો કોફીની માંગ ઘટીને 4 એકમ થાય છે. જયારે ચાની માંગ વધીને 12 એકમ થાય છે. આમ, અહીં માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા નીચે મુજબ શોધી શકાય. ધારો કે,

ચા = X
કોફી = Y

$$Ec = \frac{Qx}{Py} \times \frac{\Delta Py}{\Delta Qx}$$

$$= \frac{2}{1} \times \frac{5}{10}$$

$$= 1$$

બીજી રીતે કહીએ તો,

$$\text{*માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા*} = \frac{\text{X *વસ્તુની માંગમાં ટકાવારી ફેરફાર*}}{\text{Y *વસ્તુની કિંમતમાં ટકાવારી ફેરફાર*}}$$

$$Ec = \frac{Px\%}{Py\%} \times \frac{\Delta}{\Delta}$$

$$Ec = \frac{20\%}{20\%}$$

$$Ec = 1$$

આમ માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા 1 જેટલી છે. હકારાત્મક છે. જેને આકૃતિ દ્વારા સમજીએ.



ઉપરોકત આકૃતિમાં OX ધરી પર ચાની માંગ અને OY ધરી પર કોફીની કિંમત દર્શાવવામાં આવ્યાં છે. કોફીની કિંમત ON જેટલી છે ત્યારે ચાની માંગ M જેટલી છે. કોફીની કિંમતમાં 20% જેટલો વધારો થાય છે. જે ON1 કિંમત છે. આથી ચાની માંગમાં પણ 20% જેટલો વધારો થાય છે જે OM1 દ્વારા દર્શાવવામાં આવ્યું છે. અહીં DD માંગરેખા ધન ઢાળવાળી છે. જે દર્શાવે છે કે કોફીની કિંમતમાં ફેરફાર થતાં એટલે કે કોફીની કિંમત વધતાં તેની અવેજી વસ્તુ ચાની માંગમાં વધારો થાય છે.

(2) નકારાત્મક પ્રતિ મૂલ્ય સાપેક્ષતા :-

પૂરક વસ્તુઓની બાબતમાં માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા નકારાત્મક હોય છે. દા.ત. રીફીલ અને બોલપેન, સ્કુટર અને પેટ્રોલ વગેરે. પૂરક વસ્તુમાંની કોઈ એક વસ્તુની કિંમતમાં ઘટાડો થાય તો તેની પૂરક વસ્તુની માંગ વધે છે.

ધારો કે, રીફીલની કિંમત 10 રૂ. છે ત્યારે રીફીલની માંગ 20 એકમ જેટલી છે. પેનની કિંમત 20 રૂ. છે ત્યારે પેનની માંગ 10 એકમ છે. રીફીલની કિંમત ઘટીને 8 રૂ. ત્યારે થાય છે ત્યારે પેનની માંગ વધીને 14 એકમ જેટલી થાય છે. તો માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા નીચે મુજબ આવે.

રીફીલ = X

બોલપેન = Y

માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા = $\frac{Qx}{Py} \times \frac{Py\Delta}{Qx\Delta}$

$= \frac{4}{-2} \times \frac{10}{10}$

$= -2$

આ બાબતને નીચેની આકૃતિ દ્વારા સમજીએ.



રીફીલની કિંમત

બોલપેનની માંગ (એકમમાં)

આકૃતિમાં OX *ધરી પર બોલપેનની માંગ અને* OY *ધરી પર રીફીલની કિંમત દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ રીફીલની કિંમત* 10 *રૂ. છે ત્યારે બોલપેનની માંગ* 10 *એકમ જેટલી છે. રીફીલની કિંમત ઘટીને* 8 *રૂ. થતાં બોલપેનની માંગ વધીને* 14 *એકમ જેટલી થાય છે. અહીં* DD *માંગરેખા ઋણ ઢાળવાળી છે. જે દર્શાવે છે કે રીફીલની કિંમત ઘટે છે ત્યારે તેની પૂરક વસ્તુ બોલપેનની માંગમાં વધારો થાય છે.*

(3) શૂન્ય પ્રતિ મૂલ્ય સાપેક્ષ માંગ :-

પરસ્પર વિરોધી વસ્તુઓની માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા શૂન્ય હોય છે. દા.ત. ખાંડ અને પેટ્રોલ, સોનું અને કપડાં વગેરે. આવી વસ્તુની કિંમતમાં ગમે તેટલો વધારો ઘટાડો થાય તેની વિરોધી વસ્તુની માંગમાં કોઈ જ ફેરફાર થતો નથી.

દા.ત. ખાંડની કિંમત 50 રૂ. છે ત્યારે માંગ 5 Kg છે. જ્યારે પેટ્રોલની કિંમત 70 રૂ. છે ત્યારે માંગ 2 લીટરની છે. જો પેટ્રોલની કિંમત ઘટીને 50 રૂ. થાય તો પણ ખાંડની માંગ 5 કિલો જેટલી સ્થિર રહે છે જે નીચે સમજીએ.

$$Ec = \frac{Qx}{Py} \times \frac{\Delta Py}{\Delta Qx}$$

$$= \frac{0}{20} \times \frac{70}{50}$$

= શૂન્ય

આ બાબતને આકૃતિ દ્વારા સમજીએ.



ખાંડની માંગ (એકમમાં)

ઉપરોકત આકૃતિમાં OX ધરી પર ખાંડની માંગ અને OY ધરી પર પેટ્રોલની કિંમત દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ પેટ્રોલની કિંમત 70 રૂ. છે ત્યારે ખાંડની માંગ 5 Kg. છે. પેટ્રોલની કિંમત ઘટીને 50 રૂ. થતાં ખાંડની માંગ 5 Kg. જેટલી જ સ્થિર રહે છે. અહીં DD માંગ રેખા OY ધરીને સમાંતર છે. જે દર્શાવે છે કે કોઈપણ વસ્તુની કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય તેની વિરોધી વસ્તુની માંગ સ્થિર રહે છે. એટલે કે માંગની પ્રતિ મૂલ્ય સાપેક્ષતા શૂન્ય હોય છે.

ચાવી રૂપ શબ્દો :

(1) **અવેજીની ચીજવસ્તુ :-** *એ એવી ચીજવસ્તુ કે જેની માંગ વિચારણા હેઠળની ચીજવસ્તુની માંગ સાથે વિપરીત સંબંધ ધરાવે છે.*

(2) **માંગની ભાવ સ્થિતિ સ્થાપકતા** *:- તે ચીજવસ્તુના ભાવમાં આપેલા ફેરફાર તરફ માંગનો પ્રતિભાવ છે.*

(3) **માંગની આવક સ્થિતિ સ્થાપકતા** *:- એ વપરાશકારની આવકમાં ફેરફારના આપેલા પ્રમાણ તરફ માંગનો પ્રતિભાવ છે.*

(4) **તળીયાનો ભાવ** *:- આ સરકાર વડે નક્કી કરવામાં આવતો ચીજવસ્તુનો એ ભાવે છે કે જેના કરતા ભાવ નીચો જઈ શકે નહી.*

(5) **ટોચનો ભાવ :-** *એ સરકારે ચીજવસ્તુ માટે નક્કી કરેલો ભાવ છે કે જેનાથી તેનો ભાવ વધી શકે નહી.*

સ્વાધ્યાય:

(1) *માંગની ભાવ સ્થિતિસ્થાપકતા મુદ્દા અનુસાર લખો ? અને તેના પરીબળો કયાં છે ?*

(2) *અવેજી અને પૂરક ચીજવસ્તુઓની માંગની ભાવ તિર્થક સ્થિતિસ્થાપકતા સમજાવો.*

(3) *માંગની ભાવ સ્થિતિ સ્થાપકતા માંગની આવક સ્થિતિસ્થાપકતા અને માંગની ભાવ તિર્થક સ્થિતિ સ્થાપકતાના ખ્યાલો સમજાવો.*

(4) *માંગની ભાવ સ્થિતિસ્થાપકતા અને માંગની આવક સ્થિતિ સ્થાપકતા વચ્ચે શો તફાવત છે.*

MCQ

(1) *માંગ રેખાના મધ્ય બિંદુએ માંગની મૂલ્ય સાપેક્ષતા.*

(અ) ed > 1 *(બ)* ed = 1

(ક) ed = 0 *(ડ)* ed < 1

(2) *મોજશોખની વસ્તુઓની માંગની મૂલ્ય સાપેક્ષતા કેવી હોય છે ?*

(અ) 1 < ed < a *(બ)* ed =0

(ક) ed = a *(ડ)* ed = 1

(3) *પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓની માંગની મૂલ્ય સાપેક્ષતા સામાન્ય રીતે કેવી હોય છે.*

(અ) મૂલ્ય અનપેક્ષ

(બ) મૂલ્ય સાપેક્ષ

(ક) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ

(ડ) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ

(4) *માંગ રેખાનો ઢાળ માંગ કેવી હોય ત્યારે ઓછો હોય ?*

(અ) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ (બ) સંપૂર્ણ મૂલ્ય નરપેક્ષ

(ક) મૂલ્ય અનપેક્ષ (ડ) મૂલ્ય સાપેક્ષ

જવાબ :-

(1) બ (2) અ (3) ડ (4) ડ

એકમ – 3	ઉત્પાદન અને ઉત્પાદન વિધેય

: રૂપરેખા :

3.1 *ઉત્પાદન અને ઉત્પાદન વિધેય*

3.1.1 *ઉત્પાદન વિધેયના લક્ષણો*

3.1.2 *ઉત્પાદન વિધેયના પ્રકાર*

3.2 *ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય*

3.3 *ઉત્પાદનનો બિનપ્રમાણસર સાધનનો નિયમ*

3.3.1 *નિયમની ધારણા*

3.3.2 *નિયમની સમજૂતી*

3.3.3 *તબક્કાવાર સમજૂતી*

3.3.4 *નિયમનું મહત્ત્વ*

3.4 *લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય*

3.5 *કદ વિકાસનો અથવા વળતરનો નિયમ*

3.5.1 *કદ મળતરની અનુસૂચિ તથા આકૃત્તિ*

3.5.2 *કદ મળતરના તબક્કાવાર સમજૂતિ*

3.6 *કદ વિકાસના લાભ અને ગેરલાભ*

3.6.1 *પેઢી વિકાસના લાભ*

3.6.2 *ઉદ્યોગ વિકાસના લાભ*

3.6.3 *પેઢી વિકાસના ગેરલાભ*

3.6.4 *ઉદ્યોગ વિકાસના ગેરલાભ*

3.7 *સમઉત્પાદન રેખા*

3.7.1 *ટેક્નિકલ સીમાંત અવેજીનો દર*

3.7.2 *સમ ઉત્પાદન રેખાના લક્ષણો*

3.8 *સમખર્ચરેખા*

3.8.1 *સમખર્ચરેખાનું સ્થાન અને ઢોળાવ*

3.9 *સ્વાધ્યાય*

3.1 ઉત્પાદન અને ઉત્પાદન વિધેય :

પ્રસ્તાવના :

કુલ ઉત્પાદનનો આધાર બે બાબતો પર રહે છે :-

1. *ઉત્પાદનના સાધનોનું પ્રમાણ*

2. *સાધનો અને ઉત્પાદન વચ્ચેનો ભૌતિક સંબંધ*

ઉત્પાદનના સાધનોનું પ્રમાણ બદલાય છે ત્યારે કુલ ઉત્પાદનમાં ફેરફાર થાય છે. ઉત્પાદનના સાધનોનું પ્રમાણ વધે છે ત્યારે કુલ ઉત્પાદન વધે છે અને ઉત્પાદનના સાધનોનું પ્રમાણ ઘટે છે ત્યારે કુલ ઉત્પાદન ઘટે છે.

- *"સાધનો અને ઉત્પાદન વચ્ચેના ભૌતિક સંબંધને ટેકનિકલ ભાષામાં ઉત્પાદન વિધેય* (Production Function) *તરીકે ઓળખવામાં આવે છે. "*
- *સાધન પ્રમાણ અને ઉત્પાદન પ્રમાણ વચ્ચેના વિધેયાત્મક સંબંધને ઉત્પાદન વિધેય કહેવાય છે.*

P = f [a, b, c, d,……..]

જેમાં P = *કુલ ઉત્પાદન દર્શાવે છે.*

a = *ભૂમિ*

b = *શ્રમ*

c = *મૂડી*

d = *નિયોજક પ્રમાણ દર્શાવે છે.*

f = *વિધેયાત્મક સંબંધ (સંજ્ઞા) દર્શાવે છે.*

- *આ સાધનોનું પ્રમાણ અને ઉત્પાદનના પ્રમાણ વચ્ચે વિધેયાત્મક સંબંધ છે તેમ દર્શાવે છે પરંતુ આ સંબંધ ચોક્કસ કેવા પ્રકારનો છે તે દર્શાવતુ નથી.*
- *જો fનો ચોક્કસ પ્રકાર બતાવવામાં આવે તો ગાણિતિક પધ્ધતિથી કહી શકાય કે સાધનોના પ્રમાણમાં અમૂક ફેરફારને પરિણામે ઉત્પાદનના પ્રમાણમાં ચોક્કસ કેટલો ફેરફાર થશે.*
- *સૂરેખા સમાન ગુણધર્મી ઉત્પાદન વિધેયનો પ્રથમ કક્ષાનું સમાન ગુણધર્મી ઉત્પાદન વિધેય કહેવામાં આવે છે. ઉત્પાદનના બે સાધનો* (x *અને* y) *હોય તો પ્રથમ કક્ષાનું ગુણધર્મમાં ઉત્પાદન વિધયે :* MQ = f (mx.my)

Q = *કુલ ઉત્પાદન*

M= *ચોક્કસ સંખ્યા છે.*

X *અને* y *સાધનોના પ્રમાણમાં* m *ગણો વધારો થાય તો ઉત્પાદન* Q*માં પણ* m*ગણો વધારો થાય છે.*

3.1.1 ઉત્પાદન વિધેયના લક્ષણો :

- *તે દર્શાવે છે કે સાધનોના ચોક્કસ સંયોજન દ્વારા વધુમાં વધુ કેટલું ઉત્પાદન મેળવી શકાય.*
- *ઉત્પાદનનું ચોક્કસ પ્રમાણ મેળવવા માટે ઓછામાં ઓછા કેટલા પ્રમાણમાં સાધનોની જરૂર પડશે.*
- *ચોક્કસ સમયગાળા દરમ્યાન પણ કેટલું ઉત્પાદન મેળવી શકાય છે.*
- *ઉત્પાદન વિધેયનો આધાર તેની ટેક્નોલોજી પર રહેલો છે તેની ટેક્નોલોજી બદલાય તો ઉત્પાદન વિધેય પણ બદલાય છે.*

3.1.2 ઉત્પાદન વિધેયના પ્રકાર :

1. *ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય એવી ધારણા પર આધારિત છે કે માત્ર એક સાધન પરિવર્તનશીલ છે. એ સિવાયના અન્ય સાધનો સ્થિર છે. તેને પરિવર્તનશલ સાધન સુયોજન કે બિનપ્રમાણસર ઉત્પાદનનો નિયમ કે ઘટતી પેદાશનો નિયમ આપે છે.*
2. *લાંબા ગાળાનું ઉત્પાદન વિધયે જે એવી ધારણા પર આધારિત છે કે બધાં સાધનો અસ્થિર છે. આ ઉત્પાદન વિધેય પેઢીનો કદ વિકાસને પરિણામે પ્રાપ્ત થતાં વળતર અંગેનો નિયમ આપે છે.*

3.2 ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય :

ટૂંકા ગાળામાં ઉત્પાદનના સાધનો સ્થિર હોય છે. કોઈ એક સાધનના પ્રમાણમાં વધારો ઘટાડો થઈ શકે છે. આમ, પરિસ્થિતિમાં ઉત્પાદનમાં કેવો ફેરફાર થાય છે.તે ટૂંકા ગાળાના ઉત્પાદન વિધેય દ્વારા દર્શાવાય છે.

$Q = f(L.K)$

જેમાં $Q =$ *ઉત્પાદન*

$L =$ *શ્રમિકો* $K =$ *મૂડી* $K =$ *પરની* $(\overline{K})$ *રેખા સૂચવે છે કે મૂડી સ્થિર સાધન છે. શ્રમનું પ્રમાણ વધારીને ઉત્પાદન વધારવાનો પ્રયાસ છે.*

- **કુલ ભૌતિક ઉત્પાદન :**

મૂડીનું પ્રમાણ સ્થિર રાખીને શ્રમના ચોક્કસ પ્રમાણ વડે મેળવવામાં આવતા વસ્તુના કુલ એકમોને કુલ ભૌતિક ઉત્પાદન કહે છે. શ્રમનું પ્રમાણ વધે તો કુલ ભૌતિક ઉત્પાદન વધે છે. પરંતુ કુલ ભૌતિક ઉત્પાદન વૃધ્ધિનો દર જુદો જુદો હોય છે.

- **સરેરાશ ભૌતિક ઉત્પાદન :**

એટલે મૂડીનું પ્રમાણ સ્થિર હોય ત્યારે શ્રમના એકમદીઠ ઉત્પાદન પ્રમાણ જે કુલ ભૌતિક ઉત્પાદનને શ્રમના એકમો વડે ભાગીને મેળવવામાં આવે છે.

- **સીમાંત ભૌતિક ઉત્પાદન :**

એટલે મૂડીનું પ્રમાણ સ્થિર હોય ત્યારે શ્રમના વધારાના એક એકમના ઉપયોગના પરિણામે કુલ ભૌતિક ઉત્પાદનમાં થતો વધારો.

ધારો કે 10 *શ્રમિકો હોય ત્યારે કુલ ઉત્પાદન* 100 *એકમમાં* 11 *શ્રમિક ઉમેરતાં કુલ ઉત્પાદન* 108 *એકમ થાય છે.*

108-100 = 8 *એકમ સીમાંત ભૌતિક ઉત્પાદન છે.*

3.3 ઉત્પાદનનો બિનપ્રમાણસર સાધનનો નિયમ or પરિવર્તનીય સાધન સંયોજનનો નિયમ : (Law of Variable Proportion) or ઘટતી પેદાશનો નિયમ :

પ્રસ્તાવના :

અન્ય સાધનના પ્રમાણમાં સ્થિર અને માત્ર શ્રમના પ્રમાણમાં વધારો ઘટાડો કરવામાં આવે તો શ્રમ અને અન્ય સાધનો વચ્ચેનું સાપેક્ષ પ્રમાણ બદલાય છે. આ નિયમને ઘટતી પેદાશનો નિયમ કે પરિવર્તનીય સાધન સંયોજનનો નિયમ કહેવાય છે. કારણ બે શ્રમનું પ્રમાણ સતત વધારવામાં આવે તો અમુક બિંદુ પછી શ્રમની સીમાંત ઉત્પાદકતા ઘટતી હોય છે.

- *પ્રો. માર્શલે ખેતીક્ષેત્રના ઉત્પાદનના સંદર્ભમાં ઘટતી પેદાશનો નિયમ રજુ કર્યો હતો. જો ખેત પદ્ધતિમાં ફેરફાર કર્યા સિવાય જમીનનું પ્રમાણ સ્થિર રાખીને મૂડી અને શ્રમનો ઉપયોગ વધારવામાં આવે તો જમીનમાંથી થતાં ઉત્પાદનનો વધારો અમુક કદ પછી સામાન્ય રીતે ઓછો થતો જાય છે.*

3.3.1 નિયમની ધારણા :

- *ઉત્પાદન પદ્ધતિમાં કોઇ ફેરફાર ન થવો જોઇએ.*
- *અસ્થિર સાધનના બધા એકમો સમાન ગુણી હોવા જોઇએ. શ્રમ અસ્થિર સાધન હોય તો બધા શ્રમિકો સરખી કાર્યક્ષમતા ધરાવતા હોવા જોઇએ.*
- *સાધન સંયોજન પરિવર્તનશીલ હોવુ જોઇએ.*
- *ઓછામાં ઓછું એક સાધન સ્થિર હોવું જોઇએ.*
- *સાધનનું પ્રમાણ સાપેક્ષ રીતે પરિવર્તનશીલ હોવું જોઇએ.*

3.3.2 નિયમની સમજૂતી :

જમીનના એક ટુકડા પર શ્રમના એકમોમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવે છે. શ્રમિકોનું પ્રમાણ વધતા ઉત્પાદનમાં વધારો થાય છે પછી ઘટે છે અને અમુક એકમ પછી સીમાંત ઉત્પાદન નકારાત્મક થાય છે.

અનુસૂચિ

શ્રમના એકમો	કુલ ઉત્પાદન	સીમાંત ઉત્પાદન ક્વિન્ટલ	સરેરાશ ઉત્પાદન ક્વિન્ટલ	ઉત્પાદનના તબક્કા
1	6	6	6	*પ્રથમ તબક્કો (વધતી પેદાશનો તબક્કો)*
2	16	10	8	
3	27	11	9	
4	40	13	10	
5	50	10	10	*બીજો તબક્કો (ઘટતી પેદાશનો તબક્કો)*
6	54	4	9	
7	56	2	8	
8	56	0	7	
9	54	-2	6	*ત્રીજો તબક્કો (નકારાત્મક પેદાશનો તબક્કો)*
10	50	-4	5	

આકૃતિ :

ox *પર શ્રમના એકમો* oy *ધરી પર કુલ ઉત્પાદન ક્વિન્ટલમાં દર્શાવેલ છે. આકૃતિમાં ત્રણ તબક્કા દર્શાવ્યા છે.*

આકૃતિ :



3.3.3 તબક્કાવાર સમજુતી :

1. **પ્રથમ તબક્કો** :

   શ્રમના પ્રમાણમાં વધારો થતાં કુલ ઉત્પાદન અને સરેરાશ ઉત્પાદનમાં વધારો થાય છે. સરેરાશ ઉત્પાદન કરતાં સીમાંત ઉત્પાદન વધારે છે. ઉત્પાદનનો પ્રથમ તબક્કો વધતી પેદાશનો છે.

2. **ઉત્પાદનનો બીજો તબક્કો :**

   શ્રમના 5 થી 7 એકમોનું રોકાણ કરવામાં આવે છે ત્યારે કુલ ઉત્પાદનમાં વધારો થાય છે. પરંતું અસ્થિર સાધન શ્રમના પ્રમાણમાં વધારો કરવામાં આવતા કુલ ઉત્પાદન વધે છે પરંતુ સીમાંત અને સરેરાશ ઉત્પાદનમાં ઘટાડો થાય છે. બીજો તબક્કો ઘટતી પેદાશનો તબક્કો.

3. **ત્રીજો તબક્કો :**

અહીં શ્રમનાં 8,9,10 *એકમોનું રોકણ વધારવામાં આવે છે. ત્યારે કુલ ઉત્પાદનમાં ઘટાડો થાય છે.* 8 *શ્રમનાં એકમે કુલ ઉત્પાદન વધુ થાય છે પરંતુ સીમાંત ઉત્પાદન શૂન્ય અને સરેરાશ ઉત્પાદન* 7 *ક્વિન્ટલ થાય છે. પરંતુ* 9*માં અને* 10*માં શ્રમિકે સીમાંત ઉત્પાદન અનુક્રમે* -2 *અને* -4 *નકારાત્મક થાય છે અને સરેરાશ ઉત્પાદન પણ ઘટે છે. ત્રીજો તબક્કો નકારાત્મક પેદાશનો છે.*

3.3.4 નિયમનું મહત્ત્વ :

આ નિયમ માત્ર ખેતક્ષેત્રમાં નહીં પરંતુ ઉત્પાદનના દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. ઉત્પાદનના દરેક ક્ષેત્રમાં ઘટતા મળતરનો નિયમ એક સામાન્ય ઘટના છે તેમ છતાં ખેતીક્ષેત્રે આ નિમય વહેલો અમલી થાય છે જ્યારે ઉદ્યોગક્ષેત્રે અમુક તબક્કા પછી નિયમ આવતો જણાય છે.

3.4. લાંબાગાળાનું ઉત્પાદન વિધેય :

લાંબાગાળે ઉત્પાદનના બધા સાધનો પરિવર્તનશીલ છે. બધા સાધનોનું પ્રમાણ એક સાથે વધારી શકાય છે. સમગ્ર પેઢીનો કદ વિસ્તાર પામે છે. આવા સમયે ઉત્પાદનનું વલણ કેવું હશે તે કદ વિકાસના મળતરના નિયમ દ્વારા સમજાવામાં આવે છે.

લાંબાગાળાનું ઉત્પાદન વિધેયનું સમીકરણ

$$Q = f\ (x_1,\ x_2,\ x_3 \ldots\ldots x_w \quad \bar{T})$$

Q = *ઉત્પાદન*

$x_1,\ x_2,\ x_3 = x_n$ = *ઉત્પાદનના વિભિન્ન સાધનો*

T = *ટેક્નોલોજી જે સ્થિર છે.*

F= *વિધેયાત્મક સંબંધ*

આકૃતિ



સમજુતિ : ox *આડી ધરી પર શ્રમના એકમો અને* oy *ધરી પર મૂડીના એકમો દર્શાવ્યા છે. ધારોકે વસ્તુના ઉત્પાદન માટે શ્રમ અને મૂડીના સાધનોની જરૂરિયાત છે. શ્રમના એકમો* oc *સ્થિર દર્શાવ્યા છે.* CD *પર જેમ ઉપર તરફ ગતિ કરવામાં આવે છે. તેમ તેમ મૂડીના એકમોમાં વધારો થાય છે. આમ,* CD *અને* AB *રેખાઓ પરિવર્તનીય સાધન પ્રમાણની રજૂઆત કરે છે. અહીંયા શ્રમ અને મૂડીના એકમો વધારવામાં આવે છે. તેથી ઉત્પાદક પેઢીનું કદ વિસ્તાર પામે છે. સાધનપ્રમાણમાં ફેરફાર થતો નથી.*

3.5 કદ વિકાસનો અથવા વળતરનો નિયમ :

જ્યારે ઉત્પાદનના બધાં જ સાધનોનું પ્રમાણ એક સાથે વધારવામાં આવે ત્યારે ઉત્પાદનનાં વલણો ત્રણ તબક્કામાં વહેંચાયેલાં જોવા મળે છે.

3.5.1 કદ મળતરના તબક્કાનું અનુસૂચિ :

કદનો	*કદ*		*કુલ*	*સીમાંત*	*તબક્કા*
ક્રમાંક	*શ્રમ +* (*એકમો*)	*જમીન* (*એકર*)	*ઉત્પાદન* *ક્વિન્ટલ*	*મળતર* *ક્વિન્ટલ*	
1	1	3	20	20	*પ્રથમ તબક્કામાં વધતા મળતરનો તબક્કો*
2	2	6	50	30	
3	3	9	90	40	
4	4	12	140	50	
5	5	15	190	50	*બીજો સ્થિર*
6	6	18	240	50	

7	7	21	280	40	મળતરનો તબક્કો
8	8	24	310	30	ત્રીજો ઘટતો મળતરનો દર
9	9	27	330	20	

:



સીમાંત મળતર ક્વિન્ટલમાં

3.5.2 કદ મળતરના તબક્કાવાર સમજૂતિ :

1. *વધતાં મળતરનો તબક્કો : પેઢીના કદમાં ૫૦ ટકાનો પ્રત્યેક સાધનના પ્રમાણમાં ૫૦ ટકા વધારો થાય તો તેને લીધે ૫૦ ટકાથી વધુ ઉત્પાદનને પ્રાપ્ત થાય જેને વધતુ મળતર કહેવાય છે. આ પ્રથમ તબક્કામાં કદ વિસ્તાર સાથે સીમાંત મળતરમાં વધારો થાય છે તેથી કુલ ઉત્પાદનમાં કદ વિસ્તારની સરખામણીમાં વધુ વધારો થાય છે. જો કે શ્રમ અને જમીનના પ્રમાણમાં વધારો કરવામાં આવે છે. શ્રમવિભાજન અને વિશિષ્ટકરણનો શ્રમિકોની સંખ્યા વધતા લાભ લઈ શકાય છે.*

2. *સ્થિર મળતરનો તબક્કો : પેઢીના કદમાં ૫૦ ટકા જ વિસ્તાર કરવામાં આવે જેને પરિણામે ઉત્પાદનમાં પણ ૫૦ ટકાનો વધારો થાય તો તેને સ્થિર મળતર કહેવામાં આવે છે. કદનું સીમાંત વળતર 50 ક્વિન્ટલની સપાટીએ સ્થિર થવા પામે છે.*

3. *ઘટતા મળતરનો તબક્કો : પેઢીના કદમાં ૫૦ ટકાનો વિસ્તાર કરવામાં આવે જેને પરિણામે ઉત્પાદનમાં ૫૦ ટકાથી ઓછો વધારો થાય તો તેને ઘટતું મળતર કહેવામાં આવે છે. ત્રીજા તબક્કામાં શ્રમ અને જમીનનું પ્રમાણ વધારવામાં આવે છતાં*

શ્રમિકોમાં શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણનો અવકાશ ઘટે છે તેથી સીમાંત મળતર ઘટવા પામે છે.

કદ વિકાસના મળતરના તબક્કાની સમજૂતી આપવા માટે સાધનોની અવિભાજ્યતા મહત્ત્વનો ભાગ ભજવે છે. અવિભાજ્યતા મહત્ત્વનું પરિબળ છે.

3. 6 કદ વિકાસના લાભ અને ગેરલાભ :

પેઢીનું કદ મોટું થતા તેને માટે ઉત્પાદનખર્ચમાં કરકસર થાય છે. તેથી પેઢી વિકાસના લાભ આંતરિક કરકસરના લાભ (ઈન્ટરનલ ઇકોનોમી) તરીકે ઓળખાય છે.

3.6.1 પેઢી વિકાસના લાભ :

કોઇ પેઢીના કદમાં થતા વધારાને લીધે પેઢીને મળતાં અંગત લાભ પેઢી વિકાસના લાભ કહેવાય છે. પ્રો. રોબિન્સને પોતાના પુસ્તકમાં સ્ટ્રકચર ઑફ કોમ્પિટીટીવ ઈન્ડસ્ટ્રીમાં પેઢી વિકાસનાં પાંચ લાભો દર્શાવ્યા છે.

1. યાંત્રિક લાભ :

a) *શ્રમવિભાજન : પેઢીનું કદ વધતાં મોટા પાયા પરના ઉત્પાદનમાં શ્રમવિભાજન વિશિષ્ટકરણનો લાભ થઇ શકે છે. ઉત્પાદન પ્રક્રિયામાં નિષ્ણાંત અને આવડતવાળા શ્રમિકો અને યંત્રસામગ્રીનો ઉપયોગ થઇ શકે છે. તેમની કુશળતાથી સમયનો બચાવ થાય છે અને એકમદીઠ ખર્ચ ઘટે છે.*

b) *અવિભાજ્યતા : મોટી પેઢી અવિભાજય સાધનોનો પૂર્ણોત્તમ ઉપયોગ કરી શકે છે. નાની પેઢી કરી શકતી નથી મોટા કિંમતી અને અવિભાજય યંત્રના લાભ નાના પાયા પર ઉત્પાદન કરતી પેઢીને પ્રાપ્ત થતા નથી.*

c) *વિસ્તાર વધારાનો લાભ : ઉત્પાદનમાં વધારો કરવા માટે મૂડી સાધનનું કદ વધવાને લીધે વિસ્તાર વધારાનો લાભ પ્રાપ્ત થાય છે.*

d) *ઉત્પાદન પ્રક્રિયાનું સંકલન : મોટી પેઢી માટે ઉત્પાદન પ્રક્રિયાનું સંકલન એક જ સ્થળે શક્ય બને છે.*

e) *આડપેદાશના લાભ : મોટી પેઢી દ્વારા મોટા પાયા પર ઉત્પાદન કરવાને કારણે આડપેદાશના લાભ મેળવી શકાય છે.*

2. **વહીવટી અને સંચાલકીય લાભો :**

જો પેઢીનું કદ વિસ્તાર પામે તો કામની વહેંચણી સરળતાથી થઇ શકે છે. આ સમયે નિષ્ણાંતની સેવા જેમ કે ક્લાર્ક, ટાઇપિસ્ટ, હિસાબનીશ, સુપરવાઇઝર, ફોરમેન વગેરે દ્વારા સારી સસ્તી ટકાઉ અને નીચા ઉત્પાદન ખર્ચ વસ્તુઓનું ઉત્પાદન કરી શકાય.

3. **નાણાકીય લાભ :**

પેઢી મોટા કદની થતાં તેની શક્તિમાં વધારો થાય છે. આથી નાણાં બજારમાંથી ઉત્પાદનકાર્ય માટે સરળતાથી ધિરાણ મેળવી શકાય. લોકો પણ મોટી પેઢીમાં પોતાની બચતો રોકતાં અચકાતા નથી કારણ કે મોટી પેઢીની કાર્યક્ષમતામાં રોકાણકારોને વિશ્વાસ હોય છે તેથી પેઢી સહેલાયથી મૂડી એકત્રિત કરી શકે છે.

4. **ખરીદ વેચાણના લાભ :**

પેઢીનાં કદમાં વધારો થતાં જથ્થાબંધ ખરીદીમાં પેઢીની સોદાશક્તિમાં વધારો થાય છે. કાચો માલ પણ મોટા જથ્થામાં ખરીદવાનો હોવાથી સસ્તા ભાવે મળે છે, જેથી વસ્તુનાં ઉત્પાદન ખર્ચ ઘટે છે વેચાણમાં નિષ્ણાંત તજજ્ઞોની સેવાનો લાભ મળે છે.

5. જોખમનું વિકેન્દ્રીકરણ :

મોટી પેઢી ધંધાના જોખમને ઘટાડે છે તે અનેક બજારોમાં વસ્તુઓનું વેચાણ કરે છે.એટલે કે એક બજારમાં મંદીને કારણે ખોટ આવે તો બીજા બજારમાં મળતા નફા દ્વારા ખોટ ભરપાઇ થઇ જાય છે.

3.6.2 ઉદ્યોગ વિકાસના લાભ (External Economics) :

1. **સ્થાનિયકરણના લાભ** *: કોઇ એક ઉદ્યોગ અમુક સ્થળે કેન્દ્રિત થવાથી બીજા અનેક સહાયક ઉદ્યોગોનો વિકાસ થાય છે. જેને લીધે સાધનસામગ્રી અને સેવાઓનાં બજારો વિકસે છે. ઉદ્યોગની દરેક પેઢીને તેનો લાભ મળે છે.*

2. **માહિતી અને સંસોધનના લાભ :** *ઉદ્યોગોનો વિકાસ થતાં શ્રમિકોના મંડળો, સંચાલકોનાં મંડળો, ઉત્પાદન અને બજાર અંગેના સર્વે હાથ ધરાય છે. જેને પરિણામે ઉત્પાદન પદ્ધતિ અને વસ્તુની ગુણવત્તા અંગે સંશોધન થાય છે. તે સામયિકો પ્રકાશિત થાય છે. જેમાં કાચા માલની પ્રાપ્તિ, માંગની સ્થિતિ, સરકારની નીતિ, કરવેરાનું ભારણ, બજારની સ્થિતિ વગેરેની રજૂઆત થાય છે.*

3. **સહાયક ઉદ્યોગો :** *કોઇ એક સ્થળે ઉદ્યોગોનો વિકાસ થવા સાથે સહાયક ઉદ્યોગો પણ વિકસે છે.*

3.6.3 પેઢી વિકાસના ગેરલાભ :

પેઢીનું કદ અમર્યાદિત પ્રમાણમાં વધારવું હિતાવહ નથી. કારણ કે શરૂઆતમાં સરેરાશ ખર્ચ ઘટતું જશે. પરંતુ અમુક હદ પછીથી સરેરાશ ખર્ચમાં વધારો થાય છે અને મોટા કદના ગેરલાભ મળે છે.

1. **યાંત્રિક લાભ :**

પેઢી મોટા કદથી થતા ઉત્પાદનની જુદી પ્રક્રિયાના સંચાલનની સમસ્યા, ઉત્પાદન પ્રક્રિયા અને વેચાણ પ્રક્રિયા, સંકલન સમસ્યા સર્જાય છે. નિયોજકની શક્તિની કેટલીક મર્યાદા જેને લીધે જુદી પ્રક્રિયાઓ વચ્ચે વિશિષ્ટ પ્રશ્નો, સમસ્યાઓ અને તાત્કાલિક નિર્ણયો લેવામાં વિલંબ થાય છે.

2. **વહીવટી ગેરલાભ :**

પેઢીના કદનો વિસ્તાર થવાથી વહીવટી સંચાલન ક્ષેત્ર કેટલીક સમસ્યાઓ સર્જાય છે.કર્મચારીઓ, વહીવટીદારો અને અધિકારીઓના હક્કના પ્રશ્નો, નિરીક્ષણ, નિયંત્રણ અને સંકલનની જવાબદારીમાં વધારો થાય છે. આવા સમયે સંચાલકોની કાર્યક્ષમતા ઘટે છે.

3. **ખરીદ-વેચાણ ગેરલાભ :**

મોટી પેઢી કાચામાલની જથ્થાબંધ ખરીદી કરે છે. આ સંજોગોમાં કાચામાલના ભાવો ઘટે તો પેઢીને નુકસાની ભોગવવી પડે છે. આ સાથે કાચા માલના સંગ્રહનો પ્રશ્ન, કમોસમી માંગ, અપૂરતી માંગ વગેરે ખરીદ-વેચાણના ગેરલાભ પેઢીને સહન કરવા પડે છે.

3.6.4 ઉદ્યોગ વિકાસના ગેરલાભ :

1. **કારખાના પ્રથાના દૂષણો :**

ઉદ્યોગોનું સ્થાનીકરણ થતાં કારખાનાં પ્રથા અસ્તિત્વમાં આવે છે. કારખાનાં પ્રથાનાં દુષણો સર્જાય છે. જેમ કે વસ્તીનું દબાણ, ગંદા ગીચ રહેઠાણો, ઝૂંપડપટ્ટીઓ, હવા પાણીનું દૂષિતીકરણ કામદારોનાં સ્વાસ્થ્યના પ્રશ્નો પણ સર્જાય છે. તેમની કામ કરવાની શક્તિ અને ઈચ્છા પર વિપરીત અસર થાય છે. જે સમાજને માટે નુકસાનકારક છે.

2. **ઔદ્યોગિક અશાંતિ :** *ઉદ્યોગોના કેન્દ્રીકરણના સ્થળે અશાંતિ સર્જાય છે. માલિક અને મજુર વચ્ચે થતા ઔદ્યોગિક ઝઘડા, વેતન વધુ કામનો પ્રશ્ન વગેરે સમસ્યાઓ સર્જાય છે.*

3. **શહેરીકરણના પ્રશ્નો :** *ઉદ્યોગના કેન્દ્રીકરણને પરિણામે શહેરી વિસ્તારોમાં વસ્તીનું સ્થળાંતર થાય છે. શહેરીકરણના પ્રશ્નો સર્જાય છે. જેમાં રહેઠાણનો પ્રશ્ન, પાણી, વીજળી, વાહનવ્યવહાર, ગંદા-ગીચ વસવાટો, સમાજના નૈતિક અધઃપતન જેવી સામાજિક સમસ્યાઓ બેકારી અને અર્ધબેકારી સર્જાય છે.*

3.7. સમઉત્પાદન રેખા : (Iso- quant Curve) (IQC)

ઉત્પાદનનાં કોઈપણ બે સાધનો વત્તાઓછા અંશે એકબીજાની અવેજી લઈ શકે છે. તેથી કોઈ એક સાધનનું પ્રમાણ ઘટાડીને અને બીજા સાધનનું પ્રમાણ વધારીને એકસરખું ઉત્પાદન મેળવી શકાય છે.

સમઉત્પાદન રેખાનો અર્થ :

બે સાધનોનાં જુદા જુદાં સંયોજનો વડે એકસરખું ઉત્પાદન વ્યકત કરતી રેખાને ઉત્પાદન રેખા તરીકે ઓળખવામાં આવે છે.

- *અમુક ચોક્કસ ઉત્પાદન મેળવવાં માટે એક કરતાં વધુ સાધન સંયોજન શક્ય હોય તો ભિન્ન ભિન્ન સાધન સંયોજનો દ્વારા એક સરખું ઉત્પાદન મેળવી શકાતું હોય તો તેવા સાધન સંયોજને સમઉત્પાદન સાધન સંયોજન તરીકે ઓળખી શકાય.*

- **ધારણાઓ :**

1. *ઉત્પાદક ઉત્પાદન કરવા માટે શ્રમ અને મૂડી એમ બે સાધનોનો ઉપયોગ કરે છે.*
2. *ઉત્પાદન પદ્ધતિ આપેલી છે.*
3. *ઉત્પાદન દરેક સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે.*

અનુસૂચિ અને આકૃતિ

સાધન સંયોજન	*શ્રમ અને મૂડીનું પ્રમાણ (એકમમાં)*	*સીમાંત અવેજીનો દર મૂડી : શ્રમ*	*કુલ ઉત્પાદન (એકમમાં)*
A	1 + 25	-	100
B	2 +17	1:8	100
C	3 + 11	1 :6	100
D	4 + 6	1 :5	100



આકૃતિમાં OX રેખા પર શ્રમ અને OY રેખા પર મૂડીનું પ્રમાણ દર્શાવવામાં આવે છે. A, B, Cઅને D બિંદુઓ એકસરખું ઉત્પાદન આપી તેવા સાધન સંયોજન દર્શાવે છે. A, B, C, D બિંદુઓને જોડતા એક સળંગ રેખા પ્રાપ્ત થાય છે જેને સમ ઉત્પાદન રેખા ISO-quant Curve અથવા Equal product Curve તરીકે ઓળખવામાં આવે છે.

3.7.1 ટેકનિકલ સીમાંત અવેજીનો દર :

કુલ ઉત્પાદનમાં ફેરફાર જન્માવ્યા સિવાય શ્રમના પ્રમાણમાં એક એકમનો વધારો કરવા માટે મૂડીના જેટલા એકમો ઘટાડવા પડે છે તે શ્રમનો ટેકનિકલ સીમાંત અવેજીદર દર્શાવે છે.

$$\text{શ્રમનો ટેકનિકલ સીમાંત અવેજી દર} = \frac{\text{મૂડીના પ્રમાણમાં ઘટાડો}}{\text{શ્રમના પ્રમાણમાં વધારો}}$$

આકૃતિ



OX રેખા પર શ્રમના એકમો અને OY રેખા પર મૂડીના એકમો દર્શાવ્યા છે. B અને D સંયોજન એકસરખું ઉત્પાદન કરી શકે તેવા શ્રમ અને મૂડીના ભિન્ન ભિન્ન પ્રમાણ દર્શાવતા સાધન સંયોજન છે.

તેથી શ્રમનો સીમાંત અવેજી દર $= \frac{BE}{ED}$ થાય છે.

3.7.2 સમ ઉત્પાદન રેખાના લક્ષણો :

1. સમઉત્પાદન રેખા જમણી બાજુ નીચે ઢળતી હોય છે. તેનો ઋણ ઢાળ હોય છે. એક સાધનના પ્રમાણમાં વધારો થાય છે ત્યારે બીજા સાધનના પ્રમાણમાં ઘટાડો થાય છે.

આકૃતિ



Iq એ સમઉત્પાદન રેખા છે તેથી શ્રમના પ્રમાણમાં L_1 L_2 જેટલો વધારો થાય ત્યારે મૂડીનું પ્રમાણ c_1c_2 જેટલું ઘટાડવામાં આવે તો એકસરખું ઉત્પાદન પ્રાપ્ત થાય છે તેથી સમઉત્પાદનરેખા ઉપરથી નીચે જમણી તરફ ઢળતી જાય છે.

2. **સમઉત્પાદન રેખા મધ્યબિંદુ તરફ બહિગોળ છે :**

સમઉત્પાદન રેખાના ઢોળાવનો આધાર ટેક્નિકલ અવેજીના સીમાંત દર પર રહેલો છે. ટેક્નિકલ સીમાંત અવેજીનો દર ઘટતો જતો હોવાથી સમઉત્પાદન રેખા મધ્યબિંદુ તરફ બહિગોળ છે. જેમ જેમ શ્રમના એકમો વધતા જાય છે તેમ તેમ મૂડીના એકમો ઘટે છે તે શ્રમનો સીમાંત અવેજીનો દર દર્શાવે છે અને ટેક્નિકલ અવેજીનો સીમાંત દર ક્રમશઃ ઘટતો જતો હોવાથી સમઉત્પાદન રેખા મધ્યબિંદુ તરફ બહિર્ગોળ છે.

3. **સમઉત્પાદન રેખા એકબીજાને છેદી શકે નહી :**

જો બે રેખાઓ એકબીજાને છેદતી હોય તો તે સમઉત્પાદન રેખાઓ હોઈ શકે નહિ. આકૃતિમાં Aઅને B બિંદુઓ એક જ સમઉત્પાદન રેખા Iq_1 પર આવેલાં છે. તે જ રીતે Aઅને B બિંદુઓ એક જ સમઉત્પાદન રેખા Iq_2 પર આવેલા છે. પરંતુ આ બંને સંયોજનમાં મૂડીનું પ્રમાણ સરખું છે. પરંતુ શ્રમનું પ્રમાણ સરખુ નથી . તેથી સમઉત્પાદન રેખા કહી શકાય નહીં

આકૃતિ



4. **સમઉત્પાદન રેખા જેમ ઉપર તેમ ઉત્પાદન વધુ :**

આકૃતિમાં Iq_1, Iq_2, Iq_3 *ત્રણ સમઉત્પાદન રેખાઓ દર્શાવી છે.* Iq_3 *સમઉત્પાદન રેખા ઉંચી છે જે નીચેની રેખા કરતાં વધુ ઉત્પાદન આપે છે.*



Iq_1, Iq_2 *કરતાં* Iq_3 *માં શ્રમના એકમો વધારે છે. તેથી તે વધુ ઉત્પાદન દર્શાવે છે. આમ; જેમ સમઉત્પાદન રેખા ઊંચી તેમ ઉત્પાદન વધુ.*

3.8. સમખર્ચ રેખા :

"ઉત્પાદક પાસે જે આપેલી રકમ હોય તે રકમ વડે ઉત્પાદનનાં બે સાધનોના કયાં સંયોજનો પેઢી ખરીદી શકે તે બાબત દર્શાવતી રેખા એટલે સમખર્ચ રેખા."

પેઢી તેણે નક્કી કરેલ ખર્ચવાપાત્ર રકમ દ્વારા ઉત્પાદનનાં બે સાધનોનાં કયા સંયોજનો ખરીદી શકે તે દર્શાવતી રેખાને સમખર્ચ કહેવામાં આવે છે.

ધારો કે ઉત્પાદક પાસે શ્રમ અને મૂડી પાછળ રૂા. 1000 *ખર્ચ કરવાનો છે. મૂડી અને શ્રમની કિંમત અનુક્રમે રૂા.* 10 *અને રૂા.* 5 *છે. ઉત્પાદક માટે એકસરખા ખર્ચ દ્વારા ઉપલબ્ધ સાધન સંયોજન નીચે મુજબ દર્શાવી શકાય.*

અનુસૂચિ શક્ય સાધન સંયોજનો

સંયોજન	શ્રમ +મૂડી (એકમો)	શ્રમનું ખર્ચ (રૂા. માં)	મૂડીનું ખર્ચ (રૂા. માં)	કુલ ખર્ચ (રૂા. માં)
A	0 + 100	000	1000	1000
B	40 + 80	200	800	1000
C	80 + 60	400	600	1000
D	120 + 40	600	400	1000
E	160 +20	800	200	1000
F	200 + 00	1000	000	1000

ઉત્પાદક પાસે ત્રણ વિકલ્પો છે.

1. *ઉત્પાદક બધી જ રકમ મૂડી પાછળ ખર્ચે તો મૂડીના* 100 *એકમ ખરીદી શકે છે.*
2. *ઉત્પાદક બધી જ રકમ શ્રમ પાછળ ખર્ચે તો શ્રમના* 200 *એકમ ખરીદી શકે છે.*
3. *અમુક રકમ મૂડી પાછળ અને અમુક રકમ શ્રમ પાછળ ખર્ચ કરે તો અનુસૂચિ પર બતાવેલા અલગ અલગ સાધન સંયોજન મેળવી શકાય. દા.ત. શ્રમના* 120 *એકમ અને* 40 *એકમ મૂડીના ઉત્પાદક ખરીદી શકે છે. જો ઉત્પાદક બધી રકમ* D *સંયોજન પર રોકે તો*



આકૃતિમાં A, B, C, D, E અને Dબિંદુઓ એક સરખું ખર્ચ થતુ હોય તેવા શ્રમ અને મૂડીના શકય સંયોજનો દર્શાવે છે. આ બિંદુઓને જોડતા જે સળંગ રેખા પ્રાપ્ત થાય છે તે સમખર્ચ રેખા છે.

3.8.1 સમખર્ચરેખાનું સ્થાન :

સમખર્ચ રેખાના સ્થાનનો આધાર ઉત્પાદક પાસે ખર્ચવા માટે કેટલી રકમ છે તેના પર રહેલો છે. જેમ ઉત્પાદક પાસે ખર્ચવા માટેની રકમ વધુ તેમ સમખર્ચ રેખાનું સ્થાન ઉંચુ હોય છે.



આકૃતિ મુજબ ઉત્પાદક ખર્ચ રૂા. 1000 છે ત્યારે ABસમખર્ચ રેખા છે. રૂા. 1500 છે ત્યારે $A'B'$સમખર્ચ રેખા છે. અને રૂ. 1500 છે ત્યારે $A''B''$સમખર્ચ રેખા છે. જેમ ઉત્પાદકનું ખર્ચ વધુ તેમ સમખર્ચ રેખાનું સ્થાન ઉંચુ.

- **સમખર્ચ રેખાનો ઢોળાવ :**

જે ખર્ચનું પ્રમાણ સ્થિર હોય અને એક સાધનની કિંમતમાં ફેરફાર થાય તો તેની સમખર્ચ રેખાના ઢાળાવમાં ફેરફાર થાય છે.



ધારો કે ઉત્પાદક રૂ. 1000 ખર્ચ કરવા માગે છે મૂડી અને શ્રમની કિંમત અનુક્રમે રૂ. 10 અને રૂ. 5 છે ત્યારે ABસમખર્ચ રેખા છે. જો શ્રમની કિંમત ઘટીને રૂ. 5 માંથી 4 રૂ. થાય તો શ્રમના 250 એકમ મેળવી શકે છે તેથી સમખર્ચ AB' આવશે.

આમ ABરેખા કરતા AB' રેખાનો ઢોળાવ ઓછો છે.

3.9 સ્વાધ્યાય :

મુદ્દાસર પ્રશ્નોના જવાબ આપો.

1. એકમ વિકાસ અથવા પેઢી વિકાસ અને ઉદ્યોગ વિકાસના લાભ અને ગેરલાભ જણાવો.
2. કદ મળતરનો નિયમ લખો.
3. ટૂંકા અને લાંબાગાળાનું ઉત્પાદન વિધેય ખ્યાલ આપો.
4. બિનપ્રમાણસર સાધન સંયોજનનો નિયમ આકૃતિ સહિત સમજાવો.
5. સમઉત્પાદન રેખાનો અર્થ અને લક્ષણો દર્શાવો.
6. સમઉત્પાદન રેખાનો અર્થ, સ્થાન તથા ઢોળાવ વિશે ખ્યાલ આપો.

- **ટૂંકનોંધ લખો.**

1. *ઉત્પાદન વિધેયનો અર્થ તથા લક્ષણો દર્શાવો.*
2. *ટૂંકા ગાળાનું ઉત્પાદન વિધેય સમજાવો.*
3. *લાંબા ગાળાનું ઉત્પાદન વિધેય દર્શાવો.*
4. *સમખર્ચ રેખા પર નોંધ લખો.*
5. *ઉદ્યોગ વિકાસના લાભ દર્શાવો.*
6. *ઉદ્યોગ વિકાસની ખામી દર્શાવો.*
7. *સમઉત્પાદન રેખા પર નોંધ લખો.*
8. *પેઢી વિકાસના લાભો દર્શાવો.*

- **બહુવિકલ્પ પ્રશ્નો :**

1. *સાધનો અને ઉત્પાદન વચ્ચેના ભૌતિક સંબંધને ટેકનિકલ ભાષામાં શું કહેવાય છે?*

(a) *ઉત્પાદન* (b) *સાધન પ્રમાણ*

(c) *ઉત્પાદન વિધેય* (d) *ભૌતિક સંબંધ*

2. *ઉત્પાદન વિધેય કેટલા પ્રકારનું છે?*

(a) *બે* (b) *ત્રણ*

(c) *ચાર* (d) *પાંચ*

3. *ટૂંકા ગાળામાં ઉત્પાદનના સાધનો કેવા હોય છે?*

(a) *અચલ* (b) *અસ્થિર*

(c) *સ્થિર* (d) *ઉપરોક્ત કોઈ નહીં*

4. *કયા અર્થશાસ્ત્રીએ બિનપ્રમાણસર સાધનસંયોજનના નિયમની રજૂઆત કરી છે?*

(a) *એડમ સ્મિથ* (b) *કેઈન્સ*

(c) *માર્શલ* (d) *રોબિન્સ*

5. *બિનપ્રમાણસર સાધન સંયોજનનો નિયમ કયા ક્ષેત્ર સાથે જોડાયેલ છે?*

(a) *મત્સ્ય ઉદ્યોગ* (b) *ખેતી*

(c) *ખનન ઉદ્યોગ* (d) *સેવાક્ષેત્ર*

6. *બિનપ્રમાણસર સાધન સંયોજનના નિયમમાં કયાં તબક્કે સીમાંત ઉત્પાદન નકારાત્મક બને છે?*

(a) *ચોથો તબક્કો* (b) *બીજો તબક્કો*

(c) *પહેલો તબક્કો* (d) *ત્રીજો તબક્કો*

7. કદ વિકાસનાં મળતરનો નિયમમાં કેટલા વલણ જોવા મળે છે?

(a) ત્રણ (b) ચાર

(c) પાંચ (d) છ

8. પેઢી વિકાસના કયા લાભ છે?

(a) યાંત્રિક (b) નાણાકીય

(c) વહીવટ (d) ઉપરોક્ત બધા

9. પેઢી વિકાસના કયા ગેરલાભ છે?

(a) સંચાલનની સમસ્યા (b) સંકલનના પ્રશ્નો

(c) વેચાણના પ્રશ્નો (d) ઉપરોક્ત બધા

10. ઉદ્યોગ વિકાસના લાભો કયા છે?

(a) સ્થાનિયકરણ (b) સદાયક ઉદ્યોગો

(c) સંશોધન (d) ઉપરોક્ત બધા

11. બે સાધનોનાં જુદાં જુદાં સંયોજનો વડે એકસરખું ઉત્પાદન વ્યકત કરતી રેખાને શું કહેવાય છે?

(a) સમઉત્પાદન રેખા (b) ઉત્પાદન વિધેય

(c) સમખર્ચ રેખા (d) તટસ્થ રેખા

12. શ્રમનો ટેક્નિકલ સીમાંત અવેજી દર એટલે ?

(a) મૂડીનાં પ્રમાણમાં ઘટાડો (b) શ્રમના પ્રમાણમાં વધારો

(c) Aઅને Bબન્ને (d) તટસ્થ રેખા

13. સમઉત્પાદન રેખા નીચેનામાંથી કયા લક્ષણો છે?

(a) જમણી બાજુથી નીચે તરફ ઢળતી (b) બહિર્ગોળ છે

(c) તે એકબીજાને છેદતી નથી (d) ઉપરોક્ત બધા

14. પેઢી તેણે નક્કી કરેલ ખર્ચવાપાત્ર રકમ દ્વારા ઉત્પાદનના બે સાધનોનાં કયાં સંયોજનો ખરીદી શકે તે દર્શાવતી રેખા ?

(a) સમઉત્પાદન (b) સીમાંત રેખા

(c) સમખર્ચ (d) સરેરાશ ઉત્પાદન રેખા

15. સમખર્ચ રેખાના ઢોળાવનો આધાર શેના પર રહેલો છે?

(a) સાધનની કિંમત (b) સંચાલન

(c) ઉત્પાદકની આવક (d) ઉપરોક્ત બધા

જવાબ :

1. (c)
2. (a)
3. (c)
4. (c)
5. (b)
6. (d)
7. (a)
8. (d)
9. (d)
10. (d)
11. (a)
12. (c)
13. (d)
14. (c)
15. (a)

એકમ -૪	ખર્ચ રેખાઓ તથા પુરવઠાનો નિયમ

4.1 *ઉત્પાદનના ખર્ચના ખ્યાલો.*

4.1.1 *વાસ્તવિક ખર્ચ*

4.1.2 *નાણાકીય ખર્ચ*

4.1.3 *વૈકિલ્પક ખર્ચ.*

4.2 *સમયગાળાના આધારે ખર્ચના ખ્યાલ.*

ટૂંકાગાળાના ખર્ચ, કુલ સ્થિર ખર્ચ, કુલ અસ્થિર ખર્ચ, કુલ ખર્ચ, સરેરાશ સ્થિર ખર્ચ, સરેરાશ

અસ્થિર ખર્ચ, સરેરાશ કુલ ખર્ચ, સીમાંત ખર્ચ.

4.3 *સરેરાશ અને સીમાંત ખર્ચ વચ્ચેનો સંબંધ.*

4.4 *લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખા.*

4.5 *પુરવઠાનો નિયમ.*

4.5.1 *પુરવઠાના નિયમની ધારણા.*

4.5.2 *પુરવઠાના નિયમના અપવાદો.*

4.5.3 *પુરવઠામાં ફેરફાર :* *પુરવઠામાં વિસ્તરણ - સંકોચન*

પુરવઠામાં વધારો- ઘટાડો.

4.6 *પુરવઠાની મૂલ્યસાપેક્ષતા.*

4.6.1 *અર્થ પ્રકારો.*

4.7 *સ્વાધ્યાય.*

4.1 ઉત્પાદનના ખર્ચના ખ્યાલો

પ્રસ્તાવના :

ઉત્પાદન ખર્ચ એટલે વસ્તુના ઉત્પાદન માટે પેઢી દ્વારા કરવામાં આવતું ખર્ચ. ઉત્પાદક વસ્તુનું ઉત્પાદન કરતી વખતે કિંમતની સાથે- સાથે ઉત્પાદન ખર્ચને પણ ધ્યાનમાં લે છે. કિંમતની સાથે – સાથે ઉત્પાદન ખર્ચ પણ ઉત્પાદન કરવું કે નહિ, ઉત્પાદન કરવું તો કેટલું

કરવું, ઉત્પાદન વધારવું કે ઘટાડવું વગેરે બાબતોનાં નિર્ણયો લેવામાં માર્ગદર્શક નીવડે છે. પેઢીના ઉત્પાદન ખર્ચનાં ત્રણ પ્રકાર પાડી શકાય છે.

4.1.1 વાસ્તવિક ખર્ચ :-

વાસ્તવિક ખર્ચ નાણાના રૂપમાં વ્યકત કરવામાં આવતો નથી. આથી તેને બિનનાણાકીય ખર્ચ પણ કહી શકાય. વાસ્તવિક ખર્ચ એટલે વસ્તુનું ઉત્પાદન કરવા માટે સાધન માલિકોએ જે તકલીફો સહન કરવી પડે છે તે. ટૂંકમાં ઉત્પાદન પ્રક્રિયામાં જોડાયેલા નિયોજક, મજુરો અને મૂડી પતિઓ જે માનસિક અને શારીરિક કષ્ટ ભોગવે છે તથા ત્યાગ વગેરે તે વસ્તુના ઉત્પાદનનો વાસ્તવિક ખર્ચ છે.

- *વાસ્તવિક ખર્ચનો ખ્યાલ પરિશ્રમ, ત્યાગ, કષ્ટ કંટાળો જેવા માનસશાસ્ત્રીય શબ્દો દ્વારા સમજાવવામાં આવે છે તેથી તે આત્મલક્ષી અને સાપેક્ષ બની જાય છે.*
- *વાસ્તવિક ખર્ચ એક અનુભૂતિ છે તેથી તેને ચોક્કસાઈથી માપી શકાતો નથી.*

4.1.2 નાણાકીય ખર્ચ :-

નાણાકીય ખર્ચ એટલે વસ્તુના ઉત્પાદન માટે કરવામાં આવતો નાણાના સ્વરૂપમાં ખર્ચ. નાણાકીય ખર્ચ વસ્તુના ઉત્પાદનમાં રોકાયેલા સાધનોને જે નાણાકીય વળતર આપવામાં આવે છે, ઉત્પાદનના સાધનોને તેમની સેવાઓના બદલામાં જે નાણાકીય ચૂકવણીઓ કરવામાં આવે છે, તેનો સરવાળો. નાણાકીય ખર્ચમાં જમીનનું ભાડું, શ્રમિકોનું વેતન, મૂડીનું વ્યાજ, યંત્રો, કાચો માલ વીજળી વગેરે તેમજ ઓક્ટ્રોય ખર્ચ, કરવેરા, વાહન વ્યવહાર ખર્ચ, વિમા પ્રિમિયમનો ખર્ચ, જાહેરાત ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

- *કુલ નાણાકીય ખર્ચ = હિસાબી ખર્ચ + આરોપિત અદૃશ્ય ખર્ચ ઉત્પાદક નફા-નુકસાનની ગણતરી કરવા માટે નાણાકીય ખર્ચના ખ્યાલનો ઉપયોગ કરે છે.*

4.1.3 વૈકિલ્પક ખર્ચ :-

વૈકલ્પિક ખર્ચ એટલે જતો કરવામાં આવેલો શ્રેષ્ઠ વિકલ્પ. કોઈપણ વસ્તુના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનોને તેના વૈકિલ્પક ઉપયોગથી મળનારી આવક જાણવી જોઈએ. સાધન માટે આવકનો જે બીજો શ્રેષ્ઠ વિકલ્પ હોય તો તેને વૈકિલ્પક ખર્ચ કહી શકાય.

- *વૈકિલ્પક ખર્ચનો ખ્યાલ તે મહત્ત્વની આર્થિક બાબત પર રચાયેલ છે.*
- *સાધનોનો પુરવઠો મર્યાદિત છે.*
- *ઉત્પાદનના સાધનો વૈકિલ્પક ઉપયોગો ધરાવે છે. દા.ત. જમીનનો ઉપયોગ તમાકુ, ચોખા, ઘંઉના ઉત્પાદન માટે કરી શકાય છે.*

4.2 સમયગાળાના આધારે ખર્ચના ખ્યાલ

સમયગાળાના મુખ્ય પ્રકારોઃ- (A) *ટૂંકો ગાળો*
(B) *લાંબો ગાળો*

ટૂંકો ગાળો એટલે એવો સમય કે જે સમય દરમિયાન પેઢીના કદમાં વધારો કે ઘટાડો થઈ શકતો નથી. ટૂંકા ગાળા દરમિયાન પેઢીના કેટલાક સાધનો સ્થિર હોય છે. જેમકે; પ્લાન્ટ અને યંત્ર સામગ્રીમાંથી ટૂંકા ગાળામાં ઉત્પાદન વધારવું હોય તો અસ્થિર સાધનોનું પ્રમાણ વધારીને જ ઉત્પાદન વધારી શકાય છે. ઉત્પાદન ઘટાડવું હોય તો અસ્થિર સાધનોનું પ્રમાણ ઘટાડી નાંખવામાં આવે છે. જેમકે; શ્રમ, કાચો માલ, વીજળી, બળતણ વગેરેનું પ્રમાણ વધારી કે ઘટાડીને ઉત્પાદનમાં વધારો- ઘટાડો કરી શકાય છે. આમ; ટૂંકા ગાળામાં પુરવઠો થોડા પ્રમાણમાં વધારી કે ઘટાડી શકાય છે.

(1) કુલ સ્થિર ખર્ચઃ- (Total Fixed Cost)

સ્થિર ખર્ચને પૂરક ખર્ચ અથવા સામાન્ય ખર્ચ પણ કહેવામાં આવે છે. ઉત્પાદનના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવે છતાં જે ખર્ચમાં ફેરફાર થતો નથી પણ સ્થિર રહે છે તેને સ્થિર ખર્ચ કહેવામાં આવે છે.

- *કુલ સ્થિર ખર્ચમાં જમીનનું ભાડુ, કારખાનાના મકાનનું ભાડું, મૂડીનું વ્યાજ, કાયમી સ્ટાફનું વેતન, વીમા પ્રીમિયમ, યંત્રોના ઘસારા ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.*
- *ટૂંકમાં જે ખર્ચ ઉત્પાદનમાં વધઘટ થવા છતાં બદલાતું નથી તે ખર્ચ સ્થિર ખર્ચ-પૂરક ખર્ચ કે સામાન્ય ખર્ચ કહી શકાય.*

કુલ સ્થિર ખર્ચની અનુસૂચિ અને આકૃતિમાં રજૂઆત.

કુલ ઉત્પાદન	*કુલ સ્થિર ખર્ચ*
એકમો	*(રૂ. માં)*
0	100
1	100
2	100
3	100
4	100
5	100

આકૃતિ



ઉપરોક્ત કુલ સ્થિર ખર્ચની અનુસૂચિ અને આકૃતિ મુજબ ઉત્પાદન શૂન્ય હોય. વધે કે ઘટે પરંતુ સ્થિર ખર્ચ રેખા OX *ને સમાંતર છે. જે દર્શાવે છે કે, કુલ સ્થિર ખર્ચ રૂા.* 100/- *ની સપાટીએ જળવાઈ રહે છે.*

(2) કુલ અસ્થિર ખર્ચ :- (Total Variable Cost)

જે ખર્ચ ઉત્પાદનના વધારા કે ઘટાડા સાથે પરિવર્તન પામે છે તે ખર્ચને અસ્થિર ખર્ચ કે મુખ્ય ખર્ચ કહેવામાં આવે છે. આ ખર્ચ અસ્થિર એ અર્થમાં કહેવામાં આવે છે કે; ઉત્પાદનના પ્રમાણ સાથે વધઘટ પામે છે. ઉત્પાદિત વસ્તુ તેની સાથે પ્રત્યક્ષ સંબંધ ધરાવે છે. જો અસ્થિર ખર્ચમાં મજુરોને વેતન, કાચો માલ, વીજળી, બળતણ, વાહન વ્યવહાર વગેરેના વધઘટ સાથે ફેરફાર થાય છે. ઉત્પાદન શૂન્ય હોય તો તે ખર્ચ શૂન્ય હોય છે. ઉત્પાદન વધે તો તે વધે અને ઉત્પાદન ઘટે તો તે ઘટે છે. ઉત્પાદનનું પ્રમાણ અને કુલ અસ્થિર ખર્ચ વચ્ચેનો સંબંધ અનુસૂચિમાં જોઈ શકાય છે.

- *કુલ અસ્થિર ખર્ચની અનુસૂચિ અને આકૃતિમાં રજૂઆત :-*

કુલ ઉત્પાદન (એકમો)	*કુલ અસ્થિર ખર્ચ (રૂ. માં)*
0	0
1	90
2	170
3	240
4	300
5	370

આકૃતિ



- ઉપરની અનુસૂચિ મુજબ ઉત્પાદન શૂન્ય હોય તો કુલ અસ્થિર ખર્ચ શૂન્ય હોય છે. ઉત્પાદનમાં જેમ વધારો થાય છે તેમ કુલ અસ્થિર ખર્ચમાં વધારો થાય છે.
- આકૃતિ મુજબ કુલ અસ્થિર ખર્ચની રેખા ડાબી બાજુ નીચેથી જમણી બાજુ ઉપર તરફ જાય છે અર્થાત્ તેનો ઢાળ ધન છે ઉત્પાદન વધતાં કુલ અસ્થિર ખર્ચ વધે છે.

3. કુલ ખર્ચ :- (Total Cost)

ઉત્પાદનની પ્રત્યેક સપાટીએ કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચના સરવાળાને કુલ ખર્ચ કહેવામાં આવે છે.

કુલ ખર્ચ = કુલ સ્થિર ખર્ચ + કુલ અસ્થિર ખર્ચ

- ઉત્પાદન શૂન્ય હોય ત્યારે કુલ સ્થિર ખર્ચ યથાવત હોય છે. પરંતુ જેમ ઉત્પાદન વધે તેમ જે દરે કુલ અસ્થિર ખર્ચ વધે છે તે દરે કુલ ખર્ચમાં વધારો થાય છે.

કુલ ખર્ચની અનુસૂચિ અને આકૃતિમાં રજુઆત.

કુલ ઉત્પાદન	કુલ ખર્ચ
એકમોમાં	રૂપિયામાં
0	100
1	190
2	270
3	340
4	400
5	570



- કુલ ખર્ચની રેખા અને અસ્થિર ખર્ચની રેખા (TVC) પરસ્પર સમાંતર છે. જ્યારે OX ધરીને સમાંતર રેખા એટલે કે સ્થિર ખર્ચની રેખા (TFC) છે.

4. સરેરાશ સ્થિર ખર્ચ :- (Average Fixed Cost)

સરેરાશ સ્થિર ખર્ચ એટલે કે એકમદીઠ સ્થિર ખર્ચ. કુલ સ્થિર ખર્ચને ઉત્પાદન એકમો વડે ભાગવાથી સરેરાશ સ્થિર ખર્ચ પ્રાપ્ત થાય છે. સરેરાશ સ્થિર ખર્ચ = કુલ સ્થિર ખર્ચ ÷ કુલ ઉત્પાદન.

ઉત્પાદનમાં વધારો થવાથી સરેરાશ સ્થિર ખર્ચમાં ઘટાડો થાય છે. ઉત્પાદન અને સરેરાશ સ્થિર ખર્ચ વચ્ચેનો વ્યસ્ત સંબંધ નીચેની અનુસૂચિમાં દર્શાવ્યો છે.

કુલ ઉત્પાદન	કુલ સ્થિર ખર્ચ	સરેરાશ સ્થિર ખર્ચ
એકમો	રૂા.	રૂા.
0	100	--
1	100	100.100
2	100	50.00
3	100	33.00
4	100	25.00
5	100	20.60



આકૃતિમાં ઉત્પાદન અને સરેરાશ સ્થિર ખર્ચ વચ્ચેનો વ્યસ્ત સંબંધ સમજાવ્યો છે. સરેરાશ સ્થિર ખર્ચ રેખાનો ઋણ ઢાળ સૂચવે છે કે જેમ ઉત્પાદન વધે છે તેમ સરેરાશ સ્થિર ખર્ચ ઘટે છે.

(5) સરેરાશ અસ્થિર ખર્ચ :- (Average Variable Cost)

કુલ અસ્થિર ખર્ચ કુલ ઉત્પાદન વડે ભાગવાથી સરેરાશ અસ્થિર ખર્ચ મેળવવામાં આવે છે. "સરેરાશ અસ્થિર ખર્ચ એટલે એકમ દીઠ અસ્થિર ખર્ચ"

$$\text{સરેરાશ અસ્થિર ખર્ચ} = \frac{\text{કુલ અસ્થિર ખર્ચ}}{\text{ઉત્પાદન}}$$

કુલ ઉત્પાદન વધે તેમ કુલ અસ્થિર ખર્ચ વધે છે. પરંતુ શરૂઆતમાં ઉત્પાદન વધે તેમ સરેરાશ અસ્થિર ખર્ચ ઘટે છે. પરંતુ અમુક બિંદુ પછી અસ્થિર ખર્ચની સરખામણીમાં કુલ ઉત્પાદનમાં ઓછો વધારો થાય છે. ઉત્પાદન અને સરેરાશ અસ્થિર ખર્ચ વચ્ચેનો સંબંધ નીચેની અનુસૂચિમાં દર્શાવ્યો છે.

કુલ ઉત્પાદન એકમો	કુલ સ્થિર ખર્ચ (રૂા.)	સરેરાશ સ્થિર ખર્ચ (રૂા.)
0	0	--
1	90	90.00
2	170	85.00
3	240	80.00
4	300	75.00

5	370	74.00
6	450	75.00
7	540	77.14



સરેરાશ અસ્થિર ખર્ચ વસ્તુના પાંચમાં એકમ સુધી ઉત્પાદનના વધારા સાથે સરેરાશ અસ્થિર ખર્ચ ઘટે છે. પાંચમા એકમમાં સરેરાશ અસ્થિર ખર્ચ લઘુત્તમ સપાટીએ છે. તથા પાંચમા એકમ પછી ઉત્પાદનના વધારા સાથે સરેરાશ અસ્થિર ખર્ચ વધે છે. સરેરાશ અસ્થિર ખર્ચ રેખા અંગ્રેજી અક્ષર U *આકારની છે. પાંચમા એકમ સુધી સરેરાશ અસ્થિર ખર્ચ ઉત્પાદન વૃધ્ધિ સાથે ઘટે છે અને પછી તે વધે છે.*

(6) **સરેરાશ ખર્ચ :-**

સરેરાશ ખર્ચને સરેરાશ કુલ ખર્ચ પણ કહેવામાં આવે છે. કુલ ખર્ચને ઉત્પાદનના કુલ એકમો વડે ભાગવાથી સરેરાશ કુલ ખર્ચ પ્રાપ્ત થાય છે. પરંતુ કુલ ખર્ચ એ કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચનો સરવાળો છે.

$$\text{સરેરાશ ખર્ચ} = \frac{\text{કુલ ખર્ચ}}{\text{ઉત્પાદન}}$$

- *ઉત્પાદન વૃધ્ધિ સાથે સરેરાશ ખર્ચ શરૂઆતમાં ઘટતો જાય છે. પણ અમુક બિંદુ પછી ને વધે છે.*

અનુસૂચિ.

કુલ ઉત્પાદન એકમો	*સરેરાશ ખર્ચ રૂ.*
1	190.00
2	135.00
3	113.33
4	100.00
5	94.00
6	91.00
7	91.43
8	93.73
9	97.78



- *આકૃતિ અને અનુસૂચિ મુજબ ઉત્પાદન વધે તેમ સાતમા એકમ સુધી સરેરાશ ખર્ચ ઘટે છે. સાતમા એકમ પછી ઉત્પાદન વધારા સાથે સરેરાશ ખર્ચમાં વધારો થાય છે. સરેરાશ ખર્ચની રેખા અંગ્રેજી અક્ષર* U *આકારની છે. સરેરાશ ખર્ચની રેખા સાતમા એકમ સુધી ઋણ ઢાળની અને ત્યારબાદ ધન ઢાળવાળી બને છે.*

(7) સીમાંત ખર્ચ :- Marginal Cost

વસ્તુના ઉત્પાદનમાં એક એકમનો વધારો - ઘટાડો કરતાં કુલ ખર્ચમાં જે ફેરફાર થાય તેને સીમાંત ખર્ચ કહેવામાં આવે છે. ટૂંકમાં વસ્તુના વધારાનું એક એકમ ઉત્પન્ન કરતાં કુલ ખર્ચમાં થતો વધારો એ સીમાંત ખર્ચ છે. ટૂંકાગાળામાં વધારાના એક એક એકમનું ઉત્પાદન કરતાં વધારાનો જે ખર્ચ થાય છે તે અસ્થિર સાધનોના ખર્ચ. આમ સીમાંત ખર્ચ એ વધારાના એક એકમના ઉત્પાદનને લીધે કુલ અસ્થિર ખર્ચનો વધારો દર્શાવે છે. એટલે કે કુલ ખર્ચનો વધારો = કુલ અસ્થિર ખર્ચનો વધારો ઉત્પાદન અને સીમાંત ખર્ચ વચ્ચેનો સંબંધ નીચેની અનુસૂચિ મુજબ દર્શાવી શકાય.

કુલ ઉત્પાદન એકમો	કુલ (રૂપિયા)	સીમાન્ત ખર્ચ (રૂા.)
0	100	--
1	190	90
2	270	80
3	340	70
4	400	60
5	470	70



- *આકૃતિ અને અનુસૂચિ મુજબ ચોથા એકમ સુધી સીમાંત ખર્ચ ઘટે છે ચોથા એકમ પછી સીમાંત ખર્ચ વધે છે. સીમાંત ખર્ચ રેખા અંગ્રેજી અક્ષર U આકારની છે. ચોથા એકમ સુધી ઋણ ઢાળવાળી અને ત્યાર પછી ધન ઢાળવાળી સીમાંત ખર્ચ રેખા થાય છે.*

4.3 સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ વચ્ચે સંબંધ :-

સરેરાશ ખર્ચ એટલે વસ્તુનું એકમ દીઠ ખર્ચ.

$$\text{સરેરાશ ખર્ચ} = \frac{\text{કુલ ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન}}$$

$$\text{Average cost} = \frac{\text{Total Cost}}{\text{Number of Units}}$$

- *વસ્તુનો એક વધુ કે ઓછો એકમ ઉત્પાદન કરતાં કુલ ખર્ચમાં જે વધઘટ થાય તેને સીમાંત ખર્ચ કહે છે.*



- *જ્યારે સરેરાશ ખર્ચ ઘટે છે ત્યારે સીમાંત ખર્ચ પણ ઘટે છે અહી સીમાંત ખર્ચ સરેરાશ ખર્ચ કરતાં ઓછો હોવાથી એની રેખા સરેરાશ ખર્ચની નીચે રહે છે.*
- *જ્યારે સરેરાશ ખર્ચ વધે છે. ત્યારે સીમાંત ખર્ચ પણ વધે છે. પરંતુ સીમાંત ખર્ચની રેખા ઉપર છે. કારણ કે અહી સીમાંત ખર્ચ કરતાં સરેરાશ ખર્ચ વધુ છે.*
- *આકૃતિમાં બતાવ્યા પ્રમાણે સરેરાશ ખર્ચ લઘુત્તમ થયા પછી જ તેમાં વધારો થાય છે. આથી સીમાંત ખર્ચ રેખા સરેરાશ ખર્ચ રેખાને છેક નીચલા બિંદુએ ઓછામાં ઓછા બિંદુએ કાપે છે. આમ, જ્યારે સરેરાશ ખર્ચ લઘુત્તમ હોય છે ત્યારે સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ સરખા થાય છે.*

મહત્ત્વ :-

જ્યારે સમયના લાંબા ગાળામાં જેટલા પ્રમાણમાં માંગ વધે કે ઘટે તેટલા પ્રમાણમાં પુરવઠો વધારી કે ઘટાડી શકાય છે. લાંબાગાળે પુરવઠો સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ બને છે. સ્થિર અને અસ્થિર ખર્ચનો ભેદ માત્ર ટૂંકા ગાળા પૂરતો જ હોય છે. લાંબાગાળે બધુ જ ખર્ચ અસ્થિર બની જાય છે. આમ સમયના લાંબાગાળામાં પેઢીના કદમાં વધઘટ થઈ શકે છે.

- *લાંબાગાળે ઉત્પાદન ચાલુ રાખવું કે નહિ તે અંગેનો નિર્ણય લેવામાં સરેરાશ ખર્ચનો ખ્યાલ ઉપયોગી નીવડે છે.*
- *જ્યારે લાંબાગાળે તમામ સરેરાશ ખર્ચ અર્થાત્ સરેરાશ કુલ ખર્ચ (સરેરાશ સ્થિર ખર્ચ કે અસ્થિર ખર્ચ) નીકળી રહે તેટલી બજાર કિંમત નક્કી થાય તો જ ઉત્પાદક ચાલુ ઉત્પાદન બંધ કરી દેશે અને લાંબાગાળે નક્કી થતી કિંમતથી સરેરાશ કુલ ખર્ચ ન નીકળે તો પણ ઉત્પાદન બંધ કરી દેવામાં આવશે.*
- *જ્યાં સુધી સીમાંત ખર્ચ સીમાંત આવક હોય તો ત્યાં સુધી ઉત્પાદક ઉત્પાદન ચાલુ રાખશે. આમ સીમાંત ખર્ચા ખ્યાલની મદદથી ઉત્પાદકે કેટલું ઉત્પાદન કરવું તે નક્કી થાય છે.*

4.4 લાંબા ગાળાની સરેરાશ ખર્ચ રેખા :- (Long Run Average Cost) LAC

લાંબાગાળે બધા સાધનો પરિવર્તનશીલ હોય છે તેથી પ્લાન્ટ અને યંત્ર સામગ્રીમાં વધારો-ઘટાડો કરી શકાય છે.

- *પ્રો. બેન્હામ મુજબ- " લાંબાગાળે બધા જ ખર્ચ અસ્થિર હોય છે " કારણ કે ઉત્પાદન વધારવા માટે બધા સાધનોનું પ્રમાણ વધારવામાં આવે છે તેથી પેઢીનું કદ વિસ્તાર પામે છે.*



- *લાંબા ગાળાની સરેરાશ ખર્ચ રેખા ટૂંકાગાળાની સરેરાશ ખર્ચ રેખા પરથી મેળવવામાં આવે છે. જુદા-જુદા ટૂંકાગાળાની સરેરાશ ખર્ચ રેખા પરનાં તે બિંદુઓ શોધી કાઢવા જોઈએ, જે પેઢી દ્વારા પસંદ કરવામાં આવ્યા છે.*
- *આ બિંદુઓને જોડીને લાંબા ગાળાની સરેરાશ ખર્ચ રેખા મેળવી શકાય છે. ઉત્પાદન વૃધ્ધિ સાથે શરૂઆતમાં લાંબાગાળાનું સરેરાશ ખર્ચ ઘટે છે. અમુક બિંદુ પછી તે વધવા માંડે છે. આકૃતિમાં* B *બિંદુ પછી લાંબાગાળાનો સરેરાશ ખર્ચ લઘુત્તમ છે.* B *બિંદુની ડાબી બાજુએ સરેરાશ ખર્ચ રેખા ઋણ ઢાળવાળી છે.*
- B *બિંદુની જમણી બાજુ ધન ઢાળ છે આ લાંબા ગાળાની સરેરાશ ખર્ચ રેખાને " આવરણ રેખા " કે " આયોજન રેખા " પણ કહેવામાં આવે છે.*
- *તેનો આકાર ટૂંકા ગાળાની સરેરાશ ખર્ચ રેખાની જેમ યુ* (U) *આકારનો છે.*
- *શરૂઆતમાં* LAC *રેખા ધીમી ગતિએ ઘટે છે. અને લઘુત્તમ બિંદુ પછી ક્રમશઃ ધીમી ગતિએ વધે છે.*
- *લાંબા ગાળાની સરેરાશ ખર્ચ રેખા ટૂંકાગાળાની સરેરાશ ખર્ચ રેખાને માત્ર સ્પર્શ છે, કદી છેદતી નથી.*
- *તે ટૂંકાગાળાની સરેરાશ ખર્ચ રેખાને લઘુત્તમ બિંદુએ સ્પર્શ છે.*

4.5 પુરવઠાનો નિયમ :-

વસ્તુનો પુરવઠો હંમેશા તેની પ્રવર્તમાન કિંમતના સંદર્ભમાં નક્કી થાય છે.

- પ્રો. માર્શલ મુજબ.

" જો અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સમ સંબંધ છે. એટલે કે વસ્તુની કિંમત વધતાં તેનો પુરવઠો વિસ્તરણ પામે છે. અને વસ્તુની કિંમત ઘટતાં તેનો પુરવઠો સંકોચાય છે.

- *આમ વસ્તુની કિંમતમાં ફેરફાર એ કારણ છે અને વસ્તુના પુરવઠામાં ફેરફાર એ અસર છે. કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.*

4.5.1 પુરવઠા નિયમની ધારણા :-

- *કિંમત અને પુરવઠા વચ્ચે કારણ અને પરિણામ વચ્ચેનો સંબંધ સ્થાપિત કરતી વખતે કેટલીક બાબતો સ્થિર ધારી લેવામાં આવે છે.*
- *ઉત્પાદન ખર્ચ સ્થિર રહેવું જોઈએ.*
- *અવેજી વસ્તુઓની કિંમત સ્થિર રહેવી જોઈએ.*
- *ભવિષ્યમાં ભાવો અંગેની અટકળો સ્થિર રહેવી જોઈએ.*
- *કરવેરાનું પ્રમાણ સ્થિર ધારવામાં આવ્યું છે.*
- *અર્થતંત્રમાં દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ જેવી કુદરતી ઘટનાઓની ગેરહાજરી છે તેવું ધારવામાં આવે છે.*
- *અવેજી વસ્તુઓની શોધખોળનો અભાવ હોવો જોઈએ.*

પુરવઠાની અનુસૂચિ :-

વસ્તુની જુદી-જુદી કિંમતે અમુક નિયત સમયે બજારમાં વસ્તુનો કેટલો પુરવઠો આવશે તે પુરવઠાની અનુસૂચિ દર્શાવે છે. ધારો કે X વસ્તુનો પુરવઠો નીચે મુજબ છે.

વસ્તુની કિંમત રૂ.	*પુરવઠો (એકમમાં)*
1	100
2	200
3	300
4	400
5	500



X વસ્તુનો પુરવઠો

- આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે OX રેખા પર X વસ્તુનો પુરવઠો અને OY ઉભી ધરી પર X વસ્તુની કિંમત રૂપિયામાં દર્શાવી છે. SS રેખા પુરવઠા રેખા છે જેના પરનું દરેક બિંદુ (A,B,C,D અને E) નિયત કિંમતે વસ્તુનો પુરવઠો કેટલો હશે તે દર્શાવે છે. SS પુરવઠા રેખા ડાબી બાજુથી જમણી બાજુ એમ નીચેથી ઉપર તરફ જાય છે.
- પુરવઠા રેખાનો (SS) ઢાળ ધન છે.
- વસ્તુની કિંમત જેમ-જેમ વધતી જાય છે તેમ તેમ X વસ્તુનો પુરવઠો પણ વધે છે. અને વસ્તુની કિંમતમાં જેમ જેમ ઘટાડો થાય છે તેમ - તેમ પુરવઠો પણ ઘટતો જાય છે.

4.5.2 નિયમના અપવાદો :-

- કેટલીક અલભ્ય વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો ફેરફાર કરવામાં આવે છતાં તેના પુરવઠામાં કોઈ ફરેફાર થતો નથી. દા.ત. હીરા, માણેક, સિક્કા, મૃત ચિત્રકારોના હાથ ચિત્રો, મૂર્તિઓ હસ્તપ્રતો વગેરેની કિંમતમાં ગમે તેટલો વધારો થાય તેના પુરવઠામાં વધારો કરી શકાતો નથી.

- *કેટલીકવાર અનાજની કિંમતો વધતાં અનાજનો પુરવઠો ઘટી જાય છે. તેના કારણમાં અનાજની કિંમતો વધતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરે છે તેથી તે ઓછું કામ અને વધુ આરામ કરવા પ્રેરાશે.*
- *જ્યારે શ્રમિકોના વેતન વધે છે ત્યારે તે વધુ કામ કરવા પ્રેરાય છે. પરંતુ એક હદ પછી વેતન વધતાં શ્રમિક વધુ કામ કરવાને બદલે ઓછા સમય કામ કરવાનું પસંદ કરે છે. આમ વેતન દર વધવા છતાં પણ શ્રમનો પુરવઠો વધતો નથી.*
- *બજારમાં વસ્તુની કિંમત ઘટી હોય અને અફવા ફેલાય કે કિંમત વધુ ઘટવાની છે તો વિક્રેતા ભવિષ્યમાં વધુ નીચી કિંમતે વસ્તુ વેચવી ન પડે અને ખોટ સહન ન કરવી પડે તે માટે ઘટતી કિંમતે વધુ પુરવઠો વેચવા કાઢે છે.*
- *જાહેર હરાજીમાં જ્યારે વ્યક્તિ પોતાના કપરા સંજોગોમાં નાણાંની જરૂરિયાત પહોંચી વળવા પોતાની વસ્તુની હરાજી કરે છે. આમ; આવા સમયે જેમ કિંમત ઉંચી તેમ હરાજી માટે પોતાની વસ્તુઓનો પુરવઠો વધારી શકાતો નથી.*
- *કેટલીક વસ્તુઓનો પુરવઠો ટૂંકા ગાળામાં સ્થિર હોય છે. દા.ત. શાકભાજી, ફળ, દૂધ, મકાન, યંત્રો આમ; આવી વસ્તુની કિંમતમાં ફેરફાર થતા પુરવઠો વધારી કે ઘટાડી શકાતો નથી.*

4.5.3 પુરવઠામાં ફેરફાર :-

1) કિંમત પ્રેરિત પરિવર્તનો.

- *પુરવઠામાં વિસ્તરણ :-*
- *જ્યારે અન્ય પરિબળો સ્થિર રહે પરંતુ વસ્તુની કિંમતમાં વધારો થતાં પુરવઠામાં જે વૃદ્ધિ થાય ત્યારે તેને પુરવઠામાં વિસ્તરણ કહે છે.*
- *પુરવઠામાં સંકોચન :-*

પરંતુ વસ્તુની કિંમતમાં ઘટાડો થતાં પુરવઠામાં જે ઘટાડો થાય છે તેને પુરવઠાનું સંકોચન કહેવામાં આવે છે.



- OX રેખા પર વસ્તુનો પુરવઠો, OY પર વસ્તુની કિંમત રૂપિયામાં દર્શાવી છે. SS પુરવઠા રેખા છે.
- વસ્તુની કિંમત 2 છે ત્યારે 20 એકમોનો પુરવઠો છે.
- હવે કિંમત વધીને 3 રૂપિયા થઈ પુરવઠો વધીને 30 એકમ થાય છે તેને પુરવઠાનું વિસ્તરણ કરે છે.
- જ્યારે કિંમત ઘટીને 1 રૂપિયો થાયે ત્યારે પુરવઠો ઘટીને 10 એકમ થાય છે, તેને પુરવઠાનું સંકોચન કહે છે.

2) કિંમત સિવાયનાં પરિબળોમાં પરિવર્તનો :-

- **પુરવઠામાં વધારો- ઘટાડો**

કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં જ્યારે વસ્તુની કિંમત સ્થિર રહે અને અન્ય પરિબળોમાં પરિવર્તન આવે જેને લીધે પુરવઠામાં પહેલાની સ્થિતિની સરખામણીમાં વધારો કે ઘટાડો થાય છે. તેને પુરવઠામાં વધારો-ઘટાડો કહેવાય. દા.ત., વસ્તુના ઉત્પાદનની પ્રથામાં પરિવર્તન આવે, વિક્રેતાની સંખ્યા વધે, અથવા ભવિષ્યમાં ભાવો કે કિંમતો વધશે તે અટકડ થવાથી પુરવઠો વધે છે. અને જ્યારે ઉત્પાદન પ્રથામાં મુશ્કેલી આવે, સાધનોના ભાવ વધે, વિક્રતાની સંખ્યા ઘટે ત્યારે પુરવઠામાં ઘટાડો થાય છે.



વસ્તુના એકમો

- આકૃતિ મુજબ મૂળ પુરવઠા રેખા 2 છે ત્યારે 3 રૂપિયાની કિંમતે 20 વસ્તુના એકમોનો પુરવઠો છે.
- વસ્તુની કિંમત 3 રૂપિયા સ્થિર છે ત્યારે અન્ય પરિબળોમાં ફેરફાર થવાથી વસ્તુનો પુરવઠો વધીને 30 એકમ થાય છે, તેને પુરવઠામાં વધારો કહે છે. અહી પુરવઠા રેખા જમણીબાજુ ખસે છે.
- તેજ સ્થિર કિંમતે પુરવઠા રેખા ડાબી બાજુએ ખસે ત્યારે જે પુરવઠા રેખા -1 છે તે 10 એકમોનો પુરવઠો દર્શાવે છે, જે પુરવઠામાં ઘટાડો કહેવાય છે.
- **પુરવઠાને અસર કરતાં પરિબળો :-**
  - કિંમતમાં ફેરફાર થવાથી પુરવઠાનું વિસ્તરણ સંકોચન થાય છે.
  - અન્ય પરિબળોમાં ફેરફાર થતા વસ્તુના પુરવઠામાં વૃદ્ધિ કે ખોટ આવે તો તેને પુરવઠાનો વધારો - ઘટાડો કહેવામાં આવે છે.
  - અન્ય વસ્તુની કિંમત પણ પુરવઠાને અસર કરે છે. દા.ત. ચાની કિંમત સ્થિર રહે, પરંતુ કોફીની કિંમત વધતાં ચાનો પુરવઠો ઘટશે અને કોફીનો વધશે.
  - આ ઉપરાંત ઉત્પાદન પ્રથા, સાધનોના ભાવ, વાહન વ્યવહારનો વિકાસ, ભવિષ્યનાં ભાવો અંગેના અંદાજો, પેઢીઓની સંખ્યા અને રાજકીય પરિસ્થિતિ પુરવઠાને અસર કરે છે.

4.6 પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા :-

માંગની મૂલ્ય સાપેક્ષતાની જેમ પુરવઠાની ટકાવારી ફેરફાર અને કિંમતના ટકાવારી ફેરફાર વચ્ચેનો ગણોત્તર છે. કિંમતમાં અમૂક ફેરફાર થવાથી વસ્તુના પુરવઠામાં કેટલા પ્રમાણમાં ફેરફાર થશે તે પુરવઠાની મૂલ્યસાપેક્ષતાના ખ્યાલથી સમજી શકાય.

4.6.1 પુરવઠાની મૂલ્યસાપેક્ષતાનો અર્થ :-

વસ્તુની કિંમતમાં થતાં ફેરફારના પ્રત્યાઘાત રૂપે તે વસ્તુના પુરવઠામાં થતાં ફેરફારનાં દરનું માપ એટલે પુરવઠાની મૂલ્યસાપેક્ષતા.

$$\text{પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા} = \frac{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{પુરવઠામાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$= \frac{\text{પુરવઠા ફેરફાર}}{\text{મૂળ પુરવઠો}} \times \frac{\text{મૂળ કિંમત}}{\text{કિંમતમાં ફેરફાર}}$$

સૂત્રને ગાણિતિક સંજ્ઞામાં મૂકીએ તો

$$es = \frac{\Delta S}{S} \times \frac{P}{\Delta P}$$

Δ *(ડેલ્ટા)* = *ફેરફાર,* es = *પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા*

S = *પુરવઠો* P = *કિંમત*

- **પુરવઠાની મૂલ્ય સાપેક્ષતાના પ્રકારો :-**

(1) **સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ પુરવઠોઃ-**

એટલે કે; એવો પુરવઠો કે વસ્તુની કિંમતમાં થોડોક ફેરફાર થવાથી વસ્તુના પુરવઠામાં અમાપ પ્રમાણમાં ફેરફાર થતો હોય.

(2) **સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ પુરવઠોઃ-**

એવો પુરવઠો કે વસ્તુની કિંમતમાં ગમે તેટલાં પ્રમાણમાં ફેરફાર થવા છતાં તે વસ્તુના પુરવઠામાં જરા પણ ફેરફાર થતો નથી.

(3) **એકમ મૂલ્ય સાપેક્ષ પુરવઠોઃ-**

એવો પુરવઠો કે વસ્તુની કિંમતમાં જેટલાં પ્રમાણમાં ટકાવારી ફેરફાર થાય તેટલો જ ટકાવારી ફેરફાર તે જ દિશામાં પુરવઠામાં પણ થાય છે.

(4) **મૂલ્ય સાપેક્ષ પુરવઠો :-**

એવો પુરવઠો કે વસ્તુની કિંમતમાં જેટલાં ટકા ફેરફાર થાય તેના કરતાં તે વસ્તુના પુરવઠામાં વધારે પ્રમાણમાં ટકાવારી ફેરફાર બે દિશામાં થતો હોય છે.

(5) **મૂલ્ય અનપેક્ષ પુરવઠો :-**

એવો પુરવઠો કે જેમાં વસ્તુની કિંમતમાં જેટલા પ્રમાણમાં ટકાવારી ફેરફાર થાય તેના કરતાં તે વસ્તુના પુરવઠામાં ઓછા ટકાવારી પ્રમાણમાં તે દિશામાં ફેરફાર થતાં હોય.

4.7 સ્વાધ્યાય

- **મુદ્દાસર પ્રશ્નોના ઉત્તર લખો**

(1) *ટૂંકા ગાળાના ખર્ચના ખ્યાલો સમજાવો.*

(2) *સરેરાશ અને સીમાંત ખર્ચના ખ્યાલ સમજાવો તથા બંન્ને વચ્ચેનો સંબંધ આકૃતિ સહિત દર્શાવો.*

(3) *ઉત્પાદનના ખર્ચના ખ્યાલો જેવા કે વાસ્તવિક ખર્ચ, નાણાકીય ખર્ચ અને વૈકલ્પિક ખર્ચ સમજાવો.*

(4) *સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચના ખ્યાલ આકૃતિ સહિત સમજાવો.*

(5) *પુરવઠાનો નિયમ તથા પુરવઠાની મૂલ્ય સાપેક્ષતાની ચર્ચા કરો.*

(6) *પુરવઠામાં વિસ્તરણ – સંકોચન અને પુરવઠામાં વધારો- ઘટાડો આકૃતિ દ્વારા સમજાવો.*

- **ટૂંકા પ્રશ્નોના જવાબ આપો**

(1) *વૈકલ્પિક ખર્ચ અને નાણાકીય ખર્ચ વિશે નોંધ લખો.*

(2) *પુરવઠાની મૂલ્ય સાપેક્ષતાનો અર્થ અને પ્રકાર લખો.*

(3) *સરેરાશ સ્થિર ખર્ચ, સરેરાશ અસ્થિર ખર્ચ પર નોંધ લખો.*

(4) *સ્થિર ખર્ચ અને અને અસ્થિર ખર્ચ અને કુલ ખર્ચ સમજાવો.*

(5) *સરેરાશ ખર્ચ સમજાવો.*

(6) *સીમાંત ખર્ચ પર નોંધ લખો.*

(7) *પુરવઠાનો નિયમ આકૃતિ સહિત સમજાવો.*

(8) *પુરવઠામાં વિસ્તરણ – સંકોચન દર્શાવો.*

(9) *પુરવઠામાં ઘટાડો – વધારો પર નોંધ લખો.*

(10) *લાંબા ગાળાના સરેરાશ ખર્ચ રેખાનો ખ્યાલ આપો.*

- **બહુવિકલ્પ પ્રશ્નો.**

(1) *ઉત્પાદન કરતી વખતે કિંમતની સાથે – સાથે કઈ વસ્તુ ધ્યાનમાં લેવામાં આવે છે ?*

(A) *ઉત્પાદન ખર્ચ* (B) *ઈજારો*

(C) *માંગ રેખા* (D) *સરકારની નીતિ*

(2) *વાસ્તવિક ખર્ચના લક્ષણો કયા છે ?*

(A) *અનુભૂતિ* (B) *લાગણી*

(C) *માપી શકાતો નથી* (D) *ઉપરોક્ત બધા*

(3) *વસ્તુના ઉત્પાદન માટે કરવામાં આવતું નાણાનાં સ્વરૂપમાં ખર્ચ --------- ?*

(A) *વાસ્તવિક ખર્ચ* (B) *નાણાકીય ખર્ચ*

(C) *ગર્ભિત ખર્ચ* (D) *ઉપરોક્ત બધા*

(4) *કુલ નાણાકીય ખર્ચમાં કોનો સમાવેશ થાય છે ?*

(A) *હિસાબી ખર્ચ* (B) *આરોપિત ખર્ચ*

(C) *(એ) અને (બી) બંન્ને* (D) *ઉપરોક્ત કોઈ નહી.*

(5) *જતો કરવામાં આવતો શ્રેષ્ઠ વિકલ્પ એટલે ------- ?*

(A) *વાસ્તવિક ખર્ચ* (B) *નાણાકીય ખર્ચ*

(C) *વૈકલ્પિક ખર્ચ* (D) *ઉપરોક્ત બધા*

(6) *ટુંકા ગાળાના ખર્ચ કયા છે ?*

(A) *સ્થિર ખર્ચ* (B) *અસ્થિર ખર્ચ*

(C) *કુલ ખર્ચ* (D) *ઉપરોક્ત બધા*

(7) *સ્થિર ખર્ચનું બીજુ નામ કયું છે ?*

(A) *પૂરક ખર્ચ* (B) (A) *અને* (C) *બંન્ને*

(C) *સામાન્ય ખર્ચ* (D) *ઉપરોક્ત કોઈ નહી.*

(8) ઉત્પાદનના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવે છતાં જે ખર્ચમાં ફેરફાર થતો નથી તેને શું કહેવાય ?

(A) અસ્થિર ખર્ચ (B) કુલ ખર્ચ

(C) સ્થિર ખર્ચ (D) સરેરાશ ખર્ચ

(9) જે ખર્ચ ઉત્પાદનના વધારા સાથે પરિવર્તન પામે છે તેને શું કહેવાય ?

(A) અસ્થિર ખર્ચ (B) કુલ ખર્ચ

(C) સ્થિર ખર્ચ (D) સીમાંત ખર્ચ

(10) કોનો સમાવેશ અસ્થિર ખર્ચમાં થાય છે ?

(A) મજુરનું વેતન (B) વીજળી, બળતર

(C) કાચો માલ (D) ઉપરોક્ત તમામ.

(11) ઉત્પાદનની પ્રત્યેક સપાટીએ કુલ સ્થિર અને અસ્થિર ખર્ચના તફાવતને શું કહેવાય?

(A) કુલ ખર્ચ (B) સીમાંત ખર્ચ

(C) સરેરાશ ખર્ચ (D) સ્થિર ખર્ચ

(12) કુલ સ્થિર ખર્ચને ઉત્પાદન એકમો વડે ભાગવાથી શું પ્રાપ્ત થાય છે?

(A) સીમાંત ખર્ચ (B) વૈકલ્પિક ખર્ચ

(C) સરેરાશ સ્થિર ખર્ચ (D) નાણાકીય ખર્ચ

(13) કુલ અસ્થિર ખર્ચને કુલ ઉત્પાદન એકમ વડે ભાગવાથી શું પ્રાપ્ત થાય છે ?

(A) વાસ્તવિક ખર્ચ (B) સરેરાશ અસ્થિર ખર્ચ

(C) સીમાંત ખર્ચ (D) નાણાકીય ખર્ચ

(14) સરેરાશ ખર્ચ = કુલ ખર્ચ આ સૂત્ર પૂરું લખો

(A) કુલ વેતન (B) કુલ મૂડી

(C) કુલ માલ-સામાન (D) કુલ ઉત્પાદન.

(15) વસ્તુના ઉત્પાદનમાં એકમોનો વધારો ઘટાડો કરતાં કુલ ખર્ચમાં જે ફેરફાર થાય તે શું કહેવાય?

(A) સીમાંત ખર્ચ (B) સરેરાશ ખર્ચ

(C) કુલ ખર્ચ (D) વાસ્તવિક ખર્ચ

(16) સીમાંત ખર્ચ રેખા કેવા આકારની હોય છે?

(A) યુ (B) (A) અને (C) બંન્ને

(C) એ (D) ઉપરોક્ત કોઈ નહી.

(17) કોના મુજબ લાંબાગાળે બધા જ ખર્ચ અસ્થિર છે ?

(A) પ્રો. બેન્હામ (B) પ્રો. રોબર્ટ

(C) પ્રો. હિક્સ (D) ઉપરોક્ત કોઈ નહી.

(18) લાંબા ગાળાની સરેરાશ ખર્ચ રેખા શેના પરથી મેળવવામાં આવે છે ?

(A) ટૂંકા ગાળાની સરેરાશ ખર્ચ રેખા (B) સીમાંત ખર્ચ રેખા

(C) વાસ્તવિક ખર્ચ (D) ઉપરોક્ત બધા

(19) પુરવઠા અને કિંમત વચ્ચે કેવો સંબંધ છે ?

(A) ઋણ (B) વ્યસ્ત

(C) સીધો (D) કોઈ સંબંધ નથી

(20) નીચેનામાંથી કઈ પુરવઠાની ધારણા છે ?

(A) ઉત્પાદન ખર્ચ સ્થિર (B) ભાવિ અટકડ

(C) કરવેરા સ્થિર (D) ઉપરોક્ત બધા

(21) પુરવઠાના નિયમના અપવાદો.

(A) અલભ્ય વસ્તુ (B) શ્રમિકનું વેતન

(C) અનાજની કિંમત (D) ઉપરોક્ત બધા

(22) પુરવઠામાં કિંમત પ્રેરિત પરિવર્તનોથી શું થાય છે ?

(A) વિસ્તરણ (B) સંકોચન

(C) (એ) અને (બી) બંન્ને (D) કોઈ નહી.

(23) કિંમત સિવાયના પરિવર્તનો કયા- કયા છે ?

(A) ભવિષ્યની કિંમત (B) વિક્રેતાની સંખ્યા

(C) સાધન ભાવ (D) ઉપરોકત બધા.

(24) પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા સાપેક્ષતાના કેટલા પ્રકાર છે ?

(A) પાંચ (B) છ

(C) સાત (D) આઠ

(25) ---------- એવો પુરવઠો કે વસ્તુની કિંમતમાં ગમે તેટલા પ્રમાણમાં ફેરફાર થવા છતાં તે વસ્તુના વસ્તુના પુરવઠામાં ફેરફાર થતો નથી.

(A) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ પૂરવઠો (B) એકમ મૂલ્ય સ્વપેક્ષ

(C) મૂલ્ય સાપેક્ષ (D) મૂલ્ય અનપેક્ષ

<u>જવાબ</u>

(1)	A	(8)	C	(15)	A	(22)	C
(2)	D	(9)	A	(16)	A	(23)	D
(3)	B	(10)	D	(17)	A	(24)	A
(4)	C	(11)	A	(18)	A	(25)	A
(5)	C	(12)	C	(19)	C		
(6)	D	(13)	B	(20)	D		
(7)	B	(14)	D	(21)	D		

નોંધ

નોંધ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.કોમ. સેમેસ્ટર-૧

MDC101-BC

એકમલક્ષી અર્થશાસ્ત્ર

ભાગ-2

એકમલક્ષી અર્થશાસ્ત્ર

એકમ : 5 બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ	01-15
એકમ : 6 બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-II	16-37
એકમ : 7 બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-III	38-44
એકમ : 8 રાષ્ટ્રીય આવકની વહેંચણી	45-63

લેખન :	ડૉ. આત્મન શાહ	આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ.
	ડૉ. બીનાબેન પટેલ	આસિસ્ટન્ટ પ્રોફેસર, GLS કોલેજ, અમદાવાદ.
પરામર્શક(વિષય) :	ડૉ. હીનાબેન પટેલ	પ્રિન્સીપાલ, મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી.
	ડૉ. પલ્લવી વ્યાસ	આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ હેડ ઓફ ઇકોનોમિક ડીપાર્ટમેન્ટ પ્રિ. એમ.સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ.
પરામર્શક(ભાષા) :	ડૉ.જાગૃતિ મેહતા	આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. પ્રવીણ વણકર	આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
સંયોજક :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક :	ડૉ. અજયસિહ જાડેજા	કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : સુધારેલ પુન:આવૃત્તિ (૨૦૨૪)

ISBN : 978-93-5598-391-6

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

એકમ 5 : બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ

: રૂપરેખા :

5.1 *ઉદ્દેશો*

5.2 *પ્રસ્તાવના*

5.3 *સમતુલાનો ખ્યાલ અને બજારનું માળખું*

5.4 *પૂર્ણ હરીફાઈના લક્ષણો અને આવકના ખ્યાલો*

5.5 *પૂર્ણ હરીફાઈમાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા*

5.6 *પૂર્ણ હરીફાઈમાં લાંબા ગાળામાં પેઢી અને ઉદ્યોગની સમતુલા*

5.7 *સારાંશ અને ચાવીરૂપ શબ્દો*

5.8 *સ્વાધ્યાય*

5.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતો સમજી શકાશે :

1. *બજારનો અર્થ*
2. *બજારમાં સમતુલા*
3. *પૂર્ણ હરીફાઈના લક્ષણો*
4. *પૂર્ણ હરીફાઈમાં ટૂંકા ગાળામાં અને લાંબા ગાળામાં પેઢી અને ઉદ્યોગની સમતુલા.*

5.2 પ્રસ્તાવના :

બજાર એટલે જ્યાં વસ્તુઓ અને સેવાઓનું ખરીદ વેચાણ થાય છે તે સ્થળ. અહીં ગ્રાહક અને ઉત્પાદક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાના સંપર્કમાં આવે છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે બજાર દ્વારા જે ઉત્પાદન થાય છે તે કાર્યક્ષમ ઉત્પાદન છે. એટલે કે તેમાં સંસાધનોનો બગાડ થતો નથી અને આથી તેઓ બજારમાં કોઈ પણ પ્રકારના સરકારી હસ્તક્ષેપની આવશ્યકતા જોતાં નથી. ઉત્પાદકોની સંખ્યાના આધારે, માંગની મૂલ્ય સાપેક્ષતાના આધારે કે પછી ઈજારાશક્તિના આધારે બજારના પ્રકારો પાડી શકાય છે. આપણે એકમ 5થી 7માં બજારના જુદા જુદા પ્રકારો અને તેના લક્ષણો સમજીશું તથા તેની સાથે સાથે બજારમાં જે તે ઉત્પાદક પેઢી કેવી રીતે સમતુલા પ્રાપ્ત કરે છે તેની આકૃતિ દ્વારા સમજૂતી મેળવીશું.

5.3 સમતુલાનો ખ્યાલ અને બજારનું માળખું

અર્થશાસ્ત્રમાં આંશિક સમતુલા અને સામાન્ય સમતુલા એમ બે ખ્યાલો છે. આપણે કોઈ એક પેઢી અથવા તો ઉદ્યોગ કેવી રીતે સમતુલા પ્રાપ્ત કરે છે તેની સમજૂતી મેળવવાની છે અને આથી તે આંશિક સમતુલા વિશ્લેષણ કહેવાય. પેઢી અને ઉદ્યોગ વચ્ચે પણ તફાવત છે. પેઢી એટલે વસ્તુ કે સેવાનું વેચાણ કરનારું નાનામાં નાનું એકમ. જેમ કે કાપડ ઉદ્યોગમાં કાપડનું ઉત્પાદન કરનારી અનેક પેઢીઓ હોઈ શકે અને તે તમામનું કદ જુદું જુદું હોય છે. જે તે પેઢીનો ઉદ્દેશ બજારમાં પેઢી મહત્તમ નફો પ્રાપ્ત કરે ત્યારે તે સમતુલામાં છે તેમ કહેવાય. એટલે કે જો પેઢી પોતાના ઉત્પાદનમાં ફેરફાર કરે તો તેના નફામાં ઘટાડો થાય. આમ, સમતુલા એટલે પેઢીની એવી સ્થિતિ કે જેનાથી વિચલિત થવા માટે પેઢી પાસે કોઈ કારણ નથી અને આથી તે તેના ઉત્પાદનમાં ફેરફાર કરશે નહીં.

- **આંશિક સમતુલા**

આંશિક સમતુલા એટલે આર્થિક સમતુલાની એવી સ્થિતિ કે જેમાં બજારના એક જ ભાગને ધ્યાનમાં લેવામાં આવે છે, એટલે કે તેમાં ધારણાઓ કરીને સિદ્ધાંત તારવવામાં આવે છે. જેમ કે, માંગના નિયમમાં અને પુરવઠાના નિયમમાં અગાઉ કેટલીક ધારણાઓ કરવામાં આવી છે અને પછી નિયમો તારવવામાં આવ્યા છે અને પછી જ્યાં માંગ અને પુરવઠો સરખાં થાય છે ત્યાં જે કિંમત પ્રવર્તે છે તે સમતુલાની કિંમત છે એમ કહેવામાં આવે છે. એટલે નોબેલ ઈનામ વિજેતા અર્થશાસ્ત્રી જ્યોર્જ જોસેફ સ્ટિગલર એમ કહે છે કે, "આંશિક સમતુલા એટલે એવી સમતુલા કે જે અમુક નિયંત્રિત માહિતી ઉપર આધારિત છે, તેનું શ્રેષ્ઠ ઉદાહરણ કોઈ એક વસ્તુની કિંમત છે કે જ્યાં અન્ય તમામ વસ્તુઓની કિંમતો વિશ્લેષણ દરમ્યાન સ્થિર ધારી લેવામાં આવી હોય છે." આમ; માંગ અને પુરવઠાનું મૉડેલ એ આંશિક સમતુલાનું મૉડેલ છે, કારણ કે તેમાં અનેક ધારણાઓ કરીને અનેક બાબતોને સ્થિર માની લેવામાં આવી છે. આવી ધારણા કરવામાં આવે છે કારણ કે સામાન્ય સમતુલાના વિશ્લેષણ કરતાં આ વિશ્લેષણ કરવાનું સરળ બને છે. ફ્રેન્ચ અર્થશાસ્ત્રી એન્ટની કુર્નોટ અને બ્રિટિશ અર્થશાસ્ત્રી આલ્ફ્રેડ માર્શલ વિશ્લેષણ માટેની આ પદ્ધતિના પ્રસ્તુતકર્તા હતા.

આંશિક સમતુલા વિશ્લેષણની પદ્ધતિ કોઈક ગ્રાહક, પેઢી, ઉદ્યોગ કે ઉત્પાદનનું સાધન કેવી રીતે સમતુલા પ્રાપ્ત કરે છે તે સમજવા માટે ઉપયોગી થાય છે.

- **સામાન્ય સમતુલા :**

સામાન્ય સમતુલાનો સિદ્ધાંત માંગ, પુરવઠો અને કિંમતમાં થતાં ફેરફારને સમગ્ર અર્થતંત્રના સંદર્ભમાં વિચારવામાં આવે છે કે જેમાં ઘણાં પરિબળો એકસાથે કામ કરે છે અથવા ઘણાં બજારો એકસાથે કામ કરે છે. એટલે કે તેમાં એમ સાબિત કરવામાં આવે છે કે કોઈ એક જ ભાવ બજારમાં અસ્તિત્વમાં નથી પણ અનેક ભાવ અસ્તિત્વમાં છે અને તેને

પરિણામે એકંદર સમતુલા ઊભી થાય છે કે જે સામાન્ય સમતુલા છે. ફ્રેન્ચ અર્થશાસ્ત્રી લિયોન વોલરાસના 1874માં પ્રકાશિત થયેલા પુસ્તક 'Elements of pure Economics' માં આ ખ્યાલને પ્રચલિત કરવામાં આવ્યો છે.

આમ; સામાન્ય સમતુલામાં એક કરતાં વધારે પરિબળોને અથવા સમગ્ર અર્થતંત્રને ધ્યાનમાં લેવામાં આવે છે. તેમાં એવી ધારણા કામ કરે છે કે વિવિધ પરિબળો, અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો પરસ્પરાવલંબી છે, એટલે જો એક પરિબળ કે ક્ષેત્રમાં ફેરફાર થાય તો બીજા પરિબળો પર કે ક્ષેત્રો પર તેની અસર થાય છે જ. એનો અર્થ એ છે કે વસ્તુઓ કે સેવાઓની કિંમતો એકસાથે બજારમાં નક્કી થાય છે અને પારસ્પરિક રીતે પણ નક્કી થાય છે. એટલે તમામ વસ્તુઓ અને સેવાઓ તથા ઉત્પાદનનાં સાધનોનાં બજારોમાં એકસાથે સમતુલા ઊભી થાય છે. આથી તેને સ્પર્ધાત્મક (Competitive) સમતુલા તરીકે પણ ઓળખવામાં આવે છે.

દા.ત. આંશિક સમતુલામાં માંગના નિયમમાં અનેક ધારણાઓ કરીને એમ કહેવામાં આવ્યું કે ભાવ વધે તો માંગ ઘટે, અને ભાવ ઘટે તો માંગ વધે. સામાન્ય સમતુલાના વિશ્લેષણમાં આવી ધારણાઓ કરવામાં આવતી નથી, અને આંશિક સમતુલાના વિશ્લેષણમાં ધારણાઓમાં જે પરિબળોને સ્થિર માની લેવામાં આવ્યાં છે તે બધાંને સામાન્ય સમતુલામાં અસ્થિર અને ફેરફારક્ષમ માનવામાં આવે છે અને માત્ર ભાવ નહિ પણ એ બધાં જ પરિબળો માંગ પર અસર કરે છે એમ માનવામાં આવે છે.

- **પેઢીની સમતુલાની શરતો :**

1. પેઢીનો સીમાંત ખર્ચ અને સીમાંત આવક સમાન હોવા જોઈએ. એટલે કે MR = MC
2. સમતુલાએ પેઢીનો સીમાંત ખર્ચ વધતો હોવો જોઈએ.

જ્યારે સીમાંત ખર્ચ ઘટતો હોય ત્યારે પેઢી સમતુલામાં ન આવી શકે. કેમકે; જો સીમાંત ખર્ચ ઘટતો હોય તો પેઢી ઉત્પાદન વધારીને પોતાના નફામાં વધારો કરી શકે છે. આથી સમતુલાની પરિસ્થિતિએ સીમાંત ખર્ચ ઘટતો જ હોય. આ બે શરતોનું પાલન થાય ત્યાં જે તે પેઢી સમતુલામાં આવે છે તેમ કહેવાય એટલે કે પેઢીનો નફો મહત્તમ થાય છે અથવા ખોટ ન્યૂનતમ થાય છે.

5.4 પૂર્ણ હરીફાઈના લક્ષણો અને આવકના ખ્યાલો :

1. અસંખ્ય ઉત્પાદકો અને અસંખ્ય ગ્રાહકો :

પૂર્ણ હરીફાઈ એટલે એવું બજાર કે જેમાં અસંખ્ય ગ્રાહકો છે અને અસંખ્ય ઉત્પાદકો છે. એટલે કે બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠામાં ઉપર એક ગ્રાહક કે એક ઉત્પાદકનો હિસ્સો નહિવત છે અને આથી બજાર કિંમત ઉપર તે કોઈ પ્રભુત્વ ધરાવતા નથી.

2. સમરૂપ વસ્તુઓ :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં અસંખ્ય ઉત્પાદકો જે વસ્તુ વેચે છે તે વસ્તુના તમામ એકમો વજન, રૂપ, રંગ, આકાર, કદ, ગુણવત્તા, પેકિંગ બધાની દૃષ્ટિએ સરખા હોય છે. ઉત્પાદક ગમે તે હોય પણ વસ્તુ એક જ પ્રકારની હોય છે. આવી વસ્તુએ સમરૂપ અથવા સમાનગુણી (homogeneous) *વસ્તુ તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે જુદા જુદા ઉત્પાદકો દ્વારા ઉત્પન્ન થયેલી વસ્તુના તમામ એકમો એકબીજાની અવેજી સંપૂર્ણપણે ધરાવે છે. એનો અર્થ એ છે કે કોઈ પણ ગ્રાહક કોઈ પણ ઉત્પાદકની વસ્તુ પ્રત્યે વિશેષ રુચિ કે પસંદગી ધરાવતો નથી. જો* X *વસ્તુ* A *ઉત્પાદક દ્વારા ઉત્પન્ન થઈ હોય અને બરાબર એવી જ વસ્તુ* B *ઉત્પાદક દ્વારા ઉત્પન્ન થઈ હોય તો ગ્રાહકને* A*ના બદલે* B*ની વસ્તુ ખરીદવા માટે કોઈ આકર્ષણ રહેતું નથી. ગ્રાહક તમામ ઉત્પાદકો પ્રત્યે તટસ્થ રહે છે. તેને માટે બધા જ ઉત્પાદકો સરખા હોય છે.*

જો કે, અહી એમ પણ ધારી લેવામાં આવે છે કે સમરૂપ વસ્તુઓ વેચનારા વેપારીઓ કે વિક્રેતાઓ પણ સમાનગુણી છે. જો A *અને* B *ઉત્પાદક દ્વારા ઉત્પન્ન થયેલી* X *વસ્તુ* S *અને* R *દ્વારા વેચાતી હોય અને* R*નું ગ્રાહક પ્રત્યેનું વર્તન* S *કરતાં વધારે સારું હોય તો ગ્રાહક વસ્તુ એકસરખી હોવા છતાં પણ* S *પાસેથી ન ખરીદે અને* R *પાસેથી ખરીદે એમ બને. માટે વિક્રેતાઓ પણ સમાનગુણી છે એવી ધારણા કરવામાં આવે છે.*

3. સંપૂર્ણ માહિતી :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં તમામ ઉત્પાદકો અને તમામ ગ્રાહકોને બજાર વિશે સંપૂર્ણ માહિતી હોય છે. આ એક ખૂબ જ અગત્યની શરત છે. ઉત્પાદક ઉત્પાદનનાં સાધનોના બજાર વિશે સંપૂર્ણ માહિતી ધરાવે છે. એટલે કે દરેક ઉત્પાદક સાધન કેવું છે, કયા ભાવે મળે છે, તેનો પુરવઠો પૂરો પાડનાર કોણ છે અને ઉત્પાદનની પ્રક્રિયામાં તે કેવો ફાળો આપે છે તેને વિશે બધી જ માહિતી ધરાવે છે અને પછી જ તે કયું ઉત્પાદનનું સાધન કેટલું વાપરવું તેને વિશે નિર્ણય કરે છે. ઉત્પાદક નિર્ણય એવી રીતે કરશે કે જેથી તેનું ઉત્પાદનનું ખર્ચ ઓછામાં ઓછું એટલે કે લઘુત્તમ આવે. જો તે લઘુત્તમ ખર્ચે ઉત્પાદન કરે તો જ તેને મહત્તમ નફો મળે. એટલે કે ઉત્પાદક તર્કબદ્ધ નિર્ણય કરે છે કે જેથી તેને મહત્તમ નફો પ્રાપ્ત થાય. આમ, ઉત્પાદક અને ગ્રાહક માહિતીપ્રદ પસંદગી (Informed Choice) *કરે છે.*

બરાબર એ જ રીતે, તમામ ગ્રાહકો બજારને વિશે સંપૂર્ણ માહિતી ધરાવે છે. એટલે કે, ગ્રાહક વસ્તુ ઉત્પન્ન કરનારા કેટલા ઉત્પાદકો છે, વસ્તુ કેવી ગુણવત્તાવાળી છે, શું ભાવ છે, ભાવ મુજબ ગુણવત્તા છે કે નહિ, વસ્તુની કે સેવાની વપરાશથી પોતાને શી સારી કે ખરાબ અસર થશે વગેરે તમામ પ્રકારની માહિતી ધરાવે છે. આ માહિતી પ્રાપ્ત કરીને જ તે પ્રકારની માહિતી ધરાવે છે. આ માહિતી પ્રાપ્ત કરીને જ તે કયા ઉત્પાદકની કઈ વસ્તુ કે

સેવા વાપરવી તેને અંગે નિર્ણય લે છે. વળી, તે આ નિર્ણય એ રીતે લે છે કે જેથી તેનો સંતોષ મહત્તમ થાય. આ ગ્રાહકનું તર્કબદ્ધ વર્તન છે. તે પાગલની માફક કે આડેધડ નિર્ણયો લઈને ખરીદી કરતો નથી એમ અહીં ધારવામાં આવે છે. એટલે કે જો કોઈ ઉત્પાદક વધારે ભાવે વસ્તુ વેચે અને એ વસ્તુની ગુણવત્તા બીજા ઉત્પાદકની વસ્તુ જેવી જ હોય તો ગ્રાહક વધુ ભાવ આપે જ નહિ. એ જ રીતે, બે ઉત્પાદક દ્વારા વેચાતી વસ્તુની ગુણવત્તામાં તફાવત હોય પણ ભાવ એકસરખા હોય તો ગ્રાહક જેની ગુણવત્તા વધુ સારી હશે તેની વસ્તુ જ ખરીદશે. અહીં ઉત્પાદક કોણ છે તે તેને માટે મહત્ત્વનું નથી, વસ્તુની ગુણવત્તા કેવી છે એ જ તેને માટે અગત્યનું બની જાય છે. ઓછા ભાવે સારી ગુણવત્તાવાળી વસ્તુ ખરીદાય તો જ ગ્રાહકને મહત્તમ સંતોષ મળે. એટલે કોઈ પણ ઉત્પાદક પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ગ્રાહક પાસેથી ઓછી ગુણવત્તાવાળી વસ્તુ તેને આપીને વધુ ભાવ લઈ શકતો નથી અને તેથી ગ્રાહકનું શોષણ આ બજારમાં શક્ય જ બનતું નથી.

4. મુક્ત પ્રવેશ અને મુક્ત વિદાય :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં કોઈ પણ પેઢીને કોઈ પણ વસ્તુ કે સેવાના ઉદ્યોગમાં ગમે ત્યારે પ્રવેશ કરવાની છૂટ છે અને કોઈ પણ પેઢીને ઉદ્યોગ છોડીને જવું હોય તો તેની પણ છૂટ છે. એટલે કે કોઈ પેઢીના પ્રવેશ પર કે તેની વિદાય પર કોઈ સરકારી નિયંત્રણ નથી અથવા તો બજાર એવું નથી કે જેથી પેઢીના પ્રવેશ ઉપર કે વિદાય ઉપર બીજી કોઈ પેઢી કોઈ અંકુશ ધરાવી શકે.

આનું પરિણામ એ આવે કે, જો લાંબા ગાળે પણ X વસ્તુ ઉત્પન્ન કરનારી પેઢીઓને અસામાન્ય નફો મળતો હોય તો અન્ય પેઢીમાં પણ X વસ્તુના ઉદ્યોગમાં દાખલ થવા લલચાય. એમ થવાથી હરીફાઈ ઊભી થાય અને બધી પેઢીઓને પછી સામાન્ય નફો જ મળે. એટલે પૂર્ણ હરીફાઈમાં કોઈ પણ પેઢી લાંબા ગાળા સુધી અસામાન્ય નફો કમાઈ શકે જ નહિ.

જે પેઢીને ખોટ જતી હોય તે પેઢી પણ ઉદ્યોગ છોડીને જતી રહે છે કારણ કે તે હરીફાઈ સહન કરી શકતી નથી અને તેથી પણ માત્ર સામાન્ય નફો જ કમાનારી પેઢીઓ બાકી બચે છે. એટલે ઉદ્યોગનો ત્યાગ કરવાની છૂટ આપોઆપ જ પૂર્ણ હરીફાઈમાં કોઈ પણ પેઢીને મળતી હોય છે.

5. પેઢી કિંમત સ્વીકારનાર :

અસંખ્ય ઉત્પાદકો છે અને આથી પેઢીનું બજાર કિંમત ઉપર કોઈ જ પ્રભુત્વ નથી. એટલે કે કિંમત બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠા દ્વારા નક્કી થાય છે અને પેઢી તે કિંમત સ્વીકારે છે. આમ; પૂર્ણ હરીફાઈમાં પેઢી કિંમત નક્કી નથી કરતી પરંતુ કિંમત સ્વીકારે છે અને તે જ તેની માંગ રેખા છે. આકૃતિ 5.1માં તેની સમજૂતી આપી છે.



આકૃતિ 5.1 : પૂર્ણ હરીફાઈમાં પેઢીની માંગ રેખા

આકૃતિ 5.1માં દર્શાવ્યા મુજબ X-અક્ષ ઉપર વસ્તુનો જથ્થો અને Y-અક્ષ ઉપર વસ્તુની કિંમત દર્શાવી છે. DD અને SS એ અનુક્રમે બજારની કુલ માંગ રેખા અને કુલ પુરવઠા રેખા દર્શાવે છે. બંને એકબીજાને E બિંદુએ છેદે છે જ્યાં વસ્તુની કિંમત OP જેટલી છે. હવે આ કિંમત બજાર દ્વારા નક્કી થઈ છે અને તે પેઢી સ્વીકારે છે અને તે જ પેઢીની માંગરેખા છે કે જે X-અક્ષને સમાંતર છે. આમ; પૂર્ણ હરીફાઈમાં પેઢીની માંગ સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ છે એટલે કે અનંત છે.

પૂર્ણ હરીફાઈમાં સરેરાશ આવક અને સીમાંત આવક કેવી હશે તે કોષ્ટક 5.1માં ને આકૃતિ 5.2માં દર્શાવ્યું છે.

કોષ્ટક 5.1 : પૂર્ણ હરીફાઈમાં સરેરાશ અને સીમાંત આવક

એકમો	કિંમત અને સરેરાશ આવક (રૂપિયામાં)	કુલ આવક (રૂપિયામાં)	સીમાંત આવક (રૂપિયામાં)
1	10	10	10
2	10	20	10
3	10	30	10
4	10	40	10
5	10	50	10
6	10	60	10
7	10	70	10
8	10	80	10
9	10	90	10

આ અનુસૂચિ પરથી સ્પષ્ટ થાય છે કે બજારમાં ભાવ 10 રૂ. છે. એટલે કે દરેક પેઢીએ 10 રૂ.ના ભાવે વસ્તુ વેચવી પડે છે. જો વસ્તુનો વધારાનો એક એકમ વેચવામાં આવે તો કુલ આવકમાં 10 રૂ.નો વધારો થાય છે. એટલે કે સીમાંત આવક 10 રૂ.ની થાય છે. અહીં સીમાંત આવક પણ સ્થિર રહે છે. એટલે કે સીમાંત આવક (MR), સરેરાશ આવક (AR) અને કિંમત (P) સરખાં જ રહે છે.

આ અનુસૂચિ પરથી સરેરાશ આવક અને સીમાંત આવક આકૃતિ નં. 5.2માં દર્શાવાયા છે. આકૃતિ 5.2માં OX ધરી ઉપર વસ્તુનો જથ્થો (Q) અને OY ધરી ઉપર સીમાંત આવક (MR) અને સરેરાશ આવક (AR) દર્શાવાયાં છે.

અહીં સીમાંત આવક અને સરેરાશ આવક રેખા OX ધરીને સમાંતર છે તથા એક જ છે. સરેરાશ આવક રેખા એ જ પેઢીની સીમાંત આવક રેખા અને માંગ રેખા દર્શાવે છે. આમ; પેઢીની સરેરાશ આવક સ્થિર રહે છે અને સીમાંત આવક એ સરેરાશ આવક જેટલી જ હોય છે.



આકૃતિ 5.2 પૂર્ણ હરીફાઈમાં સરેરાશ આવક અને સીમાંત આવક

આમ; પૂર્ણ હરીફાઈવાળા બજારની લાક્ષણિકતા ખૂજ જ મહત્ત્વની એ છે કે અહીં પેઢીની માંગ સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ છે. જો કોઈ ઉત્પાદક કે વેપારી વસ્તુના ભાવ સહેજ પણ વધારે તો તેની માંગ શૂન્ય થાય છે કારણ કે બજારમાં તે જ વસ્તુ તેનાથી ઓછા ભાવે પ્રાપ્ય હોય છે. એ જ રીતે જો વસ્તુના ભાવ થોડા પણ ઘટે તો માંગ ખૂબ જ વધી જાય છે કારણ કે તે વસ્તુ એટલા ઓછા ભાવે બજારમાં ક્યાંય પણ ઉપલબ્ધ હોતી નથી. આમ, પૂર્ણ હરીફાઈમાં માંગ રેખા X ધરીને સમાંતર એટલે કે માંગની મૂલ્ય સાપેક્ષ હોય છે, એટલે કે માંગની મૂલ્ય સાપેક્ષતા અનંત $ed = (a)$ હોય છે.

5.5 પૂર્ણ હરીફાઈમાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા :

પૂર્ણ હરીફાઈમાં પેઢી સમતુલામાં આવે ત્યારે બે શક્યતાઓ રહેલી છે :

a. અસામાન્ય નફો :

આકૃતિ 5.3 માં અસામાન્ય નફાની પરિસ્થિતિ સમજાવી છે.



આકૃતિ : 5.3 પૂર્ણ હરીફાઈમાં અસામાન્ય નફો

આકૃતિ 5.3 માં ટૂંકા ગાળામાં પૂર્ણ હરીફાઈમાં પેઢી ક્યારે અસામાન્ય નફો કમાય છે તે દર્શાવ્યું છે.

1. OP *વસ્તુની કિંમત છે કે જે બજાર દ્વારા નક્કી થઈ છે. સરેરાશ આવક, સીમાંત આવક અને કિંમત રેખા સમાન હોય છે.*
2. J*અને* E *બંને બિંદુએ સીમાંત ખર્ચ અને સીમાંત આવક સમાન થાય છે પરંતુ* J *બિંદુએ સીમાંત ખર્ચ વધુ છે અને* E *બિંદુએ સીમાંત ખર્ચ ઓછું છે આથી સમતુલા* E *બિંદુએ સ્થપાશે.*

3. પેઢીની કુલ આવક $(TR) =$ કિંમત વસ્તુના એકમો $(Q) = OP \times OQ = OPEQ$
4. પેઢીનું કુલ ખર્ચ $(TC) =$ સરેરાશ ખર્ચ $(AC) \times$ વસ્તુના એકમો $(Q) = OH \times OQ = OHGQ$
5. અહીં પેઢીની કુલ આવક એ કુલ ખર્ચ કરતાં વધુ છે એટલે કે $TR > TC$. માટે પેઢી અસામાન્ય નફો કમાય છે તેમ કહેવાય.
6. પેઢીનો અસામાન્ય નફો $(\pi) - TR - TC = OPEQ - OHGQ = PEGH$

B. ખોટ :

આકૃતિ 5.4માં પેઢીની ખોટની શક્યતા દર્શાવી છે.



આકૃતિ 5.4 પૂર્ણ હરીફાઈમાં ખોટ

1. OP વસ્તુની કિંમત છે કે જે બજાર દ્વારા નક્કી થઈ છે. સરેરાશ આવક, સીમાંત આવક અને કિંમત રેખા સમાન હોય છે.
2. J અને E બંને બિંદુએ સીમાંત ખર્ચ અને સીમાંત આવક સમાન થાય છે પરંતુ J બિંદુએ સીમાંત ખર્ચ વધતું છે અને E બિંદુએ સીમાંત ખર્ચ ઘટતું છે આથી સમતુલા E બિંદુએ સ્થપાશે.
3. પેઢીની કુલ આવક $(TR) =$ કિંમત વસ્તુના એકમો $(Q) = OP \times OQ = OPEQ$
4. પેઢીનું કુલ ખર્ચ $(TC) =$ સરેરાશ ખર્ચ $(AC) \times$ વસ્તુના એકમો $(Q) = OM \times OQ = OMLQ$
5. અહીં પેઢીની કુલ આવક એ કુલ ખર્ચ કરતાં ઓછી છે એટલે કે $TR < TC$. માટે પેઢીને ખોટ જાય છે તેમ કહેવાય.

6. પેઢીની ખોટ $= TC - TR = OLMQ - OPEQ = MLEP$
7. પ્રશ્ન એ ઊભો થાય કે જો પેઢી ટૂંકા ગાળામાં ખોટ ખાય તો તે ઉત્પાદન ચાલુ રાખે કે બંધ કરે. જો પેઢી ઉત્પાદન બંધ કરશે તો પણ તેને સ્થિર ખર્ચ તો ભોગવવા જ પડશે. આથી ખોટ સાથે ઉત્પાદન ચાલુ રાખવું કે નહીં તે નિર્ણય માટે અસ્થિર ખર્ચ મહત્ત્વનો છે.
8. જો વસ્તુની કિંમત પેઢીના અસ્થિર ખર્ચ (Average Variable Cost-AVC) કરતા વધુ હોય તો પેઢી ઉત્પાદન ચાલુ રાખશે અને જો કિંમત તેનાથી ઓછી હશે તો પેઢી ઉત્પાદન બંધ કરશે. જ્યારે વસ્તુની કિંમત અને સરેરાશ અસ્થિર ખર્ચ સમાન હોય તે બિંદુને બંધ બિંદુ (Shut Down Point) કહેવામાં આવે છે. એટલે કે કિંમત જો તેનાથી ઓછી થાય તો પેઢી ઉત્પાદન બંધ કરીને બજાર છોડી દેશે.

આમ; ટૂંકાગાળામાં પૂર્ણ હરીફાઈમાં સમતુલાએ -

1. MR=AR=P=MC
2. ગ્રાહક જે કિંમત ચૂકવે છે તે સીમાંત ખર્ચ જેટલી છે.
3. કિંમત MCથી ઓછી શક્ય નથી.
4. પૂર્ણ હરીફાઈમાં સમતુલાની કિંમત એ બજારની ન્યૂનતમ શક્ય કિંમત (Minimum Possible Price) છે કારણ કે તે સીમાંત ખર્ચ જેટલી છે. તેનાથી ઓછી કિંમત કોઈ પણ બજારમાં શક્ય નથી. આથી ગ્રાહકનું મહત્તમ કલ્યાણ પૂર્ણ હરીફાઈવાળા બજારમાં થાય છે તેમ કહેવાય.

5.6 પૂર્ણ હરીફાઈમાં લાંબાગાળામાં પેઢી અને ઉદ્યોગની સમતુલા :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં લાંબા ગાળામાં પેઢી જે સમતુલા પ્રાપ્ત કરે છે તેમાં તેને સામાન્ય નફો જ પ્રાપ્ત થાય છે. લાંબો ગાળો એટલે સમયનો એવો ગાળો કે જ્યારે ઉત્પાદનનાં તમામ સાધનોના પ્રમાણમાં ફેરફાર થાય છે. એટલે કે સ્થિર ખર્ચ લાંબે ગાળે અસ્થિર ખર્ચ થાય છે. પેઢીનું કદ પણ બદલાય. પરંતુ લાંબે ગાળે પેઢીને પૂર્ણ હરીફાઈમાં સામાન્ય નફો જ પ્રાપ્ત થાય કારણ કે જો અસામાન્ય નફો મળતો હોય તો નવી પેઢીઓ ઉદ્યોગમાં પ્રવેશે અને બધો અસામાન્ય નફો હરીફાઈને લીધે ધોવાઈ જાય. ખોટ કરનારી પેઢીઓ ઉદ્યોગ છોડીને જતી પણ રહે છે કારણ કે તેમને ટૂંકા ગાળામાં ખોટ સહન કરવાનું પોસાય પણ લાંબાગાળા માટે તે ખોટ સહન કરી શકે નહિ. આમ; બધી જ પેઢીઓને લાંબા ગાળામાં પૂર્ણ હરીફાઈમાં સામાન્ય નફો જ મળે.

પૂર્ણ હરીફાઈમાં લાંબાગાળે પેઢી સામાન્ય નફો કમાય છે એટલે કે તેની કુલ આવક અને કુલ ખર્ચ સમાન હોય છે. તે એ શૂન્ય નફાની સ્થિતિ પણ કહેવામાં આવે છે. પ્રશ્ન એ છે કે જો પેઢી શૂન્ય નફો કમાય તો શા માટે બજારમાં ટકી રહે. અહીં શૂન્ય નફો અથવા તો

સામાન્ય નફો એટલે એવી સ્થિતિ કે જેમાં પેઢીએ જે મૂડીરોકાણ કર્યું છે તેની ઉપર તેને સામાન્ય વળતર પ્રાપ્ત થાય છે અને તે બીજે ક્યાંય પણ મૂડીરોકાણ કરે તો એનાથી વધારે વળતર પ્રાપ્ત થશે નહીં તેથી બજાર છોડી દેવા માટે પેઢી પાસે કોઈ કારણ નથી. આકૃતિ 5.5માં લાંબાગાળે પેઢીની સમતુલા દર્શાવી છે.



આકૃતિ 5.5 સામાન્ય નફો

(1) AH *પેઢીની માંગ રેખા છે. તે સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષતા દર્શાવે છે એટલે કે પેઢી* OA *ભાવે જ ઉત્પાદન કરીને વેચે છે.*

(2) *ભાવ* OA *જેટલા છે અને બદલાતા નથી એટલે* AH *રેખા સરેરાશ આવક* (AR)*ની રેખા તો છે જ પણ સાથે સાથે સીમાન્ત આવક* (MR)*ની રેખા પણ છે.*

(3) DE *સરેરાશ ખર્ચ* (AC)*ની રેખા છે કે જે* B *બિંદુએ લઘુત્તમ થાય છે.*

(4) FG *સીમાન્ત ખર્ચ* (MC)*ની રેખા છે અને તે* B *બિંદુએ જ* AH *રેખાને છેદે છે.*

(5) B *બિંદુએ જ તેથી ઉત્પાદન નક્કી થાય છે અને પેઢી સમતુલામાં આવે છે કારણ કે ત્યાં જ* MR = MC *થાય છે.*

(6) *આમ, ઉત્પાદન* OC *જેટલું થાય છે.*

(7) *આટલા ઉત્પાદને કુલ આવક* (TR) *કેટલી થાય છે તે જોઈએ:*

$TR = AR \times Q$

$\therefore TR = OA \times OC = OABC$ *આમ, કુલ આવક* $OABC$ *જેટલી થઈ.*

(8) *કુલ ખર્ચ* OC *ઉત્પાદને કેટલું થાય છે તે જોઈએ:*

$TC = AC \times Q$

$\therefore TR = BC \times OC = OABC$. *એટલે કે કુલ ખર્ચ* $OABC$ *થયું.*

(9) આમ; આ આકૃતિમાં કુલ આવક (TR) અને કુલ ખર્ચ (TC) બંને જેટલાં સરખાં થાય છે. અને તેથી પેઢીને સામાન્ય નફો મળે છે. $TR = TC$ થાય છે તેનું કારણ એ છે કે $AR = AC$ છે.

(10) નોંધનીય બાબત એ છે કે; જે B બિંદુએ ઉત્પાદન નક્કી થાય છે અને પેઢી સમતુલામાં આવે છે તે બિંદુ લઘુતમ સરેરાશ ખર્ચ દર્શાવે છે. એટલે કે જ્યાં AC ઓછામાં ઓછું હોય છે ત્યાં ઉત્પાદન થાય છે.

(11) વળી, B બિંદુએ સીમાન્ત ખર્ચની FG રેખા પણ AH રેખાને છેદે છે અને AH રેખા ભાવ, સરેરાશ આવક અને સીમાન્ત આવક તો દર્શાવે જ છે. તેથી B બિંદુએ $AR = P = MR = MC = AC$ થાય છે. આમ; આ પાંચેય બાબતો જ્યાં સરખી થાય છે ત્યાં પેઢીને સામાન્ય નફો મળે છે.

પેઢીને લાંબા ગાળે સામાન્ય નફો મળે છે એનો અર્થ એ છે કે પૂર્ણ હરીફાઈવાળા બજારમાં લઘુત્તમ સરેરાશ ખર્ચે ઉત્પાદન થાય છે. જો સરેરાશ ખર્ચ ઓછામાં ઓછું હોય તો ભાવ પણ ઓછામાં ઓછો જ હોય. જો ભાવ ઓછામાં ઓછો હોય તો ગ્રાહકોને લાભ થાય. એનો અર્થ જ એ છે કે પેઢીને જ્યારે સામાન્ય નફો મળે છે ત્યારે ગ્રાહકોનું શોષણ થતું નથી.

નીચેની ત્રણ શરતોનું પાલન થાય ત્યારે લાંબાગાળે પેઢી સમતુલામાં આવે -

1. તમામ પેઢીઓનો ઉદ્દેશ મહત્તમ નફો કમાવવાનો છે.
2. તમામ પેઢીઓ શૂન્ય અથવા સામાન્ય નફો કમાય છે.
3. વસ્તુની કિંમત એવી છે કે જેથી બજારમાં તે ઉદ્યોગની કુલ માંગ અને કુલ પુરવઠો સમાન થાય છે એટલે કે ઉદ્યોગ પણ સમતુલામાં છે.

અહીં એ બાબત પણ મહત્ત્વની છે કે પેઢી લાંબેગાળે સરેરાશ ખર્ચ રેખાના લઘુતમ બિંદુએ ઉત્પાદન કરે છે એટલે કે તેનું સરેરાશ ખર્ચ ન્યૂનતમ થાય છે. લાંબાગાળે ઉદ્યોગની સમતુલા આકૃતિ 5.6માં દર્શાવી છે.



કુલ માંગ અને કુલ પુરવઠો

આકૃતિ 5.6 ઉદ્યોગની સમતુલા

આકૃતિમાં X-*અક્ષ ઉપર કુલ માંગ અને કુલ પુરવઠો અને* Y- *અક્ષ ઉપર વસ્તુની કિંમત દર્શાવી છે.* DD *અને* SS *એ કુલ માંગરેખા અને કુલ પુરવઠા રેખા છે જે એકબીજાને* E *બિંદુએ છેદે છે જ્યાં સમતુલા સ્થપાય છે અને વસ્તુની કિંમત* OP *જેટલી છે. અહીં આ કિંમત એવી રીતે નક્કી થાય છે કે તમામ પેઢીઓ પણ લાંબાગાળે સમતુલામાં આવે.*

5.7 સારાંશ અને ચાવીરૂપ શબ્દો :

અહીં આપણે જોયું કે પૂર્ણ હરીફાઈમાં સમતુલાની સ્થિતિમાં વસ્તુની કિંમત અને પેઢીનું સીમાંત ખર્ચ સમાન હોય છે અને આથી ગ્રાહકનું મહત્તમ કલ્યાણ થાય છે અને આથી પૂર્ણ હરીફાઈ એક આદર્શ બજાર છે. જ્યારે લાંબાગાળે પેઢી સામાન્ય નફો કમાય છે. જ્યારે પેઢી સમતુલામાં હોય છે ત્યારે AR=MR=MC=P *હોય છે.*

ચાવીરૂપ શબ્દો :

પૂર્ણ હરીફાઈ, સમતુલા, સમાનગુણી વસ્તુઓ, અસામાન્ય નફો, ખોટ, સામાન્ય નફો

5.8 સ્વાધ્યાય :

- **નીચેના પ્રશ્નોમાં સાચો વિકલ્પ પસંદ કરો.**

1. *પૂર્ણ હરીફાઈમાં પેઢીની માંગરેખા*
   - A. *ઋણ ઢાળ ધરાવે*
   - B. *ધન ઢાળ ધરાવે*
   - C. X *અક્ષને સમાંતર હોય*
   - D. Y *અક્ષને સમાંતર હોય*
2. *સામાન્ય નફો એટલે -*
   - A. $TR = TC$
   - B. $TR > TC$
   - C. $TR < TC$
   - D. *ઉપરનામાંથી એક પણ નહીં*
3. *ટૂંકા ગાળામાં પેઢી સમતુલામાં આવે ત્યારે -*
   - A. *સીમાંત ખર્ચ સ્થિર હોય*
   - B. *સીમાંત ખર્ચ વધતું હોય*
   - C. *સરેરાશ ખર્ચ વધતું હોય*
   - D. *સીમાંત ખર્ચ ઘટતું હોય*

4. પૂર્ણ હરીફાઈમાં ટૂંકા ગાળામાં સમતુલા એ -

A. $MR = AR = MC = P$

B. $P < MR = AR = MC$

C. $P < MR = AR$

D. $MR = MC < P$

5. જ્યારે પેઢી ટૂંકા ગાળામાં ખોટ ખાય ત્યારે

A. કુલ ખર્ચ કરતાં કુલ આવક વધુ હોય

B. કુલ ખર્ચ કરતાં કુલ આવક ઓછી હોય

C. કુલ ખર્ચ અને કુલ આવક સમાન હોય

D. સરેરાશ ખર્ચ અને સરેરાશ આવક સમાન હોય

6. ટૂંકા ગાળામાં ક્યારે પેઢી બજાર છોડી દેશે ?

A. $P < AVC$

B. $P = AVC$

C. $P < TC$

D. $P > TC$

7. નીચેનામાંથી કયું પૂર્ણ હરીફાઈનું લક્ષણ નથી ?

A. $MR = AR$

B. $P > MC$

C. સમાનગુણી વસ્તુઓ

D. સંપૂર્ણ માહિતી

8. બંધ બિંદુ એટલે કેવી પરિસ્થિતિ ?

A. $P = AVC$

B. $P = TC$

C. $P = MR$

D. $P < AVC$

જવાબ : (1) (C) (2) (A) (3) (D) (4) (A)

(5) (B) (6) (A) (7) (B) (8) (A)

- **નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો :**

1. પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય ઉત્પાદકો હોય છે.
2. પૂર્ણ હરીફાઈમાં વસ્તુઓની ગુણવત્તા જુદી જુદી હોય છે.
3. જ્યારે પેઢીની કુલ આવક તેના કુલ ખર્ચ કરતાં વધુ હોય ત્યારે પેઢી અસામાન્ય નફો કમાય છે.

4. *જ્યારે સીમાંત ખર્ચ વધતું હોય ત્યારે પેઢી સમતુલામાં આવે છે.*

5. *પૂર્ણ હરીફાઈમાં ગ્રાહકો અને ઉત્પાદકો પાસે બજાર અંગેની સંપૂર્ણ માહિતી છે.*

6. *પૂર્ણ હરીફાઈમાં સીમાંત આવક અને સરેરાશ આવક સમાન હોય છે.*

7. *સામાન્ય નફાની સ્થિતિમાં પેઢી સરેરાશ ખર્ચ રેખાના લઘુત્તમ બિંદુ એ ઉત્પાદન કરે છે.*

જવાબ : (1) *(સાચું)* (2) *(ખોટું)* (3) *(સાચું)* (4) *(ખોટું)*
(5) *(સાચું)* (6) *(સાચું)* (7) *(સાચું)*

- **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો :**

1. *પેઢીની સમતુલા એટલે શું ?*
2. *પૂર્ણ હરીફાઈમાં શા માટે એક ગ્રાહકનું વસ્તુની કિંમત ઉપર પ્રભુત્વ નથી.*
3. *ટૂંકા ગાળામાં પેઢી ક્યારે ખોટ ખાય છે ?*
4. *સામાન્ય નફો એટલે શું ?*
5. *બંધ બિંદુ એટલે શું ?*
6. *પૂર્ણ હરીફાઈમાં વસ્તુની કિંમત કોણ નક્કી કરે છે ?*
7. *સમતુલાની શરતો જણાવો.*
8. *સમાનગુણી વસ્તુઓનો અર્થ જણાવો.*
9. *સંપૂર્ણ માહિતી એટલે શું ?*
10. *પેઢી ક્યારે ટૂંકા ગાળામાં બજાર છોડી દે ?*

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. *પૂર્ણ હરીફાઈના લક્ષણો જણાવી તેમાં આવકના ખ્યાલો આકૃતિ ચર્ચો.*
2. *પૂર્ણ હરીફાઈમાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા સમજાવો.*
3. *પૂર્ણ હરીફાઈમાં લાંબા ગાળામાં પેઢી અને ઉદ્યોગની સમતુલા જણાવો.*

એકમ 6: બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-II

: રૂપરેખા :

6.1 ઉદ્દેશો

6.2 પ્રસ્તાવના

6.3 ઇજારાના લક્ષણો

6.4 ઇજારામાં પેઢીની આવકના ખ્યાલો

6.5 ઇજારામાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા

6.6 ઇજારાયુક્ત હરીફાઈનો અર્થ અને તેના લક્ષણો

6.7 ઇજારાયુક્ત હરીફાઈમાં ટૂંકાગાળામાં પેઢીની સમતુલા

6.8 વેચાણખર્ચનો ખ્યાલ

6.9 સારાંશ અને ચાવી રૂપ શબ્દો

6.10 સ્વાધ્યાય

6.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતો સમજી શકાશે:

1. ઇજારાનો અર્થ અને તેના કારણો
2. ઇજારામાં પેઢીની સમતુલા અને પૂર્ણ હરીફાઈ સાથે સરખામણી
3. ઇજારાયુક્ત હરીફાઈના લક્ષણો
4. વેચાણ ખર્ચનો ખ્યાલ

6.2 પ્રસ્તાવના

ઇજારો એ પૂર્ણ હરીફાઈની તદ્દન વિરુદ્ધની બાજુ છે. પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય ઉત્પાદકો છે અને તેમની વચ્ચે તીવ્ર હરીફાઈ છે. આ ઉપરાંત કોઈ એક ઉત્પાદકનો કુલ પુરવઠા કે વસ્તુની કિંમત ઉપર ઇજારો નથી. જ્યારે ઇજારામાં માત્ર એક જ ઉત્પાદક છે અને બજાર પુરવઠા ઉપર તેનું સંપૂર્ણ નિયંત્રણ છે. તેવી જ રીતે ઇજારાયુક્ત હરીફાઈમાં પણ પેઢીઓ બજાર પુરવઠા ઉપર નિયંત્રણ ધરાવે છે.

ઇજારાયુક્ત હરીફાઈમાં પૂર્ણ હરીફાઈ અને ઇજારો બંનેના લક્ષણો જોવા મળે છે. કોષ્ટક 6.1માં તેમની સરખામણી દર્શાવી છે.

કોષ્ટક 6.1: પૂર્ણ હરીફાઈ, ઇજારો અને ઇજારાયુક્ત હરીફાઈની સરખામણી				
બજારનો પ્રકાર	ઉત્પાદકોની સંખ્યા	માંગની મૂલ્ય સાપેક્ષતા	વસ્તુ	માંગ રેખા
પૂર્ણ હરીફાઈ	અસંખ્ય	સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ (અસંખ્ય)	સંપૂર્ણ અવેજી વસ્તુઓ (સમાનગુણી)	X-અક્ષને સમાંતર
ઇજારો	એક જ	મૂલ્ય અનપેક્ષ (0 થી 1 ની વચ્ચે)	-	ઋણ ઢાળ
ઇજારાયુક્ત હરીફાઈ	વધારે	મૂલ્ય અનપેક્ષ (0 થી 1 ની વચ્ચે) પરંતુ ઇજારા કરતાં વધુ	નજીકની અવેજી વસ્તુઓ	ઋણ ઢાળ

6.3 ઈજારાના લક્ષણો :

1. એક જ ઉત્પાદક કે વેચનાર:

ઈજારો એ પૂર્ણ હરીફાઈથી તદન વિરૂદ્ધની સ્થિતિ છે. ઈજારામાં ઉત્પાદક એક જ છે. એટલે કે ઉત્પાદકો વચ્ચે કોઈ સ્પર્ધા નથી. જો કોઈ સ્પર્ધા હોય તો પણ તે ગ્રાહકો વચ્ચે જ છે. ઉત્પાદન કરનારી પેઢી એક જ છે એટલે જે પેઢી છે તે જ ઉદ્યોગ છે. એનો અર્થ એ છે કે જે પેઢીની સમતુલા છે તે જ ઉદ્યોગની સમતુલા છે. પેઢી એક જ છે એનો અર્થ એ પણ છે કે તે જ પુરવઠો પૂરો પાડનાર છે. એટલે કે તે પુરવઠા ઉપર અંકુશ ધરાવે છે. જો પેઢી પુરવઠા ઉપર અંકુશ ધરાવી શકતી હોય તો તે ભાવ ઉપર પણ અંકુશ ધરાવે છે. એટલે કે તે પુરવઠો પણ નક્કી કરે છે અને ભાવ પણ નક્કી કરે છે.

2. અવેજીની વસ્તુનો અભાવ:-

ઈજારો કેવો છે તેનો આધાર તો હરીફાઈ ઉપર હોય છે. જો હરીફાઈમાં કોઈક વસ્તુ હોય તો પછી ઈજારો પૂર્ણ ઈજારો હોતો નથી. એટલે કે શુદ્ધ ઈજારો હોતો નથી. હરીફાઈ અવેજીની વસ્તુ ઉપર આધાર રાખે છે. અવેજીની વસ્તુ બે પ્રકારની હોય છે:

(1) નજીકની અવેજીની વસ્તુ:

કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જે એકબીજાની ખૂબ જ નજીકની અવેજીની વસ્તુ હોય. જેમ કે,ચા અને કોફી, ઘઉં અને ચોખા, બાજરી અને જુવાર વગેરે. એટલે કે આ વસ્તુઓ એવી છે કે જો એક વસ્તુના ભાવમાં મોટો ફેરફાર થાય તો બીજી વસ્તુની માંગ ઉપર તેની અસર પડે છે. દા.ત. કોફીનો ભાવ ખૂબ જ વધે તો ગ્રાહકો ચાની માંગ વધારે એમ બને. અહીં હરીફાઈનું તત્ત્વ વધારે હોય છે.

(2) દૂરની અવેજીની વસ્તુ:

કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જેમાં અવેજી હોય છે પણ એ દૂરની હોય છે. જેમ કે, ટ્રેન, બસ એટલે કે આવી વસ્તુઓ વચ્ચે હરીફાઈ ખૂબ જ ઓછી હોય છે.

ઈજારદાર પેઢી જે વસ્તુ ઉત્પન્ન કરે છે તેની અવેજીમાં કેવી વસ્તુ ઉત્પન્ન થાય છે તેના ઉપર તેના ઈજારાનો આધાર હોય છે. જો નજીકની અવેજીની વસ્તુ પ્રાપ્ય હોય તો ઈજારદાર ખૂબ વધારે ભાવ વધારી શકતો નથી. પરંતુ જો દૂરની અવેજીની વસ્તુ બજારમાં પ્રાપ્ય હોય તો તેને ભાવ વધારવામાં આસાની રહે છે. મોટે ભાગે ઈજારદાર પેઢી માટે નજીકની અવેજીની વસ્તુનો બજારમાં અભાવ હોય છે. કોઈ અવેજીની વસ્તુ હોય જ નહિ તો તેને શુદ્ધ ઈજારો કહેવાય. એટલે કે તેવા સમયે તે ભાવ વધારે તો માંગ ઉપર ખૂબ જ ઓછી અસર પડે છે. આમ, બે તારણો નીકળી શકે છે.

(1) જો નજીકની અવેજીની વસ્તુ ઈજારદાર પેઢી માટે પ્રાપ્ય હોય તો તે પોતાની વસ્તુના ભાવ પર ઓછો અંકુશ ધરાવે છે. કારણ કે તે જો ભાવ ખૂબ વધારે તો ગ્રાહક આસાનીથી અવેજીની વસ્તુ ખરીદી લે છે.

(2) જો દૂરની અવેજીની વસ્તુ બજારમાં પ્રાપ્ય હોય તો ઈજારદાર પેઢી ભાવ વધારે તો તેની માંગ ઉપર બહુ અસર થતી નથી. એટલે તેને ભાવ વધારવામાં થોડી આસાની રહે છે. એટલે તેને ભાવ વધારવામાં થોડી આસાની રહે છે. એટલે માંગની મૂલ્ય સાપેક્ષતા શૂન્યથી વધારે નજીક રહે.

(3) જો દૂરની કે નજીકની બેમાંથી એકેય અવેજીની વસ્તુ ના હોય તો ઈજારદાર પેઢી પુરવઠા ઉપર અને ભાવ ઉપર સંપૂર્ણ અંકુશ ધરાવે છે અને તેથી તે ભાવમાં ખાસ્સો વધારો કરે તો પણ માંગ ઉપર અત્યંત ઓછી અસર થાય છે અથવા બિલકુલ થતી નથી. આવા કિસ્સામાં ઈજારદાર પેઢી દ્વારા ઉત્પન્ન થતી વસ્તુની પ્રતિમૂલ્ય સાપેક્ષતા શૂન્ય હોય છે.

જહૉન ડી. સમર શુદ્ધ ઈજારા **(Pure Monopoly)** માટે એમ કહે છે કે તેમાં પેઢીની માંગની મૂલ્ય સાપેક્ષતા શૂન્ય જ હોય છે. જો એવું હોય તો માંગ રેખા **OY** ધરીને સમાંતર એટલે કે લંબરૂપ હોય. પિયેરો સાફા સ્થિતિને સંપૂર્ણ ઈજારો **(Absolute Monopoly)** તરીકે ઓળખાવે છે.

(3) **પ્રવેશબંધી:**

ઈજારાની સ્થિતિમાં આ એક નોંધપાત્ર લક્ષણ જોવા મળે છે. ઈજારો ચાલુ રહે તે માટે આ શરતનું પાલન જરૂરી છે. ઈજારદાર પેઢી જે વસ્તુ ઉત્પન્ન કરતી હોય એ જ વસ્તુ ઉત્પન્ન કરવા માટે બજારમાં બીજી કોઈ પેઢી પ્રવેશી શકતી

નથી. જો બીજી પેઢીઓ પ્રવેશી શકતી હોય તો હરીફાઈ ઊભી થાય અને ઈજારો તૂટી જાય. આવી પ્રવેશબંધી જુદી જુદી રીતે ઊભી થઈ શકે છે.

(1) **પેટન્ટ, કોપીરાઈટ વગેરેઃ** નવી શોધ કે નવું સંશોધન કરીને બજારમાં નવી જ વસ્તુ ઉત્પન્ન કરનાર પેઢીને સરકાર પેટન્ટ **(Patent)** એટલે કે એકાધિકાર આપે છે. જેને આવો પેટન્ટ અપાય છે તે પેઢી જ સમયના અમુક ગાળા સુધી તે વસ્તુનું ઉત્પાદન કરી શકે છે અને બીજી કોઈ પેઢી તે વસ્તુનું ઉત્પાદન કરી શકતી નથી. એ જ રીતે પુસ્તકો, ટેપ, સીડી, વીસીડી વગેરેના કોપીરાઈટ પણ સરકાર દ્વારા અપાય છે અને તેથી ઈજારા ઊભા થાય છે.

(2) **કાયદા દ્વારા ઈજારાનું સર્જનઃ** સરકાર કાયદા દ્વારા અમુક વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન પોતે જ કરે છે અને પોતાના ઈજારા ઊભા કરે છે. જેમ કે, ભારતમાં અત્યારે અણુ ઊર્જાનું ઉત્પાદન **2010** સુધી ખાનગી કંપનીઓ કરી શકતી નહોતી અથવા ખાનગી કંપનીઓ ટ્રેનો દોડાવી શકતી નથી.

(3) **ઈજારદારનો અંકુશઃ** ઈજારદાર પેઢી જે વસ્તુનું ઉત્પાદન કરે છે તે વસ્તુના ઉત્પાદનમાં વપરાતા કાચા માલ **(Raw Materials)** ઉપર પણ તે અંકુશ ધરાવે છે. જેથી બીજી કોઈ પેઢી તેવી જ વસ્તુનું ઉત્પાદન કરી શકતી નથી. જેમ કે **OPEC (Organization of Petroleum Exporting Countries)** પેટ્રોલિયમ પેદાશોના ઉત્પાદનમાં ઈજારો ધરાવે છે.

ઈજારમાં એ બાબત ખૂબ જ અગત્યની છે કે ઈજારદાર પેઢી એ વસ્તુની કિંમત અથવા તો વસ્તુના પુરવઠા ઉપર નિયંત્રણ રાખી શકે. જો કે, કોઈપણ ઈજારદાર પેઢી હંમેશાં એક સાથે વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા ઉપર અંકુશ ધરાવતી નથી. એટલે જે ઈજારદાર પેઢીની માંગ રેખા સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ નથી હોતી, પણ મૂલ્ય અનપેક્ષ હોય છે.

6.4 ઈજારામાં પેઢીની આવકના ખ્યાલોઃ

કોષ્ટક 6.2 માં ઈજારામાં પેઢીની આવકની અનુસૂચિ દર્શાવી છે.

કોષ્ટક 6.2 ઈજારામાં પેઢીની આવક.

ઉત્પાદન (Q)	કિંમત = સરેરાશ આવક (₹) (AR)	કુલ આવક (₹) (TR)	સીમાંત આવક (₹) (MR)
1	12	12	12
2	11	22	10
3	10	30	8
4	9	36	6
5	8	40	4
6	7	42	2
7	6	42	0
8	5	40	-2
9	4	36	-4

સમજૂતી :

(1) *જેમ જેમ કિંમત ઘટતી જાય છે તેમ તેમ કુલ આવક વધતી જાય છે. પરંતુ કોઠામાં જણાવાયા અનુસાર તે ઉત્પાદનના છઠ્ઠા અને સાતમા એકમે સ્થિર થઈ જાય છે કે જ્યારે કિંમત રૂ. 7 અને રૂ. 6 છે. કુલ આવક તે સમયે રૂ.42 જેટલી સ્થિર છે.*

(2) *કુલ આવક મહત્તમ બને છે ત્યારે સીમાન્ત આવક શૂન્ય થાય છે. કુલ આવક સાતમા એક પછી ઘટે છે ત્યારે સીમાન્ત આવક ઋણ બને છે.*

(3) *છઠ્ઠા એકમ સુધી સીમાન્ત આવક ઘટે છે, સાતમા એકમે તે શૂન્ય બને છે અને પછી તે ઋણ બને છે.*

આકૃતિ 6.1 ઈજારામાં પેઢીની સીમાંત આવક સરેરાશ આવક અને કુલ આવક રેખાઓ.



આકૃતિમાં દર્શાવાયા મુજબ ઈજારા માટે સીમાંત ખર્ચ રેખા (MR) *એ સરેરાશ ખર્ચ રેખા* (AR) *ની નીચે આવેલી હોય છે. એટલે કે કિંમત ઘટતાં* AR *કરતાં* MR *માં ઝડપી ઘટાડો થાય છે.* AR *એ ઈજારદાર પેઢીની માંગ રેખા છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ ઈજારદાર પેઢી માટે સરેરાશ આવક રેખા અને સીમાંત આવક રેખા બંને ઋણ ઢાળ ધરાવે છે. તે એમ દર્શાવે છે કે જો પેઢીને ઉત્પાદન કે વેચાણ વધારવું હોય તો કિંમત ઘટાડવી પડે છે.*

(1) *શરૂઆતમાં જ્યારે કિંમત ઘટાડવામાં આવે છે ત્યારે સીમાંત આવક અને સરેરાશ આવક ઘટે છે પરંતુ કુલ આવક વધતી જાય છે, જે* TR *દર્શાવે છે. આ સમયે પેઢી કિંમત ઘટાડી વધુ ઉત્પાદન કે વેચાણ કરવાનો પ્રયત્ન કરે છે.*

(2) *અમુક સમય પછી કુલ આવક મહત્તમ બને છે. તે* C *બિંદુ દર્શાવે છે. તે એમ પણ દર્શાવે છે કે પેઢીની કુલ આવક મહત્તમ થાય છે ત્યારે સીમાંત આવક શૂન્ય બને છે.*

(3) *જો પેઢી હજુ પણ કિંમત ઘટાડી ઉત્પાદન વધારવાનો નિર્ણય કરે તો તેની કુલ આવક ઘટે છે તથા સીમાંત આવક ઋણ થાય છે. આથી પેઢી મહત્તમ આવક પ્રાપ્ત થાય ત્યાર બાદ કિંમત ઘટાડી વધુ ઉત્પાદન કે વેચાણ કરશે નહીં.*

(4) *આકૃતિમાં દર્શાવ્યા મુજબ* A *બિંદુના ઉપરના ભાગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા એક કરતાં વધે છે.* (ed > 1) *આ સંજોગોમાં કિંમત ઘટતાં કુલ આવક વધે છે. જે* O *થી* C *સુધીનો ભાગ દર્શાવે છે.*

(5) A *બિંદુ પાસે માંગની મૂલ્ય સાપેક્ષતા એક છે.* (ed = 1) A *એ* AR *રેખાનું મધ્ય બિંદુ છે. આ સમયે કુલ આવક મહત્તમ છે તથા સીમાંત આવક શૂન્ય છે.*

(6) A *બિંદુથી નીચેના ભાગમાં માંગની મૂલ્ય સાપેક્ષતા એક કરતાં ઓછી છે.* (ed < 1). *આ સંજોગોમાં કિંમત ઘટતાં કુલ આવક ઘટે છે. તથા સીમાંત આવક ઋણ થાય છે કે જે* C *થી* K *સુધીનો ભાગ દર્શાવે છે.*

સરેરાશ આવક (AR = P), *સીમાંત આવક અને માંગની મૂલ્ય સાપેક્ષતા વચ્ચેનો સંબંધ નીચે મુજબ છે.*

$$MR = P\left(1\frac{1}{ed}\right)$$

$$MR = AR\left(1\frac{1}{ed}\right) \qquad (AR = P)$$

જ્યાં, MR = *સીમાંત આવક*

AR = *સરેરાશ આવક* = *કિંમત* = P

ed = *માંગની મૂલ્ય સાપેક્ષતા*

MR, AR *અને* ed *વચ્ચેનો આ સંબંધ ગાણિતક પદ્ધતિ દ્વારા સાબિત કરવામાં આવે છે.*

6.5 ઇજારામાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા :

ઇજારદાર પેઢીનો ઉદ્દેશ મહત્તમ નફો અથવા લઘુતમ ખોટનો હોય છે. જ્યારે નીચેની શરતોનું પાલન થાય ત્યારે તે સમતુલામાં આવે છે તેમ કહેવાય.

1. જ્યારે સીમાંત આવક અને સીમાંત ખર્ચ સમાન થાય.
2. સીમાંત ખર્ચ વધતું હોય.

(1) ઉત્પાન ખર્ચ શૂન્ય હોય ત્યારે પેઢીની સમતુલા.



ઉત્પાદન પ્રમાણ

જો ઉત્પાદન ખર્ચ શૂન્ય હોય ત્યારે પેઢી જે પણ મેળવે છે તે તમામ અસામાન્ય નફો હોય છે. આકૃતિમાં OX ધરી પર ઉત્પાદન પ્રમાણ અને OY ધરી પર આવક અને ખર્ચ દર્શાવવામાં આવ્યાં છે. આકૃતિમાં સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ શૂન્ય છે. Q બિંદુએ સી.આ.= સી.ખ. થતાં પેઢી O જેટલું ઉત્પાદન કરે છે. અને OP જેટલી કિંમત નક્કી કરે છે. ત્યારે OPMQ જેટલો કુલ અસામાન્ય નફો પ્રાપ્ત થાય છે.

(3) જો ઉત્પાન ખર્ચ વધતુ હોય તો...



ઉત્પાદન પ્રમાણ

આકૃતિ Q *બિંદુએ* MR = MC *થતાં પેઢી* OM *ઉત્પાદન કરે છે.* OM *ઉત્પાદને પેઢીની કુલ આવક* OBCM *છે જ્યારે કુલ ખર્ચ* OADM *છે. અહીં કુલ ખર્ચ કરતાં કુલ આવક વધુ હોવાથી પેઢી અસામાન્ય નફો પ્રાપ્ત કરે છે.*

અસામાન્ય નફો = TR – TC
= OBCM – OADM
= □ ABCD

સરેરાશ નફો = AR – AC
= OB – OA = AB

અથવા

CM – DM = CD *થાય*

(3) ઉત્પાન ખર્ચ ઘટતું હોય તો ...



આકૃતિ Q *બિંદુએ* MR = MC *થતાં પેઢી* OM *ઉત્પાદન એ છે.* OM *ઉત્પાદને પેઢીની કુલ આવક* OBCM *છે જ્યારે કુલ ખર્ચ* OADM *છે. અહીં કુલ ખર્ચ કરતાં કુલ આવક વધુ હોવાથી પેઢી અસામાન્ય નફો પ્રાપ્ત કરે છે.*

અસામાન્ય નફો = TR – TC
= OBCM – OADM
= □ ABCD

સરેરાશ નફો = AR – AC
= OB – OA = AB

અથવા

CM – DM = CD *થાય*



આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે પેઢી સ્થિર ખર્ચના નિયમ હેઠળ કામ કરે છે. આથી સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ બંને સરખા થશે. પરિણામે સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચની રેખા આકૃતિમાં બતાવ્યા પ્રમાણે પાયાને સમાંતર રહેશે.

OM *ઉત્પાદને સીમાંત આવક અને સીમાંત ખર્ચ સરખા થાય છે.* OS *એકમદીઠ કિંમત છે.* QM *સરેરાશ ખર્ચ અને* MR *સરેરાશ આવક છે. તેથી તે બંને વચ્ચેનો તફાવત* PQRS *ઈજારદારને મળતો કુલ નફો છે.*

6.6 ઈજારાયુકત હરિફાઈનો અર્થ અને તેના લક્ષણોઃ

ઈજારાયુકત હરીફાઈનો ખ્યાલ સૌ પ્રથમ 1933 માં શ્રીમતી જોન રોબીન્સને તેમના પુસ્તક 'Economics of Imperfect Competition' અને એડવર્ડ એચ. ચેમ્બલિને તેમના પુસ્તક 'The Theory of Monopolistic Competition' આપ્યો. ઈજારાયુકત હરીફાઈનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે.

(1) અનેક પેઢી:-

ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પાદક પેઢીઓ મોટી સંખ્યામાં હોય છે. અહીં ઉત્પાદક પેઢીઓ જે વસ્તુ ઉત્પન્ન કરે છે તે વસ્તુઓ એકબીજાની નજીકની અવેજી વસ્તુઓ છે. કોઈપણ ઉત્પાદક પેઢી એટલી બધી મોટી નથી કે તે બજારના એકંદર ભાવ ઉપર અસર કરી શકે. એટલે કે વસ્તુના ભાવ ઉપર કોઈપણ ઉત્પાદક પેઢી નિયંત્રણ ધરાવતી નથી. તેનો અર્થ એ થાય કે કોઈ એક પેઢી પોતાના ઉત્પાદન અને ભાવો અંગે જે નિર્ણય લે છે તેની અસર બીજી પેઢીઓ ઉપર પડે જ છે.અહીં દરેક પેઢી ઈજારો તો ભોગવે જ છે પરંતુ બીજી પેઢીઓ સાથે તે તીવ્ર સ્પર્ધામાં છે. અહીં ઈજારામાં એક જ પેઢી હોય છે તેના કરતાં વધારે પેઢીઓ હોય છે અને પૂર્ણ હરીફાઈમાં હોય છે તેના કરતાં ઓછી પેઢીઓ હોય છે.

(2) વસ્તુ વિકલન (Product Differentiation):

ઈજારામાં એક જ પેઢી હોય છે. તેથી તેના દ્વારા ઉત્પન્ન થતી વસ્તુની અવેજી વસ્તુ બજારમાં હોતી નથી. જયારે પૂર્ણ હરીફાઈમાં ઉત્પન્ન થતી વસ્તુઓ સમરૂપ હોય છે. ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પન્ન થતી વસ્તુઓ સમરૂપ નથી પરંતુ એકબીજાની નજીકની અવેજી વસ્તુઓ છે. અહીં વસ્તુઓ વિવિધ પ્રકારની **(Hetrogeneous)** હોય છે. જેટલી વસ્તુઓ એકબીજાથી જુદી હોય તેટલું ઈજારાનું તત્ત્વ વધુ હોય છે. વળી, દરેક પેઢી પોતાના ઈજારાનું તત્ત્વ ચાલુ રાખવા પ્રયત્નશીલ રહે છે. જો વસ્તુ એકબીજાની ખૂબ જ નજીકની અવેજી હોય તો સ્પર્ધા વધારે અને જો નજીકની અવેજીની વસ્તુઓ ન હોય તો સ્પર્ધા ઓછી. આમ, ઈજારાયુકત હરીફાઈમાં વેચાતી વસ્તુઓ ભિન્ન ભિન્ન હોય છે. પરંતુ એકબીજાની નજીકની અવેજી વસ્તુઓ હોય છે. તેને વસ્તુ વિકલન કહે છે. એટલે કે દરેક પેઢીની વસ્તુ રૂપ, રંગ, આકાર, કદ, ગુણવત્તા, પેકિંગ વગેરેની દૃષ્ટિએ જુદી જુદી હોય છે.

આ વસ્તુઓ તેમની ડિઝાઈન, નામ, ડિલિવરીની પદ્ધતિ વગેરે જેવી બાબતોમાં પણ બીજી વસ્તુઓ કરતાં જુદી પડે છે. આથી પોતાની વસ્તુના ભાવ ઉત્પાદક પોતે જ નક્કી કરે છે. જયારે ગ્રાહક કોઈક ચોક્કસ પેઢીની જ વસ્તુ ખરીદવાનો વિચાર કરે છે ત્યારે ગ્રાહક પેઢીની પસંદગી કરતો હોય છે. અહીં ગ્રાહકનાં આત્મલક્ષી વલણો ખૂબ જ મહત્વનાં બને છે. જો ગ્રાહકની અભિરુચિ કોઈ એક પેઢીની પેદાશ અંગે વધુ કેળવાય તો તેની માંગ મૂલ્ય અનપેક્ષ બને છે. એટલે કે તેની કિંમત વધવા છતાં પણ માંગમાં ઓછો ઘટાડો થશે. ઘણી વખત એવું બને છે કે બે વસ્તુઓ સરખી જ હોય પરંતુ બીજી વસ્તુ કરતાં ચઢિયાતી ગણે તો તે પેઢીની વસ્તુની કિંમત વધુ હોવા છતાં પણ તે ખરીદશે. અહીં વસ્તુના ભૌતિક ગુણધર્મો કરતાં ગ્રાહકના માનસિક કે કાલ્પનિક કે આત્મલક્ષી વલણો મહત્ત્વનાં બને છે.

વસ્તુ વિકલનનાં અનેક ઉદાહરણો આપી શકાય:

(1) સાબુ બનાવનારી દરેક કંપનીનો સાબુ બીજી કંપનીના સાબુ કરતાં જુદો હોય છે. રંગ, સુગંધ, ગુણવત્તા વગેરે બાબતોમાં તે અલગ અલગ હોય છે. એટલું જ નહિ, દરેક સાબુની જાહેર ખબર જુદી જુદી હોય છે અને તેમાં જુદા જુદા અભિનેતા કે અભિનેત્રીઓ કે મૉડેલ દેખા દે છે.

(2) પંખા બનાવનારી દરેક કંપનીનો પંખો તેના દેખાવ, રંગ, ડિઝાઈન અને ગુણવત્તાની બાબતમાં અલગ હોય છે.

આ બંને કિસ્સામાં સાબુ કે પંખા બનાવનારી કંપનીઓ તેમના પોતાના સાબુ કે પંખાની બાબતમાં ઈજારો ધરાવે છે પણ તેમણે બીજી સાબુ કે પંખા બનાવનારી કંપનીઓ સાથે હરીફાઈ તો કરવી જ પડે છે. આ હરીફાઈ ભાવ, ગુણવત્તા વગેરેની બાબતમાં હોય છે.

(૩) વસ્તુની કિંમત ઉપર આંશિક નિયંત્રણઃ

ઈજારાયુક્ત હરીફાઈમાં ઉત્પન્ન થતી વસ્તુઓ એકબીજાની નજીકની અવેજી વસ્તુઓ હોય છે. જો કોઈ ઉત્પાદક પેઢી વસ્તુના ભાવ ઘટાડે તો ગ્રાહકો તે પેઢીની વસ્તુ વધુ ખરીદશે. કારણ કે તેની નજીકની અવેજી વસ્તુ કરતાં તો ભાવ ઓછા છે. એ જ પ્રમાણે જો ઉત્પાદક પેઢી ભાવ વધારે તો ગ્રાહકો તે પેઢીની વસ્તુ ઓછી ખરીદશે. કારણ કે તેની નજીકની અવેજી વસ્તુ કરતાં તેના ભાવ વધારે છે. ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢી કિમત સ્વીકારનાર **(Price Taker)** નથી પરંતુ પોતાની વસ્તુની કિંમત ઉપર આંશિક નિયંત્રણ ધરાવે છે, સંપૂર્ણ નિયંત્રણ નહિ.

દા.ત. સફેદ રંગનો પંખો બનાવનારી કંપની તેમાં ઈજારો ધરાવે છે અને તે તેનો ભાવ ₹.**1,500** રાખે છે. કોફી રંગનો પંખો બનાવનારી કંપની તેમાં ઈજારો ધરાવે છે અને તે તેનો ભાવ ₹.**1,700** રાખે છે. બંને પોતપોતાના ઉત્પાદનમાં ઈજારો ધરાવે છે પણ બંને વચ્ચે હરીફાઈ પણ છે. એટલે કોફી રંગના પંખાના ઉત્પાદક તેના પંખાનો ભાવ ₹. **2,500** રાખી શકે નહિ. જો તે એમ કરે તો જે ગ્રાહકોને કોફી રંગનો પંખો ગમે છે તેઓ પણ માત્ર રંગને કારણે ₹.**1,000** ની વધુ કિંમત આપવા તૈયાર થાય નહિ. એટલે તેણે ₹.**1,700** માં જ કોફી રંગનો પંખો વેચવો પડે. આમ, ઈજારાયુક્ત હરીફાઈમાં પેઢી ભાવ ઉપર સંપૂર્ણ અંકુશ ધરાવતી નથી, પણ આંશિક અંકુશ ધરાવે છે.

(4) મુકત પ્રવેશ અને વિદાયઃ

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં વસ્તુઓ સમરૂપી છે આથી ઉદ્યોગ શબ્દ વાપરવામાં આવે છે. પ્રો.ચેમ્બરલિન અહીં 'ઉદ્યોગ' **(Industry)** ને બદલે 'જૂથ' **(Group)** શબ્દ વાપરે છે. આવા જૂથમાં પેઢીઓની સંખ્યા બદલાતી રહે છે. તેની અસર પેઢીના નફા ઉપર પડે છે. જયારે પેઢી ટૂંકા ગાળામાં અસામાન્ય નફો કમાય છે ત્યારે નવી પેઢીઓ જૂથમાં પ્રવેશે છે, કે જેથી ઉત્પાદનમાં વધારો થાય છે. આમ, લાંબે ગાળે વસ્તુના ભાવ ઘટે છે. અહીં અન્ય પેઢીઓનો નફો વસ્તુ વિકલનને લીધે જળવાઈ રહે છે. ઈજારાયુકત હરીફાઈમાં પેઢીઓની આવ-જા ચાલુ જ રહે છે. કોઈ વસ્તુ કે સેવા ઉત્પાદનમાં તેમના પ્રવેશ ઉપર કોઈ અંકુશ હોતો નથી. જે પેઢીને દાખલ થવું છે તે દાખલ થઈ શકે છે અને જેને જવું હોય તે જઈ પણ શકે છે. પેઢીઓ પોતાનો નફો વધારવા કે વેચાણ વધારવા માટે ત્રણ રીતો અપનાવે છે.

(1) વેચાણ ખર્ચ કરે છે.

(2) ઉત્પાદન થતી વસ્તુની ગુણવત્તા બદલે છે.

(3) કિંમતમાં ફેરફાર કરે છે.

પ્રો. ચેમ્બરલિન એમ જણાવે છે કે પેઢી ભાવ અને ઉત્પાદનમાં ફેરફાર કરીને પોતાનું વેચાણ અને તેના દ્વારા નફો વધારવાની મર્યાદિત શક્તિ ધરાવે છે.

(5) વેચાણ ખર્ચ:

વસ્તુનું વેચાણ વધારવા કે પછી વેચાણ કરવા માટે કરવામાં આવતું ખર્ચ એ વેચાણ છે. વેચાણ ખર્ચ એ ઈજારાયુક્ત હરીફાઈનું એક મહત્ત્વનું લક્ષણ છે. ઉત્પાદક પેઢી ગ્રાહકને પોતાની વસ્તુ તરફ આકર્ષવા માટે આ ખર્ચ કરે છે. વેચાણ ખર્ચ કરવાનો મુખ્ય હેતુ ગ્રાહકની પસંદગી ઉપર અસર પાડવાનો હોય છે. વેચાણ ખર્ચ એ વસ્તુની માંગ અને ઉત્પાદન ખર્ચ બંને ઉપર અસર પાડે છે. એટલે કે વેચાણ ખર્ચ દ્વારા ઉત્પાદક પેઢી પોતાની વસ્તુ માટેની માંગ ઊભી કરે છે. વેચાણ ખર્ચ અનેક સ્વરૂપે થાય છે. જેમ કે રેડિયો, ટીવી,છાપા, પોસ્ટરો વગેરે ઉપર જાહેર ખબરો આપીને વેચાણ ખર્ચ કરવામાં આવે છે.

ઉત્પાદક પેઢી જેમ પોતાનો નફો મહત્તમ કરવા માટે વસ્તુની કિંમત અને ઉત્પાદન નક્કી કરે છે તેમ વસ્તુનું વેચાણ ખર્ચ પણ નક્કી કરે છે. ઉત્પાદન ખર્ચ એ વસ્તુ કે સેવા ઉત્પન્ન કરવાનું ખર્ચ છે, જયારે વેચાણ ખર્ચ એ વસ્તુની માંગ ઉત્પન્ન કરવાનું ખર્ચ છે. ઉત્પાદન ખર્ચ માંગ રેખા ઉપર સીધી અસર કરતું નથી જયારે વેચાણ ખર્ચ માંગ રેખા પર સીધી અસર કરે છે. વેચાણ ખર્ચની અસરથી ઘણી વાર ગ્રાહકો એક વસ્તુની માંગ ઘટાડી બીજી વસ્તુની માંગ કરવા પણ પ્રેરાય છે અથવા નવી જ માંગ ઊભી કરવા પ્રેરાય છે. ઉત્પાદન ખર્ચથી વસ્તુ કે સેવા ઉત્પન્ન થાય છે અને એ રીતે તે તુષ્ટિગુણનું સર્જન કરે છે જયારે વેચાણ ખર્ચ માંગનું સર્જન કરે છે. ઘણી વખત ઉત્પાદન ખર્ચ અને વેચાણ ખર્ચમાં તફાવત કરવો અઘરો થઈ પડે છે. ખાસ કરીને પેકિંગ તુષ્ટિગુણ અને માંગ બન્ને સર્જે છે. પ્રો. ચેમ્બરિન એમ જણાવે છે કે, " પેકિંગ સિવાય પણ વસ્તુની માંગ હતી જ, આકર્ષક પેકિંગથી માંગ વધે છે." આમ જે ખર્ચ દ્વારા માંગને અનુરૂપ વસ્તુ બનાવાય તે ઉત્પાદન ખર્ચ છે. જે ખર્ચ દ્વારા માંગને વસ્તુને અનુરૂપ બનાવાય તે વેચાણ ખર્ચ છે. સ્પષ્ટ છે કે ઉત્પાદન ખર્ચની અસર વસ્તુના પુરવઠા પર પડે છે અને વેચાણ ખર્ચની અસર વસ્તુની માંગ ઉપર પડે છે.

6.7 ઇજારાયુક્ત હરીફાઇમાં ટૂંકાગાળામાં પેઢીની સમતુલા :

ઇજારાયુક્ત હરીફાઇમાં પેઢીનો ઉદ્દેશ મહત્તમ નફો અથવા લઘુતમ ખોતનો હોય છે. જ્યારે નીચેની શરતોનું પાલન થાય ત્યારે તે સમતુલામાં આવે છે તેમ કહેવાય.

3. જ્યારે સીમાંત આવક અને સીમાંત ખર્ચ સમાન થાય.
4. સીમાંત ખર્ચ વધતું હોય.

અસમાન્ય નફો:

જ્યારે ટૂંકા ગાળામાં પેઢીની કુલ આવક તેના કુલ ખર્ચ કરતાં વધુ હોય ત્યારે તે અસમાન્ય નફો કમાય છે તેમ કહેવાય. આકૃતિ 6.5માં તે દર્શાવ્યું છે.

આકૃતિ 6.5: ઈજારાયુક્ત હરીફાઈમાં અસમાન્ય નફો



આકૃતિમાં X-અક્ષ ઉપર વસ્તુનો જથ્થો અને Y-અક્ષ ઉપર આવક અને કિંમત દર્શાવ્યા છે.

1. AR અને MR અનુક્રમે પેઢીની સરેરાશ અને સીમાંત આવક દર્શાવે છે જ્યારે AC અને MC એ સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ દર્શાવે છે.
2. E એ સમતુલાનું બિંદુ છે કારણ કે સીમાંત ખર્ચ અને સીમાંત આવક સમાન થાય છે અને સીમાંત ખર્ચ વધતું છે. આ બિંદુ એ પેઢી OQ જેટલું ઉત્પાદન કરે છે અને વસ્તુની કિંમત OP છે.
3. પેઢીની કુલ આવક (TR) = કિંમત X વસ્તુના એકમો = OP X OQ = OPKQ થાય.
4. પેઢીનું કુલ ખર્ચ (TC) = સરેરાશ ખર્ચ X વસ્તુના એકમો = OC X OQ = OCJQ થાય.
5. અહીં પેઢીનું સરેરાશ ખર્ચ તેની સરેરાશ આવક કરતાં ઓછું છે અને આથી પેઢી ટૂંકા ગાળામાં અસમાન્ય નફો કમાય છે તેમ કહેવાય.

6. પેઢી નફો (π) = કુલ આવક – કુલ ખર્ચ = OPKQ – OCJQ = PCJK

ખોટ:

ટૂંકા ગાળામાં પેઢીનું કુલ ખર્ચ જ્યારે તેની કુલ આવક કર્તા વધુ હોય ત્યારે તેને ખોટ જાય છે. આકૃતિ 6.6માં તે દર્શાવ્યું છે.

આકૃતિ 6.6: ઈજારાયુક્ત હરીફાઈમાં ખોટ



આકૃતિમાં X-અક્ષ ઉપર વસ્તુનો જથ્થો અને Y-અક્ષ ઉપર આવક અને કિંમત દર્શાવ્યા છે.

1. AR અને MR અનુક્રમે પેઢીની સરેરાશ અને સીમાંત આવક દર્શાવે છે જ્યારે AC અને MC એ સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ દર્શાવે છે.
2. E એ સમતુલાનું બિંદુ છે કારણ કે સીમાંત ખર્ચ અને સીમાંત આવક સમાન થાય છે અને સીમાંત ખર્ચ વધતું છે. આ બિંદુ એ પેઢી OQ જેટલું ઉત્પાદન કરે છે અને વસ્તુની કિંમત OP છે.
3. પેઢીની કુલ આવક (TR) = કિંમત X વસ્તુના એકમો = OP X OQ = OPHQ થાય.
4. પેઢીનું કુલ ખર્ચ (TC) = સરેરાશ ખર્ચ X વસ્તુના એકમો = OF X OQ = OFJQ થાય.

5. અહીં પેઢીનું સરેરાશ ખર્ચ તેની સરેરાશ આવક કરતાં છે અને આથી પેઢી ટૂંકા ગાળામાં ખોટ જાય છે તેમ કહેવાય.
6. ખોટ કુલ ખર્ચ - કુલ આવક = OFJQ - OPHQ – FPHJ
7. અહીં પ્રશ્ન એ ઊભો થાય કે જો પેઢી ખોટ ખાય છે તો શું તે ઉત્પાદન ચાલુ રાખે કે બંધ કરે? જો કિંમત પેઢીના સરેરાશ અસ્થિર ખર્ચ કરતાં વધુ હોય તો પેઢી ઉત્પાદન ચાલુ રાખે અને જો કિંમત તેના સરેરાશ અસ્થિર ખર્ચ કરતાં ઓછી હોય તો પેઢી ઉત્પાદન બંધ કરે.



ઉત્પાદન પ્રમાણ

ઉપરોક્ત આકૃતિમાં OX *ધરી પર ઉત્પાદન પ્રમાણ અને* OY *ધરી પર ખર્ચ આવક અને કિંમત દર્શાવવામાં આવેલ આકૃતિમાં* Q *બિંદુને સીમાન્ત આવક = સીમાંત ખર્ચ થાય છે. આવી પેઢી* OM *એકમો ઉત્પાદન કરશે. અહીં પેઢી વસ્તુના* M *એકમોનું વેચાણ* RM *ભાવે કરે છે. અહીં પેઢીનું સરેરાશ ખર્ચ અને સરેરાશ આવક પર* RM *જેટલા છે એટલે કે અહીં પેઢીને સામાન્ય નફો પ્રાપ્ત થાય છે અને પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે.*

આકૃતિ 6.7: વેચાણ ખર્ચની માંગ ઉપર અસર



ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં કોઈ પેઢી જાહેર ખબર આપે તો પેઢીની વસ્તુની માંગ રેખાનું સ્થાન જ બદલાઈ જાય છે. આ બાબત આકૃતિ **6.7** માં સમજાવવામાં આવી છે. વસ્તુની કિંમત સ્થિર રહે અને છતાં માંગમાં વધારો થાય તો તેને માંગના વધારા તરીકે ઓળખવામાં આવે છે. વેચાણ ખર્ચને લીધે આવી પરિસ્થિતિ પણ ઊભી થઈ શકે છે. આકૃતિમાં **OX** ધરી પર **X** વસ્તુના એકમો **QX** અને **OY** ધરી ઉપર **X** વસ્તુનો ભાવ દર્શાવાયા છે. વેચાણ ખર્ચ પહેલાંની માંગ રેખા **CD** છે કે જયાં **G** બિંદુએ માંગ **OI** જેટલી છે.વેચાણ ખર્ચ થવાથી માંગ રેખા જમણી બાજુ ખસે છે અને નવી માંગ રેખા મળે છે. નવી માંગ રેખા **EF** છે કે જેના ઉપર **H** બિંદુએ માંગ **OJ** છે. જૂની માંગ રેખા **CD** ઉપર ભાવ **GI** અથવા **OA** હતો. નવી માંગ રેખા ઉપર ભાવ **HJ** અથવા **OA** જેટલો જ છે અને છતાં માંગ **IJ** જેટલી વધે છે. આમ, વેચાણ ખર્ચની અસર **IJ** જેટલી થાય છે.

6.8 વેચાણ ખર્ચનો ખ્યાલઃ

અગાઉ જોયું તે પ્રમાણે વેચાણ ખર્ચ કે વિજ્ઞાપન ખર્ચ કરીને ઈજારાયુક્ત બજારની પેઢીઓ ગ્રાહકોને પોતાના તરફ આકર્ષવાનો પ્રયત્ન કરે છે. તેઓ ગ્રાહકોને જુદી જુદી રીતે આકર્ષે છે. તેઓ એમ કહે છે કે વસ્તુ નવી છે, આધુનિક ટેક્નોલૉજી દ્વારા ઉત્પન્ન થઈ છે અથવા તેની ગુણવત્તા સારી છે કે પછી વસ્તુના ભાવ ઘટાડવામાં આવ્યા છે. ઘણી પેઢીઓ પોતાની

વસ્તુ સાથે કોઈક વસ્તુની ભેટ આપવાની જાહેરાત પણ કરે છે અથવા બીજી કેટલીક લાલચો પણ આપે છે. આમ, જાહેર ખબરો દ્વારા પેઢીઓ ગ્રાહકોમાં પોતાની વસ્તુ માટે મજબૂત પસંદગીઓ ઊભી કરવાનો પ્રયત્ન કરે છે. જેમકે, કબાટ તો ગોદરેજનું જ, મોબાઈલ ફોન તો નોકિયાનો જ, આઈસક્રિમ તો હેવમોરનો જ ખરીદાય એમ ગ્રાહકોના મનમાં ઠસી જાય છે. એ રીતે ગ્રાહકોના મનમાં ઠસી જાય છે. એ રીતે ગ્રાહકોના દિમાગમાં અમુક કંપનીની જ વસ્તુ વાપરવાનું વલણ ઊભું થાય છે અને ઘણી વાર તો એ આખી જિંદગી ટકે છે. આ રીતે પેઢીઓ પોતાની વસ્તુઓ માટેની માંગ ઉપર અસર કરે છે.

(1) માંગ રેખાના ઉપરનાં ઢાળમાં ફેરફાર



આકૃતિમાં DD *મૂળ માંગરેખા છે.* D,D *વેચાણ ખર્ચ પછીની માંગ રેખા છે. કિંમત* OP *થી વધીને* OP *થાય છે. ત્યારે માંગ* OM *થી ઘટીને* OM, *થાય છે. પરંતુ વસ્તુની ગુણવત્તાવાળી જાણ કરવામાં આવે તો માંગ* OM2 *જેટલી થાય છે. જે પહેલા કરતા ઓછો ઘટાડો બતાવે છે. આમ; વેચાણ ખર્ચને લીધે માંગમાં* M, M2 *જેટલો ઓછો ઘટાડો થાય છે.*

(2) માંગ રેખાના નીચેનાં ઢાળમાં ફેરફાર.



આકૃતિમાં DD *માંગરેખા મુજબ* OP *કિંમતે* OM *જેટલી માંગ થાય છે. કિંમત ઘટીને* OP *થાય છે. ત્યારે માંગ વધીને* OM, *જેટલી થાય છે. પરંતુ વેચાણ ખર્ચને લીધે કિંમત ઘટાડાની જાણ થવાથી* DD, *માંગ રેખા મુજબ માંગ* OM2 *જેટલી થાય છે. આમ; વેચાણ ખર્ચને લીધે માંગમાં* M, M2 *જેટલો વધુ વધારો થાય છે.*

6.9 સારાંશ અને ચાવી રૂપ શબ્દો :

અહીં આપણે જોયું કે પૂર્ણ હરીફાઈમાં સમતુલાની સ્થિતિમાં વસ્તુની કિંમત અને પેઢીનું સીમાંત ખર્ચ સમાન હોય છે અને આથી ગ્રાહકનું મહત્તમ કલ્યાણ થાય છે અને આથી પૂર્ણ હરીફાઈ એક આદર્શ બજાર છે. જ્યારે લાંબાગાળે પેઢી સામાન્ય નફો કમાય છે. જ્યારે પેઢી સમતુલમાં હોય છે ત્યારે AR = MR = MC = P હોય છે.

ચાવી રૂપ શબ્દો:

ઇજારો, ઇજારાયુક્ત હરીફાઈ, વસ્તુ વિકલન, અપૂર્ણ હરીફાઈ, વેચાણ ખર્ચ

6.10 સ્વાધ્યાય :

નીચેના પ્રશ્નોમાં સાચો વિકલ્પ પસંદ કરો:

1. ઇજારામાં પેઢીની માંગ રેખા-
   A. ઋણ ઢાળ ધરાવે

B. ધન ઢાળ ધરાવે

C. X અક્ષને સમાંતર હોય

D. Y અક્ષને સમાંતર હોય

જવાબ: A

2. ઇજારામાં અસામાન્ય નફો એટલે-

A. TR = TC

B. TR > TC

C. TR < TC

D. ઉપરનામાંથી એક પણ નહીં

જવાબ: B

3. ઇજારાયુક્ત હરીફાઈમાં ટૂંકાગાળામાં પેઢી સમતુલામાં આવે ત્યારે-

A. સીમાંત ખર્ચ સ્થિર હોય

B. સીમાંત ખર્ચ વધતું હોય

C. સરેરાશ ખર્ચ વધતું હોય

D. સીમાંત ખર્ચ ઘટતું હોય

જવાબ: D

4. ઇજારામાં ટૂંકા ગાળામાં સમતુલા એ-

A. MR = AR = MC = P

B. P < MR = AR = MC

C. P < MR = AR

D. P > MC

જવાબ: D

5. જ્યારે ઇજારાયુક્ત હરીફાઈમાં પેઢી ટૂંકા ગાળામાં ખોટ ખાય ત્યારે

A. કુલ ખર્ચ કરતાં કુલ આવક વધુ હોય

B. કુલ ખર્ચ કરતાં કુલ આવક ઓછી હોય

C. કુલ ખર્ચ અને કુલ આવક સમાન હોય

D. સરેરાશ ખર્ચ અને સરેરાશ આવક સમાન હોય

જવાબ: B

6. ઇજારાયુક્ત હરીફાઈમાં ટૂંકા ગાળામાં ક્યારે પેઢી બજાર છોડી દેશે?

A. P < AVC

B. P = AVC

C. P < TC

D. P > TC

જવાબ: A

7. નીચેનમાંથી કયું ઇજારાયુક્ત હરીફાઈનું લક્ષણ છે?

A. MR = AR

B. વેચાણ ખર્ચ

C. સમાનગુણી વસ્તુઓ

D. માંગ રેખા X-અક્ષને સમાંતર

જવાબ: B

8. વેચાણ ખર્ચનો ઉદ્દેશ-

A. માંગ વધારવાનો

B. ઉત્પાદન વધારવાનો

C. માંગ ઘટાડવાનો

D. એક પણ નહીં

જવાબ: A

- **નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે જણાવો :**

1. ઇજારાયુક્ત હરીફાઈમાં અનેક ઉત્પાદકો હોય છે. ✓
2. ઇજારાયુક્ત **હરીફાઈમાં** વસ્તુઓની ગુણવત્તા જુદી જુદી હોય છે. ✓
3. વેચાણ ખર્ચ એ ઇજારાનું લક્ષણ છે. X
4. વસ્તુ વિકલન એ ઇજારાયુક્ત હરીફાઈનું લક્ષણ છે. ✓
5. ઇજારામાં અવેજી વસ્તુનો અભાવ છે. ✓

- **નીચેના પ્રશ્નોમાં એક-બે વાક્યોમાં જવાબ લખો :**

1. ઇજારો એટલે શું?
2. વેચાણ ખર્ચ એટલે શું?
3. વસ્તુ વિકલનનો અર્થ જણાવો.
4. ઇજારાયુક્ત **હરીફાઈનું** કોઈ પણ એક લક્ષણ સમજાવો.
5. અપૂર્ણ હરીફાઈ એટલે શું?
6. ઇજારમાં કિંમત કોણ નક્કી કરે છે?

- **નીચેના પ્રશ્નોનોના ટૂંકમાં જવાબ આપો :**

1. ઇજારાના લક્ષણો ચર્ચો.
2. ઇજારમાં આવકના ખ્યાલો સમજાવો.
3. ઇજારાયુક્ત હરીફાઈમાં ખોટની પરિસ્થિતિ જણાવો.
4. ટૂંકા ગાળામા ઇજારામાં પેઢીની અસમાન્ય નફાની સ્થિતિ સમજાવો.
5. વેચાણખર્ચ **વિશે** ચર્ચા કરો.

- **નીચેના પ્રશ્નોનોના ટૂંકમાં જવાબ આપો :**

1. ઇજારમાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા ચર્ચો.
2. ઇજારાયુક્ત હરીફાઈના લક્ષણો સમજાવી વેચાણખર્ચ **વિશે** ચર્ચા કરો.
3. ઇજારા અને ઇજારાયુક્ત હરીફાઈમાં આવકના ખ્યાલો સમજાવો.
4. ઇજારાયુક્ત હરીફાઈમાં ટૂંકા ગાળામાં પેઢીની સમતુલા આકૃતિ સહિત સમજાવો.

એકમ 7 : બજારના પ્રકારો અને કિંમત નિર્ધારણ-III

: રૂપરેખા :

7.1 *ઉદ્દેશો*

7.2 *પ્રસ્તાવના*

7.3 *અલ્પહસ્તક ઈજારાનાં લક્ષણો*

7.4 *ખાંચાવાળી માંગરેખા*

7.5 *સારાંશ અને ચાવી રૂપ શબ્દો*

7.6 *સ્વાધ્યાય*

7.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતો સમજી શકાશે:

1. *અલ્પહસ્તક ઈજારાના લક્ષણો*
2. *કિંમત જડતા*
3. *ખાંચાવાળી માંગરેખા*
4. *ખાંચાવાળી માંગરેખા અને પેઢીની સમતુલા*

7.2 પ્રસ્તાવના :

એકમ 5 અને 6માં આપણે પૂર્ણ હરીફાઈ, ઈજારો અને ઈજારાયુક્ત હરીફાઈ વિશે માહિતી મેળવી. પૂર્ણ હરીફાઈમાં અસંખ્ય ઉત્પાદકો છે, ઈજારામાં એક જ ઉત્પાદક હોય છે જ્યારે ઈજારાયુક્ત હરીફાઈમાં અનેક ઉત્પાદક પેઢીઓ હોય છે. અપૂર્ણ હરીફાઈમાં ઘણા પ્રકારો પડે છે જેમાનો એક પ્રકાર છે અલ્પહસ્તક ઈજારો. અલ્પહસ્તક ઈજારમાં ખૂબ જ થોડી જ પેઢીઓ વસ્તુનું ઉત્પાદન કરે છે. તદુપરાંત આ પેઢીઓ બજારમાં કુલ પુરવઠા ઉપર પ્રભુત્વ ધરાવે છે અને આથી તેઓ કિંમત નક્કી કરનાર પેઢીઓ છે.

7.3 અલ્પહસ્તક ઈજારાના લક્ષણો :

અલ્પહસ્તક ઈજારાના લક્ષણો નીચે મુજબ છેઃ

1. પરસ્પરાવલંબનઃ

અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા ઓછી હોય છે, તેથી દરેક પેઢી કુલ પુરવઠા ઉપર અમુક પ્રમાણમાં અંકુશ ધરાવે છે. બીજી પેઢી પુરવઠા વિશે કે ભાવ વિશે કયો નિર્ણય લે છે તેને વિશે પેઢીએ સતત જાગૃત રહેવું પડે છે. તેનું કારણ એ છે કે A *પઢી તેની વસ્તુના ભાવ વધારે કે ઘટાડે તો તેની અસર* B, C, D, E *વગેરે પેઢીઓ પર પડે જ છે. એટલે એ પેઢીઓ પણ ભાવ વધારે કે ઘટાડે એવું બને છે. એ જ રીતે વસ્તુની ગુણવત્તા, પેકિંગ તેને માટેનું જાહેરખબર ખર્ચ વગેરે અંગે એક પેઢી દ્વારા લેવામાં આવતા નિર્ણયોની અસર બીજી પેઢીઓ પર પડે છે. આ પરિસ્થિતિને પારસ્પરાવલંબન કહેવામાં આવે છે.*

2. અનિશ્ચિતતાની સ્થિતિઃ

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં કે ઈજારામાં કે ઈજારયુંક્ત હરીફાઈવાળા બજારમાં પેઢી સમતુલા પ્રાપ્ત કરે છે. એટલે કે જ્યાં તેનાં સીમાન્ત આવક અને સીમાન્ત ખર્ચ સરખાં થાય છે ત્યાં પેઢી સમતુલામાં આવે છે. પરંતુ અલ્ફાસ્તક ઈજારામાં પેઢી સમતુલા હંમેશા પ્રાપ્ત કરે છે એવું હોતું નથી. એમાં તો સતત અનિશ્ચિતતા અને અસ્થિરતાની પરિસ્થિતિ હોય છે. પેઢીએ સતત બીજી પેઢીઓ કેવું વર્તન કરે છે એટલે કે તેઓ કેટલો પુરવઠો બજારમાં મુકે છે, કેટલો ભાવ રાખે છે, કઈ ગુણવત્તાવાળી વસ્તુ પેદા કરે છે, કેટલું વેચાણ ખર્ચ કરે છે તેની માહિતી મેળવીને ફેરફારો કરવા પડે છે. એટલે હંમેશા મહત્તમ નફાને ધ્યાનમાં રાખીને જ નિર્ણયો લેવાય એવું જરૂરી નથી. વળી, ઉત્પાદન અને કિમત અંગેના નિર્ણયો વારંવાર બદલવા પડે છે.

3. સામૂહિક વર્તનઃ

અલ્પહસ્તક ઈજારામાં કોઈ એક પેઢીનો અભ્યાસ કરવાનું મુશ્કેલ છે. તેમાં જેટલી પેઢીઓ છે તેટલી બધી પેઢીઓના વર્તનનો એકસાથે અભ્યાસ કરવાનો થાય છે.

દા.ત. મોબાઈલ ફોન ઉતપન્ન કરનારી 10 *પેઢીઓ હોય તો એ પેઢીઓના ઉદ્દેશો શું છે, તેમની વચ્ચે ખરેખર કેવો સંબંધો છે, કઈ પેઢીનું નેતૃત્વ બાકીની પેઢીઓ સ્વીકારે છે, બધી પેઢીઓ વચ્ચે જોડાણ થાય છે કે કેમ, તેઓ બધા એકસાથે*

4. ભાવનેતૃત્વ

અલ્પહસ્તક ઈજારામાં ઘણી વાર કોઈ એક પેઢી વસ્તુનો જે ભાવ રાખે તેના અનુસંધાનમાં બીજી પેઢીઓ પોતાની વસ્તુને ભાવ નક્કી કરે એમ પણ બને છે. એલ્તે કે કોઈ એક પેઢી ભાવ નક્કી કરવામાં નેતૃત્ત્વ લે છે. આવું નેતૃત્ત્વ લેનારી પેઢી ભાવનેતા અથવા ભાવનિર્ણાયક પેઢી તરીકે ઓળખવાય છે. ભાવનેતૃત્વ બે પરકારનું હોય છે.

1. *પ્રભાવશાળી પેઢી ભાવ નેતૃત્ત્વ કરે છે. જે પેઢીનું કાળ મોટું હોય એટલે કે વધારે ઉત્પાદન કરતી હોય, ખર્ચ ઓછું હોય અને વેચાણ માટે આક્રમક વલણ અપનાવતી હોય એ પેઢી જો ભાવમાં ફેરફાર કેરે તો બાકીની પેઢીઓ એને અનુસરે છે. નાની પેઢીઓ વસ્તુ કે સેવાના કુલ ઉત્પાદન કે કિંમત ઉપર અસર કરી શકતી નથી.*

2. *કોઈ પેઢી એટલી પ્રભાવશાળી નાં હોય કે જેથી તે અન્ય પેઢીઓને પોતે નક્કી કરેલા ભાવ સ્વીકારવાની ફરજ પાડે. પણ તે બજારની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કિંમત રાખવાનું આડકતરું સુચન બાકીની પેઢીઓને કરે છે. દા.ત. બજારમાં અછત પ્રવર્તતી હોય તો કોઈ પેઢી જયારે કિંમત વધારવાની હિંમત ના કરતી હોય ત્યારે એક પેઢી ભાવ વધારે છે અને પછી બધી પેઢીઓ ભાવ વધારે છે. આમ, બધી જ પેઢીઓ બજારની પરિસ્થિતિને અનુસરે છે.*

5. ભાવચુસ્તતાઃ

અલ્પહસ્તક ઈજારાની સ્થિતિમાં પેઢીઓ જે ચીજો ઉત્પન્ન કરે છે તેમના ભાવ વારંવાર બદલાતા નથી. પેઢીઓ એક વાર ભાવ નક્કી કરે પછી લાંબા ગાળા સુધી એ ભાવને વળગી રહે છે. પેઢીના આ પ્રકારના વર્તનને ભાવચુસ્તતાનું વર્તન કહેવામાં આવે છે. આમ, અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓ શક્ય હોય ત્યાં સુધી ભાવને સ્થિર રાખવાનું વલણ અપનાવે છે.

7.4 ખાંચાવાળી માંગરેખા :

આકૃતિ ૭.૧માં ખાંચાવાળી માંગરેખા દર્શાવી છે.



આકૃતિ ૭.૧: ખાંચાવાળી માંગરેખા :

૧. ARB *એ અલ્પ હસ્તક ઈજારામાં પેઢીની માંગરેખા દર્શાવે છે.*

૨. R *બિંદુએ માંગ રેખામાં ખાંચ જોવા માળે છે. એટલે કે* R *બિંદુની ઉપરની અને નીચેની બાજુએ માંગરેખાનો ઢાળ જુદો જુદો છે અને આથી તેમની મૂલ્ય સાપેક્ષતા પણ જુદી છે તેમ કહેવાય.*

૩. R *બિંદુની ઉપરની કે ડાબી બાજુ એ માંગરેખાનો ઢાળ ઓછો છે એટલે કે માંગ મૂલ્ય સાપેક્ષ બને છે તેમ કહેવાય. જો કોઈ પેઢી વસ્તુની કિંમત વધારે તો અન્ય પેઢીઓ તેને અનુસરતી નથી અને આથી જે પેઢીએ વસ્તુની કિંમત વધારી છે તેની માંગમાં ખોબ મોટો ઘટાડો જોવા મળે છે.*

૪. R *બિંદુની જમણી કે નીચેની બાજુએ માંગરેખાનો ઢાળ વધુ છે અને આથી માંગ મૂલ્ય અનપેક્ષ બને છે તેમ કહેવાય. જો કોઈ પેઢી વસ્તુની કિંમત ઘટાડે તો અનય પેઢીઓ તેને અનુસરે છે અને આથી પેઢી એ વસ્તુની કિંમત ઘટાડી હોવા છતાં તેની માંગમાં થોડોક જ વધારો થાય છે.*

૫. *જો પેઢી વસ્તુની કિંમત વધારે તો માંગ મૂલ્ય સાપેક્ષ બને અને જો પેઢી વસ્તુની કિંમત ઘાટદાએ તો માંગ મૂલ્ય અનપેક્ષ બને છે.*

૬. *આ બાબત દર્શાવે છે કે પેઢી પોતાની વસ્તુની કિંમતમાં ફેફર કરતી નથી અને તેથી કિંમત સેમીના લાંબા ગાળા સુધી સ્થિર રહે છે, જેને કિંમત જડતા અથવા ચુસ્તતા કહેવામા આવે છે.*

7.5 સારાંશ અને ચાવી રૂપ શબ્દો :

અલ્પહસ્તક ઈજારો એ અપૂર્ણ હરીફાઈનો જ એક ભાગ છે. અહીં ખૂબ જ થોડા ઉત્પાદકોએ બજારના પુરવઠા ઉપર પ્રભુત્વ ધરાવે છે અને આથી કિંમત નક્કી કરે છે. અલ્પહસ્તક ઈજારામાં પેઢીની માંગરેખા ખાંચાવાળી હોય છે કારણ કે કિંમત જડતા જોવા મળે છે.

ચાવીરૂપ શબ્દોઃ

અલ્પહસ્તક ઈજારો, કિંમત જડતા, ખાંચાવાળી માંગ રેખા

7.6 સ્વાધ્યાય :

નીચેના પ્રશ્નોમાં સાચો વિકલ્પ પસંદ કરોઃ

1. *અલ્પહસ્તક ઈજારામાં-*

A. *વસ્તુઓ સમાનગુણી*

B. *પૂરક વસ્તુઓ*

C. *તદ્દન જુદી વસ્તુઓ*

D. *નજીકની અવેજી વસ્તુઓ*

જવાબ- D

2. *ખાંચાવાળી માંગ રેખાના ઉપરના ભાગમાં માંગ-*

A. *મૂલ્ય અનપેક્ષ*

B. *મૂલ્ય સાપેક્ષ*

C. *સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ*

D. *સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ*

જવાબ- B

3. *ખાંચાવાળી માંગરેખાના નીચેના ભાગમાં માંગ-*

A. *મૂલ્ય અનપેક્ષ*

B. *મૂલ્ય સાપેક્ષ*

C. *સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ*

D. *સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ*

જવાબ- A

4. *કિંમત જડતા એ શેનું લક્ષણ છે?*

A. *પૂર્ણ હરીફાઈ*

B. *ઈજારો*

C. *અલ્પહસ્તક ઈજારો*

D. *ઈજારાયુક્ત હરીફાઈ*

જવાબ- C

5. *નજીકની અવેજી વસ્તુઓ એ શેનું લક્ષણ છે?*

A. *ઈજારાયુક્ત હરીફાઈ*

B. *અલ્પ હસ્તક ઈજારો*

C. A *અને* B *બંને*

D. *પૂર્ણ હરીફાઈ*

જવાબ- C

6. *કયા બજારમાં પેઢી કિંમત નક્કી કરે છે?*

A. *ઈજારો*

B. *અલ્પહસ્તક ઈજારો*

C. *ઈજારાયુક્ત હરીફાઈ*

D. *ઉપરના તમામ*

જવાબ- D

નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે જણાવોઃ

૧. *અલ્પહસ્તક હરીફાઈમાં અનેક ઉત્પાદકો હોય છે.* ✖

૨. *અલ્પહસ્તક ઈજારામાં વસ્તુઓની ગુણવત્તા જુદી જુદી હોય છે.* ✔

૩. *નજીકની અવેજી વસ્તુઓ એ ઈજારાનું લક્ષણ છે.* ✖

૪. *ખાંચાવાળી માંગરેખા અલ્પ હસ્તક ઈજારમાં જોવા મળે છે.* ✔

૫. *અલ્પહસ્તક ઈજારામાં જો પેઢી કિંમત ઘટાડે તો અન્ય પેઢીઓ તેને અનુસરતી નથી.* ✖

નીચેના પ્રશ્નોમાં એક-બે વકયોમાં જવાબ લખોઃ

૧. *અલ્પહસ્તક ઈજારો એટલે શું?*

૨. *કિંમત જડતા એટ્લે શું?*

૩. *અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓ કેવી વસ્તુનું વેચાણ કરે છે?*

૪. *અલ્પહસ્તક ઈજારાનું કોઈ પણ એક લક્ષણ જણાવો.*

૫. *માંગરેખામાં ખાંચાનું કારણ જણાવો.*

નીચેના પ્રશ્નોનોના ટૂંકમાં જવાબ આપોઃ

૧. *અલ્પહસ્તક ઈજારાના લક્ષણો ચર્ચો.*

૨. *ખાંચાવાળી માંગરેખા સમજાવો.*

૩. અલ્પહસ્તક ઈજારો અને ઈજારા વચ્ચેનો તફાવત સમજાવો.

નીચેના પ્રશ્નોનોના ટૂંકમાં જવાબ આપોઃ

૧. ખાંચાવાળી માંગરેખાની સમજૂતી આકૃતિ સહિત આપો.

૨. અલ્પહસ્તક ઈજારાનો અર્થ સમજાવી તેના લક્ષણો ચર્ચો.

૩. અલ્પહસ્તક ઈજારામાં પેઢીની સમતુલાની ચર્ચા કરો.

એકમ : 8 રાષ્ટ્રીય આવકની વહેંચણી

: રૂપરેખા :

8.1 *રાષ્ટ્રીય આવકની વહેંચણીનો ખ્યાલ*

8.2 *વહેંચણીના અલગ સિદ્ધાંતના કારણો*

8.3 *સીમાંત ઉત્પાદકતાનો અથવા વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત*

8.3.1 *સીમાંત ઉત્પાદકતાનો અર્થ*

8.3.2 *ધારણા*

8.3.3 *મર્યાદા*

8.4 *રાષ્ટ્રીય આવકની વહેંચણી*

8.4.1 *નાણાકીય વેતન અને વાસ્તવિક વેતન*

8.4.2 *વેતન નિર્ધારણના સિદ્ધાંત*

8.4.3 *નફો*

8.4.4 *વ્યાજ*

8.4.5 *ભાડાનો સિદ્ધાંત*

8.4.6 *આવકની અસમાનતા*

8.5 *સ્વાધ્યાય*

8.1 રાષ્ટ્રીય આવકની વહેંચણીનો ખ્યાલ :

પ્રસ્તાવના :

ઉત્પાદનનાં ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજકની મદદથી જે ઉત્પાદન થાય તેને રાષ્ટ્રીય પેદાશ કહે છે અને તેના નાણાકીય મૂલ્યને રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે. રાષ્ટ્રીય આવક ઉત્પાદનનાં આ ચાર સાધનો વચ્ચે અનુક્રમે ભાડું, વ્યાજ, વેતન અને નફાના સ્વરૂપે વહેંચાય છે. આમ; વહેંચણીનો અર્થ 'સાધનદીઠ વહેંચણી' કરવામાં આવે છે. અર્થશાસ્ત્રમાં રાષ્ટ્રીય આવકની વહેંચણીનો અભ્યાસ જુદા જુદા દૃષ્ટિકોણથી કરવામાં આવે છે.

(1) *વ્યક્તિદીઠ વહેંચણી : વ્યક્તિદીઠ વહેંચણીમાં રાષ્ટ્રીય આવક સમાજની જુદી જુદી વ્યક્તિઓ વચ્ચે કેવી રીતે વહેંચાય છે તે દર્શાવે છે. એક વ્યક્તિની આવક બીજી વ્યક્તિની આવક કરતાં વધારે, ઓછી કે એકસરખી શા માટે ? આવકની અસમાનતાનાં કારણો કયા છે વગેરે પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે.*

(2) *સાધનદીઠ વહેંચણી : સાધનદીઠ વહેંચણીમાં જમીન, શ્રમ, મૂડી અને નિયોજન શક્તિની સેવાઓ માટે ચૂકવાતી કિંમત ભાડું, વેતન, વ્યાજ અને નફો કેવી રીતે નક્કી થાય છે તેની સમજૂતી આપવામાં આવે છે.*

આવકની વહેંચણીના આ બંને પ્રકારો પરસ્પર સંકળાયેલા છે, કારણ કે .... વ્યક્તિની આવકનો આધાર છેવટે તો તેની પાસેના સાધનોના જથ્થા અને સાધનોની સેવાઓની કિંમત પર આધારિત છે. દા.ત. કોઈ વ્યક્તિ પાસે બીજી વ્યક્તિ કરતાં વધારે જમીન, મૂડી અને નિયોજનશક્તિ છે તેમજ તે વધુ શ્રમ પણ કરી શકે છે. આવા સંજોગોમાં તે વ્યક્તિને વેતન ઉપરાંત ભાડું, વ્યાજ અને નફારૂપી આવક પણ પ્રાપ્ત થાય છે. તેથી બીજી વ્યક્તિ કરતાં તેની આવકમાં વધારો થાય છે. આમ, આવકની અસમાનતાનું મૂળભૂત કારણ સાધન માલિકીનો તફાવત છે તેથી સાધનદીઠ વહેંચણીનો પ્રશ્ન વ્યક્તિદીઠ વહેંચણીના પ્રશ્ન સાથે સંકળાયેલો છે.

8.2 વહેંચણીના અલગ સિદ્ધાંતનાં કારણો :

1) વસ્તુની માંગ અને સાધનની માંગ વચ્ચે તફાવત :

વસ્તુની માંગ પ્રત્યક્ષ હોય છે એટલે કે જ્યારે કોઈ વ્યક્તિ વસ્તુની માંગ કરે છે ત્યારે તેનો હેતુ વસ્તુના વપરાશમાંથી પોતાની જરૂરિયાત સંતોષી તુષ્ટિગુણ પ્રાપ્ત કરવાનો હોય છે. જ્યારે ઉત્પાદનના સાધનની માંગ પરોક્ષ માંગ છે. સાધન સ્વયં જરૂરિયાતો સંતોષતું નથી પરંતુ તેનામાં માનવ જરૂરિયાતો સંતોષી શકે તેવી વસ્તુ ઉત્પન્ન કરવાની સાધનની શક્તિ છે. આમ; વસ્તુની માંગ અને સાધનની માંગ વચ્ચે તફાવત હોવાથી કિંમત નિર્ધારણમાં માંગ અને પુરવઠાનો નિયમ ઉપયોગી થઈ શકે નહિ.

2) વસ્તુના અને સાધનના પુરવઠા વચ્ચે તફાવત :

વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી તેના પુરવઠામાં તાત્કાલિક ફેરફાર થાય છે. પરંતુ સાધનની કિંમતમાં ફેરફાર થવા છતાં તેના પુરવઠામાં તાત્કાલિક કોઈ ફેરફાર થતો નથી. દા.ત. જમીનની કિંમતમાં કે શ્રમની કિંમતમાં વધારો થાય તો તેનો પુરવઠો વધારી શકાતો નથી.

3) સાધનોનું ઉત્પાદનખર્ચ જાણી શકાતું નથી :

કોઈ એક વસ્તુની કિંમત નક્કી થઈ શકે છે. ઉત્પાદકને તે વસ્તુનું ઉત્પાદન કરવા માટે કેટલું ખર્ચ થયું તેની ગણતરી સહેલાઈથી થઈ શકે છે. તેમજ સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચના આધારે તે વસ્તુનો કેટલો પુરવઠો બજારમાં મૂકવો અને કિંમત કેટલી રાખવી તે નક્કી થઈ શકે છે. પરંતુ ઉત્પાદનના સાધનોની કિંમત નક્કી થઈ શકતી નથી. દા.ત. જમીન કે શ્રમિકની કિંમત નક્કી કરી શકાતી નથી તેથી ઉત્પાદનનાં સાધનોનું ઉત્પાદનખર્ચ જાણી શકાતું ન હોવાથી તેમની કિંમત નક્કી કરી શકાતી નથી.

4) ઉત્પાદનનાં સાધનોની વિશિષ્ટતાઓ :

ઉત્પાદનના દરેક સાધનને કેટલીક વિશિષ્ટતાઓ હોય છે. જે સાધનની કિંમતને અસર કરે છે. જ્યારે વપરાશી વસ્તુઓની ગુણવત્તા સમાન હોઈ શકે છે. પરંતુ ઉત્પાદનના સાધનોમાં સમાનતા જોવા મળતી નથી. દા.ત. શ્રમિક જુદી-જુદી શારીરિક અને માનસિક શક્તિ ધરાવે છે.

8.3 સીમાંત ઉત્પાદકતાનો અથવા વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત :

ઉત્પાદનનાં સાધનોના મૂલ્યનિર્ધારણની પ્રક્રિયાને સમજૂતી આપવાના પ્રયાસને સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત કહે છે.

વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતનો વિકાસ ક્રમશઃ થયો છે. સિદ્ધાંતની સૌપ્રથમ રજૂઆત કરવાનું માન રિકાર્ડો અને વેસ્ટના લખાણોમાં જોવા મળે છે. પરંતુ તેમની રજૂઆત વૈજ્ઞાનિક ન હોવાથી સિદ્ધાંત પ્રચલિત થયો ન હતો. ત્યારબાદ અમેરિકન અર્થશાસ્ત્રી જે. બી.ક્લાર્ક, બ્રિટિશ અર્થશાસ્ત્રી વિકસ્ટીડ અને ફ્રેંચ અર્થશાસ્ત્રી વોલરાસે તેની વૈજ્ઞાનિક ઢબે રજૂઆત કરીને પ્રચલિત બનાવ્યો. આ નિયમ સાધનોના મૂલ્યનિર્ધારણની પ્રક્રિયાની સમજૂતી આપવાનો પ્રયાસ કરે છે તેથી તેને મૂલ્યનિર્ધારણનો સિદ્ધાંત પણ કહે છે.

8.3.1 સીમાંત ઉત્પાદકતાનો અર્થ

કોઈપણ ઉત્પાદનમાં સાધનના એક વધુ એકમને રોજગારી આપવાથી કુલ ઉત્પાદનમાં જે વૃદ્ધિ થાય છે તે વધારાના ઉત્પાદનને તે સાધનોની સીમાંત ભૌતિક ઉત્પાદકતા કહેવામાં આવે છે. આ સીમાંત ભૌતિક ઉત્પાદકતાને બજારમાં ચાલુ કિંમતે વેચાણ કરવાથી જે આવક પ્રાપ્ત થાય છે તે સાધનની સીમાંત આવક ઉત્પાદકતા છે.

પ્રો.જે.બી. ક્લાર્કના મત મુજબ "વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંત અનુસાર ઉત્પાદનના પ્રત્યેક સાધનને તેની સીમાંત ઉત્પાદકતા મુજબ વળતર મળે છે.

8.3.2 સિદ્ધાંતની ધારણાઓ

1) *વસ્તુ બજાર અને સાધન બજારમાં પૂર્ણ હરીફાઈ પ્રવર્તમાન છે. એટલે કે શ્રમ, મૂડી, ભૂમિ અને નિયોજકરૂપી સાધન બજારમાં અનેક વિક્રેતાઓ અને અનેક ખરીદનારા અસ્તિત્વ ધરાવે છે.*
2) *ભૂમિ, શ્રમ, મૂડી અને નિયોજક-ઉત્પાદનનાં તમામ સાધનો સંપૂર્ણ ગતિશીલ છે. એટલે કે એક ઉપયોગમાંથી બીજા ઉપયોગમાં સહેલાઈથી ખસેડી શકાય છે.*

3) *સ્થિર સમાજની ધારણા કરાઈ છે તે મુજબ જે વસ્તુના ઉત્પાદન માટે ઉત્પાદનના સાધનોની માંગ કરે છે તે વસ્તુ માટે ગ્રાહકોની રુચિ અને પસંદગી સ્થિર ધારી લેવામાં આવે છે.*

4) *સાધન બજારમાં પૂર્ણ હરીફાઈ પ્રવર્તમાન છે. તેથી ઉત્પાદનના બધા સાધનો સમાનગુણી છે.*

5) *ઉત્પાદનનાં સાધનો વિભાજ્ય છે. એટલે ઉત્પાદનનું પ્રત્યેક સાધન નાનામાં નાના એકમોમાં પ્રાપ્ત કરી શકાય છે.*

6) *અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન છે એટલે કે ઉત્પાદનના પ્રત્યેક સાધનને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વળતર મળતું હોવાથી પ્રત્યેક સાધન રોજગારીમાં છે.*

7) *સાધન સંયોજન ફેરફારક્ષમ છે પરંતુ ઉત્પાદન પદ્ધતિ સ્થિર છે, તે બદલાતી નથી.*

8) *સીમાંત ઉત્પાદકતા માપી શકાય છે.*

9) *અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખીને શ્રમિકોની સંખ્યા વધારવામાં આવતાં કુલ ઉત્પાદન ઘટતા દરે વધે છે. એટલે કે ઘટતી પેદાશનો નિયમ અમલમાં છે.*

સિદ્ધાંતની સમજૂતી :

અનુસૂચિ

શ્રમના એકમો	*કુલભૌતિક ઉત્પાદન (એકમમાં)*	*સીમાંત ભૌતિક ઉત્પાદન (એકમમાં)*	*વસ્તુનો એકમદીઠ ભાવ (રૂ.માં)*	*સીમાંત પેદાશનું મૂલ્ય (રૂ.માં)*	*વેતન દર (રૂ.માં)*	*વધારાના શ્રમિકને રોકવાથી પ્રાપ્ત થતું ચોખ્ખું વળતર (રૂ.માં)*
1	4	4	2	8	6	2
2	9	5	2	10	6	4
3	15	6	2	12	6	6
4	22	7	2	14	6	8
5	29	7	2	14	6	8
6	35	6	2	12	6	6
7	40	5	2	10	6	4
8	43	3	2	6	6	-
9	45	2	2	4	6	-2
10	46	1	2	2	6	-4

સીમાંત પેદાશની વલય

આકૃતિ :



- **સમજૂતી :**

આકૃતિમાં OX *ધરી પર મજૂરની સંખ્યા અને* OY *પર* O *મજૂરનું વેતન અને તેમની પેદાશ દર્શાવી છે. અહીંયા* A *બિંદુ એટલે કે મજૂરોની સંખ્યા* 8 *હશે ત્યારે તેની ઉત્પાદકતાનું (સીમાંત પેદાશ) મૂલ્ય રૂ.* 6 *થાય છે અને વેતનદર પણ રૂ.* 6 *ચૂકવાય છે. તેથી નિયોજક* A *બિંદુ પછી એટલે કે* 9*મો અને* 10*મો મજૂર રાખવામાં આવશે, તો નિયોજકને અનુક્રમે રૂ.* 2 *અને રૂ.* 4 *ની ખોટ જશે. આમ થવાનું કારણ આઠમા એકમ પછી સીમાંત પેદાશનું મૂલ્ય ઘટતું જાય છે. આમ, મજૂરોની સીમાંત ઉત્પાદકતાને આધારે વેતનદર નક્કી થાય છે આ પ્રકારની પરિસ્થિતિમાં ઉત્પાદનનાં સાધનોની ફાળવણી ઈષ્ટતમ થાય છે અને સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ થાય છે.*

8.3.3 સિદ્ધાંતની મર્યાદા

(1) *પૂર્ણ હરીફાઈની અવાસ્તવિક ધારણા છે કારણ કે વાસ્તવમાં સાધન બજાર અને વસ્તુ બજારમાં અપૂર્ણ હરીફાઈ જોવા મળે છે.*

(2) *ઉત્પાદનનાં એકમો સમાનગુણી હોતા નથી. જેમકે; બે શ્રમિકો એકસરખી ઉત્પાદકતા ધરાવતા નથી.*

(3) *ઉત્પાદનનાં સાધનો વિભાજ્ય હોતા નથી કારણ કે અમુક ચોક્કસ મર્યાદા પછી ઉત્પાદન સાધન વિભાજ્ય એટલે કે નાના ટુકડાઓમાં વહેંચી શકાતું નથી.*

(4) *ઉત્પાદનનાં બધા સાધનો ગતિશીલ હોતા નથી.*

(5) *સ્થિર સમાજની ધારણા ખોટી છે.*

(6) *સીમાંત ઉત્પાદકતા માપવી અશક્ય છે કારણ કે ઉત્પાદન કે પેદાશ એ ઉત્પાદનનાં ચારેય સાધનોનું સંયુક્ત પરિણામ છે. તેથી કોઈ એક સાધનનો કુલ ઉત્પાદનમાં હિસ્સો કેટલો છે તે નક્કી કરવાનું મુશ્કેલ છે.*

(7) *વાસ્તવિક પરિબળોની ઉપેક્ષા જેમ કે મજૂરોની સામૂહિક સોદાશક્તિ, લઘુત્તમ વેતનના કાયદા, સરકારના કાયદા વગેરે.*

(8) *ઘટતી પેદાશના નિયમનો આધાર. આ સિદ્ધાંત મુજબ ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે. સંશોધન, ટેકનિકલ પ્રગતિ વગેરે પરિબળો ઘટતી પેદાશને અટકાવી શકે છે.*

8.4 રાષ્ટ્રીય આવકની વહેંચણી :

8.4.1 નાણાકીય વેતન અને વાસ્તવિક વેતન

- *નિશ્ચિત સમય દરમ્યાન સેવાઓ માટે શ્રમિકને આપવામાં આવતી નાણાકીય રકમ એ નાણાકીય વેતન છે. નાણાકીય વેતનનો ખ્યાલ નિરપેક્ષ છે.*
- *શ્રમિકને તેની સેવાઓ બદલ પ્રાપ્ત થતા નાણાકીય વેતનની ખરીદશક્તિ અને નાણાકીય લાભોનો સરવાળો વાસ્તવિક વેતન છે. વાસ્તવિક વેતનનો ખ્યાલ સાપેક્ષ છે. જેમકે; માલિક તરફથી શિક્ષણ તાલીમ, રહેઠાણ, તબીબી સગવડ તેમજ વાહનવ્યવહાર ભથ્થા, મુસાફરીના અન્ય ખર્ચાઓ વગેરે વાસ્તવિક વેતનના ઉદાહરણ છે.*
- *શ્રમને તેના કાર્ય બદલ આપવામાં આવતા વળતર કે બદલાને વેતન તરીકે ઓળખવામાં આવે છે. વેતન એ શ્રમિકની કિંમત છે.*

8.4.2 વેતન નિર્ધારણના સિદ્ધાંતો

1) વેતનનો જીવનનિર્વાહ ખર્ચનો સિદ્ધાંત :

18મી સદીમાં ફ્રાંસમાં નિસર્ગવાદી આર્થિક વિચારધારા પ્રચલિત હતી. આ વિચારધારાના પુરસ્કર્તાઓ માનતા હતા કે શ્રમિકોનું વેતન જીવનનિર્વાહ ખર્ચ જેટલું નક્કી થાય છે. જીવન નિર્વાહ ખર્ચમાં જીવન ટકાવી શકાય અને પ્રજોત્પતિ કરી શકાય તેટલી શક્તિ શ્રમિકોને પ્રાપ્ત થાય તે માટે આવશ્યક ખોરાક, પોશાક અને રહેઠાણ માટેના ખર્ચનો સમાવેશ થતો હતો. આ સિદ્ધાંતને વેતનનો લોખંડી કાયદો કહેવાય છે.

સિદ્ધાંતની મર્યાદાઓ :

આ સિદ્ધાંત મુજબ શ્રમિકને જીવનનિર્વાહ ખર્ચ નીકળી રહે તેટલા વેતન કરતાં વધારે વેતન આપવામાં આવશે, તો શ્રમિકની નાની ઉંમરે લગ્ન થશે, વધારે બાળકો થશે, તથા શ્રમિકને સંખ્યા વધશે તેથી શ્રમનો પુરવઠો વધતા વેતન ઘટશે.

વાસ્તવિકતામાં વેતન વધતાં બાળકો નહીં વધે પરંતુ વધારે ઊંચું જીવનધોરણ પસંદ કરે છે તે સાપેક્ષ ખ્યાલ છે. શ્રમિકની ઉંમર, વ્યવસ્થા, સ્થળ વગેરે સંદર્ભમાં જીવનનિર્વાહનો ખ્યાલ બદલાતો રહે છે.

(2) વેતનનો જીવનધોરણ ખર્ચનો સિદ્ધાંત :

આ સિદ્ધાંત મુજબ જીવનધોરણ એટલે ટેવાયેલું જીવનધોરણ એવો સિદ્ધાંતમાં અભિપ્રેત છે. જેમાં પોષણયુક્ત ખોરાક, સારા સુઘડ પોશાક, જરૂરી શિક્ષણ, સ્વાસ્થ્ય સવલતો, મનોરંજન વગેરે તમામ બાબતોનો ખર્ચ નીકળે તે રીતે શ્રમિકને વેતન આપવું.

- **મર્યાદા :**

આ સિદ્ધાંતમાં જીવનધોરણનો ખ્યાલ સ્પષ્ટ નથી. આ સિદ્ધાંત એકાંગી છે. કેમ કે શ્રમનો પુરવઠો વેતન વધારવાથી વધે છે પરંતુ શ્રમની માંગ કયા પરિબળોથી નક્કી થાય છે તે અંગે વિચાર કરવામાં આવ્યો નથી.

(3) 'શેષ'ના અધિકારનો સિદ્ધાંત :

ડેવિડ રિકાર્ડોના મત મુજબ "ઉત્પાદનનું વેતન સિવાયનો કુલ ખર્ચ ચૂકવ્યા બાદ જે કાંઈ બાકી (શેષ) રહે છે તે વેતનરૂપે શ્રમિકોને પ્રાપ્ત થાય છે. જમીનને ભાડું, મૂડીને વ્યાજ, નિયોજકનો નફો બાદ કરતાં જે અધિશેષ બાકી રહે તેમાંથી શ્રમિકને વેતન ચૂકવાય છે.

- **મર્યાદા :** *આ સિદ્ધાંત એવું પ્રતિપાદન કરવા માગે છે કે ઉત્પાદનવૃદ્ધિ વિના વેતનવૃદ્ધિ શક્ય નથી. શ્રમિકોનાં મંડળો ગમે તેટલા પ્રયાસો કરે તો પણ ઉત્પાદન વધાર્યા વિના અસરકારક રીતે વેતન વધારી શકાય નહિ. વેતનવૃદ્ધિ માટે ઉત્પાદનવૃદ્ધિ કરવી જરૂરી છે.*

(4) વેતન-ભંડોળનો સિદ્ધાંત :

પ્રો. જે. એસ. મિલના મત મુજબ વેતનના નિર્ધારણ માટે બે પરિબળો છે. શ્રમિકોની સંખ્યા અને મૂડીનો જથ્થો એટલે વેતનભંડોળ.

$$\text{વેતનદર} = \frac{\text{વેતન-ભંડોળ}}{\text{શ્રમિકોની સંખ્યા}}$$

શ્રમિકોનાં મંડળો તેમની તાકાતના જોરે કદાચ એક ઉદ્યોગમાં વેતનવધારો મેળવી શકે, તો બીજા ઉદ્યોગમાં વેતનઘટાડાના ભોગે જ આ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. તેનું કારણ એ છે કે દેશના બધા જ શ્રમિકોને જેમાંથી વેતનની ચૂકવણી થાય છે તે વેતનભંડોળનું કુલ કદ તો કોઈ એક સમયે આપેલા સમયે નિશ્ચિત ને સ્થિર હોય છે. વેતનધારા માટે એક અસરકારક પરિબળ શ્રમિકોની સંખ્યા સીમિત રાખવાનું છે.

- **મર્યાદાઓ :**

શ્રમિકોનું વેતન કાલ્પનિક વેતનભંડોળ દ્વારા નહીં પરંતુ તેમની ઉત્પાદકતાના સ્તર દ્વારા નક્કી થાય છે.

કોઈ એક ઉદ્યોગમાં શ્રમિકોનું મંડળ વેતનવધારો હાંસલ કરી શકે છે અને તેમ કરતી વખતે બીજા કોઈ ઉદ્યોગમાં વેતન ઘટાડો થતો નથી. તેથી સિદ્ધાંતનો ફલિતાર્થ સાચો પડતો નથી.

(5) શ્રમની સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત

આ સિદ્ધાંત મુજબ ઉત્પાદનના અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખીને શ્રમના પ્રમાણમાં વધારો કરવામાં આવે છે. ત્યારે વધારાના શ્રમનું પ્રત્યેક એકમ કુલ ઉત્પાદનમાં જે વધારો કરે છે તે સીમાંત ભૌતિક ઉત્પાદન છે અને સીમાંત ભૌતિક ઉત્પાદનને બજારકિંમત વડે ગુણવાથી સીમાંત ઉત્પાદકતા પ્રાપ્ત થાય છે. આમ; નૂતન શિષ્ટ અર્થશાસ્ત્રીઓ શ્રમની સીમાંત ઉત્પાદકતાને વેતનધોરણ તરીકે સ્વીકારે છે.

- **મર્યાદાઓ**

ઉત્પાદનના એકમો સમાનગુણી હોતા નથી, પૂર્ણ હરીફાઈની અવાસ્તવિક ધારણા કરવામાં આવી છે, ઉત્પાદનના સાધનો વિભાજ્ય હોતા નથી. ઉત્પાદનના બધા સાધનો ગતિશીલ હોતા નથી. સીમાંત ઉત્પાદકતા માપવી અશક્ય છે.

(6) શ્રમની માંગ અને પુરવઠાનો સિદ્ધાંત

પ્રો. માર્શલના મત મુજબ "વેતનનો દર શ્રમની માંગ અને શ્રમના પુરવઠા પર આધારિત હોવાથી શ્રમની માંગ અને શ્રમનો પુરવઠો જ્યાં સરખા થાય છે ત્યાં વેતનદરનું નિર્ધારણ થાય છે."

આકૃતિ :



આકૃતિની સમજૂતી :

OX પર શ્રમની માંગ/પુરવઠો અને OY પર વેતન દર્શાવેલ છે. DD શ્રમની માંગ રેખા અને SS શ્રમની પુરવઠા રેખા છે જે બંને એકબીજાને K બિંદુએ છેદે છે. ત્યાં માંગ અને પુરવઠો સરખો થાય છે. OT વેતનદરે શ્રમનો પુરવઠો અને શ્રમની માંગ OM થાય છે.

(7) વેતનનો સામૂહિક સોદાશક્તિનો સિદ્ધાંત

શ્રમના વેચાણની બાબતમાં પોતાને અનુકૂળ શરતોએ સોદો કરવાની સંગઠન દ્વારા શ્રમિકોએ પ્રાપ્ત કરેલી શક્તિને સામૂહિક સોદાશક્તિ તરીકે ઓળખવામાં આવે છે. પ્રો. આર.જી. લિપ્સીના મતે "સામૂહિક સોદા-શક્તિમાં એકપક્ષીય નહિ પરંતુ દ્વિપક્ષીય ઈજારાની સ્થિતિ હોવી જરૂરી છે. શ્રમના પુરવઠા યા વેચાણની બાજુએ મજૂર સંઘોનો ઈજારો અને શ્રમની માંગની બાજુએ માલિકોના મંડળોનો ઈજારો હોય અને તેઓ પરસ્પર વાટાઘાટો અને ખેંચાણ દ્વારા વેતન નક્કી કરે તેને સામૂહિક સોદાશક્તિ દ્વારા વેતનનિર્ધારણની પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે.

- **મર્યાદા**
  - મજૂર મંડળો અમર્યાદિત રીતે વેતન વધારો કરાવી શકતાં નથી. વેતન વધે તો ઉત્પાદન ખર્ચ વધે અને નિયોજકોના નફામાં ઘટાડો થાય, પરિણામે તેઓ મજૂરોને છૂટા કરે.
  - ઘણીવાર વેતન વધતાં ઉત્પાદન ખર્ચ વધે અને શ્રમિકોની અવેજી દ્વારા ઉત્પાદન શક્ય હોય તો યંત્રો રોકવાનું પસંદ કરશે.
  - જો દેશમાં બેકારીનું પ્રમાણ વધારે હોય તો મજૂરમંડળો વેતન વધારવામાં સફળ થઈ શકતાં નથી.

8.4.3 નફો :

નફો તે નિયોજકને તેની વિશિષ્ટ કામગીરી બદલ મળતું વળતર છે. એફ.બી. હોલી "મુજબ નફો એ જોખમ ઉઠાવવાનો બદલો છે. નફારૂપી બદલો પ્રાપ્ત થતો હોવાથી નિયોજક જોખમ ઉઠાવે છે.

(i) કાચો નફો :

ઉત્પાદન કરવામાં આવેલી વસ્તુઓના વેચાણ દ્વારા પ્રાપ્ત થતી કુલ આવકમાંથી કુલ ઉત્પાદન ખર્ચ બાદ કરતા જે વધારો રહે તે પેઢીનો કાચો નફો છે.

ટૂંકમાં કાચો નફો = વ્યવસ્થાપક તરીકેનું વળતર + નિયોજકની મૂડીનું વ્યાજ + જમીનનું ભાડું + ઘસારા ખર્ચ + ઈજારાનો નફો + તકનો નફો

(ii) શુદ્ધ નફો :

અર્થશાસ્ત્રમાં ચોખ્ખા નફાનો અભ્યાસ મહત્વનો છે. ચોખ્ખો નફો = વ્યવસ્થાપક તરીકેનું વળતર - નિયોજકની મૂડીનું વ્યાજ - જમીનનું ભાડું - ઘસારા ખર્ચ - ઈજારાનો નફો - તકનો નફો

(1) પ્રો. હોલીનો જોખમનો સિદ્ધાંત

તેમના મુજબ નિયોજકનું કાર્ય ધંધામાં રહેલા જોખમો એ નફાનું કારણ છે. નિયોજક જ્યારે મૂડીનું રોકાણ કરે છે ત્યારે કેટલાક જોખમો ઉઠાવે છે જેમકે; વસ્તુની માંગમાં ફેરફાર થાય. ભાવ ઘટવા પામે અથવા અકસ્માત થવાને કારણે મૂડીરોકાણ જોખમમાં મૂકાય. આમ; નિયોજક જોખમ ઉઠાવે છે. નફો એ જોખમ ઉઠાવવાનો બદલો છે. કેટલાક ધંધાઓમાં જોખમની માત્રા વધુ હોય છે તેવા ધંધાઓમાં નફાનું પ્રમાણ વધારે હોય છે. જોખમો બે પ્રકારનાં હોય છે. વીમાપાત્ર જોખમો અને બિનવીમાપાત્ર જોખમો.

(2) પ્રો. નાઈટનો નફા અંગે અનિશ્ચતતાનો સિદ્ધાંત

જે બનાવો અથવા ઘટનાઓનું અનુમાન થઈ શકે તથા જેની સરેરાશ નક્કી થઈ શકે નહિ તેને પ્રો. નાઈટ અનિશ્ચતતાઓ તરીકે ઓળખાવે છે. તેમના મત મુજબ નફો ધંધામાં રહેલી અનિશ્ચતતાઓ વહોરવાનો બદલો છે. જેમાં ઉત્પાદનમાં અન્ય હરીફનો પ્રવેશ, યંત્રવિષયક પરિવર્તનો તથા સરકારી નીતિમાં પરિવર્તન વગેરે જેવી અનિશ્ચતતાનો સમાવેશ થાય જે નફાને ઘટાડે છે.

- *તે જ રીતે ગ્રાહકોની ફેશન રુચિનાં પરિવર્તનોની ગણતરી કે આગાહી કરી શકાતી નથી.*

(3) નફાનો સંશોધનનો સિદ્ધાંત

પ્રો. શુમ્પીટરના મતે નફો એ નવપ્રવર્તનનું વળતર છે. નવપ્રવર્તનો એટલે નવું સંશોધન જે ઉત્પાદન પ્રક્રિયામાં એવા ફેરફાર સર્જે છે જેને પરિણામે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય કે વસ્તુની પ્રવર્તમાન કિંમત અને ઉત્પાદન ખર્ચ વચ્ચે તફાવત પેદા થાય. સંશોધન એટલે નવી વસ્તુનું ઉત્પાદન, નવા કાચા માલની શોધ ઉત્પાદન પદ્ધતિમાં સંશોધન, નવા બજારની શોધ વગેરે. આમ; ગતિશીલ સમાજમાં જ્યાં સંશોધન સતત થાય ત્યાં નફો થાય છે. અદૃશ્ય થાય છે અને ફરીથી અસ્તિત્વમાં આવે છે.

(4) નફો ગતિશીલ સમાજને લીધે ઉદ્ભવે છે

અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો. જે. બી. ક્લાર્કના મતે "નફો ગતિશીલ સમાજને કારણે ઉદ્ભવે છે. સ્થિર સમાજમાં નફો ઉદ્ભવી શકતો નથી. જેમકે; વસ્તી, લોકોની રુચિ, ઉત્પાદન પદ્ધતિ, સાધનોનો પુરવઠો, માંગ વગેરેના ફેરફારો નફાને જન્મ આપે છે.

(5) ઈજારાનો નફો

આધુનિક અર્થશાસ્ત્રી મુજબ નફો એ ઈજારાશાહીનું પરિણામ છે. પ્રો. ચેમ્બરલીનના મત મુજબ "ઈજારા દ્વારા પ્રાપ્ત થતા અસામાન્ય નફાનું કારણ પ્રવેશના માર્ગમાં રહેલા વિઘ્નો છે".

- *નિયોજકો ઈજારાની સ્થિતિ પ્રાપ્ત કરવા વિવિધ પ્રકારની યુક્તિ અપનાવે છે જેમાં પેટન્ટ હક મેળવવા, સરકારના કાયદા હેઠળ રક્ષણ પ્રાપ્ત કરવા, પ્રવેશના વિઘ્નો ઊભા કરવા, વસ્તુ વિકલન કરવું, જાહેરાત ખર્ચ કરવા વગેરેથી નફો પ્રાપ્ત કરે છે.*
- *નિયોજક વસ્તુની કિંમત મેળવીને ગ્રાહકનું શોષણ કરે છે તથા ઉત્પાદનના સાધનને તેમની સીમાંત ઉત્પાદકતા કરતા ઓછું વળતર ચૂકવીને તેમનું શોષણ કરે છે.*

8.4.4 વ્યાજ :

પ્રો. માર્શલના મતે "વ્યાજ એ મૂડીનું વળતર છે. તેનો દર મૂડીની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. મૂડી સાધિત વસ્તુની લોન આપવામાં આવે તો તેને પરિણામે મૂડીનું ઘસારા ખર્ચ બાદ કરતાં ઉત્પાદનમાં જે વધારો થાય તે કુદરતી વ્યાજનો દર ગણાશે. કુદરતી વ્યાજનો દર એ મૂડીની સીમાંત ઉત્પાદકતા દર્શાવે છે.

- *વ્યાજનો બજારદર એટલે નાણું ઉછીનું લેવા માટે કે લોન મેળવવા માટે જે વ્યાજનો દર ચૂકવવો પડે છે તેને વિક્સેલ વ્યાજનો બજારદર કે લોન દર કહે છે.*

(1) વ્યાજના દર નિર્ધારણનો પ્રશિષ્ટ સિદ્ધાંત

આ સિદ્ધાંત પ્રો. સિનિયર, પ્રો. માર્શલ, પ્રો. ફિશર, પ્રો. બોહ્મવર્ક, પ્રો.ટોસીંગ તથા પિગુ વગેરે જેવા અર્થશાસ્ત્રીઓએ વિકાસમાં ફાળો આપ્યો છે.

સિદ્ધાંતની ધારણા

- *અર્થતંત્રમાં પૂર્ણ હરીફાઈ, પૂર્ણ રોજગારી છે.*
- *નાણું માત્ર વિનિમયનું માધ્યમ છે.*
- *વ્યાજનો દર પરિવર્તનશીલ છે.*
- *અર્થતંત્રમાં થતી બચતો અને મૂડીરોકાણ વ્યાજના દર આધારિત છે.*
- *મૂડીની માંગ અને તેનો પુરવઠો વ્યાજના દરને નક્કી કરે છે.*

(1) *બચતની માંગ (મૂડીરોકાણ) મૂડીની માંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉત્પાદકનો હેતુ નફાનો છે. તેથી તે મૂડીરોકાણ કરે છે. વધુ મૂડીરોકાણ એટલે વધુ ઉત્પાદન થાય છે. પરંતુ ઉત્પાદન ક્ષેત્રે ઘટતા મળતરનો નિયમ લાગુ પડે છે. મૂડીની ઉત્પાદકતા ક્રમશઃ ઘટે છે. આમ; મૂડીની સીમાંત ઉત્પાદકતા ઘટતી જાય છે. તેથી ઉત્પાદક જે મૂડીરોકાણ કરે છે તેને બદલે બચત કરનારાઓ પાસેથી મૂડી ઉછીની લેવી પડે છે. તેમજ મૂડીના વપરાશ બદલ વ્યાજ ચૂકવવું પડે છે તેમજ ઉત્પાદક મૂડીરોકાણ વધારતો જાય*

તેમ-તેમ મૂડીની સીમાંત કાર્યક્ષમતા ઘટતી જાય છે. તેથી વ્યાજનો દર નીચો હશે તો જ મૂડીરોકાણની માંગમાં વધારો થશે. આમ; મૂડીરોકાણ અને મૂડીની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે.

(2) બચતનો પુરવઠો (બચતો)

બચતો એટલે વપરાશ માટેની વર્તમાનને બદલે ભવિષ્યની સમય પસંદગી. વર્તમાન વપરાશ મુલતવી રાખવામાં આવે તેથી વર્તમાન વપરાશમાંથી પ્રાપ્ત થતો તુષ્ટિગુણ જતો કરવો પડે છે. તેથી જો લોકોને વધુ બચતો કરવા પ્રેરવા હોય તો તે માટે તેમને વળતર આપવું જોઈએ. આ વળતર એ વ્યાજનો દર છે. વ્યાજનો દર અને બચતો વચ્ચે સમસંબંધ જોવા મળે છે. તેથી બચતની પુરવઠા રેખાનો ઢાળ ઘન હોય છે. એટલે નીચા વ્યાજના દરે ઓછી બચત અને ઊંચા વ્યાજના દરે વધારે બચત થાય છે.

વ્યાજદરનું નિર્ધારણ આકૃતિ દ્વારા



આકૃતિમાં AB *વ્યાજના દરે મૂડીરોકાણ = બચત થાય છે. વ્યાજનું વલણ* AB *સપાટીએ સ્થિર થવાનું રહેશે. વ્યાજનો દર* AB *હોય ત્યારે બચત અને મૂડીરોકાણ બંને* OB *કેટલાં છે. જો અન્ય પરિબળોમાં ફેરફાર થાય તો* SS *અને* II *રેખાઓ ઉપર કે નીચે તરફ જશે. તેથી વ્યાજનો દર તેમજ બચત અને મૂડીરોકાણનું પ્રમાણ પણ બદલાશે.*

- **મર્યાદા**

આ નિયમમાં નાણાંકીય પરિબળોની ઉપેક્ષા કરવામાં આવી છે. ઉપરાંત વ્યાજ એ બચતનો બદલો નથી.

બચતો એ મૂડીનો પુરવઠો નથી.

બચતનો આધાર વ્યાજદર પર નહિ પરંતુ આવક પર હોય છે અને આ નિયમમાં શાખી નાણાંની અવગણના કરવામાં આવી છે.

(2) ધિરાણ ભંડોળનો સિદ્ધાંત

આ સિદ્ધાંતની સર્વપ્રથમ રજૂઆત સ્વીડનના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી નટ વિકસેલે કરી હતી તથા પ્રો. ડી. એચ. રોબર્ટસને તેને વિકસાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

- *ધિરાણભંડોળના સિદ્ધાંત મુજબ વ્યાજનો દર ધિરાણભંડોળની કુલ માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે.*
- *ધિરાણ ભંડોળની માંગ એટલે લોકો જુદા-જુદા હેતુ માટે બીજાઓ પાસેથી ધિરાણ માંગ મેળવે છે અને નાણાં માટેની તેમની માંગને ધિરાણભંડોળની માંગ કહે છે. જેમાં ગ્રાહકો, ઉત્પાદકો અને વેપારીઓ, સરકાર તથા અન્ય સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ સંગ્રહ માટે ધિરાણ ભંડોળની માંગ કહે છે.*
- *ધિરાણ ભંડોળની માંગરેખા ડાબી બાજુથી જમણી બાજુ નીચેની તરફ ઢળતી હોય છે.*
- *ધિરાણ ભંડોળના પુરવઠાને લોકોની કુલ બચત, સંસ્થાકીય બચત, નાણાંનો સંગ્રહ અને અસંગ્રહ બેંકોનું ધિરાણ તથા વિમૂડીકરણ વગેરે પરિબળો અસર કરે છે.*

- **વ્યાજદરનું નિર્ધારણ**

વ્યાજનો દર ધિરાણ ભંડોળનો પુરવઠો અને માંગ સરખા થાય છે તે વ્યાજનો દર બજારમાં પ્રવર્તમાન થાય છે.



ધિરાણ ભંડોળ

આકૃતિમાં OX *આડી રેખા પર ધિરાણ ભંડોળની માંગ અને પુરવઠો અને* OY *ઊભી ધરી પર વ્યાજનો દર દર્શાવ્યો છે.* DD *રેખા કુલ ધિરાણ ભંડોળની માંગ અને* SS *રેખા કુલ ધિરાણ ભંડોળનો પુરવઠો દર્શાવે છે.* K *બિંદુએ ધિરાણની માંગ અને ધિરાણ ભંડોળનો પુરવઠો સરખો થઈ રહે છે. ત્યારે* OP *વ્યાજનો દર નક્કી થાય છે. જે સમતુલાનો વ્યાજદર છે.*

- **મર્યાદાઓ**
    - *કુલ આવક સ્થિર હોવાની ધારણા*
    - *વ્યાજના દર આવક પર અસર*
    - *માંગ વધુ સક્રિય પરિબળ*
    - *નાણાંની સંગ્રહવૃત્તિનો અસ્પષ્ટ ખ્યાલ*
    - *આવક અસરની અવગણના, વ્યાજના દર અનિશ્ચિત*

(3) રોકડ પસંદગીનો સિદ્ધાંત

આ સિદ્ધાંત લૉર્ડ કેઈન્સે તેમના પ્રખ્યાત પુસ્તક "જનરલ થિયરી ઑફ એમ્પ્લોઈમેન્ટ ઈન્ટરેસ્ટ એન્ડ મની"માં વ્યાજના દરનો સિદ્ધાંત આપ્યો છે.

લોકો નાણાંની માંગ અથવા રોકડ પસંદગીનો આધાર મુખ્યત્વે ત્રણ બાબત પર હોય છે.

- **વિનિમયનો હેતુ :**

વ્યક્તિને મળતી આવક તે રોજબરોજના ખર્ચા, ચૂકવણીઓ, વેતન, હેરફેર ખર્ચ વગેરે માટે રોકડ રાખવાનું પસંદ કરે છે. વિનિમયના હેતુ માટે આવકનો કેટલો ભાગ રોકડ નાણાં તરીકે રાખશે તેનો આધાર આવકનું કદ, પ્રાપ્તિનો સમય તથા ચૂકવણીની પદ્ધતિ પર રહેલો છે.

- **સાવચેતીનો હેતુ :**

ભવિષ્યની અનિશ્ચિતતા જેવી કે માંદગી, અકસ્માત કે સામાજિક ખર્ચને પહોંચી વળવા માટે રોકડ નાણાં હાથ પર રાખે છે.

- **સટ્ટાનો હેતુ :**

કેટલાક લોકો જમીનગીરી ભાવમાં થતી ઉથલ-પાથલનો લાભ લેવા માટે પ્રયાસ કરે છે. આમ; જામીનગીરીઓની લે-વેચ કરવા માટે જે રોકડ નાણું હાથ પર રાખવામાં આવે છે તેને સટ્ટાના હેતુ માટે રોકડ નાણાંની માંગ કહે છે.

- **વ્યાજદરનું નિર્ધારણ :**

વ્યાજનો દર નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો એમ સંયુક્ત રીતે નક્કી થાય છે. નાણાંનો પુરવઠો ટૂંકા ગાળામાં સ્થિર હોવાથી વ્યાજના દર પર તેની અસર થતી નથી.

જ્યારે જુદા-જુદા વ્યાજના દરે નાણાંની માંગ જુદી-જુદી હોય છે. તેથી વ્યાજના દરમાં વધારો થતા રોકડ નાણાંની માંગ ઘટે છે. અને વ્યાજના દરમાં ઘટાડો થતાં નાણાંની માંગ વધે છે.

- **મર્યાદા**

આ સિદ્ધાંત ટૂંકા ગાળાના વ્યાજના દરની સમજૂતી આપે છે, રોકડ પસંદગીનો ખ્યાલ બિનઉપયોગી બને છે. વ્યાજદરોના તફાવતની સમજૂતી અશક્ય તથા રોકડ નાણાંના અર્થ અંગે અસ્પષ્ટતા છે.

8.4.5 ભાડાનો (રિકાર્ડોના) સિદ્ધાંત

- *આર્થિક ભાડાનો સૌપ્રથમ ખ્યાલ ડેવિડ રિકાર્ડોએ આપ્યો હતો.*
- *જમીનનાં મૂળ અને અવિનાશી તત્વોની વપરાશ બદલ જમીનની ઉપજમાંથી જમીનના માલિકને જે હિસ્સો આપવામાં આવે છે તે ભાડું છે.*
- *જમીનની ઉપજમાંથી મૂડી, મજૂરી ખર્ચ જેવાં ઉત્પાદન ખર્ચને બાદ કરતા જે વધારો રહે છે તેને રિકાર્ડો ભાડા તરીકે ઓળખાવે છે.*

- **ધારણા**
  - *ભાડું ફક્ત જમીન પર જ ઉદ્ભવે છે. જમીન સિવાયના અન્ય ઉત્પાદનના સાધનને ભાડું મળતું નથી.*
  - *જમીનની ફળદ્રુપતામાં તફાવત છે.*
  - *જમીન કુદરતી બક્ષિસ હોવાથી તેની કોઈ પુરવઠા કિંમત નથી, જમીનની અછત હોય છે. જમીનનો પુરવઠો અમાપ નથી.*
  - *જમીનમાં થતું ઉત્પાદન ઘટતી પેદાશના નિયમ મુજબ થાય છે.*
  - *ભાડું ટૂંકા ગાળે નહિ પરંતુ લાંબે ગાળે ઉપજે છે.*
  - *પૂર્ણ હરીફાઈ પ્રવર્તમાન છે.*

અનુસૂચિ અને આકૃતિ

જમીનની ફળદ્રુપતાની દૃષ્ટિએ પ્રકાર	*મૂડી અને મજૂરો પાછળનું કુલ ઉત્પાદન ખર્ચ (રૂ.માં)*	*પ્રત્યેક જમીનની કુલ ઉપજ (રૂ.માં)*	*ભાડું વધારો (રૂ.માં)*
A	1000	5000	4000
B	1000	4000	3000
C	1000	2500	1500
D	1000	1000	-

આકૃતિ :



વિવિધ પ્રકારની જમીન

OX *આડી ધરી પર* ABCD *વિવિધ પ્રકારની જમીનના એકસરખા કદનાં ખેતરો દર્શાવ્યા છે.* OY *ધરી પર આવક અને ખર્ચ રૂ.માં દર્શાવ્યા છે.* ABC *જમીનને અનુક્રમે રૂા.* 4000, 3000 *રૂા. અને* 1500 *રૂપિયા ભાડું મળે છે જ્યારે* D *ને ભાડું પ્રાપ્ત થતું નથી.* D *જમીનની ઉપજ રૂા.* 1000 *અને ઉત્પાદન ખર્ચ રૂપિયા* 1000 *હોવાથી કોઈ ભાડું પ્રાપ્ત થતું નથી. આમ જમીનની ફળદ્રુપતામાં તફાવત હોવાથી વધુ ફળદ્રુપ જમીનને વધુ ભાડું મળે છે. જેની ઉપજ અને ઉત્પાદનખર્ચ સરખા થાય છે તેવી જમીનને શૂન્ય ભાડું મળે છે.*

- **મર્યાદાઓ :**
  - *જમીનના તફાવતને કારણે ભાડાના તફાવત નથી પરંતુ જમીનની અછતને લીધે ભાડું ઉદ્ભવે છે.*
  - *જમીનના ખેડાણનો ક્રમ ઐતિહાસિક દૃષ્ટિએ સાચો નથી.*
  - *ઘટતી પેદાશના નિયમની ધારણા ટીકાપાત્ર છે.*

8.4.6 આવકની અસમાનતા

ભૂતકાળના સ્વૈરવિહારી પદ્ધતિને વરેલા યુગમાં વેતનનિર્ધારણની પ્રક્રિયામાં રાજ્યની દરમ્યાનગીરી સ્વીકારવામાં આવતી નહીં. પરંતુ હવેના કલ્યાણબદ્ધ આદર્શને વરેલા રાજ્યમાં વેતનનિર્ધારણમાં રાજ્યની દરમ્યાનગીરી આવશ્યક બની છે. મજૂરો તેમનું જીવનનિર્વાહ ચલાવી શકે તેટલું વેતન તો મળવું જ જોઈએ. તેથી વર્તમાન સમયમાં રાજ્ય લઘુત્તમ વેતનદર નક્કી કરતા શ્રમજીવીઓની લઘુત્તમ જરૂરિયાત અને જીવનધોરણ સુધરે છે. સાથે-સાથે આવકની અસમાનતા દૂર કરવા માટે સરકાર દ્વારા અનેક પગલાં તથા

સુધારણા કાર્યક્રમ હાથ ધરેલ છે. જેમાં આઝાદી બાદ લીધેલા જમીનસુધારણા અંગેના પગલાં ખેડૂતો તથા નાનાં અને સીમાંત ખેડૂતોની સલામતી માટે અને જમીન માલિકી હક્ક પુનઃપ્રાપ્ત થાય તથા સમાન વહેંચણી થાય તેવો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો.

આ ઉપરાંત જ્યારે વ્યક્તિ વિતરણ એ મુખ્યત્વે નિષ્કર્ષ કાઢતાં, સામાન્ય રીતે આવક મેળવનાર ટોચના લોકો રાષ્ટ્રીય આવકના લગભગ 25 થી 35% વચ્ચે મેળવે છે. જ્યારે સૌથી ઓછા 20% આવક મેળવનાર રાષ્ટ્રીય આવકનો આશરે 5% હિસ્સો મેળવે છે. ગરીબ દેશોમાં અસમાનતા સૌથી મોટી જોવા મળે છે. જ્યારે આર્થિક વિકાસ દરમ્યાન ધીમે-ધીમે આવકની અસમાનતા કંઈક અંશે ઓછી થાય છે.

8.5 સ્વાધ્યાય

મુદ્દાસર પ્રશ્નોના જવાબ લખો.

(1) રાષ્ટ્રીય આવકની વહેંચણીનો ખ્યાલ સમજાવો તથા વહેંચણીના કારણો આપો.

(2) સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત ચર્ચા.

(3) વેતન નિર્ધારણના સિદ્ધાંત ચર્ચા.

(4) વ્યાજદરના સિદ્ધાંતોની આકૃતિ સહિત ચર્ચા કરો.

(5) ભાડાનો સિદ્ધાંત સમજાવો.

- **ટૂંકા પ્રશ્નોના ઉત્તર આપો.**

(1) આવકની અસમાનતા વિશે નોંધ લખો.

(2) નફો વિશેના ખ્યાલો સમજાવો.

(3) નાણાકીય વેતન અને વાસ્તવિક વેતનનો ભેદ સ્પષ્ટ કરો.

(4) રોકડ પસંદગી પર નોંધ લખો.

(5) સીમાંત ઉત્પાદકતાનો ખ્યાલ વિગતવાર આપો.

(6) વેતનનો સામૂહિક સોદાશક્તિના નિયમ ચર્ચા.

(7) વ્યાજના દરના નિર્ધારણમાં બચતની માંગ તથા બચતના પુરવઠા વિશે ખ્યાલ આપો.

- **બહુવિકલ્પ પ્રશ્નો**

(1) આર્થિક ભાડાનો સૌ પ્રથમ ખ્યાલ કોણે આપ્યો ?

(a) રિકાર્ડો (b) મિલ્ટન (c) જે.બી.સે (d) માર્શલે

(2) રાષ્ટ્રીય આવકની વહેંચણીનો અભ્યાસ કેટલી રીતે થાય ?

(a) બે (b) ત્રણ (c) ચાર (d) પાંચ

(3) ઉત્પાદનના પ્રત્યેક સાધનને તેમની સીમાંત ઉત્પાદકતા મુજબ વળતર મળે છે. આ વિધાન કોણે કહ્યું છે ?

(a) ક્લાર્ક (b) શુમ્પીટર (c) માર્શલ (d) એડમ સ્મિથ

(4) વેતનના સિદ્ધાંતો કયા છે ?

(a) શેષના અધિકારનો (b) વેતન ભંડોળ

(c) વેતનનું જીવનધોરણ (d) ઉપરોક્ત બધા

(5) નફો એ _____ ઉઠાવવાનો બદલો છે.

(a) વ્યાજ (b) મૂડી (c) જોખમ (d) ધિરાણ

(6) કાચા નફામાં કયા વળતરનો સમાવેશ થાય છે ?

(a) ઘસારા ખર્ચ (b) કરવેરા (c) જમીનનું ભાડું (d) ઉપરોક્ત તમામ

(7) ચોખ્ખો નફો = નિયોજકની મૂડીનું વ્યાજ - જમીનનું ભાડું -

(a) ઘસારા ખર્ચ (b) ઈજારાનો નફો (c) તકનો નફો (d) ઉપરોક્ત તમામ

(8) કયા અર્થશાસ્ત્રી નફાને ધંધામાં રહેલી અનિશ્ચિતતાઓ સાથે જોડે છે ?

(a) પ્રો. કેઈન્સ (b) હોલી (c) નાઈટ (d) ઉપરોક્ત બધા

(9) ધિરાણ ભંડોળનો ખ્યાલ સર્વપ્રથમ કોણે આપ્યો ?

(a) નટ વિક્સેલે (b) મીડૉલ (c) નાઈટ (d) ઉપરોક્ત બધા

(10) ધિરાણ ભંડોળના પુરવઠામાં શેનો સમાવેશ થાય છે ?

(a) સંસ્થાકીય બચત (b) બેંકોનું ધિરાણ

(c) લોકોની બચત (d) ઉપરોક્ત તમામ

(11) રોકડ પસંદગીનો સિદ્ધાંત કોણે આપ્યો ?

(a) ઓહલીન (b) કેઈન્સ

(c) લીન્ધોલ (d) ઉપરોક્ત તમામ

(12) રોકડની માંગનો આધાર શેના પર છે ?

(a) વિનિમય (b) સાવચેતી

(c) સટ્ટાકીય (d) ઉપરોક્ત તમામ

(13) કેઈન્સના નાણાં પુરવઠાના સિદ્ધાંતનો આધાર શેના પર છે ?

(a) મધ્યસ્થબેંકની સ્થિતિ (b) વેપારી

(c) ગ્રાહક (d) ઉપરોક્ત તમામ

(14) નાણાંનો પુરવઠામાં શેનો સમાવેશ થાય છે ?

(a) ચલણી નોટો (b) સિક્કાઓ

(c) (a) અને (b) (d) ઉપરોક્ત કોઈ નહીં

(15) વ્યાજનો બજારદર નક્કી કરતાં પરિબળ.

(a) ધિરાણ ભંડોળની માંગ (b) (a) અને (c)

(c) ધિરાણ ભંડોળનો પુરવઠો (d) ઉપરોક્ત કોઈ નહીં

જવાબ :

1)	(a)	9)	(a)
2)	(a)	10)	(d)
3)	(a)	11)	(b)
4)	(d)	12)	(d)
5)	(c)	13)	(a)
6)	(d)	14)	(c)
7)	(d)	15)	(d)
8)	(c)		

નોંધ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.કોમ. સેમેસ્ટર-૧

MDC101-BC

એકમલક્ષી અર્થશાસ્ત્ર

ભાગ-3

એકમલક્ષી અર્થશાસ્ત્ર

એકમ : 9 વહેંચણીનો સિદ્ધાંત	01-13
એકમ : 10 વેતન	14-26
એકમ : 11 વ્યાજના સિદ્ધાંતો	27-39
એકમ : 12 નફાના સિદ્ધાંતો	40-52
એકમ : 13 કલ્યાણકારી અર્થશાસ્ત્ર	53-67
એકમ : 14 જોખમ અને અચોક્કસતાનું અર્થશાસ્ત્ર	68-83

લેખન :	ડૉ. સંગીતા ઘાટે	પ્રિન્સીપાલ, શ્રી એમ. પી. એન્ડ બી. એ. પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ.
.	ડૉ. સ્વાતિ સક્સેના	આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી ચીમનભાઈ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ & રિસર્ચ, અમદાવાદ.
	ડૉ. અંજલી ત્રિવેદી	આસિસ્ટન્ટ પ્રોફેસર, જી. એલ. એસ.યુનિવર્સિટી, અમદાવાદ.
	ડૉ. વિજય ધંધુકિયા	`આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટ જેવિયર્સ કોલેજ, અમદાવાદ.
	ડૉ. જીવરાજ ઝાંપડિયા	આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પરામર્શક(વિષય) :	ડૉ. હીનાબેન પટેલ	પ્રિન્સીપાલ, મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડી.
	ડૉ. પલ્લવી વ્યાસ	આસિસ્ટન્ટ પ્રોફેસર એન્ડ હેડ ઓફ ઇકોનોમિક ડીપાર્ટમેન્ટ, પ્રિ. એમ.સી. શાહ કોમર્સ કોલેજ, અમદાવાદ.
પરામર્શક(ભાષા) :	પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ	પ્રોફેસર (ગુજરાતી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
સંયોજક :	પ્રો. (ડૉ.) મનોજ શાહ	પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રકાશક :	ડૉ. ભાવિન ત્રિવેદી	કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : સુધારેલ પુન:આવૃત્તિ (૨૦૨૪)

ISBN : 978-93-5598-370-1

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

યુનિટ 9	વહેંચણીનો સિદ્ધાંત

: રૂપરેખા :

9.1 પ્રસ્તાવના

9.2 વહેંચણીનો અર્થ

9.2.1 વ્યક્તિદીઠ આવકની વહેંચણી

9.2.2 સાધનદીઠ આવકની વહેંચણી

9.3 વસ્તુઓનું મૂલ્યનિર્ધારણ અને સાધનોનું મૂલ્યનિર્ધારણ

9.4 વસ્તુ અને સાધનો વચ્ચે તફાવત

9.5 સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત

9.6 વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત

9.7 વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની ધારણાઓ

9.8 વહેંચણીનાં સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની સમજૂતી

9.9 સીમાંત ભૌતિક ઉત્પાદનનો અર્થ

9.10 સીમાંત ભૌતિક ઉત્પાદકતા

9.11 વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની મર્યાદાઓ

9.12 ઉત્પાદનના સાધનોનું ભાવ નિર્ધારણ

9.13 સારાંશ

9.14 ચાવીરૂપ શબ્દો

સ્વાધ્યાય

9.1 પ્રસ્તાવના :

કોઈપણ રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે આર્થિક નીતિઓના ઘડતર પહેલા રાષ્ટ્રીય આવક તથા આવકની વહેંચણીનો અભ્યાસ કરવો અત્યંત આવશ્યક છે. આર્થિક નિર્ણયોમાં જેટલું મહત્ત્વ રાષ્ટ્રીય આવકનું છે તેટલું જ મહત્ત્વ રાષ્ટ્રીય આવકની વહેંચણીનું પણ છે જ. રાષ્ટ્રીય આવકની વહેંચણીનો અભ્યાસ આવકની અસમાનતા, ગરીબી, સંપત્તિની અસમાનતા, બેરોજગારી, ફુગાવો જેવી આર્થિક સમસ્યાઓનો સામનો કરવા ખૂબ જ ઉપયોગી છે. રાષ્ટ્રીય આવક એટલે ઉત્પાદનના સાધનો જેવા કે જમીન, મૂડી, શ્રમ અને નિયોજકોને વળતર તરીકે મળતી આવકોનો સરવાળો. એટલે કે જમીનને વળતર તરીકે મળતુ કુલ ભાડું, શ્રમને વળતર તરીકે મળતું કુલ વેતન, મૂડીને વળતર તરીકે મળતું કુલ વ્યાજ તથા નિયોજકને મળતો કુલ નફાનો સરવાળો. ઉત્પાદનના આ સાધનો વચ્ચે રાષ્ટ્રીય આવકની વહેંચણી કઈ રીતે થાય છે. કયા ઉત્પાદનના સાધનને વળતર તરીકે કેટલો બદલો મળે છે. સાધનોનું મૂલ્ય શેના આધારે નક્કી થાય છે તે બાબતોનો અભ્યાસ અર્થશાસ્ત્રના અભ્યાસમાં ખૂબ જ ઉપયોગી છે.

9.2 વહેંચણીનો અર્થ :

રાષ્ટ્રીય આવકની વહેંચણી બે રીતે કરવામાં આવે છે : (1) વ્યક્તિદીઠ આવકની વહેંચણી અને (2) સાધન દીઠ આવકની વહેંચણી.

1. વ્યક્તિદીઠ આવકની વહેંચણી :

આ પદ્ધતિમાં કુલ રાષ્ટ્રીય આવકની સમાજના જુદા જુદા લોકોમાં વહેંચણી કઈ રીતે થઈ છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. એટલે કે કઈ વ્યક્તિની આવક કેટલી થઈ છે. વ્યક્તિદીઠ આવકની ગણતરી કરતી વખતે એ બાબત ખાસ ધ્યાન રાખવી જોઈએ કે કોઈ એક વ્યક્તિને એકથી વધુ પ્રકારની આવક પણ મળતી હોય છે. દા.ત., નોકરી કરનાર વ્યક્તિને પગારની આવક મળતી હોય તે સાથે તેને પોતાની કોઈ મિલકતના ભાડાના તથા વ્યાજ કે ડિવિડન્ડની આવક પણ મળતી હોય તેવું બને. આથી વ્યક્તિની કુલ આવકો ધ્યાનમાં લેવી જોઈએ. સમાજમાં આવકની અસમાનતા તથા સંપત્તિની અસમાનતા જાણવા માટે તથા આ અસમાનતા ઘટાડવા માટે આ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે.

2. સાધનદીઠ આવકની વહેંચણી :

રાષ્ટ્રીય આવકની વહેંચણીની આ પદ્ધતિમાં રાષ્ટ્રની આવકની ઉત્પાદનના ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજન વચ્ચે અનુક્રમે ભાડું, વ્યાજ, વેતન અને નફા સ્વરૂપે કઈ રીતે વહેંચણી કરવામાં આવી છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. જમીન પર મળેલ ભાડાની આવકમાં જમીન પર મળતી રોયલ્ટીની આવક પણ ઉમેરવી જોઈએ. શ્રમના સાધનને વેતન સ્વરૂપે મળતુ રોકડ વેતન ઉપરાંત અન્ય પ્રકારે મળતી સવલતોને પણ ધ્યાનમાં લેવું જોઈએ. સાધનદીઠ આવકની વહેંચણી સરકારને “GDP” અને “GNP”ની ગણતરીમાં ઉપયોગી છે. તદ્ઉપરાંત સાધનદીઠ વહેંચણી આવકની અસમાનતા, સંપત્તિની અસમાનતા, શ્રમિકોની ઉત્પાદકતા, મૂડી રોકાણ વગેરે બાબતોના અભ્યાસમાં પણ ખૂબ જ ઉપયોગી છે.

9.3 વસ્તુઓનું મૂલ્યનિર્ધારણ અને સાધનોનું મૂલ્યનિર્ધારણ :

સામાન્ય સિદ્ધાંત મુજબ વસ્તુઓનું મૂલ્યનિર્ધારણ વસ્તુની માંગ અને પુરવઠાના પરિબળો દ્વારા થાય છે. કોઈપણ વસ્તુની માંગ તેના પુરવઠા કરતાં વધુ હોય ત્યારે વસ્તુની બજારમાં અછત ઉદ્ભવે છે. જેને કારણે વસ્તુનું મૂલ્ય વધે છે એથી ઉલ્ટું જો વસ્તુની માંગ કરતા વસ્તુનો પુરવઠો વધુ હોય તો બજારમાં વસ્તુની છત ઉદભવે છે જેને કારણે વસ્તુનુ મૂલ્ય ઘટે છે. આમ, વસ્તુઓનું મૂલ્ય નિર્ધારણ બજાર દ્વારા વસ્તુના માંગ અને પુરવઠાના પરિબળ દ્વારા નક્કી થાય છે.

સાધનોના મૂલ્ય નિર્ધારણ અંગે બે જુદા જુદા મત પ્રવર્તે છે. કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે જેમ વસ્તુઓનું મૂલ્યનિર્ધારણ વસ્તુઓના માંગ અને પુરવઠાને આધારે થાય છે તે જ રીતે સાધનોનું મૂલ્ય નિર્ધારણ પણ સાધનોની માંગ અને પુરવઠાને આધારે જ થવું જોઈએ. પરંતુ અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓનો મત એવો છે કે વસ્તુ અને સાધનો વચ્ચે અનેક તફાવતો હોવાથી સાધનોના મૂલ્ય નિર્ધારણ માટે અલગ સિદ્ધાંત આવશ્યક છે.

9.4 વસ્તુ અને સાધનો વચ્ચે તફાવત :

1. **માંગ :** વસ્તુની માંગ પ્રત્યક્ષ છે જ્યારે સાધનની માંગ પરોક્ષ છે.
2. **માંગનો આધાર :** વસ્તુની માંગનો આધાર તૃષ્ટિગુણ ઉપર છે. જ્યારે સાધનની માંગનો આધાર સાધનની ઉત્પાદકતા પર છે.

3. **પુરવઠાની પરિવર્તનશીલતા :** વસ્તુઓનો પુરવઠો વધુ પરિવર્તનશીલ હોય છે જ્યારે સાધનોનો પુરવઠો પ્રમાણમાં ઓછો પરિવર્તનશીલ હોય છે.

4. **ઉત્પાદન ખર્ચ :** વસ્તુનું ઉત્પાદન ખર્ચ જાણવું સરળ છે, જ્યારે સાધનનું ઉત્પાદન ખર્ચ જાણવું મુશ્કેલ છે.

5. **પુરવઠાનું મહત્ત્વ :** વસ્તુના મૂલ્ય નિર્ધારણમાં વસ્તુનો માંગ અને પુરવઠો બન્ને મહત્ત્વના છે જ્યારે સાધનના મૂલ્ય નિર્ધારણમાં પુરવઠાનું પરિબળ ઓછું મહત્ત્વ ધરાવે છે.

9.5 સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત :

રાષ્ટ્રીય આવકની વહેંચણીની બે રીતો છે : (1) વ્યકિતદીઠ અને (2) સાધનદીઠ. કુલ રાષ્ટ્રીય આવકની, ઉત્પાદનના ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજક વચ્ચે જે રીતે વહેંચણી કરવામાં આવે છે. તેને સાધનદીઠ આવકની વહેંચણી કહેવામાં આવે છે. સાધનદીઠ આવકની વહેંચણીનો અભ્યાસ અર્થતંત્રની સમસ્યાઓના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી છે. સાધનદીઠ આવકની વહેંચણીનો ખ્યાલ સમજવા માટે જુદા-જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત રજૂ કરવામાં આવ્યો છે. આ સિદ્ધાંતના ઘડતરમાં નીચે જણાવેલ અર્થશાસ્ત્રીઓનો ફાળો ઘણો જ મહત્ત્વનો રહ્યો છે.

પ્રો.રીકાર્ડો, શ્રીમતી જોન રોબિન્સન, પ્રો. કાર્લ માર્ક્સ, કાલેકી તથા કાલ્ડોર.

9.6 વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત :

''પૂર્ણ હરીફાઈમાં ઉત્પાદનના દરેક સાધનને તેમની સીમાંત ઉત્પાદકતા જેટલો બદલો લાંબા ગાળે મળે છે.'' એટલે કે જે સાધનની સીમાંત ઉત્પાદકતા વધુ હોય તેને વધુ વળતર અને જે સાધનની સીમાંત ઉત્પાદકતા ઓછી હોય તે સાધનને ઓછું વળતર મળતું હોય છે. સમયના ટૂંકાગાળા દરમિયાન ઉત્પાદનના સાધનની કિંમત અને સાધનની સીમાંત ઉત્પાદકતા વચ્ચે તફાવત હોઈ શકે છે. એટલે કે ઓછી સીમાંત ઉત્પાદકતા હોવા છતાં વધુ વળતર મળી શકે છે તથા સમયના ટૂંકાગાળા દરમિયાન સીમાંત ઉત્પાદકતા વધુ હોવા છતાં સાધનની કિંમત ઓછી હોય તેવુ બને પરંતુ સમયના લાંબા ગાળામાં ઉત્પાદનના દરેક સાધનને તેની સીમાંત ઉત્પાદકતા જેટલો જ બદલો (વળતર) મળતો હોય છે.

વહેંચણીના સીમાંત ઉત્પાકતાના સિદ્ધાંત મુજબ પૂર્ણ હરીફાઈવાળા બજારમાં સમયના લાંબાગાળામાં જમીનને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું જ ભાડું, મૂડીને તેની સીમાંત ઉત્પાદકતા જેટલા પ્રમાણમાં વ્યાજ, શ્રમિકને તેની સીમાંત ઉત્પાદકતા જેટલુ વેતન અને નિયોજક ને તેની સીમાંત ઉત્પાદકતા જેટલો નફો મળતો હોય છે.

9.7 વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની ધારણાઓ :

વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત નીચે જણાવેલ ધારણાઓ ઉપર આધારિત છે.

1. **સીમાંત ઉત્પાદકતા માપી શકાય છે :** આ સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે ઉત્પાદનના અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખી, કોઈ એક સાધનના પ્રમાણમાં ફેરફાર કરી તે સાધનની સીમાંત ઉત્પાદકતા માપી શકાય છે.

2. **પૂર્ણ હરીફાઈ :** આ સિદ્ધાંત મુજબ વસ્તુના બજારમાં અને ઉત્પાદનના સાધનના બજારમાં પૂર્ણ હરિફાઈ પ્રવર્તે છે.

3. **પૂર્ણ રોજગારી :** આ ધારણા મુજબ અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી છે એટલે કે ઉત્પાદનનું

કોઈ પણ સાધન બેરોજગાર કે ફાજલ નથી એટલે કે ઉત્પાદનના દરેક સાધનને વર્તમાન કિંમતે રોજગારી મળી રહે છે.

4. **મહત્તમ નફાનો હેતુ :** આ ધારણા મુજબ નિયોજક એટલે કે ઉત્પાદકનો મુખ્ય હેતુ મહત્તમ નફો કરવામાં છે. એટલે કે પ્રત્યેક ધંધાકીય એકમ પડતરને ન્યૂનતમ કરી મહત્તમ ઉત્પાદન કરી મહત્તમ નફો કમાવવા માંગે છે.

5. **ઉત્પાદનના સાધનો સંપૂર્ણ ગતિશીલ છે :** આ ધારણા મુજબ ઉત્પાદનના સાધનો વિસ્તાર અને વ્યવસાયની દૃષ્ટિએ સંપૂર્ણ ગતિશીલ છે એટલે કે એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં તથા એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં જવા માટે સંપૂર્ણ ગતિશીલ છે.

6. **ઉત્પાદનના સાધનો વિભાજ્ય છે :** આ ધારણા મુજબ ઉત્પાદનના સાધનો, અવિભાજ્ય નથી એટલે કે તેમનું નાના-નાના એકમોમાં વિભાજન કરી શકાય છે.

7. **સ્થિર ઉત્પાદન પદ્ધતિ :** આ સિદ્ધાંતની રચનામાં એવી ધારણા કરવામાં આવી છે કે ઉત્પાદનની પદ્ધતિ બદલાતી નથી એટલે કે સ્થિર જ રહે છે.

૮. **ઉત્પાદનના સાધનો સમાનગુણી છે :** આ ધારણા મુજબ ઉત્પાદનના સાધનોના બધા જ એકમો સમાનગુણી છે એટલે કે સાધનના બધા જ એકમોની કાર્યક્ષમતા એકસમાન છે.

9. **ગ્રાહકોની પસંદગી સ્થિર છે :** ઉત્પાદનના સાધનો દ્વારા ઉત્પાદિત વસ્તુઓ પ્રત્યે લોકો (ગ્રાહકો)ની પસંદગી બદલાતી નથી. એટલે કે સ્થિર જ રહે છે.

10. **અમુક બિંદુ પછી ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે :** ઉત્પાદનના અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખી માત્ર કોઈ એક સાધનનું પ્રમાણ વધારવામાં આવે તો અમુક ચોક્કસ બિંદુ પછી ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે.

9.8 વહેંચણીનાં સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની સમજૂતી :

ધારો કે ઉત્પાદનના અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખી માત્ર કોઈ એક સાધન જેમ કે શ્રમના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવે તો સીમાંત ઉત્પાદકતા નીચે મુજબ જોવા મળે છે :

ઉત્પાદનના અન્ય સાધનો સ્થિર રાખી માત્ર શ્રમના એકમો વધારવામાં આવે તો વસ્તુ ''એ''નું કુલ ઉત્પાદન, વસ્તુ ''એ''નું સીમાંત ઉત્પાદન તથા વસ્તુ ''એ''ની સીમાંત ઉત્પાદકતા અંગેની માહિતી નીચે જણાવેલ કોષ્ટક રૂપે રજૂ કરી શકાય.

ઉત્પાદનના અન્ય સાધનો	શ્રમના એકમો	કુલ ઉત્પાદન વસ્તુ ''A'' નું	સીમાંત ભૌતિક ઉત્પાદન	વસ્તુ ''A''નું મૂલ્ય ( ) માં	સીમાંત ઉત્પાદકતા	વેતનદર
50	10	80	-	-	-	100
50	11	90	10	10	100	100
50	12	102	12	10	120	100
50	13	118	16	10	160	100
50	14	132	14	10	140	100
50	15	144	12	10	120	100
50	16	154	10	10	100	100
50	17	162	8	10	80	100
50	18	168	6	10	60	100

ઉપરોક્ત કોષ્ટક મુજબ જ્યારે 10 શ્રમિકો હતા ત્યારે કુલ ઉત્પાદન 80 વસ્તુઓનું થતુ હતુ જ્યારે 11 શ્રમિકો થયા ત્યારે કુલ ઉત્પાદન વધીને 90 એકમ થયું. આમ 11માં શ્રમિકની સીમાંત ઉત્પાદનની ગણતરી (90 વસ્તુ - 80 વસ્તુ)=10 એકમ. એ જ રીતે શ્રમના દરેક એકમની સીમાંત ભૌતિક ઉત્પાદનની ગણતરી કરી શકાય છે.

9.9 સીમાંત ભૌતિક ઉત્પાદનનો અર્થ :

ઉત્પાદનના અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખી માત્ર કોઈ એક સાધનનાં પ્રમાણમાં વધઘટ કરવામાં આવે તો કુલ ઉત્પાદનમાં થતી વધઘટને તે સાધનનું સીમાંત ઉત્પાદન કહેવામાં આવે છે. દા.ત., ઉપરના કોષ્ટકમાં 12 શ્રમિકો દ્વારા થતું કુલ ઉત્પાદન 102 એકમોનું છે જ્યારે 13 શ્રમિકો દ્વારા થતુ ''એ'' વસ્તુનું કુલ ઉત્પાદન 118 એકમોનું છે. આથી,

૧૩માં શ્રમિકનું સીમાંત ઉત્પાદન = ૧૩ શ્રમિકોનું કુલ ઉત્પાદન − ૧૨ શ્રમિકોનું કુલ ઉત્પાદન

= ૧૧૮ એકમ − ૧૦૨ એકમ

= ૧૬ એકમ (વસ્તુ ''A")

9.10 સીમાંત ભૌતિક ઉત્પાદકતા :

સીમાંત ભૌતિક ઉત્પાદકતા શોધવા માટે ઉત્પાદનના સાધનનાં સીમાંત ભૌતિક ઉત્પાદનને ઉત્પાદિત વસ્તુની બજારકિંમત અથવા વસ્તુની વેચાણકિંમત વડે ગુણી કાઢવામાં આવે છે. આમ, સીમાંત ભૌતિક ઉત્પાદકતા = સીમાંત ઉત્પાદન X વસ્તુની કિંમત

દા.ત., ઉપરના કોષ્ટકમાં 15માં શ્રમિકનું સીમાંત ઉત્પાદન "12" વસ્તુઓનું છે અને વસ્તુ ''એ'' વેચાણકિંમત ₹10 છે, આથી,

૧૫માં શ્રમિકની સીમાંત ભૌતિક ઉત્પાદકતા = ૧૫માં શ્રમિકનું સીમાંત ભૌતિક ઉત્પાદન X (વસ્તુ ''A")નું બજારમૂલ્ય

= ૧૨ વસ્તુઓ X ૧૦₹

= ૧૨૦₹

ઉપરના કોષ્ટકમાં એ સ્પષ્ટ જોઈ શકાય છે કે શ્રમના 13 એકમો સુધી વધતી પેદાશનો નિયમ કામ કરે છે અને શ્રમના 13માં એકમ પછી ઘટતી પેદાશનો નિયમ કામ કરે છે.

કોઈપણ ઉત્પાદક કે નિયોજક શ્રમિકને કેટલું વળતર ચૂકવશે તેનો આધાર જે તે શ્રમિકની સીમાંત ઉત્પાદકતા ઉપર છે. શ્રમિકને ચૂકવાતું વેતન અને જે-તે શ્રમિકની સીમાંત ઉત્પાદકતા સરખા થાય ત્યારે નિયોજક સમતુલા મેળવતો હોય છે એટલે કે જ્યાં સુધી શ્રમિકની સીમાંત ઉત્પાદકતા અને શ્રમિકને ચૂકવાતુ વેતન સમાન ન થાય ત્યાં સુધી નિયોજક શ્રમિકોના પ્રમાણમાં ફેરફાર કરતો જ રહે છે.

ઉપરના કોષ્ટકમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે 11માં શ્રમિકે તેમજ 16માં શ્રમિકે બન્ને સમયે સીમાંત ઉત્પાદકતા અને શ્રમિકને ચૂકવાતું વળતર બન્ને સમાન થાય છે પરંતુ નિયોજક 11માં શ્રમિકે સમતુલા પ્રાપ્ત કરશે નહી કારણ કે 11માં શ્રમિકે વધતી પેદાશનો નિયમ કામ કરે છે જ્યારે 16માં શ્રમિકે સીમાંત ઉત્પાદકતા અને શ્રમિકનું વેતન બન્ને સરખા છે તેમજ તે સમયે ઘટતી પેદાશનો નિયમ કામ કરે છે. આથી નિયોજક 16માં શ્રમિકે સમતુલા મેળવશે.

નિયોજક દ્વારા 16થી વધુ શ્રમિકો રોકવામાં આવશે નહી કારણ કે 16 થી વધુ શ્રમિકો રોકવાથી નિયોજકને નુકસાન થશે. દા.ત. 17માં શ્રમિકની સીમાંત ઉત્પાદકતા ₹80 છે જ્યારે તેને ચૂકવાતું વેતન ₹100 છે. એટલે કે 17માં શ્રમિકને કારણે નિયોજકને આવક ₹80 થશે અને તેનો ખર્ચ ₹100 થશે એટલે કે તેને ₹20નું નુકસાન થશે. આથી નિયોજક 16થી વધુ શ્રમિકો રાખશે નહિ.

આમ, નિયોજકની સમતુલા માટેની શરતો :

- સીમાંત ઉત્પાદકતા = વેતન થાય
- ઘટતી પેદાશનો નિયમ કામ કરતો હોય.

આકૃતિ 1



ઉપરોક્ત આકૃતિ મુજબ નિયોજક દ્વારા "OM" જેટલા શ્રમિકો રોકવામાં આવશે. કારણ કે "P" બિંદુએ "OM" જેટલા શ્રમિકોએ સીમાંત ઉત્પાદકતા અને વેતન સરખા છે એટલે કે સીમાંત ઉત્પાદકતા = વેતન છે. તથા સીમાંત ઉત્પાદકતા તે સમયે ઘટી રહી છે. આથી "OM" જેટલા શ્રમિકોએ નિયોજક સમતુલા મેળવશે.

ઉત્પાદનના ચારેય સાધનો વચ્ચે રાષ્ટ્રીય આવકની વહેંચણીને આ સિદ્ધાંત દ્વારા નીચે મુજબનાં સૂત્ર પ્રમાણે રજૂ કરી શકાય છે.

G.N.P.	=	જમીનનું પ્રમાણ	x	જમીનની સીમાંત ઉત્પાદકતા
(કાચી રાષ્ટ્રીય પેદાશ)		+ શ્રમનું પ્રમાણ	x	શ્રમની સીમાંત ઉત્પાદકતા
		+ મૂડીનું પ્રમાણ	x	મૂડીની સીમાંત ઉત્પાદકતા
		+ યોજકનું પ્રમાણ	x	યોજકની સીમાંત ઉત્પાદકતા

9.11 વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની મર્યાદાઓ :

વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત આર્થિક બાબતોના અભ્યાસમાં અતિ મહત્વનો હોવા છતાં આ સિદ્ધાંતની ધારણાઓ અને તેની રચનામાં અનેક મર્યાદાઓ રહેલી છે. આ સિદ્ધાંતની મહત્ત્વની મર્યાદાઓ નીચે મુજબ છે.

1. **પૂર્ણ હરિફાઈની અવાસ્તવિક ધારણા :** આ સિદ્ધાંત મુજબ વસ્તુ બજારમાં અને સાધન બજારમાં બન્ને બજારમાં પૂર્ણ હરિફાઈ પ્રવર્તે છે. પરંતુ વર્તમાન સમયમાં વાસ્તવમાં વસ્તુ બજાર કે સાધન બજારમાં ક્યાંય પૂર્ણ હરિફાઈ જોવા મળતી નથી.

2. **પૂર્ણ રોજગારીની અવાસ્તવિક ધારણા :** આ સિદ્ધાંત મુજબ એવી ધારણા કરવામાં આવી છે કે દેશમાં પૂર્ણ રોજગારી સ્થિતિ પ્રવર્તે છે પરંતુ હકીકતમાં દુનિયાના કોઈ પણ દેશમાં 100% પૂર્ણ રોજગારી જોવા મળતી નથી આથી આ ધારણા અવાસ્તવિક છે.

3. **સીમાંત ઉત્પાદકતા માપવી મુશ્કેલ :** આ સિદ્ધાંત મુજબ ઉત્પાદનના સાધનોની સીમાંત ઉત્પાદકતા માપી શકાય છે પરંતુ વર્તમાન સમયના મોટા પાયાના ઉદ્યોગોમાં કોઈ એક એકમની સીમાંત ઉત્પાદતા માપવી ઘણી જ મુશ્કેલ છે. કારણકે ખૂબ જ મોટા કદના ઉદ્યોગોમાં એક એકમની વધઘટ કરવાથી કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર થતો નથી. દા.ત., કોઈ ઉદ્યોગમાં 2000 કામદારો હોય તો તેમાં 1 કામદાર વધારતા 2001 કામદારોથી કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર થતો નથી.

4. **ઉત્પાદનના સાધનોની સંપૂર્ણ ગતિશીલતાની અયોગ્ય ધારણા :** આ સિદ્ધાંત મુજબ ઉત્પાદનના સાધનો વિસ્તાર અને વ્યવસાયની દૃષ્ટિએ સંપૂર્ણ ગતિશીલ છે પરંતુ ટેકનિકલ કારણોને લીધે વ્યવસાયિક ગતિશીલતા અને આર્થિક, સાંસ્કૃતિક, પારિવારીક તથા રાજકીય કારણોને લીધે વિસ્તારની ગતિશીલતા સંપૂર્ણપણે જોવા મળતી નથી.

5. **ઘટતી પેદાશની અવાસ્તવિક ધારણા :** આધુનિક સમયમાં વૈજ્ઞાનિક સંશોધનો અને ટેક્નોલોજીકલ સંશોધનોને કારણે ઘટતી પેદાશને અટકાવી શકાય છે. આથી ઘટતી પેદાશની ધારણા અવાસ્તવિક છે.

6. **મહત્તમ નફાની ધારણા :** આ સિદ્ધાંત મુજબ નિયોજકનો મુખ્ય ઉદ્દેશ મહત્તમ નફાનો જ છે. પરંતુ વાસ્તવમાં નિયોજક સાધન સંયોજન નક્કી કરતી વખતે માત્ર નફાને જ નહીં પરંતુ સલામતીને પણ ધ્યાનમાં રાખે છે તેની અવગણના કરવામાં આવી છે.

7. **સીમાંત ઉત્પાદકતા અને વેતન વચ્ચેના સંબંધની ધારણા :** આ સિદ્ધાંત મુજબ સીમાંત ઉત્પાદકતાને આધારે વેતન નક્કી થાય છે એટલે કે સીમાંત ઉત્પાદકતા નિરપેક્ષ પરિબળ છે અને વેતન સાપેક્ષ પરિબળ છે અને બન્ને વચ્ચે કાર્યકારણનો સંબંધ છે. પરંતુ ઘણીવાર વેતનના વધારાને કારણે તે વધુ પોષણયુક્ત આહાર તથા તાલીમ મેળવતા તેની સીમાંત ઉત્પાદકતા વધે છે. આમ, સીમાંત ઉત્પાદકતા અને વેતન બન્ને પરસ્પર એકબીજા ઉપર આધારિત છે.

8. **વાસ્તવિક પરિબળો ધ્યાનમાં લેવાયા નથી :** આ સિદ્ધાંતમાં ઉત્પાદનના સાધનોનાં મૂલ્ય નિર્ધારણમાં સાધનની સીમાંત ઉત્પાદકતાને જ મહત્ત્વ આપવામાં આવ્યુ છે પરંતુ સાધનની કિંમત નક્કી કરવામાં તેના ઉપરાંત સામાજિક પરિબળો, રાજકીય પરિબળો, લઘુત્તમ વેતનનો કાયદો, સામૂહિક સોદાશક્તિ જેવા પરિબળો પણ

મહત્તવનો ભાગ ભજવતા હોય છે. પરંતુ આવા પરિબળોની અવગણના કરવામાં આવેલ છે.

9. **ઉત્પાદનના સાધનોની માંગનો આધાર :** આ સિદ્ધાંત મુજબ ઉત્પાદનના સાધનોની માંગનો આધાર જે-તે સાધનોની સીમાંત ઉત્પાદકતા પર છે પરંતુ વાસ્તવમાં સાધનોની માંગનો આધાર તેમની સીમાંત ઉત્પાદકતા પર નહીં પરંતુ વસ્તુ બજારમાં વસ્તુઓની અસરકારક માંગ પર છે.

10. **ઉત્પાદનના સાધનો સમાનગુણી નથી :** આ સિદ્ધાંતમાં એવી ધારણા કરવામાં આવી છે કે ઉત્પાદનના સાધનોના તમામ એકમો સમાનગુણી છે એટલે કે બધા જ એકમોની કાર્યક્ષમતા એકસમાન છે પરંતુ વાસ્તવમાં એ શક્ય નથી કારણ કે બધા જ શ્રમિકો, બધી જ જમીન કે બધા જ નિયોજકોની કાર્યક્ષમતા એકસરખી જ હશે તે અશક્ય બાબત છે.

11. **ઉત્પાદનના સાધનો વિભાજ્ય નથી :** આ સિદ્ધાંત મુજબ ઉત્પાદનના સાધનો વિભાજ્ય છે, પરંતુ હકીકતમાં ઉત્પાદનના સાધનો અમુક હદ સુધી જ વિભાજ્ય હોય છે આથી આ ધારણા અયોગ્ય છે.

12. **એકપક્ષીય અને અપૂર્ણ સિદ્ધાંત છે :** આ સિદ્ધાંતની એક અગત્યની મર્યાદા એ છે કે આ સિદ્ધાંત ઉત્પાદનના સાધનોની માંગનો વિચાર કરે છે પરંતુ આ સિદ્ધાંત ઉત્પાદનના સાધનોના પૂરવઠ્ઠાની અવગણના કરે છે. આથી કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે આ સિદ્ધાંત એકપક્ષીય અને અપૂર્ણ છે.

13. **સાધનોના મૂલ્યનિર્ધારણની સમજૂતી નથી :** આ સિદ્ધાંતની રચનામાં સાધનોનું મૂલ્ય અગાઉથી જ આપી દીધેલ છે જેમ કે આપણા ઉદાહરણમાં સાધનોનું મૂલ્ય (વેતન દર) અગાઉથી જ ₹100 આપી દીધેલ છે પરંતુ તે કઈ રીતે નક્કી થયુ છે તેની સમજૂતી આપવામાં આવી નથી.

9.12 ઉત્પાદનના સાધનોનું ભાવ નિર્ધારણ :

જેમ વસ્તુની કિંમત તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે તે જ રીતે આ સિદ્ધાંત મુજબ ઉત્પાદનના સાધનોનું મૂલ્ય નિર્ધારણ સાધનોની સીમાંત ઉત્પાદકતાને આધારે થતું હોય છે. પૂર્ણ હરિફાઈવાળા બજારમાં જો સાધનની કિંમત તેની સીમાંત ઉત્પાદકતા કરતાં વધુ હોય તો સમયના લાંબે ગાળે સાધનની કિંમત ઘટવાનું વલણ ધરાવશે. એ જ રીતે જો સાધનની કિંમત તેની સીમાંત ઉત્પાદકતા કરતા ઓછી હશે તો સમયના લાંબા ગાળામાં સાધનની કિંમત વધવાનું વલણ ધરાવશે. ટૂંકમાં લાંબા ગાળે સાધનની કિંમત અને સાધનની સીમાંત ઉત્પાદકતા બન્ને સરખા થશે.

આ સિદ્ધાંત પ્રમાણે સમયના લાંબાગાળામાં શ્રમિકને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વેતન, જમીનને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું ભાડું, મૂડીને તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વ્યાજ તથા નિયોજકને તેની સીમાંત ઉત્પાદકતા જેટલો નફો મળતો હોય છે. એટલે કે જે સાધનની સીમાંત ઉત્પાદકતા વધુ હોય તેને વધુ વળતર અને જે સાધનની સીમાંત ઉત્પાદકતા ઓછી હોય તેને ઓછુ વળતર મળતું હોય છે.

9.13 સારાંશ

1. વહેંચણી એટલે શું સમજાવો.

રાષ્ટ્રીય આવકની વહેંચણીનો ખ્યાલ બે રીતે સમજાવવામાં આવેલ છે. (1) વ્યક્તિદીઠ

આવકની વહેંચણી એટલે કે કુલ રાષ્ટ્રીય આવકની સમાજના જુદા જુદા લોકોમાં કઈ રીતે વહેંચણી થયેલ છે તે અને (2) સાધનદીઠ આવકની વહેંચણી એટલે રાષ્ટ્રની કુલ આવકની વહેંચણી ઉત્પાદનના ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને ભોજન વચ્ચે કઈ રીતે થઈ છે તેની સમજૂતી.

2. વસ્તુઓનું મૂલ્યનિર્ધારણ અને સાધનોનું મૂલ્યનિર્ધારણ :

વસ્તુઓનું મૂલ્યનિર્ધારણ વસ્તુઓની બજારમાં માંગ અને વસ્તુઓના બજારમાં પુરવઠાને આધારે થતું હોય છે. જ્યારે ઉત્પાદનનાં સાધનોનું મૂલ્યનિર્ધારણ માંગ અને પુરવઠાના પરિબળને આધારે નહિ પરંતુ સાધનોની સીમાંત ઉત્પાદકતાને આધારે થતું હોય છે. વસ્તુઓમાં માંગ પુરવઠાથી વધુ હોય તો વસ્તુઓનું મૂલ્ય વધે છે અને જો માંગ તેના પુરવઠા કરતાં ઓછી હોય તો વસ્તુઓનું મૂલ્ય ઘટે છે. જ્યારે સાધનોની સીમાંત ઉત્પાદકતા વધુ હોય તો સાધનોનું મૂલ્ય વધે છે અને જો સાધનોની સીમાંત ઉત્પાદકતા ઓછી હોય તો સાધનોનું મૂલ્ય ઘટતું હોય છે.

3. વસ્તુઓના મૂલ્યનિર્ધારણ અને સાધનોના મૂલ્યનિર્ધારણ માટે અલગ સિદ્ધાંતની આવશ્યકતાના કારણો :

''વસ્તુ''	''સાધન''
1. તેની માંગ પ્રત્યક્ષ છે.	1. તેની માંગ પરોક્ષ છે.
2. તેની માંગનો આધાર તૃષ્ટિગુણ ઉપર છે.	2. તેની માંગનો આધાર સાધનની ઉત્પાદકતા પર છે.
3. તેનો પુરવઠો વધુ પરિવર્તનશીલ છે.	3. તેનો પુરવઠો ઓછો પરિવર્તનશીલ છે.
4. તેનો ઉત્પાદનખર્ચ જાણવો સરળ છે.	4. તેનો ઉત્પાદન ખર્ચ જાણવો મુશ્કેલ છે.
5. તેમાં માંગ અને પુરવઠો બન્ને પરિબળ મહત્ત્વના છે.	5. તેમાં પુરવઠાનું પરિબળ ઓછા મહત્ત્વનું છે.

4. વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત :

''પૂર્ણ હરિફાઈમાં ઉત્પાદનના દરેક સાધનને તેની સીમાંત ઉત્પાદકતા જેટલો બદલો લાંબાગાળે મળે છે. એટલે કે જે સાધનની સીમાંત ઉત્પાદકતા વધુ હોય તેને વધુ બદલો અને જે સાધનની સીમાંત ઉત્પાદકતા ઓછી હોય તેને ઓછો બદલો મળે છે.''

સમયના ટૂંકાગાળામાં સીમાંત ઉત્પાદકતા અને સાધનના મૂલ્ય વચ્ચે તફાવત હોય તેવું બને પરંતુ લાંબે ગાળે દરેક સાધનનું મૂલ્ય તેની સીમાંત ઉત્પાદકતા જેટલું જ થાય છે.

5. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની ધારણાઓ :

વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત નીચે જણાવેલ ધારણાઓ પર આધારિત છે. (1) સીમાંત ઉત્પાદકાત માપી શકાય છે. (2) વસ્તુ અને સાધન બજારમાં પૂર્ણ હરિફાઈ પ્રવર્તે છે. (3) અર્થતંત્રમાં પૂર્ણ રોજગારીની સ્થિતિ છે. (4) ઉત્પાદકનો મુખ્ય હેતુ મહત્તમ નફાનો છે. (5) ઉત્પાદનના સાધનો સંપૂર્ણ ગતિશીલ છે. (6) ઉત્પાદનના સાધનો વિભાજ્ય છે. (7) ઉત્પાદનની પદ્ધતિ સ્થિર રહે છે. (8) ઉત્પાદનના સાધનો સમાનગુણી છે. (9) ગ્રાહકોની પસંદગી સ્થિર રહે છે. (10) અમુક બિંદુ પછી ઘટતી પેદાશનો નિયમ લાગુ પડે છે.

6. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની મર્યાદાઓ :

વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતમાં નીચે જણાવેલ મર્યાદાઓ રહેલી છે. (1) પૂર્ણ હરિફાઈની અવાસ્તવિક ધારણા (2) પૂર્ણ રોજગારીની ધારણા અવાસ્તવિક છે. (3) સીમાંત ઉત્પાદકતા માપવી મુશ્કેલ છે. (4) ઉત્પાદનના સાધનોની સંપૂર્ણ ગતિશીલતાની અયોગ્ય ધારણા. (5) ઘટતી પેદાશના નિયમની ધારણા અવાસ્તવિક છે. (6) મહત્તમ નફાના હેતુની ધારણા અયોગ્ય છે. (7) સીમાંત ઉત્પાદકતા અને વેતન વચ્ચેના સંબંધની ધારણા અયોગ્ય. (8) સામાજિક અને રાજકીય પરિબળો, લઘુત્તમ વેતનનો કાયદો તથા સામૂહિક સોદા શક્તિ જેવા પરિબળોની અવગણના. (9) ઉત્પાદનના સાધનોની માંગનો આધાર અસરકારક માંગ પર હોય છે. (10) ઉત્પાદનના તમામ સાધનો સમાન ગુણી હોતા નથી. (11) ઉત્પાદનના સાધનો અમુક હદ સુધી જ વિભાજય હોય છે. (12) આ સિદ્ધાતં એકપક્ષીય અને અપૂર્ણ સિદ્ધાંત છે. (13) સાધનોનું મૂલ્ય નિર્ધારણ કઈ રીતે થાય છે તેની સમજૂતી નથી.

- **ચાવીરૂપ શબ્દો :**

1. **પૂર્ણ હરિફાઈ :** જે બજારમાં સમાનગુણી વસ્તુના ભાવ, વાહનવ્યવહાર ખર્ચને બાદ કરતા બધા જ ભાગોમાં સરખા હોય તે પૂર્ણ હરિફાઈવાળું બજાર છે.
2. **પૂર્ણ રોજગારી :** પૂર્ણ રોજગારી એ એવી સ્થિતિ છે જેમાં પ્રવર્તમાન દરે ઉત્પાદનના દરેક સાધનને કામ મળી રહે છે એટલે કે કોઈ પણ સાધન ફરજિયાત બેકારીની સ્થિતિમાં નથી. બજારમાં 100% રોજગારી પ્રાપ્ત છે.
3. **રાષ્ટ્રીય આવકની વ્યક્તિદીઠ વહેંચણી :** રાષ્ટ્રીય આવકની સમાજના જૂદા જૂદા લોકો વચ્ચે કરાતી વહેંચણીને વ્યક્તિદીઠ આવકની વહેંચણી કહે છે.
4. **સાધનદીઠ વહેંચણી :** રાષ્ટ્રીય આવકની ઉત્પાદનના ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજક વચ્ચે કરાતી વહેંચણીને સાધનદીઠ વહેંચણી કહેવામાં આવે છે.
5. **સીમાંત ભૌતિક ઉત્પાદન :** ઉત્પાદનના અન્ય સાધનોનું પ્રમાણ સ્થિર રાખી, કોઈ એક સાધનના પ્રમાણમાં ફેરફાર કરવાથી વસ્તુના કુલ ઉત્પાદનમાં થતા ફેરફારને તે સાધનનું સીમાંત ભૌતિક ઉત્પાદન કહે છે.
6. **સીમાંત ભૌતિક ઉત્પાદકતા :** ઉત્પાદનના સાધનનાં સીમાંત ભૌતિક ઉત્પાદનને જે તે વસ્તુની વેચાણ કિંમત (બજાર કિંમત) વડે ગુણવાથી સીમાંત ભૌતિક ઉત્પાદકતા પ્રાપ્ત કરી શકાય છે.
7. **સીમાંત આવક ઉત્પાદકતા :** ઉત્પાદનના સાધનમાં એક એકમનો ફેરફાર કરવાથી કુલ આવકમાં જે ફેરફાર થાય તેને સીમાંત આવક ઉત્પાદકતા તરીકે ઓળખવામાં આવે છે.
8. **ઘટતી પેદાશોનો નિયમ :** ઉત્પાદનના અન્ય સાધનો સ્થિર રાખી માત્ર કોઈ એક સાધનના પ્રમાણમાં વધારો કરવામાં આવે તો શરૂઆતમાં સીમાંત ભૌતિક ઉત્પાદન વધે છે પરંતુ અમુક બિંદુ પછી સીમાંત ભૌતિક ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે આને ઘટતી પેદાશનો નિયમ કહે છે.
9. **સાધનોની સંપૂર્ણ ગતિશીલતા :** સાધનોની સંપૂર્ણ ગતિશીલતા એટલે ઉત્પાદનના સાધનો વ્યવસાયિક અને ભૌગોલિક રીતે 100% ગતિશીલતા ધરાવે છે એટલે કે

ઉત્પાદનના સાધનો એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં અને એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે હંમેશા તત્પર હોય છે.

10. **મહત્તમ નફાનો ઉદ્દેશ :** દરેક નિયોજકનો ઉદ્દેશ મહત્તમ નફાનો છે. એટલે કે દરેક નિયોજક ઉત્પાદન ખર્ચ ન્યૂનતમ કરી વધુમાં વધુ નફો કમાવવા માંગે છે.

11. **સાધનોની વિભાજ્યતા :** સાધનોની વિભાજ્યતા એટલે કે કોઈ એક ઉત્પાદનના સાધનનો જુદા જુદા વ્યવસાય માટે ઉપયોગ કરવા માટે તેનું વિભાજન કરી શકાય છે.

12. **સ્થિર ઉત્પાદન પદ્ધતિ :** મુખ્યત્વે અર્થતંત્રમાં બે પ્રકારની ઉત્પાદન પદ્ધતિ જોવા મળે છે. (1) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અને (2) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ. સ્થિર ઉત્પાદન પદ્ધતિ એટલે કે નિયોજક દ્વારા વસ્તુના ઉત્પાદનની પદ્ધતિમાં કોઈપણ ફેરફાર કરવામાં આવતો નથી.

13. **સમાનગુણી સાધનો :** સમાનગુણી સાધનો એટલે કે ઉત્પાદનના સાધનના તમામ એકમો એકસરખી કાર્યક્ષમતા ધરાવે છે એટલે કે શ્રમના બધા જ એકમો એકસરખી કાર્યક્ષમતા ધરાવે છે. બધા જ શ્રમિકો એકસરખા, કુશળ, હોંશિયાર, અનુભવી અને નિષ્ણાંત છે.

: સ્વાધ્યાય :

- **વૈકલ્પિક પ્રશ્નો :**

નીચે આપેલ પ્રશ્નોના તેની નીચે આપેલ વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરીને લખો.

1. રાષ્ટ્રીય આવકની વહેંચણી કેટલી દૃષ્ટિએ કરાય છે?

   (અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

2. ઉત્પાદનના મુખ્ય સાધનોની સંખ્યા કેટલી છે?

   (અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) પાંચ

3. વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત કઈ આવકની વહેંચણી સમજાવે છે?

   (અ) વ્યક્તિ દીઠ (બ) સમાજ દીઠ (ક) સાધન દીઠ (ડ) વર્ગ દીઠ

4. નીચેનામાંથી કયા બજારમાં સીમાંત ભૌતિક ઉત્પાદકતા અને સીમાંત આવક ઉત્પાદકતા એક જ હોય છે?

   (અ) અપૂર્ણ હરિફાઈ (બ) પૂર્ણ હરિફાઈ (ક) ઈજારાયુક્ત હરિફાઈ (ડ) ઈજારો

5. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંત મુજબ સાધનને લાંબેગાળે કેવું વળતર મળે છે?

   (અ) સીમાંત ઉત્પાદકતા કરતાં વધુ (બ) સીમાંત ઉત્પાદકતા કરતાં ઓછું

   (ક) સરેરાશ ઉત્પાદકતા જેટલું (ડ) સીમાંત ઉત્પાદકતા જેટલું

6. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતમાં કઈ પેદાશનો નિયમ લાગુ પડે છે?

   (અ) વધતી પેદાશ (બ) ઘટતી પેદાશ (ક) સ્થિર પેદાશ (ડ) એકપણ નહીં

7. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતમાં નિયોજકનો મુખ્ય ઉદ્દેશ કયો છે?

   (અ) સમાજ સેવા (બ) મહત્તમ નફો (ક) સલામતી (ડ) પ્રતિષ્ઠા પ્રાપ્તિ

8. સીમાંત ભૌતિક ઉત્પાદકતા શોધવા માટે સીમાંત ભૌતિક ઉત્પાદનને શેના વડે ગુણવામાં આવે છે?

(અ) વસ્તુના એકમો (બ) વસ્તુની ખરીદકિંમત

(ક) વસ્તુની વેચાણ કિંમત (ડ) વસ્તુદીઠ નફા

9. ટૂંકાગાળામાં વસ્તુના કિંમત નિર્ધારણમાં કયું પરિબળ મહત્ત્વનું છે?

(અ) માંગ (બ) પુરવઠો

(ક) માંગ અને પુરવઠો બન્ને (ડ) માંગ અને પુરવઠા પૈકી એકપણ નહીં.

10. ટૂંકાગાળામાં સાધનના કિંમત નિર્ધારણમાં કયું પરિબળ વધુ મહત્ત્વનું છે?

(અ) માંગ (બ) પુરવઠો

(ક) માંગ અને પુરવઠો બન્ને (ડ) માંગ અને પુરવઠા પૈકી એકપણ નહીં.

11. લાંબાગાળામાં સાધનના કિંમત નિર્ધારણમાં કયું પરિબળ સૌથી વધુ મહત્ત્વનું છે?

(અ) સાધનની માંગ (બ) સાધનનો પુરવઠો

(ક) સાધનની સીમાંત ઉત્પાદકતા (ડ) એક પણ નહી.

12. ઉત્પાદનના સાધનોનો પુરવઠો કેવો હોય છે?

(અ) વધુ પરિવર્તનશીલ (બ) ઓછો પરિવર્તનશીલ

(ક) પરિવર્તનશીલ હોતો નથી (ડ) એક પણ નહી.

13. ઉત્પાદનના સાધનોની માંગ કેવી હોય છે?

(અ) પરોક્ષ (બ) પ્રત્યક્ષ (ક) પ્રત્યક્ષ અને પરોક્ષ (ડ) પરોક્ષ અથવા પ્રત્યક્ષ

14. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંત મુજબ નિયોજત ક્યારે સમતુલા મેળવે છે?

(અ) સીમાંત ઉત્પાદકતા વેતન કરતાં વધુ હોય ત્યારે

(બ) સીમાંત ઉત્પાદકતા વેતન કરતાં ઓછી હોય ત્યારે

(ક) સીમાંત ઉત્પાદકતા અને વેતન સરખા હોય ત્યારે

(ડ) ઉપરોક્ત એક પણ સ્થિતિમાં નહીં.

15. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની રચનામાં નીચે પૈકી કયા અર્થશાસ્ત્રીનો ફાળો મહત્ત્વનો નથી?

(અ) પ્રો.કેઈન્સ (બ) પ્રો. રીકાર્ડો (ક) પ્રો. કાર્લ માર્કસ (ડ) શ્રીમતી જોન રોબિન્સન

16. ઉત્પાદનના કયા સાધનમાં સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત લાગુ પાડવો મુશ્કેલ છે?

(અ) ભાડું (બ) વ્યાજ (ક) વેતન (ડ) નફો

: જવાબો :

1. (અ) 2. (ક) 3. (ક) 4. (બ)
5. (ક) 6. (બ) 7. (બ) 8. (ક)
9. (ક) 10. (અ) 11. (ક) 12. (બ)
13. (અ) 14. (ક) 15. (અ) 16. (ડ)

- **નીચેના પ્રશ્નોનાં જવાબ આપો.**

1. રાષ્ટ્રીય આવકની વહેંચણીનો અર્થ અને વહેંચણીના સિદ્ધાંતો સમજાવો.
2. વ્યક્તિદીઠ આવકની વહેંચણીનો ખ્યાલ સમજાવો.
3. સાધનદીઠ આવકની વહેંચણીનો ખ્યાલ સમજાવો.
4. વસ્તુઓનું મૂલ્ય નિર્ધારણ એટલે શું? તે કઈ રીતે થાય છે?
5. સાધનોના મૂલ્ય નિર્ધારણનો અર્થ અને આધાર જણાવો.
6. સાધનોના મૂલ્ય નિર્ધારણ માટે અલગ સિદ્ધાંત શાથી આવશ્યક છે?
7. વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત ચર્ચો.
8. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની ધારણાઓ સમજાવો.
9. વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત તેની મર્યાદાઓ સહિત ચર્ચા કરો.
10. વહેંચણીના સીમાંત ઉત્પાદકતાના સિદ્ધાંતની અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઉપયોગીતા સમજાવો.
11. G. N. P. (કાચી રાષ્ટ્રીય પેદાશ) કઈ રીતે શોધવામાં આવે છે તેનું સૂત્ર જણાવો.
12. વહેંચણીનો સીમાંત ઉત્પાદકતાનો સિદ્ધાંત બીજા કયા નામે ઓળખવામાં આવે છે? શા માટે?

- **References**

  - H. L. Ahuja Business Economics, S. Chand.
  - Mankiw : Principles of Economics.
  - KPM Sundaram : Micro Economics.

યુનિટ 10	વેતન

: રૂપરેખા :

10.0 પ્રસ્તાવના

10.1 વેતનનો અર્થ

10.2 વેતનનાં પ્રકારો

10.3 વેતનની વિભાવનાઓ

10.4 વિવિધ બજારમાં વેતન નિર્ધારણ

10.5 કામદાર મંડળની સફળતાનો આધાર

10.6 સારાંશ

10.7 ચાવીરૂપ શબ્દો

સ્વાધ્યાય

10.0 પ્રસ્તાવના :

અર્થશાસ્ત્રમાં ઉત્પાદનની પ્રક્રિયામાં ફાળો આપવા બદલ મજૂરને ચૂકવવામાં આવતી કિંમતને વેતન કહેવામાં આવે છે.

મજૂર એ ઉત્પાદનનો મહત્વપૂર્ણ પરિબળ છે. જો કામ કરવા માટે મજૂર ન હોય તો જમીન અથવા મૂડી, કે અન્ય તમામ પરિબળો નિષ્ક્રિય પુરવાર થશે.

આમ કાર્લ માર્કર્સે મજૂરને ''બધા મૂલ્યનાં સર્જક'' (Creator of all value) ગણાવ્યા છે.

10.1 અર્થ :

જો કે માત્ર મજૂર દ્વારા જ ઉત્પાદન સંભવ નથી. કારણ કે મોટાભાગનાં ઉત્પાદનમાં - ઉત્પાદનનાં વિવિધ પરિબળોનાં સંયુક્ત પ્રયત્નોનું પરિણામ જોવા મળે છે. તેથી, ઉત્પાદન પ્રવૃત્તિ માટે મજૂરને ચૂકવણી કરવામાં આવતી પેદાશોની કિંમતને વેતન કહેવામાં આવે છે.

કામદાર દ્વારા કરવામાં આવેલી સેવાઓ માટે કરાર હેઠળ ચૂકવવામાં આવતી રકમને વેતન ગણવામાં આવે છે.

એ.એસ. હેનસેનનાં મત મુજબ, ''વેતન એ ઉત્પાદનમાં સહાયતા માટે મજૂરને કરવામાં આવતી ચૂકવણી છે.''

એમ.સી. કોનેલનાં મત મુજબ, ''વેતન દર મજૂરના ઉપયોગ માટે ચૂકવવામાં આવતી કિંમત છે.''

જે.આર. ટર્નરનાં મત મુજબ, ''વેતનની કિંમત હોય છે, તે મજૂરને / કામદારને નોકરીદાતા દ્વારા ચૂકવવામાં આવતી કિંમત છે.''

10.2 વેતનનાં પ્રકાર :

વાસ્તવિક વ્યવહારમાં, વેતન ઘણા પ્રકારનાં નીચે મુજબ છે :

(1) ઉત્પાદનલક્ષી વેતન (Piece Wage) :

ઉત્પાદનલક્ષી વેતન એ મજૂર દ્વારા કરવામાં આવેલા કામ અનુસાર ચૂકવવામાં આવતું વેતન છે, ઉત્પાદનલક્ષી વેતનની ગણતરી કરવા માટે કામદાર દ્વારા ઉત્પાદિત એકમોની સંખ્યા ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) સમયલક્ષી વેતન (Time wage) :

જો મજૂરને સમય અનુસાર તેની સેવાઓ માટે ચૂકવણી કરવામાં આવે છે તો તે સમયલક્ષી વેતન તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો મજૂરને દિવસ દીઠ 40 રૂા. આપવામાં આવે, તો તે સમય વેતન તરીકે ગણાશે.

(3) નાણાકીય વેતન (Cash wage) :

રોકડ વેતન મજૂરને પૈસાના સ્વરૂપમાં ચૂકવવામાં આવતા વેતનનાં સંદર્ભમાં આપેલ છે. કામદારને ચૂકવવામાં આવતો પગાર રોકડ વેતનનો દાખલો છે.

(4) રોકડની અવેજ વેતન :

જયારે મજૂરને રોકડનાં બદલે અવેજમાં માલની ચૂકવણી કરવામાં આવે છે. આ પ્રકારનાં વેતન ગ્રામીણ વિસ્તારોમાં લોકપ્રિય છે.

(5) કરાર વેતન :

આ પ્રકાર હેઠળ સંપૂર્ણ કામ માટે શરૂઆતમાં વેતન નક્કી કરવામાં આવે છે. દાખલા તરીકે, જો કોઈ કોન્ટ્રાકટરને કહેવામાં આવે કે તેને બિલ્ડિંગનાં નિર્માણ માટે રૂા.30,000 ચૂકવવામાં આવશે. કામ સોંપનાર અને કામ કરનાર વચ્ચે કામની શરતો, સમયમર્યાદા આદિ બાબતે લિખિત કરાર થાય છે. તે કરાર વેતન તરીકે ઓળખવામાં આવે છે.

10.3 વેતનની વિભાવનાઓ :

નીચે મુજબ વેતનની બે મુખ્ય વિભાવનાઓ છે :

1. **નાણાકીય વેતન**
2. **વાસ્તવિક વેતન**

(1) નાણાકીય વેતન (Monatery Wage) :

અગાઉથી નક્કી થયેલા કરાર તેમજ કામની શરતો મુજબ, કોઈની દેખરેખ હેઠળ વ્યક્તિ જે શારીરિક કે માનસિક શ્રમ કરે છે તેના બદલામાં નાણાંના સ્વરૂપમાં ચૂકવવામાં આવતું વળતર એટલે નાણાકીય વેતન

(2) વાસ્તવિક વેતન (Real Wage) :

અગાઉથી નક્કી થયેલ કરાર તથા કામની શરતો મુજબ કોઈની દેખરેખ હેઠળ વ્યક્તિ જે શારીરિક કે માનસિક શ્રમ કરે છે તેના બદલામાં તેને ચૂકવવામાં આવતું વળતર નાણાકીય સ્વરૂપે તેમજ તે નાણા દ્વારા તે કેટલી ચીજવસ્તુઓ કે સેવાઓ ખરીદી શકે છે તે તેમજ અન્ય ભૌતિક કે અભૌતિક લાભ, સગવડ, સવલત, ખરીદશક્તિની સલામતી, નોકરીની નિશ્ચિતતા વગેરે બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તેને વાસ્તવિક વેતન કહે છે.

નાણાકીય વેતન અને વાસ્તવિક વેતન વચ્ચેનો તફાવત

નાણાકીય વેતન	વાસ્તવિક વેતન
૧. અગાઉથી નક્કી થયેલા કરાર મુજબ શ્રમિકે માલિકની સૂચના મુજબ વ્યક્તિએ કરેલ શારીરિક કે માનસિક શ્રમનાં બદલામાં નાણા સ્વરૂપે ચૂકવવામાં આવતું વેતન.	૧. અગાઉથી નક્કી થયેલા કરાર મુજબ શ્રમિકે માલિકની સુચના મુજબ વ્યક્તિએ કરેલ શારીરિક માનસિક શ્રમનાં બદલામાં નાણા સ્વરૂપે ચૂકવવામાં આવતુ વેતન તેમજ તેની ખરીદશક્તિ અને સાથે મળતા બિન-નાણાકીય લાભ.
૨. નાણાકીય વેતનને ભાવસપાટી સાથે કોઈ સંબંધ નથી.	૨. વાસ્તવિક વેતનનો ભાવ સાથે વ્યસ્ત સંબંધ છે.
૩. નિરપેક્ષ ખ્યાલ છે.	૩. સાપેક્ષ ખ્યાલ છે.
૪. શ્રમિકોની વાસ્તવિક આર્થિક પરિસ્થિતિ જાણી શકાતી નથી.	૪. શ્રમિકની વાસ્તવિક આર્થિક પરિસ્થિતિ જાણી શકાય છે.
૫. કામના કલાકો, જોખમ, નોકરીની અનિશ્ચિતતા જેવા પરિબળો ધ્યાનમાં લેવાતાં નથી.	૫. કામના કલાકો, જોખમ, નોકરીની અનિશ્ચિતતા જેવા પરિબળો ધ્યાનમાં લેવામાં આવે છે.
૬. શ્રમિકોનાં વાસ્તવિક જીવનધોરણનો અભ્યાસ કરી શકાતો નથી.	૬. શ્રમિકોનું વાસ્તવિક જીવનધોરણ જાણી શકાય છે.

10.4 વિવિધ બજારમાં વેતન નિર્ધારણ :

બજારમાં મુખ્યત્વે બે પ્રકારની સ્પર્ધા જોવા મળે છે :

1. સંપૂર્ણ બજાર સ્પર્ધા
2. અપૂર્ણ બજાર સ્પર્ધા

1. સંપૂર્ણ બજાર સ્પર્ધા હેઠળ વેતન નિર્ધારણ :

સંપૂર્ણ બજાર હેઠળ, સંતુલન વેતન દર નક્કી કરવામાં આવે છે, જયાં મજૂર માટેની માંગ અને મજૂર પુરવઠાની સમાન હોય છે.

બીજા શબ્દોમાં કહેવામાં આવે તો, સંપૂર્ણ સ્પર્ધા હેઠળ મજૂરને લાંબા ગાળે તેની સીમાંત આવક ઉત્પાદકતા સમાન આધારિત વેતન મળશે.

આકૃતિ - 1



આકૃતિ-1માં X - અક્ષ પર મજૂરની સંખ્યા અને Y - અક્ષ પર વેતન દર દર્શાવવામાં આવેલ છે. DD અને SS અનુક્રમે મજૂરની માંગ અને મજૂરનો પુરવઠો રેખા છે. બંને રેખા E બિંદુ પર એક બીજાને છેદે છે, જે બજારમાં વેતન દર OP નક્કી કરે છે.

સંતુલન વેતનદર નક્કી કરવા માટે :

OP સ્તર વેતનદર પર ON યુનિટ મજૂરને રોજગારી મળશે. હવે, ધારણા કરો કે, વેતન દર OP થી OP^1 સ્તર જેટલુ વધે છે. આ કિંમત પર મજૂરની માંગ ON^1 અને મજૂરનો પૂરવઠો ON^2 થશે. અહીંયા, મજૂરનો પુરવઠો એ મજૂરની માંગ કરતા વધારે છે, જે મજૂરો વચ્ચે રોજગારી માટે સ્પર્ધા ઊભી કરશે, અંતે પરિણામે વેતનદરમાં ઘટાડો થશે. બીજી બાજુ, જો વેતન દર OP^1 થી OP^2 જેટલુ ઘટે છે, ત્યારે મજૂરની માંગ એ મજૂરનો પુરવઠો કરતા વધારે થાય છે. જેના પરિણામે ઉત્પાદકો વચ્ચે મજૂરો માટે સ્પર્ધા ઉદ્ભવે છે. તેથી, અહીં જોઈ શકાય છે કે જયાં મજૂર માંગરેખા અને મજૂર પુરવઠા રેખા એકબીજાને છેદે છે, ત્યાં સમતુલનાને મેળવી શકાય છે.

સમયગાળા અનુસાર, પેઢીની સમતુલા :

- **લાંબાગાળા માટે**
- **ટૂંકાગાળા માટે**
- **ટૂંકાગાળા માટે :**

  ટૂંકાગાળો એ એવા સમયગાળાને સંદર્ભિત કરે છે, જેમાં કોઈ પરિબળની માંગ અને પુરવઠાને સંપૂર્ણપણે સમાન બનાવવું કોઈ પેઢી માટે શક્ય નથી. તેથી ટૂંકાગાળામાં એક પેઢી ત્રણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરી શકે છે :

a. અસાધારણ નફો / અસામાન્ય નફો (Abnormal Profit)

b. સામાન્ય નફો (Normal Profit)

c. સામાન્ય ખોટ (Loss)

(a) અસાધારણ / અસામાન્ય નફો :

આકૃતિ - 2



(ARP - Average Revenue Productivity)

(MRP - Marginal Revenue Productivity)

(ARP - સરેરાશ આવક ઉત્પાદકતા MRP - સીમાંત આવક ઉત્પાદકતા)

કુલ આવક - કુલ વેતન = અસાધારણ નફો

OAPX - OWEX = □ WAPE

સરેરાશ આવક - સરેરાશ વેતન = સરેરાશ નફો

OA - OW = WA

અથવા

PX - EX = PE

જો OW વેતનદર પર પેઢી રોજગારી એવા મજૂરોને આપે છે, જે મજૂરોની (ARP) સરેરાશ આવક ઉત્પાદકતા પ્રવર્તમાન વેતનદર કરતા વધારે છે, ત્યારે પેઢી અસાધારણ / અસામાન્ય નફો મેળવે છે. આ આકૃતિ-2 માં જણાવેલ મુજબ, આ પેઢી દ્વારા સંતુલનનાં સમયમાં OX એકમ મજૂરોને રોજગારી આપવામાં આવે છે. અહીં, સરેરાશ આવક ઉત્પાદકતા (ARP) એટલે PX - જે પ્રવર્તમાન વેતનદર EX કરતા વધારે છે. તેથી, આ પેઢી દ્વારા EP જેટલો અસાધારણ / અસામાન્ય નફો મેળવવામાં આવે છે.

(b) સામાન્ય નફો :

જો સરેરાશ આવક ઉત્પાદકતા (ARP) અને પ્રર્વતમાન વેતનદર સમાન હોય, તો ત્યારે પેઢી દ્વારા સામાન્ય નફો મેળવવામાં આવે છે.

આકૃતિ - ૩



અહીં આકૃતિ-3માં જણાવ્યા મુજબ, જયારે પેઠી OX એકમ જેટલા મજૂરોને રોજગારી આપે છે, ત્યારે સરેરાશ આવક ઉત્પાદકતા (ARP), એટલે EX જે પ્રર્વતમાન વેતનદર OW જેટલું સમાન છે. તેથી, આ પેઢી દ્વારા ફક્ત સામાન્ય નફો મેળવવામાં આવે છે.

(c) ખોટ :

જો સરેરાશ આવક ઉત્પાદકતા (ARP), પ્રર્વતમાન વેતનદર કરતાં ઓછું હોય તો, પેઢી દ્વારા ખોટ મેળવવામાં આવે છે. આકૃતિ-4 માં જણાવ્યા મુજબ, જયારે પેઢી OX એકમ જેટલા મજૂરોને રોજગારી આપે છે, ત્યારે સરેરાશ આવક ઉત્પાદકતા (ARP) એટલે PX - જે પ્રર્વતમાન વેતનદર OW કરતા ઓછું જોવા મળે છે તેથી, આ પેઠી દ્વારા EP જેટલી ખોટ મેળવવામાં આવે છે.

આકૃતિ - ૪



- **લાંબા ગાળા માટે :**

  લાંબા ગાળામાં પેઢી ફક્ત સામાન્ય નફો મેળવે છે. અહીં, જો સરેરાશ આવક ઉત્પાદકતા (ARP) અને સીમાંત આવક ઉત્પાદકતા (MRP) સમાન હોય, તો પેઢી દ્વારા સમતુલા મેળવવામાં આવે છે. **આકૃતિ - ૫**



  અહીં, આકૃતિ-5 માં જણાવ્યા મુજબ, જયારે પેઢી દ્વારા OX એકમ મજૂરોને રોજગારી આપવામાં આવે છે, ત્યારે સરેરાશ આવક ઉત્પાદકતા (ARP) અને સીમાંત આવક ઉતપાદકતા (MRP) સમાન જોવા મળે છે.

(2) અપૂર્ણ બજાર સ્પર્ધા હેઠળ વેતન નિર્ધારણ :

વાસ્તવિકતાની દુનિયામાં સંપૂર્ણ સ્પર્ધાને બદલે અપૂર્ણ સ્પર્ધા જોવા મળે છે, તેથી શ્રીમતી જોન રોબિન્સન અને પ્રો. પીંગુએ અપૂર્ણ સ્પર્ધાની શરતો હેઠળ વેતન દર નિર્ધારણનો ખ્યાલ આપ્યો.

વેતનદર નિર્ધારણ નીચે મુજબ જણાવી શકાય :

(X) સંપૂર્ણ હરિફાઈમાં ઉત્પાદન બજાર અને મોનોપ્સીની (એકાધિકાર) હરિફાઈમાં મજૂર બજાર

(Y) ઈજારામાં ઉત્પાદન બજાર અને મોનોપ્સોની (એકાધિકાર) હરિફાઈમાં મજૂર બજાર

(X) સંપૂર્ણ હરિફાઈમાં ઉત્પાદન બજાર અને મોનોપ્સાની (એકાધિર) હરિફાઈમાં મજૂર બજાર :

જયારે બજારમાં મજૂરનો એક જ ખરીદદાર હોય છે, ત્યારે મજૂર બજારમાં એકાધિકાર (મોનોપ્સોની) હોવાનું કહેવાય છે. જો મજૂર માટેની એકાધિકારની (મોનોપ્સોનીસ્ટ)ની માગમાં વધારો થાય છે, તો વેતનદર તે જ માર્ગને અનુસરે છે, જે બદલામાં સરેરાશ અને સીમાંત વેતનદરમાં વધારો કરે છે.

આકૃતિ - ૬



આકૃતિ-6માં જણાવ્યા અનુસાર, X - અક્ષ પર મજૂરોની સંખ્યા અને Y-અક્ષ પર વેતનદર દર્શાવવામાં આવેલ છે. ARP (Average Revenue Productivity) સરેરાશ આવક ઉત્પાદકતા અને MRP (Marginal Revenue Productivity) સીમાંત આવક ઉત્પાદકતા છે. AW અને MW જમણી તરફ ઉપરની દિશામાં વધતા વક્ર છે - જે સરેરાશ વેતનદર (Average Wage Rate) અને સીમાંત વેતનદર (Marginal Wage Rate) છે. જેના દ્વારા એવુ દર્શાવવામાં આવે છે કે જો મોનોપોલીસ્ટ વધારે મજૂરોને રોજગારી આપવા માંગતી હોય તો તેણે ઊંચો વેતનદર આપવો પડે.

એકાધિકારવાદી પેઢી બિંદુ E પર સમતુલા મેળવે છે, જયાં સમતુલાની શરત સંતોષાય છે - સીમાંત વેતન દર અને સીમાંત આવક ઉત્પાદકતા (MRP) સમાન (MW) હોવા જોઈએ તથા સીમાંત આવક ઉત્પાદકતા (MRP) વળાંક સીમાંત વેતનદર વળાંકને પહેલા ઉપરથી કાપવા જોઈએ અને પછી નીચેની તરફ આવેલું હોવું જોઈએ.

આમ, આ સંતુલનનાં સ્તરે, તે મજૂરનાં OX એકમોને રોજગાર આપશે અને OP જેટલુ વેતનદર નક્કી કરવામાં આવશે.

જયારે વેતનદર, સીમાંત આવક ઉત્પાદકતા (MRP) કરવા ઓછું આપવામાં આવે છે, ત્યારે એનો અર્થ એ થાય કે એકાધિકારી (મોનોપ્સોનીસ્ટ) દ્વારા મજૂરોનું શોષણ કરવામાં આવે છે. આમ, આ સંતુલનમાં એકાધિકારી (મોનોપ્સીનીસ્ટ) (PLMN) અસાધારણ નફો મેળવે છે. તેથી નિષ્કર્ષ એવું આવી શકે છે કે મજૂર બજારમાં અપૂર્ણ સ્પર્ધા અંતર્ગત મજૂરોનું શોષણ કરવામાં આવે છે.

(Y) ઈજારામાં ઉત્પાદન બજાર અને મોનોપ્સોની (એકાધિકાર) હરિફાઈમાં મજૂર બજાર :

જયારે ઉત્પાદન બજારમાં ઈજારો અને મજૂર બજારમાં મોનોપ્સોની

(એકાધિકાર) હરિફાઈ હોય, ત્યારે સીમાંત આવક ઉત્પાદન (MRP) અને સીમાંત ઉત્પાદનનું મૂલ્ય (VMP - Value of Marginal Product) વચ્ચે તફાવત જોવા મળે છે.

સીમાંત ઉત્પાદનનું મૂલ્ય (VMP) એ ઉત્પાદક પરિબળનાં છેલ્લા એકમ દ્વારા રોજગાર આપતી પેઢીની આવકનું એક માપ છે.

આકૃતિ-7માં જણાવ્યા મુજબ, MRP એ સીમાંત આવક ઉત્પાદકતા વળાંક અને VMP એ સીમાંત ઉત્પાદનનાં મૂલ્ય વળાંક છે. VMP વળાંક એ MRP વળાંકથી ઉપર છે.

આકૃતિ - ૭



મોનોપ્સોનીસ્ટ (એકાધિકારવાદી) એ બિંદુ E પર સંતુલન ધરાવે છે. અહીં, મોનોપ્સોનીસ્ટ (એકાધિકારવાદી) બજારમાં ON એકમ મજૂરોને રોજગાર OP વેતન દર પર આપવામાં આવે છે.

ઉત્પાદન બજારમાં ઈજારો અને મજૂર બજારમાં મોનોપ્સોની (એકાધિકાર) એ બેવડા શોષણ તરફ દોરી જાય છે, એટલે કે ઈજારાયુક્ત શોષણ અને એકાધિકારીક શોષણ. આ સંતુલનનાં સ્તર પર ઈજારાયુક્ત શોષણ EL જેટલુ અને એકાધિકારીક (મોનોપ્સોનીસ્ટ) શોષણ EK જેટલું કરવામાં આવે છે.

૧૦.૫ કામદાર મંડળની સફળતાનો આધાર :

વીસમી સદીનાં પ્રારંભમાં, ભારે ઉદ્યોગ અને મોટા વ્યવસાય તેમની બાળપણ અવસ્થામાં હતા અને ઔદ્યોગિક ક્રાંતિને સરળ બનાવવા માટે માનવ મજૂરોની ઘણી જરૂર હતી. આના કારણે બાળકો સહિતના કામદારોનો ઝડપથી દુરૂપયોગ થયો, જયાં તેમને દિવસનાં કેટલાક કલાકો સુધી તેમને પરિશ્રમ કરવાની ફરજ પડી હતી. જો કે, આખરે કામદારો મજૂર સંગઠનોની રચના માટે એક થયા, જે પેઢી અને મોટી કંપનીની સામે ઊભા થયા અને લાખો કર્મચારીઓ માટે વધુ પગાર અને કામ કરવાની શરતો માટે વાટાઘાટ કરી

અને બાળમજૂર કાયદા પસાર કરવાની માંગ પણ કરી. જો કે, મજૂર સંગઠનો / મંડળોની સફળતા અને અસરકારકતા હંમેશા વિવાદનું કારણ બની છે.

મજૂર સંગઠન / મંડળની સફળતાનો આધાર એની અસરકારકતા તથા ફાયદાઓ પર છે. મજૂર સંગઠનો તેમના સભ્યોના ફાયદા માટે બનાવવામાં આવેલા હોવા જોઈએ. મજૂર સંગઠને વધુ વેતન અને કામ કરવાની સ્થિતિને સુરક્ષિત કરવા માટે કામદારો વતી વાટાઘાટો કરવી જોઈએ તથા પ્રશ્નોનો ઉચિત અને તાત્કાલિક ઉકેલ લાવવા માટેની તકેદારી રાખવી જોઈએ.

- **ન્યૂનતમ વેતન :**

ન્યૂનતમ વેતન અધિનિયમ 1948 એ ભારતીય મજૂર કાયદાને લગતા સંસદનો એક અધિનિયમ છે, જે કુશળ અને બિન-કુશળ મજૂરોને ચૂકવવાનાં ન્યૂનતમ વેતનને નિર્ધારિત કરે છે.

ભારતીય બંધારણે "Living Wage" ને આ રીતે વ્યાખ્યાયિત કર્યું છે, જે એક કામદારની આવકનું સ્તર છે, જેમાં સારા જીવન, માન, આરામ, શિક્ષણ સહિતનાં જીવનધોરણના મૂળભૂત સુનિશ્ચિત કરશે. કોઈ પણ આકસ્મિક સંજોગોમાં જોકે બંધારણ મુજબ ચૂકવણી કરવાની ઉદ્યોગોને ક્ષમતાને ધ્યાનમાં રાખવા માટે ''વાજબી વેતન - Faith Wage'' ને વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. વાજબી વેતન એ વેતનનું એવુ સ્તર છે, જે ચૂકવણીની ક્ષમતાને ધ્યાનમાં રાખીને તેને વધારવાનો પ્રયત્ન કરે છે.

ભારતે 1948 માં ન્યૂનતમ વેતન કાયદો રજૂ કર્યો, વેતન નક્કી કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંનેને અધિકારક્ષેત્ર આપ્યો. આ કાયદો કાયદેસર રીતે બિન-બંધનકર્તા છે, પરંતુ વૈધાનિક છે. ન્યૂનતમ વેતન ચૂકવવા અને સુધારવા માટેની ઉદ્યોગોની ક્ષમતાની સમીક્ષા કરવા માટે વેતનબોર્ડ ગોઠવવામાં આવ્યા છે, જેમાં દરેક પરિવારને આવરી લેવામાં આવ્યા, જેમની ઓછામાં ઓછી ચાર જરૂરિયાતોનો સમાવેશ કરવામાં આવ્યો : કેલરી, આશ્રય, કપડાં, શિક્ષણ, તબીબી સહાયતા અને મનોરંજનની આવશ્યકતાઓ. કાયદા હેઠળ, અનુસૂચિત રોજગારમાં વેતનનો દર રાજ્યો, ક્ષેત્રો, કુશળતા, પ્રદેશો અને વ્યવસાયમાં જુદા જુદા હોવાને કારણે જીવનનિર્વાહનાં ખર્ચ, પ્રાદેશિક ઉદ્યોગોને ચૂકવણીની ક્ષમતા, વપરાશનાં દાખલાઓ વગેરેમાં તફાવત હોવાને કારણે, ત્યાં એક પણ સમાન લઘુત્તમ વેતનદર નથી. દેશભરમાં અને માળખું વધુ પડતું જટિલ બની ગયું છે. 2012માં સૌથી વધુ લઘુત્તમ વેતન દર રૂા. 322/- દિવસ અંદમાન અને નિકોબારમાં છે અને સૌથી નીચો ત્રિપુરામાં રૂા. 38/- દિવસ છે.

- **વેતનમાં તફાવતો :**

વેતન તફાવત વિવિધ ક્ષેત્ર અથવા ઉદ્યોગોમાં સમાન કુશળતા ધરાવતા લોકો વચ્ચેનાં વેતનના તફાવતનો સંદર્ભ આપે છે, તે સમાન ઉદ્યોગોમાં વિશિષ્ટ ધકુશળતા ધરાવતા કર્મચારીઓ વચ્ચેનાં વેતનનાં તફાવતો પણ ઉલ્લેખ કરી શકે છે. ચોક્કસ નોકરી આપેલ જોખમ અંગે ચર્ચા કરતી વખતે તેનો સામાન્ય રીતે સંદર્ભ લેવામાં આવે છે.

10.6 સારાંશ :

અર્થશાસ્ત્રમાં ઉત્પાદનમાં ફાળો આપવા માટે મજૂરને ચૂકવવામાં આવતી કિંમતને વેતન કહેવામાં આવે છે. વેતનને મુખ્યત્વે બે પ્રકારે વિભાજીત કરી શકાય છે :વાસ્તવિક અને નાણાંકીય વેતન. બજારમાં મુખ્યત્વે બે પ્રકારની સ્પર્ધા જોવા મળે છે. સંપૂર્ણ અને અપૂર્ણ, બજાર સ્પર્ધા મજૂર સંગઠનની સફળતાનો આધાર એની અસરકારકતા અને ફાયદાઓ

પર રહેલો છે. ન્યૂનતમ વેતન અધિનિયમ 1948 એ ભારતીય મજૂર કાયદાને લગતો સંસદનો એક અધિનિયમ છે.

10.7 ચાવીરૂપ શબ્દો :

1. ઉત્પાદનલક્ષી વેતન (Piece Wage) : મજૂર દ્વારા કરવામાં આવતા કામ અનુસાર ચૂકવવામા આવતું વેતન.
2. સમયલક્ષી વેતન (Time Wage) : મજૂરને સમય અનુસાર તેની સેવાઓ માટે ચૂકવણી કરવામાં આવે છે.
3. વેતન (Wage) : વેતન એ ઉત્પાદનમાં સહાયતા માટે મજૂરને કરવામાં આવતી ચૂકવણી છે.
4. નાણાકીય વેતન (Nominal Wage) : મજૂર દ્વારા ઉત્પાદનની પ્રક્રિયામાં પ્રાપ્ત થતી કુલ રકમને નાણાકીય વેતન કહેવામાં આવે છે.
5. વાસ્તવિક વેતન (Real Wage) : નાણાનું વાસ્તવિક ચીજ-વસ્તુઓ અને સેવાની ખરીદીમાં રૂપાંતરણ કરવું.
6. ARP (Average Revenue Produtivity) : જેને સરેરાશ આવક ઉત્પાદકતા તરીકે ઓળખવામાં આવે છે.
7. MRP (Marginal Revenue Productvity) : જેને સીમાંત આવક ઉત્પાદકતા તરીકે ઓળખવામાં આવે છે.
8. AW & MW (Average Wage and Marginal Wage) : જેને સરેરાશ વેતનદર અને સીમાંત વેતનદર તરીકે ઓળખવામાં આવે છે.
9. ન્યૂનતમ વેતન દર : ન્યૂનતમ વેતન અધિનિયમ 1948 એ ભારતીય મજૂર કાયદાને લગતા સંસદના એક અધિનિયમ છે.

- **સ્વાધ્યાય :**

નીચે આપેલા સવાલોનાં મુદ્દાસર લંબાણમાં જવાબ આપો.

1. વેતન એટલે શું ? વેતનનાં વિવિધ પ્રકારો સમજાવો.
2. સંપૂર્ણ બજાર સ્પર્ધા હેઠળ વેતન નિર્ધારણ સમજાવો.
3. અપૂર્ણ બજાર સ્પર્ધા હેઠળ વેતન નિર્ધારણ સમજાવો.
4. ન્યૂનતમ વેતન વિશે ટૂંકનોંધ લખો.
5. ટૂંકનોંધ - કામદાર મંડળની સફળતાનો આધાર.

- **MCQ**

(1) "Creator of All Value" - કોના દ્વારા મજૂરને આ ઉપનામ આપવામાં આવ્યું ?

a. કાર્લ માર્કસ c. પીગુ

b. એડમ સ્મિથ d. રીકાર્ડો

જવાબ : (a) કાર્લ માર્કસ

(2) મજૂરનાં ઉપયોગ માટે ચૂકવવામાં આવતી કિંમત એટલે...

a. વેતન દર c. જીડીપી દર

b. આવક દર d. કોઈપણ નહીં

જવાબ : (a) વેતન દર

(3) મજૂર દ્વારા કરવામાં આવેલા કામ અનુસાર ચૂકવવામાં આવતુ વેતન એ....

a. ઉત્પાદનલક્ષી વેતન c. નાણાકીય વેતન

b. સમયલક્ષી વેતન d. કરાર વેતન

જવાબ : (a) ઉત્પાદનલક્ષી વેતન

(4) મજૂર દ્વારા ઉત્પાદનની પ્રક્રિયામાં પ્રાપ્ત થતી કુલ રકમને....

a. ઉત્પાદનલક્ષી વેતન c. નાણાકીય વેતન

b. સમયલક્ષી વેતન d. કરાર વેતન

જવાબ : (c) નાણાકીય વેતન

(5) નાણાનું વાસ્તવિક ચીજવસ્તુઓ અને સેવાની ખરીદીમાં રૂપાંતરણ કરવું એટલે ....

a. ઉત્પાદનલક્ષી વેતન c. નાણાંકીય વેતન

b. વાસ્તવિક વેતન d. કરાર વેતન

જવાબ : (b) વાસ્તવિક વેતન

(6) ટૂંકાગાળામાં કેટલા પ્રકારની પરિસ્થિતિનો સમાનો કરી શકાય છે ? (વેતનનાં પેઢીનાં સંતુલન માટે)

a. 1 c. 3

b. 2 d. 4

જવાબ : (c) 3

(7) સંપૂર્ણ કામ માટે, જયારે વેતન અગાઉથી નક્કી કરવામાં આવે તો એ વેતનને..... કહેવામાં આવે છે.

a. નાણાકીય વેતન c. ઉત્પાદન વેતન

b. કરાર વેતન d. અવેજ વેતન

જવાબ : (b) કરાર વેતન

(8) વેતન સમતુલા પૂર્ણ બજારમાં સામાન્ય નફાનું સંતુલન માટે કઈ રીતે મેળવવામાં આવે છે ?

a. ARP = પ્રર્વતમાન વેતનદર

b. ARP > પ્રર્વતમાન વેતનદર

c. ARP < પ્રર્વતમાન વેતનદર

d. ARP > પ્રર્વતમાન વેતનદર

જવાબ : (a) ARP = પ્રર્વતમાન વેતનદર

(9) પૂર્ણ બજારમાં વેતન સમતુલામાં પેઢી દ્વારા જ્યારે ખોટ મેળવવામાં આવે છે, ત્યારે.....

a. ARP = પ્રર્વતમાન વેતનદર

b. ARP > પ્રર્વતમાન વેતનદર

c. ARP < પ્રર્વતમાન વેતનદર

d. ARP > પ્રર્વતમાન વેતનદર

જવાબ : (c) ARP = પ્રર્વતમાન વેતનદર

(10) ન્યૂનતમ વેતનધારાનું અધિનિયમ કયા વર્ષમાં કરવામાં આવ્યું ?

a. 1948 b. 1949

c. 1950 d. 1947

જવાબ : (a) 1948

યુનિટ 11	વ્યાજનાં સિધ્ધાંતો

: રૂપરેખા :

1. પ્રસ્તાવના
2. અર્થ
3. વ્યાજના પ્રકારો
4. વ્યાજ ઉદ્‌ભવવાના કારણો
5. વ્યાજ દર અંગેના પ્રશિષ્ટ સિધ્ધાંતો
6. વ્યાજનો દર શૂન્ય હોઈ શકે ?
7. સારાંશ

સ્વાધ્યાય

1. પ્રસ્તાવના :

આધુનિક યુગમાં ઉત્પાદન બહુ મોટા પાયા પર કરવામાં આવે છે. તેથી સ્વાભાવિક છે કે ઉત્પાદનના બધા સાધનો ઉત્પાદકની માલિકીના ન પણ હોય. જયારે ઉત્પાદક ઉત્પાદનની પ્રક્રિયા શરૂ કરે છે ત્યારે તેને જરૂરી એવા ઉત્પાદનના વિવિધ સાધનો અન્ય માલિકો પાસેથી મેળવે છે. તે સાધનોના ઉપયોગના બદલામાં જે તે માલિકને પહેલેથી નક્કી કરેલ રકમ વળતર તરીકે ચૂકવે છે. મૂડી એ ઉત્પાદનના વિવિધ સાધનોમાંનું સૌથી અગત્યનું સાધન છે. મૂડીના આ ઉપયોગ બદલ તેના માલિકને જે નક્કી કરેલ રકમ વળતર તરીકે ચૂકવવામાં આવે છે તેને વ્યાજ કહે છે અને તેથી મૂડીની સાથે વ્યાજનો પ્રશ્ન પણ આજના મૂડીવાદી અર્થવ્યવસ્થામાં એટલો જ મહત્વપૂર્ણ બની રહે છે.

2. વ્યાજનો અર્થ :

સામાન્ય અર્થમાં નાણાં ઉછીનાં લેનાર વ્યક્તિ નાણાનાં ઉપયોગ કરવા બદલ નાણાં ઉછીના આપનાર વ્યક્તિને જે નક્કી કરેલ રકમ વળતર તરીકે આપે છે તેને વ્યાજ તરીકે ઓળખાય છે. બીજા શબ્દોમાં કહીએ તો નાણાંની લોન આપનારને નાણાંની લોન લેનાર વ્યક્તિ દ્વારા થતી વળતરની ચૂકવણી એટલે વ્યાજ. આમ વ્યાજ એ નાણાંના ઉપયોગ બદલ ચુકવાતી રકમ છે. સામાન્ય રીતે વ્યાજ નાણાંમાં દર્શાવાય છે. મુદ્‌દલ રકમ પર વર્ષદીઠ ટકાવારીના સ્વરૂપમાં વ્યાજ દર્શાવવામાં આવતું હોય છે.

સરળ અર્થમાં વ્યાજ ઉછીનાં નાણા લેનાર દ્વારા ઉધાર લીધેલા રૂપિયા માટે નાણાં આપનાર વ્યક્તિને કરવામાં આવતી ચૂકવણી છે. વ્યાજનો દર સામાન્ય રીતે ટકા તરીકે દર્શાવવામાં આવે છે. પૈસાની દૃષ્ટિએ વ્યાજ એ વાર્ષિક દર તરીકે દર્શાવવામાં આવે છે. તે ચોક્કસ સમયગાળા માટે બીજાની મૂડીના ઉપયોગ બદલ ચૂકવવામાં આવતી કિંમત છે. ધારો કે કોઈ વ્યક્તિને ઉછીના રૂા.100 આપવામાં આવે અને વર્ષના અંતે તે વ્યક્તિ રૂા.110 પરત કરે છે. ત્યારે તેણે વધારાના જે રૂા. 10 આપ્યા તેને વ્યાજ કહે છે, અને એમ કહી શકાય કે વ્યાજનો દર 10% છે. વ્યાજ શબ્દનો ઉપયોગ નાણાંની કિંમતમાં જ થાય છે, કેમ કે નાણાકીય લોન મોટે ભાગે વપરાશના હેતુ માટે લેવામાં આવે છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ એટલે કે જૂના અર્થશાસ્ત્રીઓએ આપેલા વ્યાજના સિદ્ધાંતો આમ તો જુદા જુદા દૃષ્ટિકોણથી આપેલા છે, પરંતુ બધાની એક સામાન્ય વિશિષ્ટતા એ છે કે બધા એક વસ્તુનો સ્વીકાર કરે છે કે વ્યાજનો દર નક્કી કરવામાં નાણાનું પરિબળ તટસ્થ હોય છે એટલે કે વ્યાજનો દર નક્કી કરવામાં નાણું બિલકુલ ભાગ ભજવતું નથી. પરંતુ નાણાની પાછળ રહેલા વાસ્તવિક પરિબળો વ્યાજના દરને નક્કી કરે છે. જેથી આ સિદ્ધાંતો વાસ્તવિક સિદ્ધાંતો અથવા બિન નાણાકીય સિદ્ધાંતો તરીકે ઓળખવામાં આવે છે.

અર્થશાસ્ત્રીઓએ વ્યાજની જુદી જુદી અલગ અલગ રીતે વ્યાખ્યા આપી છે જે નીચે પ્રમાણે છે.

પ્રો.માર્શલ કહે છે કે ''ઋણકર્તા દ્વારા નિશ્ચિત સમય માટે મૂડીનો ઉપયોગ કરવા બદલ ઋણદાતાને જે વળતર ચૂકવવામાં આવે છે તેને વ્યાજ કહે છે.''

પ્રો. સેલિઝોન કહે છે કે,વ્યાજ એ મૂડીના ભંડોળમાંથી મળતું વળતર છે.''

પ્રો. જે.એસ. મીલના મતે, ''વ્યાજ એ માત્ર ત્યાગ માટેનું મહેનતાણું છે.''

પ્રો. કાર્વરના મત મુજબ, ''વ્યાજ એ આવક છે જે મૂડીના માલિકને મળે છે.''

આ દરેક વ્યાખ્યાઓનું બાહ્ય રીતે અલગ અલગ સ્વરૂપ છે, પરંતુ આંતરિક રીતે તેનું સ્વરૂપ એક જ છે અને તે એ કે નાણાકીય મૂડીના ઉપયોગનું વળતર એ વ્યાજ છે. ટૂંકમાં કહેવામાં આવે તો આ દરેક વ્યાખ્યાનો મુખ્ય સૂર એ છે કે ''વ્યાજ એ મૂડી વાપરવાની કિંમત છે.''

3. વ્યાજના પ્રકારો :

વ્યાજના મુખ્ય બે પ્રકાર પાડવામાં આવે છે (અ) કાચું વ્યાજ અને (બ) શુદ્ધ કે ચોખ્ખું વ્યાજ.

(અ) કાચું વ્યાજ :

વ્યવહારમાં મૂડીના માલિકને ઉછીનું લેનાર વ્યક્તિ જે રકમ ચૂકવે છે તેને કાચું વ્યાજ કહે છે, એટલે કે દેણદાર વ્યક્તિ લેણદારને જે વળતર આપે છે તેને કાચું વ્યાજ કહેવામાં આવે છે. કાચા વ્યાજને કરારી વ્યાજ તરીકે પણ ઓળખવામાં આવે છે. કાચું વ્યાજ શુદ્ધ વ્યાજ કરતાં હંમેશા ઘણું વધારે હોય છે, કેમ કે તેમાં શુદ્ધ વ્યાજ સિવાય બીજી કેટલીક બાબતો પણ સમાયેલી હોય છે. કાચું વ્યાજ = શુદ્ધ વ્યાજ + જોખમ માટે ચુકવણી અથવા વળતર + વ્યવસ્થાકિય સેવાઓનું વળતર + અસુવિધા માટે વળતર કે અસુવિધાનું વળતર + નાણાના મૂલ્યમાં ફેરફારનું વળતર.

(1) શુદ્ધ વ્યાજ :

મૂડીના ઉપયોગ માટે માત્ર કરવામાં આવેલ ચુકવણીને શુદ્ધ વ્યાજ કે ચોખ્ખું વ્યાજ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂડી ઉછીની આપવા બદલ મૂડીના માલિકને મૂડીની માત્ર ઉત્પાદનશક્તિને ધ્યાનમાં રાખીને જે વળતર આપવામાં આવે છે તેને શુદ્ધ વ્યાજ કહે છે. કાચા વ્યાજમાં શુદ્ધ વ્યાજનો સમાવેશ થાય છે.

(2) જોખમ માટે ચૂકવણી અથવા વળતર :

મૂડીનો માલિક જયારે નાણાનું ધિરાણ કરે છે ત્યારે તે જોખમ ઉઠાવે છે. લોન આપવામાં જોખમ રહેલું છે. લોન લેનાર વ્યક્તિ ભવિષ્યમાં કોઈ કારણોસર મુદ્દલ રકમ પરત ન કરી શકે તેવું બની શકતું હોય છે. તેથી લોન આપનાર માલિકને આ જોખમ ઉઠાવવા બદલ તેને શુદ્ધ વ્યાજ સિવાય વધુ રકમ મળવી જોઈએ. પૂરતી સુરક્ષા વિના લોન આપવામાં આવે ત્યારે તેમાં જોખમનાં ઉચ્ચ તત્વો સમાયેલા હોય છે તેથી તેના પર વ્યાજ લેવામાં આવે છે. જોખમનું પ્રમાણ જેટલું વધારે હોય તેમ વ્યાજનો દર તેટલો જ વધુ હોય છે.

પ્રો. માર્શલના મત મુજબ જોખમનાં બે પ્રકાર હોય છે. (i) ધંધાકીય જોખમ અને (ii) વ્યક્તિગત જોખમ.

(i) ધંધાકીય જોખમ : ધંધાકીય વ્યવહારમાં ઋણ લેનાર વ્યક્તિ પ્રામાણિક હોય છે, પરંતુ તે જે ધંધામાં મૂડીનું રોકાણ કરે તે ધંધો વધારે જોખમવાળો હોય ત્યારે મૂડી આપનાર માલિક ધંધામાં રહેલા જોખમને ધ્યાનમાં રાખીને ચોખ્ખું વ્યાજ ઉપરાંત વધારાની રકમ લેતા હોય છે.

(ii) વ્યક્તિગત જોખમ : સામાન્ય વ્યવહારમાં જે વ્યક્તિને ઉછીના નાણા આપવામાં આવે છે તે વ્યક્તિની પ્રામાણિકતા, તેની ઈચ્છા, નાણા પરત કરવાની તેની શક્તિ વગેરે બાબતો વિષે શંકા ઉદ્‌ભવે છે. જેથી આ પ્રકારનાં વ્યક્તિગત જોખમોને ધ્યાનમાં રાખીને નાણાં આપનાર વ્યક્તિ શુદ્ધ વ્યાજ ઉપરાંત બીજી વધારાની રકમ લેતા હોય છે.

ધંધાકીય જોખમ અને વ્યક્તિગત જોખમ પ્રમાણમાં જેટલાં વધુ હોય તેટલાં જ પ્રમાણમાં નાણાં પરત મેળવવામાં અનિશ્ચિતતા વધારે હોય છે. તેથી જોખમનું પ્રમાણ જેટલું વધારે હોય તેટલો વ્યાજનો દર વધુ ઊંચો રાખવાનું મૂડીના માલિક યોગ્ય રીતે સમજે છે અને જોખમનું પ્રમાણ ઓછું હોય ત્યાં વ્યાજનો દર નીચો રાખે છે.

(3) વ્યવસ્થાકીય સેવાઓનું વળતર :

મૂડીનો માલિક જયારે પોતાની મૂડી ઉછીની આપવાનું નક્કી કરે છે ત્યારે તેણે ઉછીની મૂડી આપવાથી લઈને મૂડી પરત આવે ત્યાં સુધીની વ્યવસ્થા કરવાની હોય છે. જેમ કે શરાફી ધંધાનું લાઈસન્સ પ્રાપ્ત કરવું, કાયદાકીય દસ્તાવેજ અને સ્ટેમ્પ ફી, ધિરાણનું લખાણ કરવું, હિસાબ રાખવો, નક્કી કરેલા સમયે વ્યાજની રકમ મેળવતા રહેવું અને છેલ્લે મૂળ રકમ પાછી મેળવવા માટેની અનેક કામગીરી મૂડીનાં માલિકે કરવાની હોય છે. આ કામગીરીમાં જરૂરી સ્ટેશનરી, ઓફિસનું ભાડું, વાહનવ્યવહારનો ખર્ચ જેવા ખર્ચાઓ કરવા પડે છે. આ બધા ખર્ચા છેવટે ઉછીનાં નાણા લેનાર (દેણદાર) પાસેથી વસુલવાના હોય છે અને તેનો સમાવેશ પણ વ્યાજમાં કરવામાં આવે છે. જેથી વ્યાજનો દર ઊંચો રહે છે.

(4) અસુવિધા માટે વળતર (અગવડતાનું વળતર):

નાણાનું ધિરાણ કે લોન આપવામાં મૂડીના માલિકને કેટલીક અગવડો / અસુવિધા પણ ભોગવવી પડે છે. જેમ કે ધિરાણ આપવા માટે બચત કરવી પડે છે. જેથી બચત કરવા માટે તેણે પોતાને વર્તમાન વપરાશમાંથી મળતા સંતોષનો ત્યાગ કરવો પડે છે. લોન આપી દીધા પછી પોતાની જરૂરિયાત સંતોષવા માટે તે નાણાનાં ઉપયોગ કરી શકતો નથી. લોન કે ધિરાણ ચોક્કસ સમય માટે આપવામાં આવતું હોવાથી મૂડીના માલિકને અચાનક રોકડ નાણાંની જરૂર પડે તો પણ તરત નાણાં પાછા મેળવી શકતો નથી. તેથી નાણા હોવા છતાં એકવાર નાણાનું ધિરાણ કર્યા પછી મૂડીના માલિકને અનેક અગવડો સહન કરવી પડે છે. આ અગવડોનું વળતરરૂપે શુદ્ધ વ્યાજ ઉપરાંત વધુ રકમ વસુલ કરે છે. અગવડો જેમ વધુ હોય તેમ વ્યાજ વધુ લેવામાં આવે છે.

(5) નાણાનાં મૂલ્યમાં ફેરફારનું વળતર :

જયારે સામાન્ય ભાવસપાટીની કિંમતમાં વધારો થાય છે ત્યારે નાણાનું મૂલ્ય થોડા સમયગાળા દરમિયાન ઘટે છે અને તેટલા અંશે મૂડીના માલિક (લેણદાર)ને નુકશાન થાય છે. આ નુકશાનને દૂર કરવા માટે શુદ્ધ વ્યાજ ઉપરાંત કેટલીક વધારાની રકમ તેમાં સમાવવામાં આવે છે.

આમ, કાચા વ્યાજનું વર્તુળ ઘણું મોટું હોય છે. ધીરાણ આપવામાં રહેલ જોખમ, વ્યવસ્થાકીય સેવાઓ, અગવડતા અને નાણાનાં મૂલ્યમાં ફેરફાર વગેરે બાબત પર કાચું વ્યાજ કેટલું હશે તે અસર કરે છે. આ બધાનું પ્રમાણ જેટલું વધારે હશે તેટલો જ કાચા વ્યાજનો દર ઊંચો હશે. એથી ઊલટું આ બધાનું પ્રમાણ જેટલું ઓછું હશે તેટલો વ્યાજનો દર ઓછો હશે.

સામાન્ય વ્યવહારમાં કાચા વ્યાજની લેવડ-દેવડ થાય છે. કાચું વ્યાજ નક્કી કરનારા પરિબળો જુદા જુદા સ્થળે, જુદા જુદા સમયે અલગ અલગ હોય છે. તેથી બધી જગ્યાએ કાચું વ્યાજ એક સરખું હોતું નથી. કાચા વ્યાજને ધ્યાનમાં રાખીને વ્યાજના સિદ્ધાંતો આપવામાં આવ્યા નથી. તેથી કાચા વ્યાજના દર પણ અલગ અલગ જગ્યાએ અલગ અલગ હોય છે. જેમ કે શહેરમાં શરાફો અને ગામડામાં શાહુકારો જે નાણા ઉછીના / ધીરાણ / લોન આપવા બદલ વ્યાજ લે છે તે કાચું વ્યાજ હોય છે.

(બ) શુદ્ધ વ્યાજ / ચોખ્ખું વ્યાજ :

મૂડીના માલિકને મૂડીની ઉત્પાદક સેવાના વળતરરૂપે જે કિંમત ચૂકવવામાં આવે છે તેને ચોખ્ખું વ્યાજ કે શુદ્ધ વ્યાજ કહેવામાં આવે છે. શુદ્ધ વ્યાજ એ મૂડીની ઉત્પાદકતા બરાબર હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો મૂડીના પુરવઠા અને મૂડીની માગના આંતરસંબંધ દ્વારા જે વ્યાજનો દર નકકી થાય તેને શુદ્ધ વ્યાજ કહેવામાં આવે છે. શુદ્ધ વ્યાજ દરેક જગ્યાએ એક સમાન હોય છે.

શુદ્ધ વ્યાજનું પ્રમાણ કાચા વ્યાજ કરતાં ઘણું ઓછું હોય છે, કેમ કે તેમાં બીજા કોઈપણ વળતરનો સમાવેશ કરવામાં આવતો નથી. આમ જયારે મૂડી માલિક, જોખમ, વ્યવસ્થાકીય વળતર, અગવડતા, નાણાનાં મૂલ્યમાં ફેરફાર વગેરેની ગણના કર્યા વગર ફક્ત મૂડીની ઉત્પાદનશક્તિને ધ્યાનમાં રાખીને જે વળતર વસુલ કરે છે તેને શુદ્ધ વ્યાજ કહે છે. મૂડીના માત્ર ઉપયોગ માટે કરવામાં આવેલ ચૂકવણીને ચોખ્ખું વ્યાજ અથવા શુદ્ધ વ્યાજ કહેવામાં આવે છે. પ્રો. ચેપમેનના મતે મૂડીની લોન માટેની ચુકવણી એ શુદ્ધ વ્યાજ છે. જેમાં કોઈ અગવડતા / અસુવિધા કે કોઈ શાહુકાર પણ સમાયેલા હોતા નથી.''

શુદ્ધ વ્યાજ = કાચું વ્યાજ - (જોખમ માટેની ચુકવણી + અગવડતાનું વળતર + વ્યવસ્થાકીય સેવાઓનું વળતર + નાણાનાં મૂલ્યમાં ફેરફાર)

એટલે કે મૂડીના ઉપયોગ માટે શુદ્ધ વ્યાજ = શુદ્ધ ચુકવણી.

આમ શુદ્ધ વ્યાજનું વર્તુળ ઘણું નાનું હોય છે. શુદ્ધ વ્યાજ એ ફક્ત કાચા વ્યાજનો એક ભાગ છે. જેમાં મૂડી રોકાણની સલામતી સૌથી વિશેષ હોય છે. અલગ અલગ સ્થળે શુદ્ધ વ્યાજનો દર લગભગ સરખો હોય છે. સામાન્ય વ્યવહારમાં શુદ્ધ વ્યાજ લેવા-દેવામાં આવતું નથી. જેમ કે ટ્રેઝરી બિલ્સ, નેશનલ સેવિંગ સર્ટિફિકેટ, કિસાન વિકાસપત્રો, ઈન્દિરા વિકાસપત્રો, સરકારી લોન, બોન્ડ્ઝ, સંરક્ષણ સર્ટિફિકેટ વગેરેમાં મૂડીનું રોકાણ કરવામાં સલામતી હોય છે. જેથી તેના પર મળતું વ્યાજ એ શુદ્ધ વ્યાજની નજીક હોય છે. અર્થશાસ્ત્રમાં વ્યાજનાં સિદ્ધાંતો શુદ્ધ વ્યાજને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યા છે. તેથી અર્થશાસ્ત્રમાં અભ્યાસમાં તેનું મહત્વ રહેલું છે.

કાચું વ્યાજ અને શુદ્ધ વ્યાજ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતાં પ્રો.માર્શલ જણાવે છે કે ''કાચા વ્યાજમાં પ્રતીક્ષાના બદલા ઉપરાંત અન્ય તત્વો પણ સામેલ હોય છે. જયારે શુદ્ધ વ્યાજ એ માત્ર પ્રતીક્ષા કરવાનો બદલો હોય છે.''

4. વ્યાજ ઉદ્‌ભવવાનાં કારણો :

વ્યાજના પ્રશિષ્ટ સિદ્ધાંત મુજબ વ્યાજનો દર બચત અને મૂડીરોકાણ દ્વારા નક્કી થાય છે. બચતરેખા હંમેશા ધન ઢાળની હોય છે અને મૂડીરોકાણ રેખા ઋણ ઢાળની હોય છે. મૂડીરોકાણ અને બચતરેખા જ્યાં છેદે છે ત્યાં વેતનનો દર સમતુલા પ્રાપ્ત કરે છે.

વ્યાજ શા માટે ઉદ્‌ભવે એ સમજાવવા માટે કેટલાક સિદ્ધાંતો નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા છે.

(1) લોકોને બચતનું પ્રમાણ વધારવા માટે કેટલીક વાર વપરાશનું પ્રમાણ જતું કરવું પડે છે.

(2) મૂડીનાં વપરાશ કરવા બદલ મળતી રકમનું પ્રમાણ વ્યાજ છે.

(3) બચતનું પ્રમાણ વધારવા માટે લોકો વર્તમાન સમયગાળા દરમિયાન વપરાશનું પ્રમાણ ઘટાડે છે.

(4) બચતકારોની રોકડતા જતી કરવા બદલ આપવામાં આવતું વળતર છે.

(5) લોકો ભવિષ્યની આવકની સરખામણીમાં વર્તમાન આવકને વધુ પસંદ કરે છે. બચત કરવા બદલ બચતકારોને વ્યાજ મળે છે.

કેઈન્સનાં મતે વ્યાજનો દર નાણાની માંગ અને નાણાનાં પુરવઠા દ્વારા નક્કી થાય છે. નાણાની માંગરેખા ઋણ ઢાળની હોય છે.

5. વ્યાજદર અંગેના પ્રશિષ્ટ સિદ્ધાંતો :

ક્લાસિકલ અર્થશાસ્ત્રીઓ એટલે કે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ. જુદા જુદા અર્થશાસ્ત્રીઓ વચ્ચે વ્યાજના અર્થઘટન અંગે મોટા પ્રમાણમાં મતભેદ નથી, પરંતુ વ્યાજનો દર કયા પરિબળો દ્વારા નક્કી થાય છે તે બાબતમાં અલગ અલગ અર્થશાસ્ત્રીઓ અલગ અલગ મત ધરાવે છે. તેમ છતાં તેઓ દ્વારા એક બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે વ્યાજનો દર નક્કી કરવામાં નાણાનું પરિબળ તટસ્થ હોય છે, એટલે કે વ્યાજનો દર નક્કી કરવામાં નાણું ભાગ ભજવતું નથી, પરંતુ નાણાની પાછળ રહેલા બિન નાણાકીય કે વાસ્તવિક પરિબળો ભાગ ભજવતા હોય છે. તેથી પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આપેલા આ બધા સિદ્ધાંતો બિનનાણાકીય સિદ્ધાંતો કે વાસ્તવિક સિદ્ધાંતો તરીકે પણ ઓળખાય છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આપેલા સિદ્ધાંતો નીચે મુજબ છે.

(1) આત્મસંયમનો સિદ્ધાંત :

પ્રો. સિનિયર આ સિદ્ધાંતનાં પ્રણેતા છે. તેમના મતે, ''વ્યાજ એ આત્મસંયમનું વળતર છે.'' આ સિદ્ધાંત પ્રમાણે લોકો જે વ્યાજ રૂપે આવક મેળવે છે તે તેમના આત્મસંયમના બદલાના સ્વરૂપે મેળવે છે. પ્રો. સિનિયરના મતે મૂડીની માગનો આધાર મૂડીની ઉત્પાદકતા પર હોય છે. જેથી તેમણે મૂડીના પુરવઠાને સમજાવતો સિદ્ધાંત રજૂ કર્યો. તેમની દલીલ મુજબ બચતો એ મૂડીના પુરવઠાનું ઉદ્‌ગમ સ્થાન છે અને આ બચતો કરવા માટે લોકોએ વર્તમાન વપરાશનો ત્યાગ કરવો પડે છે. લોકો વર્તમાન વપરાશમાંથી જે સંતોષ મેળવી શક્યા હોય તેનો ત્યાગ કરવામાં આવે છે. એટલે કે આત્મસંયમ કરવો પડે છે. જે લોકોમાં આત્મસંયમ કરવાનો ગુણ હોતો નથી, તે લોકો વ્યાજ મેળવી શકતા નથી અને જે લોકોમાં આત્મસંયમનો ગુણ હોય છે, તેઓ વર્તમાન ઉપભોગનો ત્યાગ કરીને બચત કરે છે અને આ બચતના રોકાણ દ્વારા તેઓ વ્યાજ પ્રાપ્ત કરે છે. મોટાભાગે દરેક વ્યક્તિ પોતાની આવક હંમેશા વર્તમાનમાં જ વાપરવા માટે તત્પર (આતુર) હોય છે. જ્યારે તેઓ બચત કરે છે ત્યારે તેમને વર્તમાન ઉપભોગનું બલિદાન કરવું પડે છે. તેથી બચતનું

કાર્ય કઠિન હોય છે. જે લોકો પોતાના આત્મસંયમ દ્વારા બચત કરીને નાણાં વ્યાજે પૂરા પાડવાનું કાર્ય કરે છે. તેમને ત્યાગનાં પ્રમાણમાં વિશેષ વળતર આપવામાં ન આવે તો તેઓ ફરી બચત કરવાનું વિચારશે નહી. તેથી જે લોકો બચતો કરીને ધીરાણ આપે છે તેમણે કરેલા ત્યાગના બદલામાં અને તેમના આત્મસંયમના વળતર રૂપે વ્યાજ આપવું જરૂરી બને છે.

લોકોમાં ત્યાગ કરવાની ક્ષમતા અથવા તો આત્મસંયમ કરવાની ક્ષમતા દ્વારા વ્યાજના દર નક્કી થાય છે. આત્મસંયમ કરવાની ક્ષમતા અલગ અલગ સમાજમાં જુદી જુદી હોય છે. તેથી અલગ અલગ સમાજમાં વ્યાજના દર અલગ અલગ જોવા મળે છે. લોકો જેટલા આત્મસંયમી વધુ હોય તેટલા પ્રમાણમાં બચત વધુ થાય છે. જેથી વ્યાજનો દર નીચો નક્કી થાય છે. તેનાથી ઉલ્ટું જેમ લોકો આત્મસંયમી ઓછા તેમ બચત ઓછી થાય છે તેથી વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે. આમ, વ્યાજના દર અને આત્મસંયમ વચ્ચે વ્યસ્ત સંબંધ રહેલો છે. ટૂંકમાં એમ કહી શકાય કે વ્યાજ એ આત્મસંયમનું વળતર છે.

- **સિદ્ધાંતની ટીકાઓ :**

આ સિદ્ધાંતની ટીકાઓ પણ કરવામાં આવી છે જે નીચે પ્રમાણે છે.

(1) મૂડીના પુરવઠાને જ મહત્વ : આ સિદ્ધાંતમાં વ્યાજને નક્કી કરવા માટે માત્ર ને માત્ર મૂડીના પુરવઠાને જ ધ્યાનમાં લેવામાં આવ્યો છે અને મૂડીની માંગની (અવગણના)ને ધ્યાનમાં લેવામાં આવી નથી. આથી આ સિદ્ધાંત ટીકાપાત્ર બન્યો છે.

(2) અવ્યવહારુ અનુમાન : પૂર્ણ હરીફાઈના અવ્યવહારુ અનુમાનને આધારે આ સિદ્ધાંત આપેલ હોવાથી તેનું વ્યાવહારિક મૂલ્ય ઘટી જાય છે.

(3) ભવિષ્યની સલામતી માટે થતી બચતમાં આનંદ : લોકો પોતાના ભવિષ્યની સલામતી માટે પણ બચત કરતાં હોય છે. આ બચત કરવામાં તેમને આનંદ આવતો હોય છે. આવા લોકો માટે આ બચત કષ્ટદાયી નહી પરંતુ આનંદદાયી હોય છે અને તેથી જ આ સિદ્ધાંત ટીકાપાત્ર બન્યો છે.

(2) પ્રતીક્ષાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંતના પ્રણેતા પ્રો. માર્શલ છે. પ્રો. માર્શલના મત મુજબ વ્યાજ એ આત્મસંયમનું નહિ પરંતુ પ્રતિક્ષાનું વળતર છે. પ્રો. સિનિયરના આત્મસંયમના ખ્યાલમાં સુધારો કરતાં જણાવે છે કે હકીકતમાં ઉદ્યોગ-ધંધામાં મોટા ભાગે મૂડી પૂરી પાડનાર લોકો ધનિક હોય છે. તેથી તેમને બચત કરવામાં ખાસ કોઈ આત્મસંયમ કે બલિદાન કરવાની જરૂર પડતી નથી. તેથી આત્મસંયમ નહિ પરંતુ પ્રતીક્ષા વ્યાજના દરને અસર કરનારું પરિબળ છે. ધનીક લોકો પાસે તેમની જરૂરિયાત કરતાં વધુ આવક હોય છે. તેથી તેઓ વર્તમાન વપરાશ પર કાપ મૂક્યા સિવાય બચત કરી શકે છે અને તેનું ધીરાણ કરી વ્યાજ મેળવે છે. ધનીક લોકો પોતાની બચત માટે વર્તમાન વપરાશને ભવિષ્ય પર મુલત્વી રાખે છે. આ સમયગાળા દરમિયાન તેમણે નાણાંની વપરાશ કે તેમાંથી મળતાં સંતોષની પ્રતીક્ષા કરવી પડે છે. આ પ્રતિક્ષાનો અનુભવ પણ આનંદદાયક હોતો નથી. પ્રતિક્ષા કરનારે જે ત્યાગ અને માનસિક તનાવ સહન કરવો પડે છે તેના બદલામાં એને વ્યાજ આપવામાં આવે છે. તેથી વ્યાજ એ આત્મસંયમનું નહી, પરંતુ પ્રતિક્ષાનું વળતર છે. લોકોની પ્રતિક્ષાવૃત્તિ વધારે હોય તો વ્યાજનો દર નીચે નક્કી થાય છે અને પ્રતિક્ષાવૃત્તિ ઓછી હોય તો વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે.

એક બાબત હજુ શંકાસ્પદ છે કે ધનિક લોકો લોન આપીને પ્રતિક્ષાનો દુઃખદ અનુભવ કરે છે કે નહિ. ધનિક લોકો વ્યાજનો દર શૂન્ય હોય ત્યારે પણ બચત કરતા હોય છે. આ સિદ્ધાંતમાં પણ પુરવઠા પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. જયારે માગ પર ધ્યાન આપવામાં આવ્યું નથી.

- **સિદ્ધાંતની ટીકાઓ :**
  - આ સિદ્ધાંતમાં માત્ર મૂડીના પુરવઠાને મહત્વ આપવામાં આવ્યું છે.
  - બચતો કષ્ટરહિત હોય છે.
  - ભવિષ્યની સલામતી માટે કરવામાં આવતી બચત માટે આનંદ મળે છે.
  - પૂર્ણ હરીફાઈના અવ્યવહારુ અનુમાનને આધારે સિદ્ધાંત આપેલો હોવાથી તેનું વ્યવહારિક મૂલ્ય ઓછું થઈ જાય છે.

(3) સમય પસંદગીનો સિદ્ધાંત :

ઓસ્ટ્રિયન અર્થશાસ્ત્રી બોહ્મ બૉવર્ક આ સિદ્ધાંત રજૂ કર્યો હતો. પ્રો.બોહમ બવર્ક કહે છે કે, લોકો ભવિષ્યના ઉપભોગ કરતાં વર્તમાનમાં ઉપભોગ કરવાનું વધુ પસંદ કરે છે. આથી વ્યાજ એ વર્તમાન ઉપભોગને ભવિષ્યમાં છોડી દેવાનું વળતર છે.'' એટલે કે લોકો સમક્ષ વર્તમાન આવક અને ભવિષ્યની આવક વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો તેઓ મોટેભાગે વર્તમાન આવક વધુ પસંદ કરે છે. એટલે કે લોકોમાં ભવિષ્યને ઓછું અંદાજવાની દૃષ્ટિ હોય છે. તેથી લોકોને તેમના ભવિષ્યના ઉપભોગને વર્તમાન ઉપભોગની સમાન ગણના કરવા માટે જે વળતર આપવામાં આવે છે તેને વ્યાજ કહે છે. તેથી વ્યાજ એ મનુષ્યને પોતાના વર્તમાન ઉપભોગને કેટલાક સમય પૂરતો સ્થગિત કરવા માટે ચૂકવવામાં આવતું વળતર છે. લોકોની વર્તમાન સમયમાં નાણાંનો ઉપભોગ કરવાની અધિરાઈ વધુ હોય તો વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે અને તેનાથી ઉલટું જો નાણાનો ઉપભોગ કરવાની અધિરાઈ ઓછી હોય તો વ્યાજનો દર નીચો નક્કી થાય છે.

પ્રો. બોહ્મ બવર્ક તેમના સિદ્ધાંતમાં વ્યાજ માટે લોકોના ભવિષ્યને ઓછું અંદાજવાના દૃષ્ટિબિંદુને જવાબદાર ગણાવે છે. જયારે અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો. ઈરવિગ ફિશર સમય પસંદગીના પરિબળને વધુ જવાબદાર ગણાવે છે. પ્રો. ફિશરના મત મુજબ લોકોની સમય પસંદગી વધારે હોય તેમ વ્યાજનો દર વધુ નક્કી થાય છે અને લોકોની સમય પસંદગી ઓછી હોય તેમ વ્યાજનો દર ઓછો નક્કી થાય છે. ઈરવિગ ફિશરના મત મુજબ ભવિષ્યના સંતોષની સરખામણીમાં વર્તમાન સંતોષ વધુ મહત્વનો હોય છે. વર્તમાનમાં આવક ખર્ચવા માટે લોકો વધુ આતુર હોય છે. આથી જો વ્યાજ આપવામાં ન આવે તો લોકો પોતાના વર્તમાન સંતોષને ભવિષ્યના સંતોષમાં બદલવા તૈયાર થતા નથી. તેથી વર્તમાન સમયમાં લોકોની પોતાના નાણાં વાપરી નાખવાની અધિરાઈને રોકવા માટે જે વળતર ચૂકવવામાં આવે છે તે વ્યાજ તરીકે ઓળખાય છે. લોકોની વર્તમાન સમયમાં નાણાં ઉપભોગ કરવાની આતુરતાને પ્રો. ફિશર ''સમય પસંદગી'' નામે ઓળખાવે છે. સમય પસંદગી દ્વારા વ્યાજ નક્કી થાય છે. મતલબ કે વ્યાજદરનો આધાર લોકોની સમય પસંદગીની તીવ્રતા પર આધારિત છે. લોકોની વર્તમાન આવક, ભવિષ્યમાં આવકની અપેક્ષા, વ્યક્તિઓની ટેવ, ફેશન અને સ્વભાવ પર સમય પસંદગીની તીવ્રતાનો આધાર રહેલો છે.

આ સિદ્ધાંતમાં પણ બચતના પુરવઠાને જ મહત્વ આપવામાં આવ્યું છે. માગ પર ધ્યાન

આપવામાં આવતું નથી.

- **સિદ્ધાંતની ટીકાઓ :**

  (1) અપૂર્ણ સિદ્ધાંત : પ્રો. ફિશર વ્યાજના દર પર અસર કરતાં અન્ય પરિબળોની અવગણના કરે છે. ફિશર માત્ર સમય પસંદગીને જ મહત્વ આપે છે. આથી આ સિદ્ધાંત અપૂર્ણ બની જાય છે.

  (2) સ્થિર ખરીદશક્તિનો અંદાજ : વર્તમાન અને ભવિષ્યમાં નાણાની ખરીદશક્તિ સ્થિર રહે છે. એમ આ સિદ્ધાંત દ્વારા માની લેવામાં આવે છે. પરંતુ હકીકતમાં ભાવોમાં સતત પરિવર્તન થતું રહે છે. જેથી નાણાની ખરીદશક્તિ પણ બદલાતી રહે છે.

  (3) સ્થિર માનવ સ્વભાવનો અંદાજ : માનવનો સ્વભાવ બદલાતો રહે છે. એ સ્થિર રહી શકતો નથી, જ્યારે આ સિદ્ધાંતમાં માનવનો સ્વભાવ વર્તમાન અને ભવિષ્યમાં સ્થિર રહે છે એવો અંદાજ મૂકવામાં આવે છે.

  (4) સમય પસંદગીના ખ્યાલને માપવાનું કાર્ય કઠિન : સમય પસંદગીનો ખ્યાલ આત્મલક્ષી હોવાથી તેને માપવાનું કાર્ય કઠિન બની જાય છે. તેથી આ સિદ્ધાંત મુજબ તેના પર રચાયેલા ખ્યાલનું વ્યાવહારિક મૂલ્ય ઓછું થઈ જાય છે.

(4) મૂડીની માગ અને પુરવઠાનો સિદ્ધાંત :

આ સિદ્ધાંતના પ્રણેતાઓમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ પ્રો. ડેવિડ રિકાર્ડો, પ્રો. વોલ્સસ, પ્રો. માર્શલ, પ્રો. નાઈટ, હોર્સિંગ વિ. ના નામ સંકળાયેલા છે. આ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ, ''વ્યાજનો દર એ મૂડીની માંગ અને મૂડીના પુરવઠા દ્વારા નક્કી થાય છે.'' ''એટલે કે વ્યાજનો દર કેટલો નક્કી થશે તેનો આધાર બજારમાં મૂડીના પુરવઠા (બચતો)નું પ્રમાણ અને મૂડીની માંગ (મૂડી રોકાણ)નું પ્રમાણ કેટલું છે તેના પર રહેલો છે. જે બિંદુએ મૂડીની માગ અને મૂડીનો પુરવઠો સરખા થાય ત્યાં વ્યાજનો સ્થિર દર સ્થાપિત થાય છે. વ્યાજના આ સ્થિર દરને સમતુલાના વ્યાજના દર તરીકે પણ ઓળખવામાં આવે છે.

મૂડીનો પુરવઠો (બચત) લોકોની કરકસર અને તેમની બચતવૃત્તિ દ્વારા ઉદ્ભવે છે. મૂડીની માંગ એ તેની સીમાંત ઉત્પાદકતામાંથી ઉદ્ભવે છે. આથી જ મૂડીની માગ અને મૂડીના પુરવઠાને નક્કી કરવામાં બિનનાણાકીય કે વાસ્તવિક પરિબળો ભાગ ભજવે છે. મૂડીની માગ અને મૂડીનો પુરવઠો જે બિંદુએ સરખા થાય ત્યારે સમતુલાનો વ્યાજનો દર અસ્તિત્વમાં આવે છે. જે આદર્શ સ્થિતિ છે. પરંતુ વાસ્તવમાં વ્યવહારમાં મૂડીની માગ અને મૂડીનો પુરવઠો નક્કી કરનારા પરિબળો જુદા જુદા હોય છે. તેથી બજારમાં ક્યારેક મૂડીની માગ કરતાં મૂડીના પુરવઠાનું પ્રમાણ વધી જાય છે. તો કોઈવાર મૂડીના પુરવઠા કરતાં મૂડીની માગનું પ્રમાણ વધી જાય છે. આથી વ્યાજનો દર સમતુલાના દર કરતાં ઊંચો અથવા નીચો નક્કી થાય છે. મૂડીના પુરવઠા (બચત) કરતાં મૂડીની માંગ (મૂડી રોકાણ)નું પ્રમાણ વધારે હોય ત્યારે વ્યાજનો દર ઊંચો નક્કી થાય છે અને જો મૂડી માંગ (મૂડી રોકાણ) કરતાં મૂડીનો પુરવઠો (બચત) વધારે હોય ત્યારે વ્યાજનો દર નીચો નક્કી થાય છે.

મૂડીની માગ અને મૂડીના પુરવઠામાં થતાં ફેરફારો એ વ્યાજના દરના ફેરફારોને કારણે ઉભા થાય છે. મૂડીની માગ અને વ્યાજના દર વચ્ચે વ્યસ્ત સંબંધ રહેલો છે. તેથી જ્યારે વ્યાજના દરમાં વધારો થાય ત્યારે મૂડીની માગમાં ઘટાડો થાય છે અને જો વ્યાજના દરમાં

ઘટાડો થાય તો મૂડીની માગમાં વધારો થાય છે. તેથી મૂડીની માંગ રેખા ડાબી બાજુ ઉપરથી જમણી બાજુ નીચે તરફ ઢળે છે. વળી મૂડીના પુરવઠા અને વ્યાજના દર વચ્ચે સીધો સંબંધ છે, એટલે કે જો વ્યાજના દરમાં ઘટાડો થાય તો મૂડીના પુરવઠામાં ઘટાડો થાય છે અને જો વ્યાજના દરમાં વધારો થાય તો મૂડીના પુરવઠામાં પણ વધારો થાય છે. આથી મૂડીની પુરવઠાની રેખા જમણીથી ડાબી બાજુએ ઢળે છે અને જે બિંદુએ મૂડીની માગ અને મૂડીની પુરવઠાની રેખા એકબીજાને છેદે છે. ત્યાં પુનઃ સમતુલાનો દર નક્કી કરવામાં આવે છે. આમ વ્યાજના દરને મૂડીની માગ અને મૂડીનો પુરવઠો એક અસર કરનારું પરિબળ છે.

- **સિદ્ધાંતની ટીકાઓ :**
  - વ્યાજના માધ્યમ દ્વારા મૂડીની માગ અને મૂડીનાં પુરવઠામાં સમાનતા લાવી શકાય છે. પરંતુ કેઈન્સના મત મુજબ મૂડીની માગ (મૂડી રોકાણ) અને મૂડીનો પુરવઠો (બચત) વચ્ચે સમતુલન વ્યાજના દર દ્વારા લાવી શકાતું નથી. કેઈન્સના જણાવ્યા મુજબ વ્યાજનો દર એ રાષ્ટ્રીય આવકના પરિવર્તનના માધ્યમ દ્વારા સ્થાપિત થાય છે.
  - વ્યાજના દર પર બચતનો આધાર રહેલો છે, પરંતુ કેઈન્સના મતે બચતનો આધાર આવકની સપાટી પર રહેલો છે નહી કે વ્યાજના દર પર. જો આવક જ ઓછી હોય તો વ્યાજનો દર ગમે તેટલો ઊંચો હોય તો પણ બચત થઈ શકે નહિ.
  - વ્યાજના દરના નિર્ધારણ પર શાખી નાણાનો મહત્વપૂર્ણ પ્રભાવ હોય છે. જે આ સિદ્ધાંતમાં ધ્યાનમાં લેવામાં આવ્યું નથી.
  - આ સિદ્ધાંત પ્રમાણે બચતનો બદલો એ વ્યાજ છે એમ માનવામાં આવ્યું છે; જે યોગ્ય નથી. જો વ્યક્તિ બચત કરે પરંતુ બચતનાં નાણાં પોતાની પાસે જ રાખે તો તેને બચતનું વળતર વ્યાજના સ્વરૂપમાં મળતું નથી.

(5) રોકડ પસંદગીનો સિદ્ધાંત :

જુના અર્થશાસ્ત્રીઓએ વ્યાજ અંગેના જે સિદ્ધાંતો આપેલા હતા તે બિનનાણાકીય કે વાસ્તવિક પરિબળોને ધ્યાનમાં રાખીને આપ્યા હતા. જે ખામીઓથી ભરેલા હતા. પ્રો. કેઈન્સે બિનનાણાકીય પરિબળો કરતાં નાણાકીય પરિબળો પર આધારિત વ્યાજનો રોકડ પસંદગીનો સિદ્ધાંત રજૂ કર્યો.

પ્રો. કેઈન્સના મત મુજબ વ્યાજના દરને નક્કી કરવામાં નાણાકીય પરિબળ એટલે કે રોકડ પસંદગી મહત્વનો ભાગ ભજવે છે. પ્રો. કેઈન્સના જણાવ્યા અનુસાર, ''વ્યાજ એ અમુક ચોક્કસ સમય માટે રોકડ પસંદગી જતી કરવાનું વળતર છે.'' નાણું એ તરલતા ધરાવતી મિલકત છે. તેથી નાણાની મદદથી ગમે તે વસ્તુ કે સેવા ગમે ત્યારે ખરીદી શકાય છે. નાણા દ્વારા વસ્તુ, સેવા કે માલમિલકત ખરીદી તેના પર અધિકાર પ્રાપ્ત કરી શકાય છે. તેથી લોકો નાણાને જતું કરવા તૈયાર થતા નથી. લોકો નાણું જતું કરવા માટે તૈયાર થાય તે માટે તેમને લલચાવવા માટે વ્યાજ આપવું પડે છે. કેઈન્સના મંતવ્ય મુજબ નાણાની માગ અને પુરવઠા દ્વારા વ્યાજનો દર નક્કી થાય છે. વ્યાજ એ શુદ્ધ નાણાકીય ઘટના મુજબ વપરાશવૃત્તિ પાછળ ખર્ચે છે અને બાકી રહેલ નાણાં (આવક) એ તેની બચત હોય છે. તેણે કરેલી બચતમાંથી કેટલીક રકમ તે હાથ પર રાખે છે અને બાકીની રકમ (બચત)નું ધીરાણ કરે છે. આ બચતમાંથી કેટલીક રકમ તે હાથ પર રોકડ સ્વરૂપે રાખે છે તેનો આધાર તેની રોકડ પસંદગી પર હોય છે, અને વ્યાજનો દર આ રોકડ પસંદગીના આધારે નક્કી થાય છે. વ્યાજના દર અને રોકડ પસંદગી વચ્ચે સીધો સંબંધ

રહેલો છે. લોકો હાથ પર નાણાં રાખવાનું વધુ પસંદ કરે છે. તેના પણ અમુક કારણો રહેલા છે. જે નીચે મુજબ છે.

(1) વિનિમયનો હેતુ : નાણાનું ધીરાણ કરવાથી નાણાં અમુક નક્કી કરેલા સમયે પરત મળે છે. લોકોને પોતાની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે સતત ખર્ચ કરવો પડે છે. તેમજ ધંધામાં પણ દૈનિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે નાણાની જરૂર પડે છે. તેથી કેટલુંક નાણું દૈનિક જરૂરિયાતો માટે અથવા વિનિમયના હેતુ માટે હાથ પર રાખવું જરૂરી બની રહે છે.

(2) સટ્ટાકીય હેતુ : સટ્ટાકીય વૃત્તિ ધરાવતાં લોકોને ભવિષ્યમાં વ્યાજનાં દરમાં વધારો થવાનો હોય એમ લાગતું હોય તો તેઓ વર્તમાનમાં ધિરાણ કરવાને બદલે નાણાં પોતાની પાસે (હાથ પર રાખવાનું) વધુ પસંદ કરશે. તેનાથી ઊલટું જો તેમને એવો અંદાજ આવે કે ભવિષ્યમાં વ્યાજનાં દરમાં ઘટાડો થવાનો છે તો તેઓ વર્તમાનમાં ધિરાણ કરવાનું વધુ પસંદ કરશે. જેથી વર્તમાનમાં તેમની પાસે નાણાં હાથ પર હશે નહિ એટલે કે તેની રોકડ પસંદગીમાં ઘટાડો થશે.

(3) સાવચેતીનો હેતુ : લોકો ભવિષ્યના આકસ્મિક સંજોગો વિશે વિચારીને ભવિષ્યની સાવચેતી માટે કેટલુંક નાણું પોતાની પાસે (હાથ પર) રાખતાં હોય છે. ભવિષ્યના આકસ્મિક સંજોગો જેવા કે માંદગી, અકસ્માત કે કોઈ સામાજિક પ્રસંગોના ખર્ચ માટે નાણાંની જરૂર પડતી હોય છે. આથી સાવચેતીના રૂપે તેઓ નાણાં હાથ પર રાખવાનું વધારે પસંદ કરે છે.

- **સિદ્ધાંતની ટીકાઓ :** પ્રો. કેઈન્સે આપેલ રોકડ પસંદગીના સિદ્ધાંતની પણ ટીકાઓ કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

(1) સંકુચિત દૃષ્ટિકોણ : પ્રો. કેઈન્સે વ્યાજનો દર નક્કી કરવામાં નાણાકીય પરિબળો પર ભાર મૂક્યો છે અને બિનનાણાકીય કે વાસ્તવિક પરિબળોની અવગણના કરી છે. જયારે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ બિનનાણાકીય પરિબળો પર ભાર મૂક્યો છે અને નાણાકીય પરિબળોની અવગણના કરી છે. તેથી પ્રો. કેઈન્સનો આ સિદ્ધાંત સંકુચિત દૃષ્ટિકોણવાળો બની જાય છે.

(2) સિમિત (મર્યાદિત) કાર્યક્ષેત્ર : સાટા પદ્ધતિ અસ્તિત્વમાં હોય તેવા અર્થશાસ્ત્રમાં આ સિદ્ધાંત પ્રમાણે વ્યાજનો દર કેવી રીકે નક્કી કરવો ? એ સમજવું મુશ્કેલ બની જાય છે.

(3) નાણાંના પુરવઠાની અવગણના : આ સિદ્ધાંતમાં નાણાંના પુરવઠાને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. તેમાં ફક્ત નાણાંની માગને જ ધ્યાનમાં લેવામાં આવ્યું છે. તેથી આ સિદ્ધાંતમાં નાણાંના પુરવઠાની અવગણના કરવામાં આવી છે.

(4) વિરોધાભાસ : આ સિદ્ધાંત અને વાસ્તવિકતા વચ્ચે વિરોધાભાસ જોવામાં આવે છે. કેમ કે આ સિદ્ધાંત મુજબ લોકોની રોકડ પસંદગી વધે તો વ્યાજનો દર ઊંચો જાય છે. પરંતુ મંદીના સમયમાં વ્યાજનો દર ઊંચો નથી જતો પણ નીચો જાય છે.

(5) નાણાંના પુરવઠાની અસ્પષ્ટતા : નાણાંના પુરવઠામાં એક બાજુ ફક્ત રોકડ નાણાંના પ્રમાણ પર ધ્યાન આપવામાં આવે છે અને બીજી બાજુ રોકડ નાણાં સિવાય શાખી નાણાંને પણ ધ્યાનમાં લેવામાં આવે છે તેથી આ સિદ્ધાંતમાં નાણાનાં પુરવઠાની અસ્પષ્ટતા જોવા મળે છે.

(6) ટૂંકા ગાળાનો વ્યાજનો દર : આ સિદ્ધાંતમાં લાંબા ગાળાના વ્યાજના દર વિશે કોઈ

સ્પષ્ટતા કરવામાં આવી નથી. તેમાં માત્ર ટૂંકા ગાળાના વ્યાજના દર વિશે સમજાવવામાં આવ્યું છે.

(6) ધીરાણ ભંડોળની માગ અને પુરવઠાનો સિદ્ધાંત :

ગુન્નાર મિડૉલ અને પ્રો. નટ વિકસેલના મત મુજબ વ્યાજનો દર એ ધીરાણ ભંડોળની માગ અને ધીરાણ ભંડોળના પુરવઠા દ્વારા નક્કી કરવામાં આવે છે. વસ્તુની કિંમત જેવી રીતે તેની માગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. આ અર્થશાસ્ત્રીઓના મત મુજબ, ''જ્યાં ધીરાણપાત્ર ભંડોળની માગ અને ધીરાણપાત્ર ભંડોળના પુરવઠાનો ઉપયોગ કરવા બદલ ચૂકવવામાં આવતી કિંમત એ વ્યાજ છે. વાસ્તવમાં ધીરાણપાત્ર ભંડોળની માગ અને ધીરાણપાત્ર ભંડોળની માગ અને ધીરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરનારા પરિબળો અલગ અલગ હોય છે અને તેઓ તેમની રીતે કામ કરતા હોય છે. તેથી જ્યારે ધીરાણ ભંડોળની માગ ધીરાણ ભંડોળના પુરવઠા કરતાં વધી જાય ત્યારે ઊંચો વ્યાજનો દર નક્કી થાય છે અને જ્યારે ધીરાણ ભંડોળની માગ ધીરાણ ભંડોળના પુરવઠા કરતા ઓછી થઈ જાય ત્યારે નીચો વ્યાજનો પુરવઠાને નક્કી કરનારા અલગ અલગ પરિબળો હોય છે. જે નીચે પ્રમાણે આપેલા છે.

(1) ધીરાણ ભંડોળની માગ નક્કી કરતાં પરિબળો :

નીચેના પરિબળો દ્વારા ધિરાણ ભંડોળની માગ નક્કી કરવામાં આવે છે.

(1) **ધંધાદારી વ્યક્તિઓની નાણાની માગ :** ધંધાદારી વ્યક્તિઓ એટલે કે ઉત્પાદકો અને વેપારીઓ પોતાના ધંધા માટે વ્યાજના દરને ધ્યાનમાં રાખીને ધીરાણપાત્ર ભંડોળની માગ કરે છે. જો વ્યાજનો દર ઘટે તો ધીરાણપાત્ર ભંડોળની માગમાં વધારો થાય છે અને જો વ્યાજનો દર વધે તો ધીરાણપાત્ર ભંડોળની માગમાં ઘટાડો થાય છે.

(2) **સરકાર દ્વારા નાણાંની માગ :** આર્થિક વિકાસનાં કાર્યો માટે યુદ્ધ તથા સંકટ સમયે સરકાર દ્વારા ધિરાણપાત્ર ભંડોળની માગ કરવામાં આવે છે.

(3) **સંગ્રહ માટે નાણાની માગ :** લોકો રોકડ હાથ પર રાખવા માટે પણ ધીરાણપાત્ર ભંડોળની માગ કરતાં હોય છે.

(4) **ઉપભોક્તા દ્વારા નાણાંની માગ :** પોતાની જરૂરિયાતની ચીજ-વસ્તુઓ ખરીદવા માટે અને જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ધીરાણપાત્ર ભંડોળની માગ કરે છે. વ્યાજનો દર ઓછો હોય ત્યારે નાણાંની માગ વધારે હોય છે. તેથી વ્યાજનો દર અને ધીરાણપાત્ર ભંડોળની માગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

(2) ધીરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરતાં પરિબળો :

નીચેના પરિબળો ધીરાણપાત્ર ભંડોળના પુરવઠાને નક્કી કરે છે.

(1) **નાણાનું સંગ્રહ - અસંગ્રહનું પ્રમાણ :** જ્યારે લોકો નાણાનો વધારે સંગ્રહ કરે છે ત્યારે ધીરાણપાત્ર ભંડોળના પુરવઠામાં ઘટાડો થાય છે તેથી ઊલટું જ્યારે લોકો નાણાંનો ઓછો સંગ્રહ કરે ત્યારે ધીરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થતો જોવા મળે છે.

(2) **બેંકની શાખ :** વ્યાજના દરમાં વધારો થાય ત્યારે બેંકો શાખમાં વધારો કરે છે. તેને કારણે ધીરાણપાત્ર ભંડોળના પુરવઠામાં વધારો થાય છે અને આનાથી ઉલટું વ્યાજના દરમાં ઘટાડો થતો હોય ત્યારે બેંકો શાખમાં ઘટાડો કરતી

હોવાથી ધીરાણપાત્ર ભંડોળની પુરવઠામાં ઘટાડો થાય છે.

(3) લોકોની કુલ બચત : કુલ આવકમાંથી કુલ ખર્ચ બાદ કરતાં જે રકમ વધે તે બચત ધીરાણપાત્ર ભંડોળનો પુરવઠો હોય છે. એ સ્વાભાવિક છે કે જો વ્યાજના દરમાં વધારો થતો હોય તો લોકો વધુ બચત કરે છે અને જો વ્યાજના દરમાં ઘટાડો થતો હોય તો લોકો બચત ઓછી કરતા હોય છે.

આમ, ધિરાણપાત્ર ભંડોળની માગ અને પુરવઠાને ઉપર મુજબના પરિબળો અસર કરતાં હોય છે. આ સિદ્ધાંત મુજબ વ્યાજનો દર નક્કી કરવામાં નાણાકીય પરિબળો ઉપરાંત બિનનાણાકીય પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આથી આ સિદ્ધાંત વધુ વૈજ્ઞાનિક છે.

- **સિદ્ધાંતની ટીકાઓ :**

નીચે પ્રમાણેની ટીકાઓ આ સિદ્ધાંતમાં પણ કરવામાં આવી છે.

(1) વ્યાજનો દર બચતનો નિર્ણાયક નથી : આ સિદ્ધાંતમાં એવું ધારવામાં આવે છે કે બચતનું પ્રમાણ એ વ્યાજના દરને આધારે નક્કી કરવામાં આવે છે. વાસ્તવમાં વ્યાજનો દર ઊંચો હોવા છતાં પણ લોકો બચત કરતાં નથી અને ઘણીવાર વ્યાજ દર શૂન્ય હોય તો પણ બચત કરતાં હોય છે.

(2) વાસ્તવિક પરિબળો અને નાણાકીય આયોજન અયોગ્ય : વાસ્તવિક પરિબળો અને નાણાકીય પરિબળોનો સમન્વય વ્યાજનો દર નક્કી કરવા માટે કરવામાં આવે છે તે યોગ્ય નથી.

(3) આવકની વ્યાજના દર પર થતી અસરની અવગણના : આ સિદ્ધાંતમાં આવકને સ્થિર ધારવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આવકમાં સતત વધારો કે ઘટાડો જેવા ફેરફાર થતા હોય છે અને આ ફેરફારો વ્યાજના દર પર અસર કરતાં હોય છે. આમ, આ સિદ્ધાંતની સમીક્ષા થઈ છે.

6. વ્યાજનો દર શૂન્ય હોઈ શકે ?

વ્યાજનો દર મૂડીની માંગ અને મૂડીના પુરવઠા દ્વારા નક્કી કરવામાં આવે છે. જેને લોનેબલ ભંડોળ તરીકે પણ ઓળખવામાં આવે છે. જયાં સુધી મૂડીની માંગ તેના પુરવઠા કરતા વધારે હોય ત્યાં સુધી વ્યાજ દર હંમેશા હકારાત્મક રહે છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનાં મત મુજબ, જેમ જેમ વધતી જતી આવક અને સાક્ષરતાનાં પ્રમાણને લીધે પશ્ચિમના દેશોનાં લોકોનું જીવન ધોરણ વધતુ જાય છે. એક તબક્કો એવો પણ આવી શકે છે કે જેમાં લોકોની શક્તિ અને મૂડી બચાવની ઈચ્છા એટલી વધી જશે કે મૂડી સંચયના દર મૂડી માટેની માંગ કરતા આગળ નીકળી જશે. માંગની સરખામણીએ મૂડીનો પુરવઠો એટલો વિપુલ બની શકે છે કે તેની સીમાંત ઉત્પાદકતા ઘટાડીને શૂન્ય કરી શકાય. પરંતુ તે એકદમ અસંભવ છે, કારણકે મૂડીની માંગ તેના પુરવઠાથી પાછળ રહેવાની સંભાવના નથી તેમજ મૂડીનો પુરવઠો પણ શૂન્ય હોવાની સંભાવના નથી.

વિશ્વનાં ઓછામાં ઓછા અવિકસિત વિસ્તારોમાં વસ્તી ઝડપથી વધી રહી છે. વિકાસશીલ અર્થતંત્રમાં મૂડીની માંગ વિશાળ છે. આ ઉપરાંત નવી ટેકનોલોજીમાં મૂડીની બચત કરતા મૂડી શોષણની શક્યતા છે. આવા અનેક પરિબળોને લીધે મૂડીની માંગની શક્યતા શક્ય નથી, કારણ કે વ્યાજના દરને શૂન્ય પર આવવા દે છે.

જો પુરવઠા પર નજર કરવામાં આવે તો વ્યાજનો દર શૂન્ય ન હોઈ શકે, તે સાચું છે. કેટલાક

લોકો આદત અથવા જરૂરિયાતનાં તીવ્ર દબાણથી શૂન્ય અથવા નકારાત્મક વ્યાજ દરે પણ બચત કરી શકે છે, પરંતુ જો વ્યાજનો દર શૂન્ય છે, તો જે દરે આગામી બચતનું પ્રમાણ ઓછું હશે કે જેથી મૂડીની તીવ્ર અછત ઉભી થાય.

મૂડીની માંગને સંતોષવા માટે પૂરતા પ્રમાણમાં લોકોને તેમની બધી આવકનો વર્તમાન વપરાશ પૂરો કરવા માટે પ્રેરણા આપવા માટે તેને હકારાત્મક વ્યાજની જરૂર પડશે.

હવે તરલતા પસંદગીનાં સિદ્ધાંત પર જોઈએ તે કેઈન્સ એ નાણાકીય ઓથોરીટી દ્વારા નાણાના વિશાળ પુરવઠા દ્વારા વ્યાજનાં દરને શૂન્ય સુધી ઘટાડવાની શક્યતાને નકારી હતી. કેઈન્સનું માનવું હતું કે વ્યાજના નીચા હકારાત્મક દરે પ્રવાહિતા પસંદગી આડી (OX) અક્ષની સમાંતર બને છે. બીજા શબ્દોમાં કહીએ તો ઓછા હકારાત્મક દરે કેઈન્સને ''લિકિવડિટી ટ્રેપ'' પણ કહે છે. નાણાકીય સતા ભંડોળના નાણાનો મોટો જથ્થો પરિભ્રમણમાં આગળ વધારવામાં આવે તો પણ વ્યાજ દર ચોક્કસ હકારાત્મક દરથી નીચે નહીં આવે, કારણ કે આ દરે લોકો ફક્ત વધારાના પૈસા તેમનાં મની હોર્ડસમાં સમાઈ જાય છે.

7. સારાંશ :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલ વ્યાજનાં સિદ્ધાંતમાં વ્યાજનાં અર્થઘટનની બાબતમાં જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ જુદી જુદી વ્યાખ્યા આપી છે. વ્યાજનાં સિદ્ધાંતમાં વાસ્તવિક પરિબળોની અવગણના થઈ શકે નહી. બચત કરનારાઓ સમય પસંદગીને કારણે વ્યાજરૂપી વળતર માંગે છે. કેટલાક અર્થશાસ્ત્રીઓએ વાસ્તવિક પરિબળો પર ભાર મુક્યો છે. તો કેટલાક અર્થશાસ્ત્રીઓ નાણાકીય પરિબળો પર ભાર મુક્યો છે. તેથી સિદ્ધાંત અપૂર્ણ છે. તેમાં વ્યાજના દરને નક્કી કરવા માટે વાસ્તવિક અને નાણાકીય પરિબળો બન્નેનો સમન્વય સાધીને એક નવી જ વિચારધારાને આકાર આપ્યો છે.

: સ્વાધ્યાય :

(1) વ્યાજનો અર્થ સ્પષ્ટ કરો.

(2) શુદ્ધ વ્યાજ એટલે શું ?

(3) કાચા વ્યાજનો અર્થ સમજાવો.

(4) કાચું વ્યાજ શુધ્ધ વ્યાજ કરતા શા માટે વધારે હોય છે.

(5) વ્યાજના દરને નક્કી કરનારા નાણાકીય પરિબળો કયા છે ?

(6) વ્યાજના ધિરાણ ભંડોળના સિદ્ધાંતની ટીકાઓ વર્ણવો.

(7) વ્યાજનાં દરને નક્કી કરનારા નાણાકીય પરિબળો કયા છે.

(8) વ્યાજના દરને અસર કરતા બિનનાણાકીય પરિબળો જણાવો.

(9) રોકડ પસંદગીનો અર્થ સમજાવો.

એકમ :- ૧૨ નફાનાં સિધ્ધાંતો

એકમ ની રૂપરેખા :-

૧) પ્રસ્તાવના
૨) નફો શા માટે?
૩) નફાનાં લક્ષણો
૪) નફાની વ્યાખ્યાઓ
૫) નફાનો અર્થ
૬) નફો ઉદ્ભવવાનાં કારણો
૭) નફાનાં પ્રકારો
૮) નફો અને અન્ય સાધનો ની આવક
૯) નફાનાં સિધ્ધાંતો
૧૦) સારાંશ ચાવીરૂપ શબ્દો
૧૧) સ્વાધ્યાય
૧૨) ટૂંકા પ્રશ્નો.
૧૩) હેતુલક્ષી પ્રશ્ના

પ્રસ્તાવના :-

અર્થશાસ્ત્રનાં અભ્યાસમાં બે ખ્યાલો ૧) ઉત્પાદનનાં સાધનો અને ૨) આર્થિક પ્રવૃતિ ખુબજ મહત્વનાં છે. સમગ્ર અર્થશાસ્ત્રનું મૂળ આ બે ખ્યાલો ઉપર રચાયેલું છે એમ કહી શકાય.

અર્થશાસ્ત્રનાં પિતા એડમ સ્મિથનાં શબ્દોમાં કહીએ તો અર્થશાસ્ત્ર સંપતિ કમાવવાનું અને સંપતિ ખર્ચવાનું શાસ્ત્ર છે. જે તેમણે ૧૭૭૮માં લખેલ નિબંધ "છહૈ હૈૂઅિૈ હ ંરી ષ્ઠઙ્કેજીર્જ ફુીઙ્કઙ્મંર્ક હર્ઙ્કેંહ" માંથી પ્રતિત થાય છે.

અર્થાત ઉંડાણપૂર્વક અભ્યાસ કરીએ તો તારણ સ્વરૂપે એમ કહી શકાય કે ઉત્પાદનનાં ચાર સાધનો છે.
(અ) જમીન (બ) મૂડી (ક) શ્રમ (ડ) નિયોજક,
આ ચારેય સાધનો વળતરની અપેક્ષા એ કાર્ય કરે છે. અને બીજાશબ્દોમાં કહીએ તો આર્થિક પ્રવૃતિ કરે છે. જેના બદલા માં કમાણી નાં સ્વરૂપે અનુક્રમે તેમને ભાડું, વ્યાજ, વેતન અને નફો મળે છે. આમ ઉત્પાદનનાં ચાર સાધનોમાંથી નિયોજક બદલા માં કમાણી કે આર્થિક પ્રવૃતિનાં વળતર તરીકે નફો મેળવે છે. એટલે કે નફો એ નિયોજકની કિંમત છે.

<u>નિયોજક શા માટે નફો કમાય છે ?</u>

આર્થિક પ્રવૃતિમાં નિયોજક પોતાની આગવી સૂઝ બુઝ કે બુધ્ધિ શક્તિનો ઉપયોગ કરી જમીન, મૂડી અને શ્રમિકો નાં ઈષ્ટતમ સંયોજન ધ્વારા ઉત્પાદનની પ્રક્રિયામાં પોતાનું યોગદાન આપે છે. ઉપરાંત વિવિધ પ્રકારનાં જોખમો અને અનિશ્ચિતતાઓ પણ ઉઠાવે છે.

અંહી રસપ્રદ વાત એ છે કે ઉત્પાદનનાં સાધનો જમીન-ભાડું, મૂડી-વ્યાજ, શ્રમ-વેતન તરીકે હકારાત્મકસ્વરૂપે વળતર મેળવે છે જયારે નિયોજક નફા તરીકે નકારાત્મક વળતર નુકસાન પણ મેળવી શકે છે. ઉત્પાદનના પ્રથમ ત્રણ સાધનો જમીન, મૂડી અને શ્રમ પૂર્વનિર્ધારિત વળતરનાં દરે આવક પ્રાપ્ત કરે છે જયારે નિયોજક નું વળતર અનિશ્ચિત ને અનિર્ણિત જોવા મળે છે.

ટૂંકમાં કહીએતો નિયોજકને તેના સંકલન, જોખમ, અનિશ્ચિતતા અને નવીનતા સભર પ્રયત્નો માટે નફા રૂપી વળતર પ્રાપ્ત થાય છે.

<u>નફાનાં લક્ષણો :-</u>

૧) નફો પૂર્વનિર્ધારીત કરાર આધારિત વળતર નથી.

૨) નફો ચોક્કસ વળતર નથી.

૩) તે અન્ય સાધનોની ચુકવણી બાદ વધતો અધિશેષ છે.

૪) તે અનિશ્ચિત છે.

૫) ઉત્પાદનનાં અન્ય સાધનો ચોક્કસ પણે હકારત્મક વળતર મેળવે છે પરંતુ નફો નકારત્મક પણ હોઈ શકે છે.

નફાની વ્યાખ્યાઓ :-

અર્થશાસ્ત્ર વિષયની પરંપરાગત લાક્ષણિકતા મુજબ નફાની વ્યાખ્યા આપવાનો ઘણા બધા અર્થશાસ્ત્રીઓ એ પ્રયત્નો કર્યા છે. જે તેમના નફા વિશેનાં અભ્યાસ અને સમજણ શક્તિનો આગવો પરિચય આપે છે. જેમાં સૌપ્રથમ અર્થશાસ્ત્રી એફ.એ.વોકર, જે.બી. કલાર્ક, એફ.બી. હોલી, ફ્રેંક નાઈટ, જી.જે.સ્ટીગલર, શ્રીમતી જોન રોબિન્સન ઈ.એચ.ચમ્બરલીન, એમ.કલેસ્કી, જોસેફ શુંમ્પીટર, ટીફીન, લેફ્ટવીચ, ટાઉસીગ, કાર્વર વગેરે છે.

આ વ્યાખ્યા ઓ નીચે મુજબ છે.

૧) એફ.એ.વોકર :- અમેરિકન અર્થશાસ્ત્રી અને આંકડાશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો એટલે નિયોજકની ક્ષમતા કે કુશળતાનો બદલો કે વળતર છે. વર્ષ ૧૮૪૦ માં અમેરિકામાં જન્મેલા. (ફ્રાન્સીસ અમાસા વોકર).

૨) જે.બી.ક્લાર્ક :- જોન બેન્સ ક્લાર્ક ૧૮૪૭ માં અમેરિકામાં જન્મેલા નવ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી છે. વર્ષ ૧૯૦૦ માં વિકસાવેલ સિધ્ધાંત મુજબ નફો એ ગતિશીલ નિયોજન શક્તિ કે જે અર્થતંત્રમાં પેદા થતા ગતિશીલ પરિવર્તનો ધ્વારા આકાર પામે છે.

૩) એફ.હોલી :- ૧૮૪૩ માં અમેરિકાના ન્યૂયોર્ક માં જન્મેલા અર્થશાસ્ત્રીનાં મત મુજબ નિયોજક ને જોખમ ખેડવા બદલ મળતું વળતર એ નફો છે. (૧૮૯૩ માં નફા અંગે સિધ્ધાંતો વિકસાવેલા તે મુજબ.)

૪) ફ્રેંક નાઈટ :- વર્ષ ૧૮૮૫ માં જન્મેલ અમેરિકન અર્થશાસ્ત્રી છે. તેમનાં મત મુજબ નફો એ નિયોજક ધ્વારા ઉઠાવવામાં આવતી અનિશ્ચિતતાઓની બદલે કમાણી છે.

૫) જી.જે.સ્ટીગલર :- જ્યોર્જ જે સેફ સ્ટીગલર વર્ષ ૧૯૧૧માં જન્મેલા અમેરિકન અર્થશાસ્ત્રી છે. જેમનાં મત મુજબ સ્પર્ધાત્મક ઉદ્યોગોમાં પેઢી નફો કમાય છે કારણ કે અર્થતંત્રમાં અસમતુલા પ્રવર્તે છે.

૬) શ્રીમતી જોન રોબિન્સન :- જોન વાયોલેટ રોબિન્સન વર્ષ ૧૯૦૩ માં ઈંગ્લેન્ડમાં જન્મેલ બ્રિટીશ અર્થશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો એ નફાનો દર અને મૂડીરોકાણની પેદાશ છે.

૭) ઈ.એચ.ચમ્બરલીન :- એડવર્ડ હસ્ટોગ્સ ચમ્બરલીન વર્ષ ૧૮૯૯ માં અમેરિકા માં જન્મેલ અમેરિકન અર્થશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો એટલે ટૂંકાગાળાની પેઢીમાં ઈજારાયુક્ત હરીફાઈ નફો જન્માવે છે.

૮) એમ. કેલેસ્કી :- માઈકલ કેલેસ્કી વર્ષ ૧૮૯૯ માં પોલેન્ડ માં જન્મેલ અર્થશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો એ એક આર્થિક યંત્ર છે. જે અમુક પેઢીઓ ઈજારો ભોગવે છે તે સ્વયં નફો કમાય છે.

૯) જોસેફ શુમ્પીટર :- જોસેફ એલોઈસ શુમ્પીટર વર્ષ ૧૮૮૩ માં ચેક રિપલ્લીકમાં જન્મેલા અર્થશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો સતત ચાલતી સંશોધનની પ્રક્રિયાનું વળતર છે.

૧૦) ટીફીન :- સતત પરિવર્તનને લીધે મળતો નફો ઈજારાશાહીને લીધે મળતા નફો જેવો જ હોય છે.

૧૧) લેફ્ટવિચ :- દક્ષિણ આફ્રિકામાં વર્ષ ૧૯૪૦માં જન્મેલા અર્થશાસ્ત્રી છે. તેમનાં મત મુજબ નફો એટલે પેઢી કે ઉત્પાદક ધ્વારા પ્રાપ્ત કરેલ કુલ આવકમાંથી તમામ પ્રકારની ચુકવણીઓ બાદ કરતાં વધતો અધિશેષ છે.

૧૨) ટાઉસીગ :- વર્ષ ૧૮૫૯માં અમેરિકામાં જન્મેલ અર્થશાસ્ત્રી છે. તેમનાં મત મુજબ નફો અનિશ્ચિત અને ઓળખી ન શકાય તેવી વળતર રૂપી આવક છે.

૧૩) કાર્વર :- થોમસ નિકસન કાર્વર વર્ષ ૧૮૬૫ માં અમેરિકામાં જન્મેલ અર્થશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો એટલે નિયોજક ધ્વારા જોખમ ઘટાડવાનાં પ્રયત્નોનો બદલો છે.

૧૪) હેનરી :- હેનરી જ્યોર્જ વર્ષ ૧૮૩૯માં જન્મેલ અમેરિકન અર્થશાસ્ત્રી છે. તેમના મત મુજબ નફો (૧) સંશોધન માટેનો પુરસ્કાર (૨) અનિશ્ચિતતા અને જોખમ નું વળતર (૩) બજારની અપૂર્ણતાનું પરિણામ એમ ત્રણેય માંથી કોઈ એક અથવા ત્રણેય નું પરિણામ છે.

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે સામાન્ય અને સરળ અર્થ એવો કરી શકીએ કે, ‘‘નફો એ સતત ચાલતી પ્રક્રિયા છે જે નિયોજક ને જોખમ, અનિશ્ચિતતા, સંશોધન અને કુશળતા બદલ પ્રાપ્ત થાય છે.

➢ નફો ઉદભવવાનાં કારણો :-

૧) ઈજારાશાહીને લીધે ઉદભવે છે.

૨) પરિવર્તનને લીધે પ્રાપ્ત થાય છે.

૩) સતત સંશોધનને કારણે મેળવે છે.

૪) કુશળતા અને જોખમનાં નાં સંયોજનનું પરિણામ છે.

૫) અનિશ્ચિતતાઓ સાથે બાથ ભીડવાનું પરિણામ છે.

નોંધ :- નફો હંમેશા હકારાત્મક વળતર આપે તેવું કહી શકાય નહી, તે નકારાત્મક પણ હોઈ શકે છે.

નફાનાં પ્રકારો :-

અર્થશાસ્ત્રમાં નફા ને ૧) કાચો નફો કે કુલ નફો અને શુધ્ધ નફો અને ૨) સામાન્ય (સાધારણ) નફો અને અસામાન્ય (અસાધારણ) નફો એમ કુલ બે વિભાગમાં વહેચવામાં આવે છે.

(અ) કાચો નફો / કુલ નફો અને શુધ્ધ નફો.

(૧) કાચો નફો કે કુલ નફો :-

પ્રો. વોકર અને શુમ્પીટર ધ્વારા આપવામાં આવેલા નફા અંગેનાં ખ્યાલને આગળ વધારીએ તો નિયોજક જે કુલ આવક પ્રાપ્ત કરે છે તેમાંથી કુલ ખર્ચને બાદ કરતા જે બચે છે કે શેષ રહે છે તેને નિયોજક કે ઉત્પાદન એકમ કે ઉત્પાદક નો કાચો નફો અથવા કુલ નફો તરીકે ઓળખવામાં આવે છે.

કાચો નફો નિયોજકને શા માટે પ્રાપ્ત થાય છે ? તે પ્રશ્નનાં જવાબમાં કાચા નફા નાં ખ્યાલમાં સમાવિષ્ટ વિવિધ પ્રકારનાં વળતરો જવાબદાર છે તેમ માનવામાં આવે છે.

નિયોજક
- ધંધાનું વ્યવસ્થાપન કરે છે. -> વ્યવસ્થાપનનું વળતર
- પોતાની મૂડીનું રોકાણ કરે છે. -> મૂડીનું વ્યાજ
- પોતાની જમીન ઉપયોગલે છે. -> જમીનનું ભાડું
- પોતાની યંત્રસામગ્રીનો ઉપયોગ કરે છે. -> યંત્રપર ઘસારો/ભાડું

આ ઉપરાંત અન્ય કેટલાક પરિબળો જેવા કે ઈજારાશાહી, ધંધા-વ્યવસાય માં રહેલી તકો પણ કાચો નફો ઉદ્ભવવામાં અસરકારક ભૂમિકા નિભાવે છે. ઉ.દા. ચીન-કોરોના વાયરસ-માસ્ક.

આમ, જો કાચો કે કુલ નફો ટૂંકમાં સમજીએતો તે નિયોજક/ઉત્પાદક/ઉત્પાદન એકમનું

(૨૦/-) (૨૦ /-) (૨૦ /-) (૨૦ /-)

વ્યવસ્થાપનનું વળતર + મૂડી પરનું વ્યાજ + જમીનનું ભાડું + ઈજારાશાહીનો +

(૨૦ /-)

તકનો લાભ = કાચો કે કુલ નફો = ૧૦૦/-

એમ કહી શકાય, કાચો નફો =૧૦૦/- રૂપિયા =૨૦ + ૨૦ + ૨૦ + ૨૦ + ૨૦

૪) <u>શુધ્ધ નફો :-</u>

અર્થશાસ્ત્ર વિષયમાં / કોઈ પણ ધંધા વ્યવસાયમાં મહદ્દઅંશે શુધ્ધ નફો મહત્વનો માનવમાં આવે છે.

શુધ્ધ નફો ઉદ્દભવવામાં નિયોજક/ઉત્પાદક. ઉત્પાદન એકમની ભૂમિકા અને જવાબદારી મહત્વનું પરિબળ માનવામાં આવે છે. કારણે કે નફો ત્યારે જ ઉદ્દભવે જયારે વ્યુહરચના આધારિત ઉત્પાદનનાં સાધનોનું સંયોજન થયેલ હોય.

ઉ.દા. મૂડી પ્રધાન દેશ અને શ્રમ પ્રધાન દેશ.

ઉત્પાદનનાં સાધનોમાં 'શ્રમ' એક અગત્યનું પરિબળ છે. મૂડી પ્રધાન દેશો જેવા કે અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મની. જેમાં મૂડીનું પ્રમાણ વધારે છે અને શ્રમનું પ્રમાણ ઓછું છે તેવા સંજોગોમાં નિયોજક ની ભૂમિકા મૂડીના એકમ વધારે અને શ્રમનાં એકમો ઓછા વાળા ઉત્પાદન સંયોજન વડે ઉત્પાદન હાથ ધરવાથી છે. કારણ કે શ્રમનો પુરવઠો ઓછો હોવાથી શ્રમ પ્રમાણમાં મોંઘો હોઈ શકે છે, જયારે મૂડી નું પ્રમાણ વધારે હોવાથી તે પ્રમાણમાં સસ્તી ઉપલબ્ધ થઇ શકે છે.

આ પરિસ્થિતિથી તદ્દન વિપરિત એટલે કે શ્રમ પ્રધાન દેશ જેમ કે ભારત, જેમાં 'શ્રમ'નું (વસ્તીનું) પ્રમાણ વધારે છે. અને મૂડીનું પ્રમાણ ઓછું છે તેવા સંજોગો માં નિયોજક ઉત્પાદનની પ્રક્રિયામાં મૂડીનાં ઓછા એકમો અને શ્રમ નાં વધારે એકમો વાળા ઉત્પાદન સંયોજન વડે ઉત્પાદન હાથ ધરવાની પ્રક્રિયા અંગેની જવાબદારી નિભાવે છે.

આમ, ટૂંકમાં કહીએ તો ભૂતકાળનાં અનુભવો કે બોધપાઠો, વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યનાં અંદાજો ને ધ્યાનમાં રાખીને ઉત્પાદક/નિયોજક/ઉત્પાદન એકમ ઉત્પાદનનાં સાધનોનું સંયોજન કરે છે તેની બદલા-કમાણી નફો છે.

આ ઉપરાંત, નિયોજક ઉત્પાદનની પ્રક્રિયામાં બજાર સંશોધન આધારિત અનિશ્ચિતતાઓ ઉઠાવે છે. આ અનિશ્ચિતતાઓ ઉઠાવવા બદલ મળતું વળતર એટલે નફો.

ઉ.દા. કોઈ વસ્તુનું કેટલું ઉત્પાદન કરવું ? ક્યારે કરવું ? કોના માટે કરવું ? વગેરે...

આમ, આ પ્રશ્નોના નિરાકરણ માટે સતત સંશોધનો ચાલ્યા કરે છે. જેનાં વળતર બદલ નિયોજક નફો પ્રાપ્ત કરે છે.

ચોખ્ખો નફો મેળવવા માટે કાચો નફો મહત્વનો છે. કારણ કે કાચા નફા માંથી નિયોજકનાં પ્રયત્નો નું વળતર બાદ કરીએ તો ચોખ્ખો નફો મળવા પામે છે.

એટલે કે..

કાચા નફા માંથી નિયોજકનાં પોતાનાં અંગત વળતરો જેવાં કે તેની વ્યવસ્થાપન ક્ષમતાનું વળતર, તેની પોતાની મૂડી પરનું વ્યાજ, તેની જમીનનું ભાડું, સાધનોનું ઘસારા ખર્ચ, વગેરે બાદ કરવામાં આવતા જે શેષ રહે તે ચોખ્ખો નફો છે.

ઉ.દા. કાચો નફો	=	વ્યવસ્થાપનનું વળતર	=	૧૦/- રૂ.
(૧૦૦/- રૂ.)		મૂડીનું વ્યાજ	=	૧૦/- રૂ.
		જમીનનું ભાડું	=	૧૦/- રૂ.
		ઘસારા ખર્ચ	=	<u>૧૦/- રૂ.</u>
				૪૦/- રૂ.

ચોખ્ખો નફો = ૧૦૦-૪૦ = ૬૦/- રૂ.

એટલે કે કાચા નફામાંથી નિયોજકની બદલા કમાણી માંથી અમુક બાબતોની બાદબાકી કરવામાં આવે તો બાકી રહેતી રકમ ચોખ્ખો નફો છે.

ચોખ્ખો નફો = કાચો નફો – વ્યવસ્થાપનનું વળતર-મૂડીનું વ્યાજ-જમીનનું ભાડું-ઘસરાખર્ચ.
અહીં ધ્યાનમાં રાખવામાં આવતી કેટલીક બાબતો છે.

૧) કાચો નફો હંમેશા શુધ્ધ નફા કરતાં વધારે હોય છે.

કાચો નફો। શુધ્ધ નફો.

૨) અર્થશાસ્ત્ર વિષય હંમેશા શુધ્ધ નફા ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે.

૩) કાચો નફો મહદ્‌અંશ હકારાત્મક હોય છે જયારે શુધ્ધ નફો હકારત્મક, નકારત્મક કે શૂન્ય પણ હોઈ શકે છે.

બ) <u>સામાન્ય નફો અને અસામાન્ય નફો :-</u>
(સાધારણ નફો અને અસાધારણ નફો)

૧) <u>સામાન્ય કે સાધારણ નફો :-</u>

નિયોજક પોતાનાં ધંધામાં કે વ્યવસાયમાં જે યોગદાન આપે છે તે જ યોગદાન અન્ય કોઈ વ્યક્તિનાં ધંધા કે વ્યવસાયમાં આપે અને બંને પરિસ્થિતિમાં વળતર તરીકે નફો એક સરખો જોવા મળે તો તેને સામાન્ય કે સાધારણ નફો કહેવામાં આવે છે.

ઉ.દા. ઉત્પાદક – 'ઠ' પોતે બિસ્કિટ બનાવવાની શરૂઆત કરે, અને પોતે સાધન સંયોજન ધ્વારા ઉત્પાદન કરે અને તેમાંથી મળતું વળતર અને ઉત્પાદક – 'છ' અન્ય કોઈની માલિકીનાં ઉત્પાદન ચોકસમાં સાધન સંયોજનની નિયોજકની ભૂમિકા નિભાવે અને તેમાંથી પ્રાપ્ત થતું વળતર,

આમ, આ બંને વળતર એક સરખા હોય તો તે સામાન્ય કે સાધારણ નફો છે એમ કહી શકાય.

આમ, સામાન્ય કે સાધારણ નફો મહદ્‌અંશે વ્યવસાયમાં રોકવામાં આવેલ મૂડીની ફેરફાર ક્ષમતા (વધારે કે ઓછી) અને મૂડી રોકાણની વૈકલ્પિક કે ફેરફાર જન્ય તક ધ્વારા નિર્ધારિત થાય છે.

૨) અસામાન્ય કે અસાધારણ નફો :-

અસામાન્ય કે અસાધારણ શબ્દ જ અણધાર્યું કે અકલ્પનીયતા દર્શાવે છે.

એટલે કે કુલ સરેરાશ ખર્ચની તુલનામાં કુલ સરેરાશ આવક નું પ્રમાણ ખુબજ વધારે હોય તો અસામાન્ય કે અસાધારણ નફોને જન્માવે છે.

મહદ્‌અંશે ઈજારાશાહી એટલે કે જ્યાં ઉત્પાદક ધ્વારા ઉત્પજા થતી ચીજ-વસ્તુનો કોઈ વિકલ્પ હોતો નથી. ત્યાં ઈજારદાર પેઢી કે ઉત્પાદન એકમ અસાધારણ નફો પ્રાપ્ત કરે છે.

વર્તમાન આધુનિક સમયમાં, મહદ્‌અંશે ઉત્પાદકો પોતાની ઉત્પાદિત ચીજ વસ્તુનાં સંયોજનનાં પેટન્ટ હક, કોપી રાઈટ હક વગેરે પ્રાપ્ત કરે છે અને બજારમાં ઈજારો ભોગવે છે. એટલે કે ઈજારદાર ચીજવસ્તુની કિંમત ઉત્પાદન ખર્ચની તુલનામાં ઘણી ઉંચી રાખી શકે છે.

ઉ.દા. અમેરિકાની મોબાઈલ ફોન કંપની, ઠંડા પીણાની કંપની વગેરે.

આમ, અસામાન્ય નફો ઊંચી કિંમત ધ્વારા પ્રાપ્ત કરાયેલ ઊંચી આવક અને ઉત્પાદનનાં સાધનોને વળતર રૂપે ચૂકવાયેલ નીચી કિંમતનાં સંયોજન ધ્વારા કે ચીજ-વસ્તુનાં એકમો અને તેના ઉપયોગમાં સંકળાયેલ દરજ્જો જેવી બાબતો સાથે સંકળાયેલ છે.

☐ **<u>નફો અને અન્ય સાધનો ની આવક :-</u>**

ઉત્પાદનનાં ચાર સાધનો છે. ૧) જમીન, ૨) મૂડી, ૩) શ્રમ અને ૪) નિયોજક. જેઓ અનુક્રમે ૧) ભાડું, ૨) વ્યાજ, ૩) વેતન અને ૪) નફો બદલાકમાણી કે આવક કે વળતર મેળવે છે.

નીચે આપેલા/ દર્શાવેલા કોષ્ટક ની સમજુતી ધ્વારા નફો અને અન્ય સાધનોની આવક સમજવાનો પ્રયત્ન કરીશું.

ક્રમ નંબર	ઉત્પાદનનાં સાધનો	વિશિષ્ટતા	ઉત્પાદનની પ્રક્રિયામાં ભૂમિકા	વળતર કે બદલા કમાણી	પ્રકાર	ખ્યાલ સાથે સંકળાયેલ અર્થશાસ્ત્રીઓ
૧	જમીન	કુદરતી ભેટ, અછત ધરાવતું સાધન	સક્રિય, જમીન વગર ઉત્પાદન પ્રક્રિયા શક્ય નથી.	મૂળભૂત અને અવિનાશી તત્વોનાં ઉપયોગનું વળતર ભાડું	૧) કરારી ભાડું ૨) આર્થિક ભાડું	ડેવિડ રીકોર્ડો બ્રિટીશ અર્થ શાસ્ત્રીવોકર, રોબિન્સન
2	મૂડી	ભૌતિક મૂડી, માનવ સર્જિત	સક્રિય, ગુણવત્તા ઝડપી ઉત્પાદન માટે	મૂડી વાપરવાની કિંમત વ્યાજ	૧) કુલ વ્યાજ ૨) કુદરતી વ્યાજ ૩) સામાન્ય વ્યાજ ૪) વાસ્તવિક વ્યાજ	સેલિગ્મેન, વિકસેલ, મેયસ
૩	શ્રમ	શ્રમિક (માનવ) માલિક સાથેનો પૂર્વનિર્ધારિત કરાર.	સક્રિય શારીરિક અને માનસિક શ્રમ	વેતન	૧) નાણાંકીય વેતન ૨) વાસ્તવિક વેતન	બેન્હામ, ગાઈડ, કેઈન્સ
૪	નિયોજક	જમીન, મૂડી અને શ્રમનું સંયોજન, બુધ્ધિ ક્ષમતા, તર્ક બુધ્ધિ સૌથી છેલ્લે પ્રાપ્ત થાય હકારાત્મક કે નકારાત્મક પણ હોઈ શકે.	સક્રિય, સતત, વિવેકપૂર્ણ મહદ્દઅંશે માનસિક શ્રમ	નફો	૧) કાચો નફો ૨) શુધ્ધ નફો ૩) સાધારણ નફો ૪) અસાધારણ નફો	વોકર, ક્લાર્ક, હોલી

☐ નફાનાં સિધ્ધાંતો :-

અર્થશાસ્ત્રમાં 'નફો' નિયોજકીય પ્રવૃતિ બદલા કમાણી તરીકે માનવામાં આવે છે. નફો ઉદ્દભવવાનાં ઘણા બધા કારણો હોઈ શકે છે. તેથી વિશ્વનાં અલગ-અલગ અર્થશાસ્ત્રીઓએ નફો ઉદ્દભવવાનું કારણ અલગ-અલગ સિધ્ધાંતોનાં રૂપમાં રજુ કર્યું છે.

અર્થશાસ્ત્રીઓ જેવાં કે જે.બી.કલાર્ક, જોસેફ શુમ્પિટર, એફ.બી.હોલી, અને ફ્રેંક નાઈટ વગેરે એ નિયોજકને નફો શા માટે પ્રાપ્ત થાય છે ? તે અંગે પોતાનાં મંતવ્યો સંશોધન અને આધારભૂત ઉદાહરણોની મદદથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

નફાનો સિધ્ધાંત :-

૧) **ગતિશીલ અર્થતંત્ર અને નફો :- જે.બી.કલાર્ક** (ઠ્ઠઅહઠ્ઠઙ્મૈષ્ઠ ઈર્ષ્ઠર્હઙ્મઅ ર્ઁકિં.)

જો બેટ્સ કલાર્ક વર્ષ ૧૮૪૭ માં અમેરિકામાં જન્મેલા નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રી છે. તેમનો સમયગાળો ૧૮૪૭ થી ૧૮૩૮ નો માનવામાં આવે છે તેઓ સીમાંત ઉત્પાદકતાનાં સિધ્ધાંતો માટે વિશ્વભરમાં જાણીતા હતા, જેમાં તેમને ઉત્પાદનનાં સાધનોને આવકની વહેંચણી કેવી રીતે થાય છે તેની સરળ સમજૂતી આપવામાં આવેલી છે.

અમેરિકન અર્થશાસ્ત્રી એ ગતિશીલ અર્થતંત્ર અને નફા અંગે નો ખ્યાલ રજુ કરતા જણાવ્યું છે કે નફો હંમેશા ગતિશીલ અર્થતંત્રમાં જ જન્મે છે. એટલે કે જો અર્થતંત્ર ગતિશીલ નાં હોયતો વસ્તુની કિંમત અને ખર્ચ માં તફાવત જોવા મળે છે. એટલે કે જો માંગ અને પુરવઠો ફેરફાર નાં પામે તો નફો પ્રાપ્ત થતો નથી. જો માંગ અને પુરવઠાની સ્થિતિ બદલાય અને વસ્તુની કિંમત, ખર્ચ કરતા વધે તો જ નફો ઉદ્દભવવા પામે છે. કારણ કે જો વસ્તુ ઉત્પની કરવાનો ખર્ચ તેની કિંમત કરતા વધેતો ખોટ ઉદ્ભવે છે.

આમ, ટુંકાગાળામાં અર્થતંત્ર અગતિશીલ હોઈ શકે છે. પણ લાંબા ગાળે અર્થતંત્રમાં ઉદ્દભવતી ગતિશીલતા નફો ઉદ્દભવવાનું કારણ બને છે.

સરળ શબ્દોમાં કહીએ તો ગતિશીલ અર્થતંત્ર અને નફો આ સિધ્ધાંત માંગ અને પુરવઠાની પરિસ્થિતિનાં કારણે ઉદ્દભવતી અસમતુલાને લીધે પ્રાપ્ત થતી કે કમાવવામાં આવતી વધારાની રકમ એ નફો છે.

જે.બી.કલાર્કનાં શબ્દોમાં કહીએ તો "જો અર્થતંત્રમાં માંગ અને પુરવઠાની પરિસ્થિતિઓમાં ફેરફાર ના થાય ત્યારે ઉત્પાદનનાં સાધનોને તેમની સીમાંત ઉત્પાદક્તાને આધારે વળતર ચૂકવવામાં આવે છે. તેથી કુલ ખર્ચ =કુલ કિંમત થવા પામે છે. તેથી આવી પરિસ્થિતિમાં નફો ઉદ્દભવતો નથી."

અર્થતંત્રમાં દરીયાનાં મોજાની જેમ સતત પરિવર્તનો ચાલ્યા જ કરે છે. મહદ્દઅંશે અર્થતંત્ર ઝડપી કે ધીમી ગતિએ ગતિશીલ પરિસ્થિતિમાં જ જોવા મળે છે. કારણ કે અર્થતંત્રની વસ્તી વિષયક લાક્ષણિકતાઓ, માંગ ને અસરકર્તા પરિબળો, પુરવઠાને અસરકરતા પરિબળો ક્યારેય પણ સ્થિર જોવા મળતા નથી કે હોઈ શકે પણ નહી. આથી સતત ચાલતા અર્થતંત્રમાં ઉત્પાદન ખર્ચ અને કિંમત માં પણ ફેરફાર જોવા મળે જ છે તેથી જ આ ફેરફાર નફો જન્માવે છે.

અર્થતંત્રમાં આવતા સતત પરિવર્તનો બે સ્વરૂપે જોવા મળે છે.

(૧) આંતરિક પરિવર્તનો (૨) બાહ્ય પરિવર્તનો

(૧) આંતરિક પરિવર્તનો :- એટલે કે નિયોજક સમય, સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉત્પાદનની પ્રક્રિયામાં ઉત્પાદનનાં સાધનોનાં વિવિધ સંયોજનોમાં બદલાવ કરતો રહે છે. તેથી ઉત્પન થતી ચીજ વસ્તુની માંગ અને પુરવઠામાં પણ બદલાવ આવે છે. જો ઉત્પાદનનો હેતુ માંગમાં વધારો કરવો એમ હોય તો સતત વિજ્ઞાપન ખર્ચ ધ્વારા તેનું વેચાણ વધારી શકે છે. જયારે જો નિયોજક કોઈ નવી વસ્તુ બજારમાં આપવા માંગતો હોય તો યોગ્ય વ્યૂહરચના આધારીત ઉત્પાદન ધ્વારા નવી શોધખોળ કે સંશોધનની મદદથી બજારમાં તે વસ્તુ ઉપલબ્ધ કરાવી શકે છે. નવા યંત્રોનાં ઉપયોગ કરીને ઉત્પાદન ખર્ચ ઘટાડવાનાં પ્રયત્નો પણ કરી શકે છે. આમ, અહીં નફો ઉત્પાદન એકમ/ પેઢી કે નિયોજક પોતે આંતરિક પરિવર્તનો ધ્વારા કમાય છે.

(૨) બાહ્ય પરિવર્તનો :- એટલે કે એવા પરિબળો કે જે નિયોજકનાં હાથમાં નથી. સમગ્ર અર્થતંત્રમાં સમયનાં બદલાવની સાથે આધુનિકતાનાં સ્વરૂપે જોવા મળી શકે છે. જેમ કે લાંબાગાળે ગ્રાહકોની અભિરૂચીમાં બદલાવ જોવા મળે છે કે આકસ્મિક કારણો જેવાંક પરિસ્થિતિ બેકાબુ બનવી કે યુધ્ધ જન્ય સ્થિતિ, અનિયંત્રિત ગતિનો ફુગાવો કે પછી વેપારચક્રમાં અવિરત ચાલતા તેજી કે મંદીના પરિબળો અથવા તો રાજકીય પરિબળોને લીધે ઔધોગિક

નીતિમાં ફેરફાર કે પછી દેશની મધ્યસ્થ બેંક ધ્વારા કરવામાં આવતા ટૂંકાગાળાનાં કે લાંબા ગાળા નાં નાણાંકીય નીતિનાં ફેરફાર વગેરે ને લીધે ચીજ વસ્તુની માંગ, તેની કિંમત અને ખર્ચમાં ફેરફાર આવી શકે છે.

ઉ.દા. વેપાર ચક્રમાં સર્વ સામાન્ય ચાર તબક્કા જેવા કે

૧) વિસ્તરણ, ૨) તેજી, ૩) સંકોચન ૪) મંદી

અર્થતંત્રને મંદીમાંથી બહાર લાવવા દેશની મધ્યસ્થ બેંક ધ્વારા ગુણાત્મક સાધનો કે પરિમાણાત્મક સાધનો જેવા કે બેંક દર, રેપો રેટ, રોકડ અનામત પ્રમાણ, વૈધાનિક તરલતા દર વગેરેમાં પરિવર્તનનો લાવી ને નિયોજકોની ધિરાણ મેળવવાની અને ઉત્પાદકીય ક્ષમતામાં વધારો કરવામાં આવે છે. જેની સમગ્ર અર્થતંત્રને સ્થગિતતામાંથી બહાર લાવીને એક ધક્કા સ્વરૂપે ગતિશીલતા આપવામાં આવે છે. ઉત્પાદન પ્રવૃતિ વધશે તો આવક સર્જન થશે આવક સર્જન થશે તો માંગ વધશે અને માંગ વધશે તો અર્થતંત્ર મંદી માંથી બહાર આવશે.

આમ, અર્થતંત્રમાં આંતરિક અને બાહ્ય પરિવર્તનો ધ્વારા નફારૂપી વળતરનો જન્મ થાય છે. આ ઉપરાંત અર્થતંત્રમાં અન્ય કેટલાક પરિબળો, ફેલાવાની અસર, દેખા-દેખીની અસર વગેરે પણ અવિરત પણે નફો ઉદ્ભવવાનું કારણ બનવા પામે છે.

જે.બી.કલાર્કનાં શબ્દોમાં કહીએ તો નિયોજક/ સાહસિક કે મૂડીપતિનું કામ પોતાનાં વ્યવસાયને ઉપરોક્ત પરિબળો ધ્વારા આવતા પરિવર્તનોનો લાભ ઉઠાવી ને આગળ વધવાનું છે, ઉપરાંત બિનજરૂરી ખર્ચા ઓ ઉપર અંકુશ મેળવીને ઈષ્ટતમ ખર્ચ કરવાનુ છે અને મહત્તમ વેચાણ કરવાનું છે.

આમ, આંતરિક, બાહ્ય અને અન્ય પ્રકારનાં પરિવર્તનોને કારણે કેટલાક મૂડી સાહસિકો નવી-નવી શોધખોળ કરે છે. નવી ઉત્પાદન પધ્ધતિ અમલમાં મુકે છે તેના પરિણામ સ્વરૂપ ખર્ચ ઘટે છે અને ઉત્પાદન વધે છે. ઉ.દા. હેન્ડલુમ ઉદ્યોગોથી પાવરલૂમ ઉદ્યોગો. આમ, જે નિયોજકો સંશોધન કાર્ય માં અગ્રતા ધરાવે છે તેઓ નફો પ્રાપ્ત કરે છે. ઉ.દા. ભારતમાં દુરસંચારક્ષેત્રે સેવા આપતી કંપનીનાં કોલ દર સૌ પ્રથમ ટાટા ડોકોમો નામની કંપનીએ પ્રતિ સેકંડ કોલ દર પ્રતિ પૈસા તરીકે વિકસાવ્યો અને નફો પ્રાપ્ત કર્યો. ક્યારે ર્લે નામની કંપનીએ ઈન્ટરનેટની સુવિધાની ઝડપને મોબાઈલ ફોન સાથે સાંકળી નફો પ્રાપ્ત કર્યો.

આમ, જે નિયોજકો સંશોધન કાર્યમાં અગ્રતા મેળવી નફો મેળવે છે. તે સમયાંતરે તેમનાં હરિફ ઉદ્યોગો ધ્વારા પણ અપનાવવામાં આવે છે અને નફો ધીમે ધીમે ઓછો કે અદ્રશ્ય થઈ જવા પામે છે, આમ, આ નફો કાયમી ધોરણે ટકી શકતો નથી.

જે.બી.કલાર્ક નોંધે છે કે નફો એક છટકી જાય તેવી રકમ છે. તેને કાયમ માટે પકડી રાખી શકાતો નથી. જો નિયોજક તેને પકડી રાખવા પ્રયત્ન કરે તો પણ તે મનુષ્યનાં હાથમાં પાણી પકડી એ અને આંગળીઓમાં ફેલાઈ જાય તેમ ફેલાઈ જવા પામે છે. અને ત્યાર બા તે અદ્રશ્ય થઈ જાય છે. એટલે કે સમયનાં પ્રવાહની સાથે સતત ગતિશીલતા જ નફો કમાવવાની તક પેદા કરે છે. એટલે કે આવા સમયે સાહસિક ફરી સંસોધન કરે, ઉત્પાદન ખર્ચ પર અંકુશ મેળવે અને નફો પ્રાપ્ત કરે.

અર્થશાસ્ત્ર વિષય અને તેના સિધ્ધાંતોની રસપ્રદ અને મહત્વની બાબત એ છે કે કોઈ એક અર્થશાસ્ત્રી ધ્વારા આપવામાં આવેલા સિધ્ધાંતો જે તે સમય અને સંજોગોનાં પરિપ્રેક્ષ્યમાં ખુબ જ બહોળી પ્રસિધ્ધિ હાંસલ કરે છે પરંતુ ત્યાર બાદ અન્ય અર્થશાસ્ત્રીઓ ધ્વારા તેમાં રહેલ ત્રુટીઓ પ્રત્યે અસંતોષ પણ ઠાલવવામાં આવે છે અને તેને સિધ્ધાંતની ટીકાનાં સ્વરૂપે રજુ કરવામાં આવે છે.

<u>સિધ્ધાંતની ટીકાઓ :-</u>

જે.બી.કલાર્કનાં સિધ્ધાંત મુજબ નફો ગતિશીલ અર્થતંત્રમાં જન્મે છે, પરંતુ અર્થશાસ્ત્રી જેવા કે નાઈટ, ટ્રીફીન, શુમ્પીટર અને હોલી એમ માને છે કે નફો અનેક રીતે અન્ય કોઈ બાબતોથી પણ ઉદ્ભવી શકે છે. જે નીચે મુજબ છે.

૧) નફો ઈજારાશાહીને લીધે ઉદ્દભવી શકે છે. તે માટે અર્થતંત્રમાં ગતિશીલતા કે પરિવર્તનો આવવા જરૂરી નથી. ઈજારદાર પેઢી ચીજવસ્તુની કિંમત ઊંચી રાખીને નફો મેળવી શકે છે.

૨) પ્રો. નાઈટ નાં શબ્દોમાં કહીએતો અનિશ્ચિત પરિવર્તનો જ નફો ઉદ્દભવવામાટે જવાબદાર પરિબળ છે. કારણ કે જે પરિવર્તનનો અગાઉથી જ ધારી કે અનુમાની શકાય તેમ હોય તો તે નફો જન્માવવા માટે સક્ષમ બની શકતા નથી.

૩) પ્રો. ટ્રીફીનનાં શબ્દોમાં કહીએ તો નફો ઘણી વાર ગ્રાહકોનાં શોષણ કે ગરજને લીધે પણ ઉદ્દભવી શકે છે. જેમ કે ઉનાળામાં પ્રવાસ કે મુસાફરી દરમ્યાન ઠંડા પાણીની કિંમત.

૪) જોસેફ શુમ્પીટર માને છે કે અર્થતંત્રમાં ગતિશીલતા નહિ પણ નવપ્રવર્તનને લીધે નફો ઉદ્ભવે છે. નવપ્રવર્તન મહદ્દઅંશે સંશોધન ને કારણે ઉદભવે છે.

આમ, જે.બી.ક્લાર્ક નો આ સિધ્ધાંત નિયોજક ધ્વારા ઉઠાવવામાં આવતા જોખમ, અનિશ્ચિતતા કે ખર્ચ ને ધ્યાને લેતો નથી. તેઓ આમ અર્થતંત્રની ગતિશીલતાને જ ધ્યાનમાં રાખીને નફોનો ખ્યાલ આપે છે.

૨) <u>નફાનાં નવ પરિવર્તનનો સિધ્ધાંત :- જોસેફ શુમ્પીટર **Innovation theory of profit.**</u>

જોસેફ શુમ્પીટર વર્ષ ૧૮૮૩માં ઓસ્ટ્રિયામાં જન્મેલ રાજકીય અર્થશાસ્ત્રી હતા. તેમનો સમયગાળો ૧૮૮૩ થી ૧૯૫૦ સુધીનો માનવામાં આવે છે. તેઓ વેપાર ચક્રો અને મૂડીવાદી વિકાસ અને નિયોજકીય ખ્યાલ માટે વિશ્વભરમાં જાણીતા હતા.

નફાનાં નવ પરિવર્તનનો સિધ્ધાંત જોસેફ શુમ્પીટર ધ્વારા આપવામાં આવ્યો હતો. તેમના માટે ઉત્પાદનની પ્રક્રિયામાં સંશોધન સતત ચાલતી ક્રિયા છે જે વસ્તુની વર્તમાન કિંમત અને ઉત્પાદન ખર્ચ વચ્ચેનાં તફાવતનું કારણ બને છે.

શુમ્પીટરનાં શબ્દોમાં કહીએ તો સંશોધન એટલે કે જે નિયોજકનાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરે અને ચીજ-વસ્તુની માંગમાં વધારો કરે તે.

નિયોજકનાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો નવા યંત્રો, ટેકનોલોજી, કાચા માલનાં અન્ય સ્ત્રોતો વગેરેના ઈષ્ટત્તમ ઉપયોગ ધ્વારા થઇ શકે છે. જયારે ચીજ-વસ્તુની માંગમાં વધારો નવી વસ્તુ, આકર્ષક વિજ્ઞાપનો, નવા બજારની પ્રાપ્તિ વગેરે ધ્વારા હાંસલ કરી શકાય છે.

આમ, અર્થતંત્રમાં નફો નીચે દર્શાવેલા મુખ્ય પાંચ પરિવર્તનો ધ્વારા પેદા થાય છે.

૧) અવનવી ચીજ વસ્તુનું ઉત્પાદન કરીને.
૨) ઉત્પાદન પધ્ધતિમાં સંશોધન ધ્વારા નવી પધ્ધતિ વિકસાવીને
૩) નવું બજાર પ્રાપ્ત કરીને કુલ વેચાણમાં વધારો કરીને
૪) કાચામાલની પ્રાપ્તિનાં નવા સ્ત્રોતો શોધીને કે વિકસાવીને
૫) ઉત્પાદન એકમનું માળખું બદલીને.

❖ <u>પાંચ પરીવર્તનોની વિગતવાર સમજુતી :-</u>

૧) <u>અવનવી ચીજવસ્તુનું ઉત્પાદન :-</u> પ્રવર્તમાન બજારમાં ઉપલબ્ધ ચીજ-વસ્તુઓનો અભ્યાસ કરીને જે ચીજ-વસ્તુઓ અસ્તિત્વમાં જ નથી તેવી વસ્તુનું ઉત્પાદન અને તેના લાભ દર્શાવીને કોઈ નિયોજક કે ઉત્પાદન એકમ નફો પ્રાપ્ત કરે છે.

ઉ.દા. ભારતમાં ટેલિવિઝન યુગની શરૂઆત, ભારતમાં દુરસંચાર ક્રાંતિની શરૂઆતથી માંડીને અત્યાર સુધીમાં આવેલા વિવિધ પ્રકારનાં રંગ, રૂપ લાક્ષણિકતા અને ડીઝાઈન વાળા ટેલિવિઝન અને મોબાઈલ ફોન.

૨) <u>સંશોધન ધ્વારા ઉત્પાદન પધ્ધતિમાં ફેરફાર :-</u> ચીજ-વસ્તુનાં ઉત્પાદનમાં વર્તમાન ઉત્પાદન પધ્ધતિમાં ફેરફાર લાવીને નવી આધુનિક ટેકનોલોજીનાં માધ્યમ ધ્વારા ચીજ-વસ્તુનું ઉત્પાદન ગુણવત્તા અને વસ્તુનાં જીવનકાળમાં વધારો લાવે છે.

ઉ.દા. ટાઈપ રાઈટર મશીન થી કોમ્પ્યુટર

૩) <u>નવા બજારની પ્રાપ્તિ ધ્વારા કુલ વેચાણમાં વધારો :-</u> સામાન્ય રીતે ઉત્પાદક જે જગ્યાએ ઉત્પાદન કરે છે તેની નજીક બજાર પ્રાપ્ત કરે છે. આમ એ નવા બજારની શોધમાં અન્ય સ્થળ કે જગ્યા એ ઉત્પાદિત ચીજ-વસ્તુનું વેચાણ કરેતો નવું બજાર મેળવે છે અને તેની કુલ આવકમાં વધારો કરી શકે છે.

ઉ.દા. વર્ષ ૧૯૯૧ પહેલાનું ભારતીય અર્થતંત્ર બજાર ઉપર નિયંત્રણ વ્યવસ્થા ધરાવતું હતું, જેથી ભારતની અમુક જ વસ્તુઓ અને અન્ય દેશોની પણ મર્યાદીત વસ્તુઓ જ એકબીજા દેશમાં વેચાણ પામતી હતી. આમ, ૧૯૯૧ પછી મુક્ત અર્થતંત્ર તરીકે વેપારની શરતો સુધરવાને લીધે આજે એવી તમામ વસ્તુઓ જે ભારતમાં બને છે તે અન્ય દેશોમાં પણ બજાર મેળવે છે જયારે અન્ય દેશોમાં બનતી વસ્તુઓ ભારતમાં પણ બજાર મેળવે છે.

૪) <u>કાચામાલની પ્રાપ્તિનાં નવા સ્ત્રોતો :-</u> નિયોજક જો કાચામાલની પ્રાપ્તિમાં કોઈ એકજ સ્ત્રોત ઉપર આધાર રાખેતો સમયાંતરે તેને ઊંચી કિંમત પણ ચૂકવવી પડી શકે છે, આમ, કાચામાલની પ્રાપ્તિનાં નવા સ્ત્રોતો એકજ વેચાણકર્તા ઉપર નિર્ભરતા ઘટાડીને હરીફાઈનું સર્જન કરે છે, અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો પણ કરે છે જેથી નફો પ્રાપ્ત કરી શકાય છે.

૫) <u>ઉત્પાદન એકમનું માળખું :-</u> નિયોજક સમયની સાથે તેનાં આંતરીક માળખામાં શ્રમિકો, મૂડી કે ટેકનોલોજી ની સંખ્યામાં વધારો કે ઘટાડો કરે છે, તેઓને વધારે સક્ષમ બનાવવા તાલીમ આપે છે જેથી ગુણવત્તાયુક્ત ચીજવસ્તુ ઉત્પન્ન થઈ શકે અને બજારમાં અસ્તિત્વ ટકાવી શકાય. આ ઉપરાંત કોઈ કર્મચારીને તેનાં કામની ગુણવત્તા અને અનુભવને આધારે બઢતી કે બદલી કરીને સમગ્ર ઉત્પાદન એકમનું માળખું કાર્યક્ષમતા વધારવાનાં ઉદ્દેશથી બદલીને નફો પ્રાપ્ત કરી શકે છે.

આમ, જોસેફ શુમ્પીટર નફાનાં નવ પરિવર્તનનો સિધ્ધાંત રજૂ કરે છે. અને દ્રઢપણે એવું માને છે કે જો નિયોજક ને નફો કમાવવો હોય તો પરિવર્તનો કરવા જ પડશે, સંશોધનો કરવા જ પડશે, આમ નફો એ સંશોધનનું કારણ અને પરિણામ બંને છે.

<u>મર્યાદાઓ :- ટીકાઓ :-</u>

૧) શુમ્પીટર માત્ર સંશોધન ધ્વારા આવતા પરિવર્તનોને ન ઉદ્દભવવાનું કારણ માને છે, જયારે વાસ્તવીક પરિસ્થિતિમાં અર્થતંત્રનાં પરિવર્તનો ને લીધે પણ નફો ઉદ્દભવી શકે છે.

૨) શુમ્પીટર માને છે કે નિયોજક માત્ર સંશોધન કાર્ય થકી પરિવર્તનો લાવે છે જયારે વાસ્તવમાં જોખમ, અનિશ્ચિતતા, સંકલન, વ્યૂહરચના નિર્ણયીકરણ પણ નિયોજક ધ્વારા કરવામાં આવે છે.

૩) આંતરાષ્ટ્રીય કે આંતરીક પરિબળોને કારણે નવ પ્રવર્તનો કે પરીવર્તનો થવા છતાં નફો ઉદ્દભવી શકતો નથી.

૪) સંશોધનાત્મક પરિવર્તન થકી ઈજારો ઉદ્ભવે છે તેથી તેને ઈજારાશાહી ને લીધે મળતી આવક માનવી કે નિયોજકનો નફો તે ચર્ચાનો વિષય છે.

૫) પ્રો. નાઈટ માને છે કે નફો પરિવર્તનોને લીધે નહિ પણ અનિશ્ચિતતાઓ ઉઠાવવાને કારણે પ્રાપ્ત થાય છે.

૩) **<u>સંયુક્ત મૂડી કંપની અને નફો :-</u>**

પ્રો. એફ.બી.હોલી સંયુક્ત મૂડી કંપનીઓ જોખમ ઉઠાવવાનાં વળતર સ્વરૂપે નફારૂપી આવક પ્રાપ્ત કરે છે. તેઓએ તેમના પુસ્તક 'ઈહીીજી ઢહઙ્ઘઁ ાિઙ્ઘૈષ્ઠેદ્દીઁ ષ્ઠીજજ' માં આ સિધ્ધાંત વિશે સમજુતી આપી હતી.

તેમના માટે નફો સંયુક્ત મૂડી કંપનીઓ જે જોખમ વહોરે છે તેના બદલામાં પ્રાપ્ત થાય છે. એટલે કે સંયુક્ત મૂડી કંપનીનાં નિયોજકો માત્ર જોખમ ઉઠાવે છે, પરંતુ તેઓ જોખમ ઉઠાવવાને બદલે અન્ય કાર્યો પણ કરી શકે છે, પરંતુ તેઓ જોખમ ઉઠાવી ને વ્યવસાયને આગળ વધારવાનું પસંદ કરે છે તેથી જોખમની બદલા-કમાણી નફો છે.

સંયુક્ત મૂડી કંપનીઓ જયારે ધંધો વ્યવસાયમાં રોકાણ કરે છે ત્યારે અનેક અને અસંખ્ય પ્રકારનાં જોખમો ઉઠાવે છે. જેમ કે ગ્રાહકની અભિરૂચી બદલાવાને કારણો માંગમાં ઘટાડો થવો, મૂંગામાથે લીધે કિમતમાં વધારો થવો, વેપાર ચક્રમાં પરિવર્તનો આવવા વાગે.

આમ, પ્રો. હોલી માને છે કે જે ધંધા વ્યવસાયમાં જોખમ નું પ્રમાણ વધારે તેમ નફાનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.

પ્રો. હોલી માને છે કે નફો અને જોખમ કારણ-પરિણામ દર્શક સંબધ દર્શાવે છે. જોખમ ઉઠાવવું કારણ હોયતો નફો તેનું પરિણામ છે અને જો નફો કારણ હોય તો જોખમ તેનું પરિણામ હોઈ શકે છે.

<u>સંયુક્ત મૂડી કંપનીનું મૂડી રોકાણ :-</u>

આધુનિક યુગમાં ઘણી બધી સંયુક્ત મૂડી કંપનીઓ જોખમ સામે વીમા રૂપે રક્ષણ મેળવે છે અને નફો મેળવે છે, તેથી વધારે મૂડી રોકાણે કરવાથી પણ નફો પ્રાપ્ત કરી શકાય છે.

<u>ટીકાઓ :-</u>

૧) ઘણા વ્યવસાય અને ઉદ્યોગોમાં જોખમ વહિવટ હોવા છતાં પણ નફો મેળવવામાં આવે છે.

૨) પ્રો. નાઈટ જણાવે છે કે અનિશ્ચિત જોખમો કે જે વીમા રૂપે ટાળી કે ઓછા કરી શકાતા નથી તેવા જ જોખમોનું વળતર નફો છે.

૩) પ્રો. કાર્વર નાં શબ્દોમાં કહીએ તો નિયોજકને જોખમ ઉઠાવવાનું નહી પણ પોતાની કાર્યક્ષમતાનો બુધ્ધિપૂર્વક ઉપયોગ કરીને જોખમ ઘટાડવાનું વળતર નફારૂપે પ્રાપ્ત થાય છે.

<u>પ્રકરણ સારાંશ :- ચાવી રૂપ શબ્દો :-</u>

૧) પ્રસ્તાવના :- ઉત્પાદનનાં સાધનો અને આર્થિક પ્રવૃતિઓ, ઉત્પાદનનાં સાધનોને પ્રાપ્તથી બદલા કમાણી.

૨) નફો શા માટે ? :- નફો નિયોજકની બુધ્ધિક્ષમતા, તર્કબધ્ધતા, જોખમ, અનિશ્ચિતતાઓ, ને લીધે પ્રાપ્ત થાય છે. તે માત્ર મૂડી સાહસિક/નિયોજકને જ મળે છે અન્ય સાધનોને નહિ.

૩) નફાનાં લક્ષણો :- અચોક્કસ, ફેરફાર જન્ય, અધિશેષ, અનિશ્ચિત તેમજ નકારાત્મક પણ હોઈ શકે છે.

૪) નફાનાં લક્ષણો :- અર્થશાસ્ત્રી એફ.એ.વોકર, જે.બી.ક્લાર્ક, એફ.બી.હોલી, ફેંક નાઈટ, જી.જે.સ્ટીગલર, શ્રીમતી જોન રોબીન્સન.

૫) નફાનો અર્થ :- નફો સતત ચાલતી પ્રક્રિયા – જોખમ અને અનિશ્ચિતતા ઉઠાવવા બદલ, સંશોધન અને કુશળતા કરવા માટેનું નિયોજકનું વળતર છે.

૬) નફો ઉદ્ભવવાનાં કારણો :- ઈજારાશાહી, પરિવર્તનો, સંશોધનો, કુશળતા અને જોખમનું સંયોજન, અનિશ્ચિતતાઓ ઉઠાવવાનું પરિણામ.

૭) નફાનાં પ્રકારો :- નફાનાં બે પ્રકારો :- ૧) કાચો નફો અને શુધ્ધ નફો. ૨) સાધારણ નફો અને અસાધારણ નફો.

૧) કાચો નફો :- કુલ આવક-કુલ ખર્ચ

૨) શુધ્ધ નફો :- કાચો નફો – વ્યવસ્થાપનનું વળતર-મૂડીનું વ્યાજ-જમીનનું ભાડું-ઘસારા ખર્ચ.

૩) સાધારણ નફો :- પોતાનાં ધંધામાં આપેલ નિયોજકીય સેવા અને અન્ય કોઈનાં ધંધામાં આપેલ નિયોજકીય સેવાનું વળતર નો તફાવત.

૪) અસાધારણ નફો :- ઈજારા કે કિંમત વધારાને કારણે પ્રાપ્ત થતો નફો.

૮) <u>નફો અને અન્ય સાધનોની આવક :-</u>

ઉત્પાદનનાં ચાર સાધનો :- જમીન, મૂડી, શ્રમ, નિયોજક

તેમને મળતું વળતર :- ભાડું, વ્યાજ, વેતન, નફો

૯) નફાનાં સિધ્ધાંતો :-

૧) ગતિશીલ અર્થતંત્ર અને નફો :- જે.બી.કલાર્ક, અર્થતંત્ર હંમેશા ગતિશીલ , માંગ અને પુરવઠાની અસ્થિરતા, કિમત અસ્થિરતા, ખર્ચમાં ફેરફાર, આંતરીક અને બાહ્ય પરિવર્તનો, નફો, સિધ્ધાંતની ટીકાઓ.

૨) નફાનાં નવ પરિવર્તનનો સિધ્ધાંત :- જોસેફ શુમ્પીટર, નવી ચીજ-વસ્તુનું ઉત્પાદન, નવી ઉત્પાદન પધ્ધતિ નવું બજાર, કાચામાલનાં નવા સ્ત્રોત, ઉત્પાદન એકમનું માળખું, નફો સિધ્ધાંતની ટીકાઓ

૩) સંયુક્ત મૂડીકંપની અને નફો :- એફ.બી.હોલી, જોખમ, વીમા રૂપે રક્ષણ, જોખમ ઘટાડવાનું વળતર નફો, સિધ્ધાંતની ટીકાઓ.

<u>સ્વાધ્યાય :-</u>

પ્રશ્ન :- ૧ નફો એટલે શુ ? તે અન્ય ઉત્પાદનનાં સાધનોથી કેવી રીતે અલગ પડે છે.?

પ્રશ્ન :- ૨ નફાની વિવિધ વ્યાખ્યાઓ સમજાવો.

પ્રશ્ન :- ૩ નફાનાં લક્ષણો વિગતે ચર્ચો

પ્રશ્ન :- ૪ નફો ઉદભવવાનાં કારણોની વિગતે સમજુતી આપો.

પ્રશ્ન :- ૫ નફાનાં પ્રકારો વિશે ટૂંકનોંધ લાખો.

પ્રશ્ન :- ૬ ગતિશીલ અર્થતંત્ર અને નફાનો સિધ્ધાંત સમજાવો.

પ્રશ્ન :- ૭ નફાનાં નવ પરિવર્તનનો સિધ્ધાંત સમજાવો.

પ્રશ્ન :- ૮ સંયુક્ત મૂડી કંપની અને નફાનો સિધ્ધાંત સમજાવો.

<u>ટૂંકા પ્રશ્નો :-</u>

પ્રશ્ન :- ૧ નફો એટલે શુ ?

પ્રશ્ન :- ૨ નિયોજકને તેની કામગીરી બદલ શું મળે ?

પ્રશ્ન :- ૩ નફો ઉત્પાદનનાં ક્યાં સાધનને મળે છે ?

પ્રશ્ન :- ૪ કાચો નફો કેવી રીતે મેળવી શકાય ?

પ્રશ્ન :- ૫ શુધ્ધ નફો એટલે શું ?

પ્રશ્ન :- ૬ ક્યા અર્થશાસ્ત્રીએ ગતિશીલ અર્થતંત્ર અને નફાનો સિધ્ધાંત આપ્યો છે ?

પ્રશ્ન :- ૭ ક્યા અર્થશાસ્ત્રીએ નફાનાં પરિવર્તનનો સિધ્ધાંત આપ્યો છે ?

પ્રશ્ન :- ૮ ક્યા અર્થશાસ્ત્રીએ સંયુક્ત મૂડી કંપની અને નફાનો સિધ્ધાંત આપ્યો છે ?

પ્રશ્ન :- ૯ નફાનાં લક્ષણો જણાવો.

પ્રશ્ન :- ૧૦ નફાને કુલ કેટલા પ્રકારમાં વેહેચી શકાય ? ક્યા ક્યા ?

હેતુલક્ષી પ્રશ્નો :-

૧) ઉત્પાદનનાં કુલ _____ સાધનો હોય છે.

(અ) એક (બ) ચાર (ક) ત્રણ (ડ) બે

જવાબ : (બ) ચાર

૨) નફો _____ને પ્રાપ્ત થાય છે ?

(અ) જમીન (બ) મૂડી (ક) નિયોજક (ડ) શ્રમ

જવાબ : (ક) નિયોજક

૩) નફો અન્ય સાધનોની આવક કરતાં વધારે _____હોય છે.

(અ) અસ્થિર (બ) સ્થિર (ક) સમતોલ (ડ) ઉપરોક્ત માંથી એક પણ નહિ.

જવાબ : (અ) અસ્થિર

૪) શુધ્ધ નફો હંમેશા કાચા નફા કરતા _____ જ હોય છે.

(અ) વધારે (બ) બરાબર (ક) સ્થિર (ડ) ઓછો

જવાબ : (ડ) ઓછો

૫) નફાનો ગતિશીલતાનો સિધ્ધાંત _____ નામનાં અર્થશાસ્ત્રીઓ આપ્યો હતો.

(અ) એકમ સ્મિથ (બ) હોલી (ક) જે.બી.ક્લાર્ક (ડ) નાઈટ

જવાબ : (ક) જે.બી.ક્લાર્ક

૬) ગ્રાહકની અભિરૂચી, માંગ, વસ્તી, ઉત્પાદન ખર્ચ માં થતો ફેરફાર _____ ને જન્મ આપે છે.

(અ) ભાડું (બ) નફો (ક) વ્યાજ (ડ) વેતન

જવાબ : (બ) નફો

૭) પરિવર્તનો અને નફાનો સિધ્ધાંત _____ નામનાં અર્થશાસ્ત્રીએ આપ્યો હતો.

(અ) જે.બી.ક્લાર્ક (બ) નાઈટ (ક) કેઈન્સ (ડ) શુમ્પીટર

જવાબ : (ડ) શુમ્પીટર

૮) શુમ્પીટરનાં મતે નવા સંશોધનોને કારણે જે _____ ઉદ્ભવે છે તેનાથી નફો ઉત્પન્ન થાય છે.

(અ) ફેરફાર (બ) સંશોધનો (ક) ભાડું (ડ) પરિવર્તનો.

જવાબ : (ડ) પરિવર્તનો

૯) સંયુક્ત મૂડીકંપની અને નફોનો ખ્યાલ _____ એ આવ્યો હતો.

(અ) નાઈટ (બ) જે.બી.ક્લાર્ક (ક) એફ.બી.હોલી (ડ) શુમ્પીટર

જવાબ : (ક) એફ.બી.હોલી

૧૦) _____ નાં માટે નફો ઉદ્ભવવાનું કારણ જોખમો છે.

(અ) એફ.બી.હોલી (બ) જે.બી.ક્લાર્ક (ક) એકમ સ્મિથ (ડ) નાઈટ

જવાબ : (ક) એકમ સ્મિથ

યુનિટ 13	કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર

: રૂપરેખા :

13.0 પ્રસ્તાવના

13.1 ઉદ્દેશો

13.2 કલ્યાણલક્ષી/કલ્યાણકારી અર્થશાસ્ત્રનો અર્થ

13.2.1 વ્યક્તિગત કલ્યાણ અને સામાજિક કલ્યાણ

13.3 કલ્યાણકારી અર્થશાસ્ત્ર અને મૂલ્યનિર્ણયો

13.4 પ્રશિષ્ટ વિચારધારાઓ

13.4.1 પિગુનું કલ્યાણલક્ષણી અર્થશાસ્ત્ર

13.4.2 પેરેટોનો ઈષ્ટ અવસ્થાનો સિદ્ધાંત

13.5 બાહ્ય અસરો

13.5.1 ઉત્પાદનની બાહ્ય અસરો

13.5.2 ઉપભોગની બાહ્ય અસરો

13.6 નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રી

13.6.1 વળતરનો સિદ્ધાંત

13.6.2 સિટોવ્સકી કોયડો

13.7 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ

13.8 સારાંશ

ચાવી રૂપ શબ્દો

તમારી પ્રગતિ ચકાસો

સ્વાધ્યાય

13.1 પ્રસ્તાવના

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં મૂલ્ય કે કિંમત કરતાં આર્થિક કલ્યાણ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો વિકાસ સમાજનું આર્થિક કલ્યાણ વધારવા માટેની આર્થિક નીતિઓની શોધમાંથી થયો છે. મહત્તમ સામાજિક કલ્યાણનાં માપદંડ દ્વારા અર્થકારણની કાર્યદક્ષતાનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ અર્થશાસ્ત્રના વિકાસમાં પ્રો. માર્શલ, પ્રો. પીગુ, સ્કીટોવસ્કી, સેમ્યુલસન, જે.આર. હિક્સ, કાલ્ડોર, પેરેટો, નટ વિકસેલ વગેરેનો સમાવેશ થાય છે.

અર્થશાસ્ત્ર એક વાસ્તવદર્શી વિજ્ઞાન છે અને તેથી વાસ્તવદર્શી અર્થશાસ્ત્રમાં કઈ આર્થિક સ્થિતિ સમાજ માટે ઈચ્છનીય છે, તે અંગેમાં વિધાનોની ચર્ચા હોઈ શકે નહીં. પરંતુ અર્થશાસ્ત્રની એક એવી શાખાનો વિકાસ થયો છે જેમાં વૈકલ્પિક આર્થિક પરિસ્થિતિઓ પૈકી કઈ પરિસ્થિતિ સમાજનાં હિતમાં છે તે દર્શાવવા માટેની વૈજ્ઞાનિક કસોટીઓ રજૂ

કરે છે. તેનો મુખ્ય હેતુ સમાજનું આર્થિક કલ્યાણ વધારવાનો છે. તેને આપણે આદર્શલક્ષી અર્થશાસ્ત્ર તરીકે ઓળખીએ છીએ.

કલ્યાણકારી અર્થશાસ્ત્રમાં રજૂ થતાં વિધાનોની કસોટી કરવી મુશ્કેલ છે. જેમ કે વસ્તુની કિંમત ઘટતાં, અમુક સંજોગોમાં, માંગ વધે છે. એ વિધાનની યથાર્થતા બજારની માહિતીનાં આધારે ચકાસી શકાય છે. દા.ત., અનાજનાં ભાવો ઘટવાથી લોકોની આર્થિક સુખાકારી (કલ્યાણ) વધે છે. ભાવો ઘટવાથી અનાજ વાપરનારા લોકોનાં કલ્યાણમાં અવશ્ય વધારો થાય છે. પરંતુ અનાજ ઉત્પાદક ખેડૂતને કિંમત ઘટવાથી નુકસાન થશે. જે તેનાં કલ્યાણને ઘટાડે છે. આ બે સ્થિતિ એક કલ્યાણ વધારે છે તો બીજી સ્થિતિ કલ્યાણ ઘટાડે છે. આ બે સ્થિતિમાંથી કઈ સ્થિતિ સમગ્ર સમાજનાં કલ્યાણમાં વધારો કરશે? કેવી રીતે કરશે? અને તેને કેવી રીતે જાણવું? એ માટે બજારની માંગ અને માંગની જેમ લોકોનું આર્થિક કલ્યાણ જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા માપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

13.1 ઉદ્દેશો :

1. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો ખ્યાલ સમજાવો.
2. આર્થિક કલ્યાણ અને કુલ કલ્યાણ વચ્ચેનો ભેદ તપાસવો.
3. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર મૂલ્યનિર્ણયોનું મહત્ત્વ તપાસવું.
4. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ કસોટીનો અભ્યાસ કરવો.
5. કલ્યાણકારી અર્થશાસ્ત્રનું મહત્વ જાણવું.

13.2 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની વિભાવના :

1. પ્રો. રેડર : "કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર એ અર્થશાસ્ત્રની એવી શાખા છે. જે આર્થિક નીતિઓના માટે ઔચિત્યનાં માપદંડની સ્થાપના તથા પ્રયોગ કરવાનો પ્રયત્ન કરે છે." સામાજિક અને આર્થિક સુધારા માટેનાં સમૃદ્ધિનાં માપદંડોને આર્થિકનીતિઓનું ઘડતર કરવું.
2. પ્રો. ઓસ્કર લૈગ : "કલ્યાણકારી અર્થશાસ્ત્ર એ બાબતો સાથે સંબંધ ધરાવે છે કે કોઈ એક સમાજનાં કલ્યાણને નક્કી કરે છે."
3. પ્રો. સ્કીટોવસ્કી : "કલ્યાણકારી અર્થશાસ્ત્ર આર્થિક સિદ્ધાંતનું એક અંગ છે જે મુખ્યત્વે નીતિ સાથે સંબંધ ધરાવે છે."

13.2.1 વ્યક્તિગત કલ્યાણ અને સામાજિક કલ્યાણ :

જો વ્યકિત A વસ્તુની સરખામણીમાં B ને પસંદ કરે, તો તેને B માંથી વધારે સંતોષ મળે છે તેમ કહી શકાય એટલે કે, વ્યક્તિનું કલ્યાણ તેને ઉપભોગ દ્વારા પ્રાપ્ત થતા સંતોષ પર છે. તે આત્મલક્ષી બાબત છે. પરંતુ વ્યક્તિ દ્વારા થતી પસંદગી દ્વારા તેને શામાંથી વધારે સંતોષ મળે છે. તે જાણી શકાય છે.

કલ્યાણકારી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત કલ્યાણની ચર્ચા થતી નથી પરંતુ સામાજિક કલ્યાણની ચર્ચા થાય છે. તેથી આ સંદર્ભમાં જોઈએ તો કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રીએ મૂળભૂત રીતે સામાજિક કલ્યાણનું અર્થશાસ્ત્ર છે. વ્યક્તિ પોતાનો તુષ્ટિગુણ કલ્યાણને માપવાનો કોઈ ચોક્કસ વૈજ્ઞાનિક માપદંડ નથી.

પ્રો.પીગુનાં મત મુજબ ''કલ્યાણ એ માનસિક અવસ્થા છે.'' જો બીજા શબ્દોમાં કહીએ તો કલ્યાણનું તત્ત્વ એ સભાનતાની પરિસ્થિતિ છે.

વ્યક્તિલક્ષી કલ્યાણની પરિસ્થિતિને અનેક આર્થિક અને બિનઆર્થિક પરિબળો અસર કરે છે. જ્યારે સામાજિક કલ્યાણ એ સમગ્ર સમાજનાં કલ્યાણ સાથે સંકળાયેલ બાબત છે. જ્યારે બધી વ્યક્તિઓ તેઓની જરૂરિયાતો સંતોષવા માટે અરસપરસ સહકાર સાધે અથવા મદદ કરે તો તેને સામાજિક પ્રક્રિયા કહી શકાય.

સમાજ કલ્યાણ એટલે સામાજિક જરૂરિયાતોનો સંતોષ, જો બીજા શબ્દોમાં કહીએ તો સમાજની બધી જ વ્યક્તિઓના કુલ સંતોષનો કુલ સરવાળો.

સમગ્ર સમાજ એક વ્યક્તિની જેમ વિચારી શકતો નથી. વ્યક્તિ જે રીતે સંતોષ અંગે વિચાર કરીને બુદ્ધિપૂર્વકનો નિર્ણય લે તે રીતે સમાજ લઈ શકે નહીં. તેનું કારણ એ છે કે સમાજ અસંખ્ય વ્યક્તિઓનો બનેલો છે. જેમનાં હિતો પરસ્પર વિરોધી પણ હોઈ શકે. સામાન્ય રીતે સામાજિક પસંદગી વ્યક્તિઓની પસંદગીઓનાં આધારે તારવવામાં આવે છે. પણ જો પસંદગી સર્વાનુમતે ન થયેલી હોય તો તે આધારભૂત કેવી રીતે ગણી શકાય? સામાજિક કલ્યાણની ઈષ્ટ સપાટી માટેની શરતોનો નિર્દેશ કરવાનાં પ્રયાસો પેરોટો બર્ગસન અને અન્ય અર્થશાસ્ત્રીઓએ કર્યા છે. પરંતુ મુખ્ય સમસ્યા આંતરવૈયક્તિક સરખામણીની છે.

આમ, જો આંતરવૈયક્તિક સંતોષની સરખામણી થઈ શકે તેમ ન હોય તો સમાજનાં આર્થિક કલ્યાણમાં વધારો કે ઘટાડો થયો છે તે કેવી રીતે જાણી શકાય?

13.3 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર અને મૂલ્યનિર્ણયો :

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં સમાજનાં આર્થિક કલ્યાણમાં થતા વધારા કે ઘટાડા માટેની સ્વીકાર્ય કસોટીઓ રજૂ કરવાનો પ્રયત્ન થાય છે. વ્યક્તિઓના કલ્યાણનાં આધારે સામાજિક કલ્યાણ તારવવામાં આવે છે પરંતુ સામાજિક કલ્યાણ તારવવાની આ પ્રક્રિયામાં 'મૂલ્યનિર્ણયો'નો આશ્રય લેવો પડે છે. નોબેલ પ્રાઈઝ વિજેતા અર્થશાસ્ત્રી અમર્ત્યસેન મૂલ્યનિર્ધારણના મહત્ત્વને સ્વીકારે છે.

'મૂલ્યનિર્ણયો' એ કેટલાંક સ્વિકૃત વિધાનો છે. આ વિધાનો હકીકતોને એવી રીતે વર્ણવે છે કે જેથી લોકોનું તે હકીકતો તરફનું વલણ બદલાઈ જાય છે અને તેથી લોકોનાં વર્તન પર પ્રભાવ પડે છે. બુદ્ધિ કરતાં વધારે તે લાગણીને સ્પર્શતાં વિધાનો હોય છે. તેમને નીતિશાસ્ત્ર કે સારાનરસાનાં ખ્યાલો સાથે સંબંધ હોય છે. આવા મૂલ્યનિર્ણયો વગર કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર ટકી શકે નહી.

આજે ઘણાં અર્થશાસ્ત્રીઓ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં 'મૂલ્ય નિર્ણયો'ને આવશ્યક જ નહીં, અનિવાર્ય માને છે. કોઈનાં પણ સંતોષમાં ઘટાડો કર્યા વગર જો એકનાં સંતોષમાં વધારો થઈ શકે તો તે સારી બાબત છે.' આ એક મૂલ્યનિર્ધારણ છે. આના માટે કોઈ સાબિતી નથી.

13.4 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર અંગે પ્રશિષ્ઠ વિચારધારાઓ :

પ્રો. એડમ સ્મિથ, ડેવિડ રિકાર્ડો, જહોન સુઅર્ટ ગિલ જેવા અર્થશાસ્ત્રીઓના મતે ભૌતિક સંપત્તિનું સર્જન કરવા માટે કુદરત સામે માનવીનાં પ્રયાસોનું યુદ્ધ એટલે જ કોઈપણ સમાજનો પ્રશ્ન. એડમ સ્મિથનાં લખાણોમાંથી એ સ્પષ્ટ થાય છે કે તે આર્થિક કલ્યાણ

માટે કુલ ઉત્પાદનને માપદંડ માને છે. દેશમાં જેમ જેમ ઉત્પાદન વધતું હોય તેમ તે દેશ સમૃદ્ધ અને તે દેશનાં લોકોનું કલ્યાણ વધારવામાં મદદરૂપ થાય છે. ઉત્પાદન વધારવા માટે શ્રમની ભૌતિક ઉત્પાદકતા વધારવાનાં નીતિવિષયક સૂચનો આપણને જોવા મળે છે. આર્થિક પ્રવૃત્તિમાં સતત વધારો કરવા માટે એડમ સ્મિથ મુક્ત અર્થતંત્રની હિમાયત કરે છે. તેનું કારણ તે છે કે આમ કરવાથી વ્યક્તિને બચત, મૂડીરોકાણ અને પરિશ્રમ કરવા માટે પ્રોત્સાહન મળી શકે છે.

પ્રશિષ્ટ વિચારધારામાં જેવોન્સ, વોલરાસ મેન્જર વગેરેએ 'તુષ્ટિગુણ વિશ્લેષણ' દાખલ કર્યું. આ વિશ્લેષણનો પાછળથી માર્શલે વ્યાપક ઉપયોગ કર્યો. સંપત્તિનાં ભૌતિક ખ્યાલના સ્થાને તેમણે ઉપભોક્તાઓને જરૂરિયાતોનાં સંતોષનો ખ્યાલ રજૂ કર્યો. તેઓ માનતા કે સંતોષને નાણાંનાં માપદંડથી માપી શકાય છે. એક સફરજન ખાવાથી કેટલો તુષ્ટિગણ મળે તે દર્શાવાનો પ્રયત્ન થયો. આના લીધે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા ભૌતિક સપાટી પરથી વ્યક્તિગત સંતોષની સપાટી પર આવી અને સંતોષની ઈષ્ટ સપાટીની શોધ શરૂ થઈ. સામાજિક કલ્યાણ વધારવા વિશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ નીચેના ઉપાયો દર્શાવ્યા છે. (1) અર્થતંત્રમાં મુક્ત હરીફાઈ હોય તો બચત અને મૂડી રોકાણ વધે અને તેથી ઉત્પાદન વધે. (2) ડૉ. મીન્ટના મતે મૂડીસંચયને વેગ આપવાથી શ્રમની ભૌતિક ઉત્પાદકતા વધે છે.

13.4.1 પીગુનું કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર :

નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓમાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા કરનારમાં પ્રો. પીગુનું સ્થાન મોખરે છે. તેઓના મતે પ્રત્યેક માણસનું કલ્યાણ આર્થિક, સામાજિક, રાજકીય વગેરે પરિબળોથી સાધી શકાય છે. તેઓ માને છે કે દરેક વ્યક્તિ તેને મળતા સંતોષ કે તુષ્ટિગુણને મહત્તમ બનાવવાનો પ્રયાસ કરે છે. પ્રો. પીગુ સંખ્યાવાચક તુષ્ટિગુણનાં ખ્યાલને સ્વીકારતા નથી પણ ગુણવાચક તુષ્ટિગુણને સ્વીકારે છે. આ માટે તેમની એક ધારણા છે કે સરખી વાસ્તવિક આવક ધરાવતી અલગ અલગ વ્યક્તિ સરખો સંતોષ અનુભવે છે. આનો અર્થ એવો થાય છે કે જેમની વાસ્તવિક આવક વધારે છે તે ઓછી આવકવાળા કરતાં વધારે સંતોષ અનુભવશે. શ્રીમંતો પાસેથી આવક લઈને ગરીબો વચ્ચે વહેંચવાથી કુલ સામાજિક કલ્યાણમાં વધારો થશે. આમ, પીગુની ધારણામાંથી આવકની પુનઃવહેંચણીને લગતી નીતિનું તારણ કાઢી શકાય.

જો વાસ્તવિક આવક અસંખ્ય ભિન્ન ભિન્ન વસ્તુઓની બનેલી હોય, તો એક વ્યક્તિની વાસ્તવિક આવકની સરખામણી અન્ય વ્યક્તિની વાસ્તવિક આવક સાથે થઈ શકે નહીં. તેથી તેઓ વાસ્તવિક આવકને નાણાંકીય મૂલ્યમાં દર્શાવે છે. નાણાંકીય આવકની સરખામણી કરે છે. પીગુની ધારણા પ્રમાણે નાણાકીય આવકની પુનઃવહેંચણી કરી સંપૂર્ણ સરખી આવક પ્રાપ્ત કરવાથી જ મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થાય છે. દરેક વ્યક્તિની નાણાંકીય આવક સરખી થતાં નાણાંનો સીમાન્ત તુષ્ટિગણ સરખો થઈ જશે અને તે સ્થિતિમાં મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થશે.

પીગુના આવકની પુનઃવહેંચણીનાં અમલથી સમાજની ઉત્પાદનશક્તિ પર વિપરીત અસર કરે અને કુલ ઉત્પાદનમાં ઘટાડો થાય તો કુલ સામાજિક કલ્યાણમાં વધારો થયો એમ કેવી રીતે કહી શકાય? આ પ્રશ્ન 'ઉત્પાદન વિરુદ્ધ' વહેંચણીને લગતો છે. જો વ્યક્તિની કમાયેલી આવકનો મોટોભાગ કરવેરા દ્વારા સરકાર લઈ લે અને તેનો ઉપયોગ ગરીબોના વિકાસ માટે

કરે તો સમાજિક કલ્યાણ વધે ખરું? પણ આ આવક પરિવર્તનને કારણે રાષ્ટ્રીય પેદાશમાં ઘટાડો થાય તો લાંબાગાળે તે લાભદાયી બની શકે નહીં. પ્રો.પીગુ જણાવે છે કે આવકની પુનઃવહેંચણીનો અમલ એવી રીતે થવો જોઈએ કે કુલ રાષ્ટ્રીય ઉત્પાદન પર વિપરીત અસર થાય નહીં અને સામાજિક કલ્યાણ મહત્તમ બની શકે. પીગુની 'માનવીની સરખો સંતોષ મેળવવાની શક્તિની ધારણા વૈજ્ઞાનિક નથી પણ એક મૂલ્યનિર્ણય છે.' એવી ટીકા રોબિન્સ નામના અર્થશાસ્ત્રી દ્વારા કરાઈ છે. આમ, છતાં નીતિનાં ઘડતર માટેનાં માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવતા વૈજ્ઞાનિક અભ્યાસ તરીકે પ્રો.પીગુનાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ આધુનિક અર્થશાસ્ત્રી સ્વીકારતા નથી.

13.4.2 પેરેટોનાં ઈષ્ટ અવસ્થાનો સિદ્ધાંત :

પેરેટોએ પોતાના સિદ્ધાંતમાં તુષ્ટિગુણને નાણાના માધ્યમથી માપી શકાય છે તે ધારણાનો ત્યાગ કરી તટસ્થ રેખા દ્વારા માત્ર સરખામણી કરી શકાય તેમ માને છે. પેરેટોના મત મુજબ, ''કોઈ સમાજમાં સીમાંત શરતોનું પાલન થાય તો સમાજ ઈષ્ટ અવસ્થાએ પહોંચે અને ઈષ્ટ અવસ્થાએ રાષ્ટ્રનું ઉત્પાદન મહત્તમ હોય છે માટે સમાજનું કલ્યાણ સિદ્ધ થાય છે. તેમ કહી શકાય.''

સમાજની ઈષ્ટ અવસ્થાનો ખ્યાલ

પેરેટોના મતે ''ઈષ્ટ સંતોષ એક એવી સપાટી છે. જ્યાં સમાજની કોઈ એક વ્યક્તિનાં સંતોષમાં ઘટાડો કર્યા સિવાય અન્ય વ્યક્તિનાં સંતોષમાં વધારો કરી શકાય નહીં.'' બીજી રીતે કહીએ તો સાધન ફાળવણીમાં ફેરફાર કરીને એક વ્યક્તિ કે સમુહને વધારે સારી સ્થિતિમાં લઈ જતાં અન્ય વ્યક્તિ કે સમુહને વધારે ખરાબ સ્થિતિમાં મૂકવો પડે.

આમ, પેરેટોની ઈષ્ટ સપાટી સમાજ માટે સંતોષની સર્વોચ્ચ સપાટી છે. પેરેટોનાં મતે ''કોઈ વ્યક્તિ પોતાને પસંદ હોય તેવી સ્થિતિએ જાય છે. ત્યારે અન્ય વ્યક્તિઓને તેની ઓછી પસંદગીની સ્થિતિએ ખસેડ્યા વિના જઈ શકાતી નથી. આવી સ્થિતિને સમાજની ઈષ્ટ અવસ્થા કહેવામાં આવે છે.'' ટૂંકમાં સમાજની ઈષ્ટ અવસ્થા પ્રાપ્ત થઈ ગયા પછી કોઈ પણ વ્યક્તિ અન્ય વ્યક્તિનાં સંતોષના ભોગે જ વધુ સંતોષ પ્રાપ્ત કરે છે. પેરેટોની ઈષ્ટ સપાટી એક જ હોય તેવું નથી. મહત્તમ સંતોષ દર્શાવતી જુદી જુદી અનેક ઈષ્ટ સપાટી હોઈ શકે. આ દરેક સપાટીએ સમાજને પ્રાપ્ત થતો સંતોષ મહત્તમ હોય, પણ સરખો જ હોય એવું નહીં. આ જુદી જુદી સપાટીઓ વચ્ચેની સરખામણી શક્ય નથી, કારણ કે પેરેટોએ આંતરવૈયક્તિક સરખામણીનો પ્રશ્ન ટાળ્યો છે. આથી જ કોઈ એક અને અદ્વિતીય સામાજિક કલ્યાણની ઈષ્ટ સપાટી પેરેટોની શરત દ્વારા દર્શાવી શકાતી નથી. પેરેટોની ભિન્ન ભિન્ન ઈષ્ટ સપાટીઓ જુદી જુદી આવકવહેંચણી સાથે સંકળાયેલી છે.

પેરેટોનાં ખ્યાલમાં રહેલો નૈતિક મૂલ્યનિર્ણય એ છે કે આપેલી વહેંચણીની સ્થિતિમાં કોઈનેય નુકસાન કર્યા સિવાય જો એક પણ વ્યક્તિનું કલ્યાણ વધારી શકાતું હોય તો તે ઈચ્છનીય છે. એવી સ્થિતિએ પહોંચી જવાય અથવા જ્યારે આમ કરવું અશક્ય બને ત્યારે તેવી ઈષ્ટ સામાજિક સંતોષની સપાટી ગણાય.

એજવર્થ બાઉલીનાં બોક્ષ ડાયેગ્રામની મદદથી પેરેટોનો ઈષ્ટતમ અવસ્થાનો સિદ્ધાંત સમજાવવામાં આવ્યો છે.



આકૃતિમાં જાડી રેખાઓ D1 વ્યક્તિની X અને Y ની સમપેક્ષતા રેખા દર્શાવે છે. આકૃતિમાં ત્રુટક રેખાઓ D2 વ્યક્તિની સમપેક્ષતાની રેખાઓ દર્શાવે છે.

D1 અને D2 ની રેખાઓ એકબીજાને સ્પર્શે તે રીતે આલેખ ગોઠવવામાં આવ્યો છે. આ તમામ બિંદુઓને જોડતાં SS1 રેખા પ્રાપ્ત થાય છે. જે એજવર્થનાં Contract તરીકે ઓળખવામાં આવે છે. સ્પર્શબિંદુઓ આગળ D1 અને D2 નો સીમાંત અવેજીનો દર સરખો હોવાથી Contract Curve વિનિમયની દૃષ્ટિએ ઈષ્ટ સ્થિતિનો નિર્દેશ કરે છે. Contract Curve સિવાયનાં અન્ય બિંદુએ હોય તો બે વ્યક્તિઓનો સીમાંત અવેજીનો દર સરખો હોવાથી તે ઈષ્ટ સ્થિતિ નથી. વિનિમય દ્વારા તે ઈષ્ટ સ્થિતિએ જઈ શકે છે. આકૃતિમાં D1, X, D2, Y ચોરસ એ D1 અને D2 બે વ્યક્તિઓ પાસેની X અને Y બે વસ્તુઓનું કુલ પ્રમાણ દર્શાવે છે.

ધારોકે શરૂઆતમાં D1 અને D2 બંને વ્યક્તિઓ K બિંદુએ છે. D1 વ્યક્તિ પાસે X વસ્તુનું પ્રમાણ PK જેટલું છે. અને Y વસ્તુનું પ્રમાણ જેટલું છે. D2 પાસે X નું પ્રમાણ KQ અને Y નું પ્રમાણ. KY K બિંદુએ બંને વ્યક્તિઓનો X અને Y વસ્તુઓ માટેનો સીમાંત અવેજીનો જુદો જુદો છે. જો K થી “a” બિંદુએ વિનિમય દ્વારા જઈએ તો D1 ઊંચી સપાટીએ પહોંચે છે. જો “b” બિંદુએ જઈએ તો D2 ઊંચી સપાટીએ પહોંચે છે. જો “c” બિંદુએ જઈએ તો D1 અને D1 બંને સંતોષની જશે.

13.5 બાહ્ય અસરો :

(ઉત્પાદન અને ઉપભોગમાં બાહ્ય અસરો અથવા બાહ્ય લાભ અને ગેરલાભ)

પૂર્ણ હરીફાઈની સ્થિતિમાં જો દરેક વ્યક્તિની નાણાંકીય આવકમાંથી પ્રાપ્ત થતો સીમાંત તુષ્ટિગુણ સરખો હોય તો વસ્તુનો ખાનગી સીમાંત ખર્ચ અને સામાજિક સીમાંત ખર્ચ સરખા થશે અને ખાનગી સીમાંત તુષ્ટિગુણ અને સામાજિક તુષ્ટિગુણ સરખા થશે. આથી સામાજિક કલ્યાણ સર્વોચ્ચ સપાટી પર પહોંચશે. પરંતુ જો ઉત્પાદન અને અથવા ઉપભોગમાં ‘બાહ્ય અસરો’ ઉદ્‌ભવતી હશે તો ખાનગી સીમાંત ખર્ચ અને સામાજિક સીમાંત ખર્ચ વચ્ચે તેમજ ખાનગી સીમાંત તુષ્ટિગુણ અને સામાજિક તુષ્ટિગુણ વચ્ચે તફાવત ઉભો થશે.

'બાહ્ય અસરોને' બાહ્ય લાભ કે ગેરલાભ પણ કહે છે. તે બાહ્ય છે, કારણ કે બજારમાં થતા મૂલ્યાંકનોમાં આવા લાભ કે ગેરલાભ ગણતરીમાં લેવાતા નથી. આપણે તેને એકમ વિકાસના લાભ કે ગેરલાભ તરીકે ભણ્યા હતાં. જેનાં એક પેઢીની વિકાસ થવાથી તેનો લાભ અન્ય પેઢીને પણ મળે છે. આવા લાભોને નાણાંકીય મૂલ્યમાં સમાવેશ કરવામાં આવતો નથી. કારણ કે તેની ઓળખ કરવી મુશ્કેલ છે.

13.5.1 ઉત્પાદનની બાહ્ય અસરો :

કોઈ એક પેઢીનાં ઉત્પાદનમાં વધારો થવાથી અન્ય પેઢીને લાભ કે ગેરલાભ થાય તેવું જોવા મળે છે. દા.ત., સફરજનની વાડીનો વિકાસ થવાથી તેની બાજુમાં આવેલા 'મધમાખી કેન્દ્ર'નું ઉત્પાદન વધે છે. સફરજનની વાડીનો માલિક તેનાં ઉત્પાદનમાં માત્ર સફરજનનાં વધારાનાં ઉત્પાદનને જ લક્ષમાં લે છે. પણ સમાજને તો સફરજન ઉપરાંત મધનું પણ વધુ પ્રમાણમાં ઉત્પાદન મળે છે. સફરજનનાં માલિકની ખર્ચની ગણતરી વધારે થાય છે. કારણ કે પોતાના ખાનગી ખર્ચની સામે જે વધારાનું મધનું ઉત્પાદન થયું તેને તે લક્ષમાં લેતો નથી. મધમાખી કેન્દ્રનો માલિક સફરજનની વાડીનાં માલિકને કાંઈ ચૂકવણી કરતો નથી. આ કિસ્સામાં સફરજનનું સીમાન્ત સામાજિક ખર્ચ તેનાં સીમાન્ત ખાનગી ખર્ચ કરતા ઓછું છે. આવા ઉત્પાદનમાંથી બાહ્ય લાભ થાય છે. તેવી જ રીતે કોઈ ફેક્ટરીનું ઉત્પાદન વધતાં તેમાંથી નીકળતાં ધુમાડાથી આજુબાજુનાં લોકોનાં આરોગ્ય પર પ્રતિકૂળ અસર થાય છે. આ ગેરલાભોને પેઢી તેના ખર્ચની ગણતરીમાં લેતા નથી પરિણામે તેનું ખાનગી સીમાંત ખર્ચ સામાજિક સીમાન્ત ખર્ચ કરતાં ઓછું જણાય છે.

13.5.2 ઉપભોગની બાહ્ય અસરો :

ઉત્પાદન જેમ બાહ્ય અસરો જોવા મળે છે તેમ ઉપભોગમાં પણ જોવા મળે છે. જેમકે પોતાના ઘરની આજુબાજુમાં સુંદર બગીચો બનાવનાર વ્યક્તિના પડોશીને પણ બગીચાનો લાભ મળે છે. આ ઉપભોગને બાહ્ય લાભ તરીકે ગણાવી શકાય. આવા કિસ્સામાં સીમાન્ત સામાજિક સંતોષ સીમાન્ત ખાનગી સંતોષ કરતાં વધારે હોય છે. વધારનો સંતોષ મેળવવા માટે કોઈ વધારાની કિંમત ચૂકવવી પડતી નથી. જે વસ્તુઓના કે સેવાઓનાં ઉપભોગમાંથી 'બાહ્ય લાભ' થતો હોય તે વસ્તુઓ કે સેવાઓનો સામાજિક સીમાન્ત સંતોષ બજારમાં વ્યક્ત થતી કિંમતોમાં દેખાતો નથી. આવી વસ્તુઓ કે સેવાઓનું પ્રમાણમાં ઓછું મૂલ્ય અંકાય છે. જો તેમના સામાજિક સંતોષનાં ફાળાને લક્ષમાં લેવામાં આવે તો તેમનું વધારે મૂલ્ય અંકાય છે.

ઉપભોગમાં જેમ લાભો જોવા મળે છે તેમ ગેરલાભો પણ જોવા મળે છે. જેમ કે પોતાની પડોશમાં રહેતા દારૂડિયા કે મોટે અવાજથી રેડિયો વગાડનાર પોતાના પાડોશીઓ માટે કેવી આફત સર્જે છે તે આપણે જાણી છીએ. આવા કિસ્સામાં સીમાંત ખાનગી સંતોષ સીમાન્ત સામાજિક સંતોષ કરતાં વધારે હોય છે.

આમ, જો ઉત્પાદન અથવા ઉપભોગમાં બાહ્ય અસરો થતી હોય તો સામાજિક કલ્યાણ મહત્તમ બનાવવા માટે સરકારી હસ્તક્ષેપ જરૂરી બને છે. પૂર્ણ હરિફાઈની સ્થિતિમાં પણ જો 'બાહ્ય અસરો' હોય તો સામાજિક કલ્યાણની ઈષ્ટ સપાટી પ્રાપ્ત થઈ શકતી નથી. જે ઉત્પાદનનાં ક્ષેત્રમાં 'બાહ્ય લાભો' થતા હોય તેમને આર્થિક સહાય અને જ્યાં 'બાહ્ય ગેરલાભો' થતા હોય

તેમનાં પર કર નંખાવા જોઈએ. આમ, કરવાથી ઉત્પાદનનાં સાધનોની ફાળવણી પણ બદલાશે અને સામાજિક કલ્યાણમાં વધારો થશે.

13.6 નવપ્રશિષ્ઠ અર્થશાસ્ત્રીની વિચારધારાઓ :

13.6.1 વળતરનો સિદ્ધાંત :

કોઈ આર્થિક ફેરફારથી અમુક વ્યક્તિઓને લાભ થતો હોય અને બીજી વ્યક્તિઓને ગેરલાભ થતો હોય તો તે ફેરફાર કરવા યોગ્ય છે કે નહીં? તે પ્રશ્નનો જવાબ પેરેટો વિશ્લેષણમાં જોવા મળતું નથી. કાલ્ડોર અને હિક્સ નામનાં અર્થશાસ્ત્રી આ સમસ્યાનાં સમાધાન માટે કેટલાક અનુમાનોનાં આધારે કસોટી રજૂ કરેલ છે. તેને આપણે વળતરનાં સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

સિદ્ધાંતની ધારણાઓ :

1. ઉપભોક્તાઓની અભિરૂચિ સ્થિર છે.
2. ઉત્પાદન અને ઉપભોગમાં બાહ્ય અસરોને અભાવ.
3. તુષ્ટિગુણને માપી શકાય નહીં. પણ સરખામણી કરી શકાય.
4. વ્યક્તિનું વર્તન તર્કબદ્ધ છે.
5. ઉત્પાદન અને વહેંચણીની કલ્યાણ પરની અસરો અલગ પાડી શકાય છે. અને ઉત્પાદનમાં ફેરફારની કલ્યાણ પર થતી અસરો પર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ઉપરની ધારણોનાં આધારે કાલ્ડોરે રજૂ કરેલી કસોટી નીચે મુજબ છે :

આર્થિક સ્થિતિ A, આર્થિક સ્થિતિ B કરતાં ત્યારે સુધારારૂપ ગણાય, જ્યારે A સ્થિતિમાં લાભ મેળવનારાઓ જેમને ગેરલાભ થયો હોય તેમને વળતર ચૂકવી આપ્યા પછી પણ અગાઉ કરતાં વધારે સારી સ્થિતિમાં હોય. આવા સંજોગોમાં B સ્થિતિમાંથી A સ્થિતિમાં સમાજને લઈ જવાથી સામાજિક કલ્યાણ વધી શકે.

હિક્સે રજૂ કરેલી કસોટી કાલ્ડોરની કસોટીના જેવી જ છે. પણ તે જુદી રીતે રજૂ થયેલી છે.

''આર્થિક સ્થિતિ A, આર્થિક સ્થિતિ B કરતાં ત્યારે સુધારારૂપ ગણાય, જ્યારે A સ્થિતિમાં જેમને ગેરલાભ થાય છે તેઓ જેમને લાભ થયો હોય તેમને લાંચ આપીને B સ્થિતિમાંથી A સ્થિતિમાં થતા ફેરફારને અટકાવવામાં સફળ ન થાય.''

કાલ્ડોર અને હિક્સની કસોટીઓ એક જ કસોટીના બે પાસાંઓ છે. આથી તેને આપણે કાલ્ડોર-હિક્સની કસોટી તરીકે ઓળખીએ છીએ.

આ કસોટીમાં ખરેખર 'વળતર' ચૂકવવાની આવશ્યકતા સ્વીકારવામાં આવી નથી. જો લાભ મેળવનારાઓ વળતર ચૂકવ્યા પછી પણ અગાઉ કરતાં સંતોષની ઉંચી સપાટી પર રહી શકતા હોય અથવા ગેરલાભ થાય છે તે લોકો લાભ મેળવનારાઓને કંઈક આપીને ફેરફારોને અટકાવવા અસમર્થ હોય ત્યારે આ ફેરફાર સુધારો સૂચવે છે.

13.6.2 સિટોવ્સ્કી કોયડો :

કાલ્ડોર હિક્સ કસોટીનાં પરસ્પર વિરોધી પરિણામોનો નિર્દેશ સિટોવ્સ્કીએ કર્યો. એવું બની શકે કે આપેલી B સ્થિતિમાંથી A સ્થિતિમાં આવવું. કાલ્ડોર હિક્સ કસોટી પ્રમાણે સુધારારૂપ ગણાય, પણ એ જ કસોટી મુજબ A સ્થિતિમાંથી B સ્થિતિમાં જવું પણ સુધારારૂપ ગણાય. આનું કારણ એ છે કે A અને B સ્થિતિમાં વાસ્તવિક આવકનું ચિત્ર બદલાઈ જશે અને વાસ્તવિક આવકની બદલાયેલ વહેંચણીની સ્થિતિમાં સાપેક્ષ મૂલ્યાંકનનો ભિન્ન ભિન્ન હશે. સિટોવ્સ્કીએ દર્શાવ્યું કે જો 'વળતો ફેરફાર' પણ સુધારારૂપ ગણાતો હોય તો કાલ્ડોર હિક્સ કસોટી અધૂરી છે. આથી તેમણે કલ્યાણની દૃષ્ટિએ આર્થિક ફેરફાર સુધારારૂપ છે કે કેમ તે દર્શાવવા માટે દ્વિમુખી કસોટી રજૂ કરી.

1. કાલ્ડોર હિક્સ કસોટીનો અમલ
2. 'વળતા ફેરફાર'નાં અમલનો ભાવ.

આને સિટોવ્સ્કીની દ્વિમુખી કસોટી તરીકે ઓળખવામાં આવે છે. આ કસોટી મુજબ B સ્થિતિમાંથી A સ્થિતિમાં આવવું જો સુધારારૂપ હોય તો ફરીને પાછું A સ્થિતિમાંથી B સ્થિતિમાં જવાનું સુધારારૂપ ન હોઈ શકે.

આકૃતિ દ્વારા રજૂઆત :

પેરેટોએ રજૂ કરેલ કસોટીને સેમ્યુઅલ્સનની તુષ્ટિગણ શક્યતા રેખા દ્વારા સજાવી શકાય. સમગ્ર સમાજની બધી જ વસ્તુઓ બે જ વ્યક્તિઓ કે વર્ગો વચ્ચે વહેંચાય છે. તેમ માનીને બે વ્યક્તિઓ X અને Y નાં ક્રમવાચક તુષ્ટિગુણને અનુક્રમે X અને Y ધરી પર દર્શાવીએ. તુષ્ટિગુણ શક્યતા રેખા પરનું દરેક બિંદુ પેરેટોની ઈષ્ટ સપાટી દર્શાવે છે. બે વ્યક્તિઓ (X અને Y) નાં તુષ્ટિગુણ જુદાં જુદાં સંયોજનો સંભવી શકે.



આકૃતિમાં જોઈ શકાય છે કે જ્યારે X નો તુષ્ટિગુણ વધે ત્યારે Y નો તુષ્ટિગુણ ઘટે છે. અને Y નો તુષ્ટિગુણ વધે ત્યારે X નો તુષ્ટિગુણ ઘટે છે. બે પૈકી એકનાં તુષ્ટિગુણમાં ઘટાડો કર્યા સિવાય બીજાના તુષ્ટિગુણમાં વધારો કરી શકાતો નથી. આથી તુષ્ટિગુણ શક્યતા રેખા (MN) પરનું દરેક બિંદુ પેરેટો ઈષ્ટ સપાટી દર્શાવે છે. MN રેખા પર જમણી બાજુએ ખસતાં X ને વધારે

તુષ્ટિગુણ મળે છે અને Y ને ઓછો, ડાબી બાજુએ ખસતાં Y ને વધારે અને X ને ઓછો તુષ્ટિગુણ મળે છે.

C બિંદુ MN રેખાની નીચે આપવામાં આવેલ છે. CA અને CB અનુક્રમે Y અને X ધરીને દોરેલી સમાંતર રેખાઓ છે. ધારો કે X અને Y વ્યક્તિઓ C બિંદુએ છે. C બિંદુથી ખસીને તે A બિંદુએ આવે તો શું થાય?

A બિંદુએ Y નો તુષ્ટિગુણ વધારે છે અને X નો તુષ્ટિગુણ અગાઉ જેટલો જ રહે છે. આથી C ની સરખામણીમાં A બિંદુ બન્ને વ્યક્તિઓ માટે સુધારો સૂચવે છે. આવુ જ B બિંદુ વિશે કહી શકાય. આમ, A અને B ની વચ્ચે આવેલું કોઈ પણ બિંદુ C ની સરખામણીમાં સુધારો દર્શાવે છે. આવો કોઈ પણ ફેરફાર પેરેટોની દૃષ્ટિએ કલ્યાણમાં વધારો કરનાર છે. આ ફેરફાર કાર્યક્ષમતા વધારનાર ફેરફાર છે.

C બિંદુએથી ખસીને X અને Y વ્યક્તિઓ D બિંદુએ જાય તો તે સુધારારૂપ છે ખરું? આ પ્રશ્નોનો જવાબ પેરેટોનાં વિશ્લેષણનાં આધારે આપી શકાશે નહીં. D બિંદુએ, C બિંદુની સરખામણીમાં Y વ્યક્તિને વધારે સંતોષ મળે છે. પણ X વ્યક્તિનો મળતા સંતોષમાં ઘટાડો થાય છે.

એક વ્યક્તિનાં સંતોષમાં વધારો થયો હોય અને બીજી વ્યક્તિના સંતોષમાં ઘટાડો થયો હોય તો ચોખ્ખો વધારો કે ઘટાડો માપવા માટે કોઈ કસોટી પેરેટોનાં વિશ્લેષણમાં મળતી નથી. વળી, તુષ્ટિગુણ શક્યતારેખા પરની A, B કે D બિંદુમાંથી કયું બિંદુ પસંદ કરવું તે તો કહી શકાય તેમ જ નથી.

પેરેટોની કસોટીનાં આધારે કલ્યાણની ઈષ્ટ દર્શાવતી 'સીમાન્ત શરતો' રજૂ કરવામાં આવી. જો ઉત્પાદન અને ઉપભોગમાં 'કેટલાંક બાહ્ય લાભ કે ગેરલાભ' ન થતાં હોય તો પૂર્ણ હરીફાઈમાં લાંબે ગાળે સ્થપાતી સમતુલા પેરેટોની ઈષ્ટ સપાટી દર્શાવે છે. આમ, પૂર્ણ હરિફાઈ સામાજિક કલ્યાણ માટેની આદર્શ સ્થિતિ છે એવી રજૂઆત થઈ.

13.7 કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ :

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ઉપયોગિતા છેલ્લા પાંચ દાયકાથી ખૂબ વધી ગઈ છે. આથી કલ્યાણ રાજ્યની ભાવનાવાળા તમામ દેશો અને રાજ્યોએ કલ્યાણલક્ષી આર્થિક પ્રવૃત્તિનું વલણ અપનાવ્યું છે. આર્થિકનીતિનાં એક અગત્યના ભાગ તરીકે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો આજે બધા દેશો સ્વીકાર કરે છે. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્વનું કાર્ય જોઈએ તો તે વૈકલ્પિક આર્થિક નીતિઓમાંથી સામાજિક કલ્યાણ મહત્તમ બનાવી શકે તેવી નીતિની પસંદગીમાં ઉપયોગી બનવાનું છે. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર આધુનિક સરકારોને આર્થિક નીતિનાં ઘડતરમાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત સામાજિક લાભ અને ગેરલાભ કે સામાજિક ખર્ચનાં ખ્યાલોનાં આધારે કરવેરા અને આર્થિક સહાયની નીતિઓની પસંદગીમાં જરૂરી માર્ગદર્શન પણ મળી રહે છે.

કેળવણી, સંશોધન, પ્રાકૃતિક સાધનોનો વિકાસ, કલ્યાણલક્ષી પેન્શન યોજના વગેરેનો અમલ જો ખાનગી સાહસ પર છોડી દેવામાં આવે તો કદાચ પૂરતા પ્રમાણમાં તેમનાં પર ખર્ચ થાય નહીં અને લાંબા ગાળે સમાજની પ્રગતિ અટકે તથા નુકસાનકારક નીવડે. આથી, કેટલાંક ક્ષેત્રોમાં થતો જાહેર ખર્ચ વ્યાપક 'બાહ્ય લાભ' સર્જતો હોવાથ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ ઈષ્ટ ગણાય.

સરકારનાં આર્થિક પ્રશ્નોનાં ઉકેલ માટે પણ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો ઉપયોગ થવા માંડ્યો છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ જોઈએ તો તે 'લાભ-ખર્ચનું વિશ્લેષણ' છે. જાહેર સાહસોની ભાવનીતિ ઘડવામાં, ઈજારાનાં તત્ત્વોને લીધે સામાજિક કલ્યાણની સપાટી પર થતી અસરો તપાસવામાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર મહત્વનો ભાગ ભજવે છે.

કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર આંતરરાષ્ટ્રીય વ્યાપારનાં પરિણામે દેશનાં લોકોનાં કલ્યાણ પર થતી અસરોનો અભ્યાસ કરવામાં મદદરૂપ થાય છે.

અર્થતંત્રમાં ફુગાવો તીવ્ર દરે વધી રહ્યો હોય ત્યારે ફુગાવો અટકાવવા માટેની વિવિધ વૈકલ્પિક નીતિઓ પૈકી કઈ નીતિ વધુ ઈષ્ટ ગણાશે તે અંગે અર્થશાસ્ત્રીનો અભિપ્રાય ઉપયોગી બની શકે.

13.8 સારાંશ :

પ્રસ્તુત એકમમાં આપણે કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કર્યો. જેમાં આર્થિક નિર્ણયોની સાથે મૂલ્યનિર્ણયોને સાંકળીને માનવીના મહત્તમ કલ્યાણને માપવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત કલ્યાણ લક્ષી અર્થશાસ્ત્ર વર્તમાન સમયમાં સરકારને નીતિ નિર્ધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો પૂરા પાડ્યા છે. ટૂંકમાં એટલું કહી શકાય કે ઉત્પાદનનાં સાધનો આવકની વહેંચણી અને ઉપભોગમાં એવા ફેરફારો કરવા જોઈએ કે જેથી સમાજનાં કુલ કલ્યાણમાં વધારો થઈ શકે. જે કલ્યાણલક્ષી રાજ્યનો હેતુ સિદ્ધ કરવામાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનો ફાળો મહત્ત્વનો છે.

ચાવીરૂપ શબ્દો :

આર્થિક કલ્યાણ :

આર્થિક કલ્યાણ એ કુલ કલ્યાણનો એવો ભાગ છે કે નાણાંના માધ્યમથી અભ્યાસ કરી શકાય.

બાહ્ય લાભ :

કોઈ પેઢીનાં વિસ્તાર થવાથી તેનો લાભ આડકતરી રીતે અન્ય કોઈ પેઢીને કિંમત ચૂકવ્યા વિના થાય તેને.

પેરેટોની ઈષ્ટ સપાટી :

જ્યાં સમાજની કોઈ એક વ્યક્તિનાં સંતોષમાં ઘટાડો કર્યા સિવાય અન્ય વ્યક્તિનાં સંતોષમાં વધારો કરી શકાય નહિ તેવી સ્થિતિ.

મૂલ્ય નિર્ણયો :

આ એક આત્મલક્ષી ખ્યાલ છે જેમાં બુદ્ધિ કરતાં વધારે લાગણીને સ્પર્શતા સારા નરસાનાં ખ્યાલો સાથે સંબંધ ધરાવતા વિધાનોને.

દા.ત., પ્રેમ, દયા, ક્ષમા.

સ્વાધ્યાય :

તમારી પ્રગતિ ચકાસો :

પ્રશ્ન-1 નીચેનાં પ્રશ્નોનાં વિસ્તારથી જવાબ આપો.

1. વૈયક્તિક કલ્યાણમાંથી સામાજિક કલ્યાણ કેવી રીતે તારવી શકાય?
2. પ્રો.પીગુનાં કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રની ચર્ચા કરો.
3. પેરેટોએ દર્શાવેલી ઈષ્ટ સપાટી સમજાવો.

4. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રનું મહત્ત્વ જણાવો.
5. કાલ્ડોર હિક્સની વળતર માટેની કસોટીની ચર્ચા કરો.

પ્રશ્ન-2 નીચેનાં પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. ''આર્થિક કલ્યાણ એ કુલ કલ્યાણનો એક ભાગ છે.'' સમજાવો.
2. સીટોવસ્કીનો કોયડો સમજાવો.
3. બાહ્ય અસરો એટલે શું? ઉત્પાદન અને ઉપભોગની બાહ્ય અસરો સમજાવો.

પ્રશ્ન-3 નીચેનાં વિધાનો ખરા છે કે ખોટા જણાવો

1. વ્યક્તિનાં કલ્યાણને આર્થિક અને બિનઆર્થિક પરિબળો અસર કરે છે.
2. સામાજિક કલ્યાણને 'મૂલ્યનિર્ણયો' અસર કરતાં નથી.
3. પેરેટોની ઈષ્ટ અવસ્થાની શરત અનુસાર કોઈ એક વ્યક્તિનાં કલ્યાણમાં ઘટાડો કર્યા વિના અન્યનાં કલ્યાણમાં વધારો કરી શકાતો નથી.
4. પેરેટોની ઈષ્ટ અવસ્થાનો સિદ્ધાંત માર્શલનાં ક્રમવાચક નિર્ધારણમાં ઉપયોગી થાય છે.

જવાબ :

1. ખરું
2. ખોટું
3. ખરું
4. ખોટું
5. ખરું

પ્રશ્ન-4 ખાલી જગ્યા પૂરો

1. કોઈ વ્યક્તિ પોતાને પસંદ હોય તેવી સ્થિતિએ જાય છે ત્યારે અન્ય વ્યક્તિને તેની ઓછી પસંદગીની સ્થિતિ ખસેડ્યા વિના જઈ શકાતા નથી. આ વિધાન ..... અર્થશાસ્ત્રીનું છે.

   A. પેરેટો C. કાલ્ડોર

   B. પ્રો.પીગુ. D. માર્શલ

2. .....અસરોના કારણે ખાનગી સીમાંત ખર્ચ અને સીમાંત સામાજિક ખર્ચ વચ્ચે તફાવત ઉભો થાય છે.

   A. અવેજી અસર C. પુરક અસરો

   B. બાહ્ય અસરો D. આંતરિક અસરો

3. વળતરનો સિદ્ધાંત ..... અર્થશાસ્ત્રી દ્વારા વિકસાવવામાં આવ્યો.

   A. કાલ્ડોર C. પેરેટો

   B. માર્શલ D. રિકાર્ડો.

4. કલ્યાણ એ વ્યક્તિની માનસિક અવસ્થા છે. આ વિધાન ..... અર્થશાસ્ત્રીનું છે.

   A. પ્રો.પીગુ C. રિકાર્ડો

   B. માલ્થસ D. એડમ સ્મિથ

5. સમાજનાં બધા જ વ્યક્તિઓના કુલ કલ્યાણના સરવાળાને ..... કહે છે.

   A. સામાજિક કલ્યાણ C. બિન-સામાજિક કલ્યાણ

   B. આર્થિક કલ્યાણ D. બિન આર્થિક કલ્યાણ

6. મુક્ત અર્થતંત્રની હિમાયત..... દ્વારા કરવામાં આવી.

   A. જે.એમ. કેઈન્સ C. પીગુ

   B. એડમ સ્મિથ D. માર્શલ

7. પેરેટોએ પોતાની કસોટીનાં આધારે કલ્યાણની ઈષ્ટ સપાટી દર્શાવવા ..... શરતો દર્શાવેલ છે.

   A. સીમાન્ત શરતો C. કુલ શરતો

   B. સરેરાશ શરતો D. સ્થિર શરતો

8. સફરજનની વાડીનો વિકાસ થવાથી મધમાખી કેન્દ્રમાં ઉત્પાદનમાં વધારો થાય છે તેને ..... કહે છે.

   A. બાહ્ય ગેરલાભ C. સીમાંત લાભ

   B. બાહ્ય લાભ D. સીમાંત ગેરલાભ

9. એક ફેક્ટરીના ઉત્પાદનમાં વધારો થતાં તેમાંથી નીકળતો ધુમાડો આજુબાજુનાં લોકોના આરોગ્ય પર પ્રતિકૂળ અસર થાય છે. તેને ..... કહે છે.

   A. બાહ્ય ગેરલાભ C. સીમાંત લાભ

   B. બાહ્ય લાભ D. સીમાંત ગેરલાભ

10. ઉત્પાદનમાં જે ક્ષેત્રમાં બાહ્ય ગેરલાભ થતા હોય તેનાં પર ..... નાખવાથી કલ્યાણમાં વધારો થાય છે.

    A. આર્થિક સહાય C. સામાજિક સહાય

    B. આર્થિક કર D. સામાજિક કર

11. કાલ્ડોર-હિક્સ કસોટીનાં પરસ્પર વિરોધ પરિણામોનો નિર્દેશ ..... અર્થશાસ્ત્ર દ્વારા કરવામાં આવ્યો.

    A. પ્રો. પીગુ C. સ્મિથ

    B. સિટોવ્સ્કી D. પેરેટો

12. પ્રો. પીગુનાં વિચારો અનુસાર ધનિકો પાસેથી કર દ્વારા આવક લઈ તે આવક ગરીબોની પાછળ ખર્ચવાથી સમાજનાં કુલ કલ્યાણમાં..... થાય છે.

    A. કલ્યાણમાં વધારો C. કલ્યાણમાં સ્થિરતા

    B. કલ્યાણમાં ઘટાડો D. કલ્યાણમાં અસ્થિરતા

જવાબો :

1. (A) પેરેટો
2. (B) બાહ્ય અસરો
3. (C) કાલ્ડોર
4. (A) પ્રો.પીગુ
5. (A) સામાજિક કલ્યાણ
6. (B) એડમ સ્મિથ
7. (C) સીમાંત શરતો
8. (B) બાહ્ય લાભ
9. (A) બાહ્ય ગેરલાભ
10. (B) આર્થિક કર
11. (B) સિટોવ્સ્કી
12. (A) કલ્યાણમાં વધારો.

યુનિટ 14	જોખમ અને અચોક્કસતાનું અર્થશાસ્ત્ર

: રૂપરેખા :

14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 અચોક્કસતાનો અર્થ

14.3 અચોકકસતાની અસરો

14.4 અચોક્કસતાનું અર્થશાસ્ત્ર

14.5 જોખમ પ્રત્યે વ્યક્તિનું વર્તન

- **14.5.1** તટસ્થ જોખમ
- **14.5.2** જોખમ પ્રિય
- **14.5.3** જોખમ અપ્રિય

14.6 અપેક્ષિત તુષ્ટિગુણ અને અચોક્કસતા સમધારણા અભિગમો

14.7 જોખમ ઘટાડવાના ઉપાયો

- **14.7.1** વીમો
- **14.7.2** વિવિધીકરણ
- **14.7.3** ભાવિ બજાર
- **14.7.4** વાયદા બજાર
- **14.7.5** પૂર્ણ સૂચના / માહિતી

14.8 જોખમ અણગમો

14.9 જુગાર અને વીમો

14.10 જોખમ અને અનિશ્ચિતતા

14.11 જોખમ અણગમો અને વીમો

14.12 વાજબી રમતો અને અપેક્ષિત તુષ્ટિગુણ

- **14.12.1** અપેક્ષિત તુષ્ટિગુણ
- **14.12.2** વોન ન્યુમેન અને મોર્ગનસ્ટર્ન સિદ્ધાંત

14.13 સારાંશ

14.14 ચાવી રૂપ શબ્દો

14.15 ઉપયોગી પુસ્તકો

14.0 અભ્યાસના ઉદ્દેશો :

1. જોખમ પ્રત્યે વ્યક્તિગત વર્તન સમજવું.
2. જોખમના અણગમો અને વીમા વિશે જાણકારી મેળવવી.
3. જુગાર અને વીમાના ખ્યાલો સમજવા
4. અચોક્કસ અને અનિશ્ચિત પરિસ્થિતિમાં ગ્રાહકની વર્તણૂંક સમજવી.

14.1 પ્રસ્તાવના :

અર્થશાસ્ત્રમાં માનવીની આર્થિક પ્રવૃત્તિ, તેમાંથી સર્જાતી સમસ્યાઓ, આર્થિક સમસ્યાઓ હલ કરીને આર્થિક વિકાસ સિદ્ધ કરવા માટેની આર્થિક પદ્ધતિઓ અને આર્થિકનીતિઓનો અભ્યાસ કરવામાં આવે છે. જયાં પણ અચોક્કસતા છે ત્યાં જોખમ છે. તો વળી તમામ આર્થિક પ્રવૃત્તિઓનો આધાર જે પરિબળો પર છે તેમાં અચોક્કસતા રહેલી છે. જેવી કે રોકાણ, ઉત્પાદન, માંગ, પુરવઠો, આયાત, નિકાસ વગેરેમાં અચોક્કસતા જોવા મળે છે. આવી સ્થિતિમાં લોકો કેવા નિર્ણયો લે છે તેનો અભ્યાસ અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

અર્થકારણના મુખ્ય બે અંગો છે. પહેલું ઉત્પાદકો જે વસ્તુનું ઉત્પાદન કરે છે. બીજું ગ્રાહક જે વસ્તુઓનું ઉપભોગ કરે છે. બન્ને આ અચોક્કસ સ્થિતિમાં એવી રીતે નિર્ણયો લે છે. કે જેથી વધારેમાં વધારે લાભ થાય અને ઓછામાં ઓછું નુકશાન થાય. તેથી બન્ને અચોક્કસતા ઘટાડવાનો પ્રયાસ કરે છે. અચોક્કસતાનાં સંદર્ભમાં થતી આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ અચોક્કસતાના અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

14.2 અચોક્કસતાનો અર્થ :

જેના અંગે અગાઉથી સ્પષ્ટ ધારણાઓ, અનુમાનો કે આગાહી ન થઈ શકતી હોય તેને આપણે અચોક્કસતા તરીકે ઓળખીએ છીએ અથવા વ્યક્તિ કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ કરે ત્યારે તેના પરિબળો વિશે જાણકારી ન મેળવી શકાતી હોય તેને અચોક્કસતા તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે વ્યક્તિ લોટરી ખરીદે, કોઈ રમત રમે કે જુગાર રમે ત્યારે તેના પરિણામો અંગે જાણકારી હોતી નથી. તેના કારણે તેને અમુક વખતે હારનો સામનો કરવો પડે છે.

અમુક અચોક્કસતા એવા પ્રકારની હોય છે કે જેના સંભવિત પરિણામોનું અગાઉથી અનુમાન કરી શકાય છે. પરંતુ ચોક્કસ પરિણામ જાણી શકાતું નથી. દા.ત. કોઈ સિક્કો ઉછાળીએ તો કાં તો Head હોઈ શકે અથવા Tail હોય શકે. પરંતુ માત્ર Head હોય શકે તે જાણકારી મેળવી શકાતી નથી.

14.3 અચોક્કસતાની અસરો :

અચોક્કસતાની અસર એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે જે વર્તન કરે છે તેના પર થાય છે. બીજી વ્યક્તિ કેવી રીતે વર્તન કરશે તેના આધારે જ વ્યક્તિને પરિણામ મળે છે. તેથી એક વ્યક્તિની કામગીરીના પરિણામનો આધાર અન્ય વ્યક્તિના વર્તન પર આધાર રાખે છે. બે વ્યક્તિઓના વર્તન અને પ્રતિવર્તનને આધારે પરિણામ નક્કી થાય છે. તેથી એક વ્યક્તિને અનુકુળ પરિણામ મળતા અન્ય વ્યક્તિને પ્રતિકૂળ પરિણામ મળે છે. પરંતુ બન્ને વ્યક્તિને અનુકુળ પરિણામો મળતા નથી. જે આપણે અલ્પ-હસ્ત ઈજારાવાળા બજારમાં ઉત્પાદક કેવી રીતે વર્તન કરે છે, તેના આધારે સમજી શકાય. રમતમાં પણ આ પ્રકારના વલણો જોવા મળે છે. જેમાં એકને હાર મળે છે તો બીજાને જીત મળે છે.

કેટલીક વખત વ્યક્તિ પાસે કઈ રીતે સમસ્યા હલ કરી શકાય તેની માહિતી કે સમજણ હોતી નથી જેના કારણે પણ અચોક્કસતા ઉદ્‌ભવે છે. કોઈ વસ્તુની ખરીદી કરી હોય ત્યારે તે વસ્તુનું ટકાઉપણું, ઉપયોગિતા કે ગુણવત્તા વિશે અગાઉથી આગાહી ન કરી શકાય. આ માટે વ્યક્તિ પાસે અપૂરતી માહિતી જવાબદાર છે.

રમતો, લોટરી, વીમો, શેરબજાર, સટ્ટો વગેરેમાં અગાઉથી તેના પરિણામોની આગાહી કરી શકાતી નથી. આ સંદર્ભમાં લોકો કઈ રીતે વર્તન કરશે તેનો અભ્યાસ અચોક્કસતાના અર્થશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.

14.4 અચોક્કસતાનું અર્થશાસ્ત્ર :

અચોક્કસ આર્થિક પરિસ્થિતિમાં ઉત્પાદક અને ઉપભોક્તા/વપરાશકર્તા કેવી રીતે વર્તન કરશે તેમાંથી કયા પ્રશ્નો સર્જાય છે તે કેવી રીતે ઉકેલી શકાય, તે કેવી રીતે અચોક્કસતા અથવા તેમાંથી થતા નુકસાનને કેવી રીતે ઘટાડી શકાય કે ટાળી શકાય તેનો અભ્યાસ કરવામાં આવે છે. તેને અચોક્કસતાનું અર્થશાસ્ત્ર કહેવામાં આવે છે. તેમાં રોકાણ, ઉત્પાદન અને ઉપભોગ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. અચોક્કસતાનું નુકસાન વીમા દ્વારા ઘટાડે છે. કેટલાંકમાં માહિતી કે સલાહ મેળવી નુકસાન ઘટાડી મહત્તમ લાભ કેવી રીતે મેળવી શકાય તેનો અભ્યાસ કરવામાં આવે છે.

14.5 જોખમ પ્રત્યે વ્યક્તિનું વર્તન :

અચોક્કસતાની સાથે જ જોખમો સંકળાયેલાં છે. જયાં અચોક્કસતા છે ત્યાં જોખમો હોય છે. જેનાં પરિણામો અંગે અગાઉથી ચોક્કસ અનુમાન કે આગાહી થઈ શકતી નથી તેને જોખમી બાબત કહેવામાં આવે છે.

જોખમ પ્રત્યે વ્યક્તિનો વ્યવહાર તેનાથી પ્રાપ્ત થતા લાભ પર આધાર રાખે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જેમ જોખમનું પ્રમાણ ઊંચું તેમ તેમાંથી પ્રાપ્ત થતો લાભ પણ વધારે હોય છે. દરેક વ્યક્તિની જોખમ કે નિર્ણય લેવાની શક્તિ અલગ અલગ હોય છે. તે નિર્ણય શક્તિ એક વ્યક્તિને અન્ય વ્યક્તિથી અલગ પાડે છે. કેટલાંક લોકો જોખમ લેવાનું પસંદ કરે છે. તો કેટલાંક લોકો તેનો વિરોધ કરે છે. જયારે કેટલાંક જોખમ પ્રત્યે તટસ્થ રહે છે. જે લોકો જોખમ ઉઠાવે છે તે તેના બદલામાં લાભ, નાણાંકીય આવક કે સંતોષના સ્વરૂપમાં ઈનામ મેળવે છે. જોખમ પ્રત્યે વ્યક્તિનો વ્યવહાર દર્શાવવા એક જુગારનું ઉદાહરણ આપી શકાય. જુગારમાં એક સિક્કો ઉછાળીને લાભ કે ગેરલાભની ચુકવણી કરવામાં આવે છે. આપણે શરત ખાતર માની લઈ કે એક વ્યક્તિ પાસે રૂા. 10,000 છે, અને તે આ જુગારમાં લગાવે છે. અને તે દાવને જીતી લે તો તેને વધારાના રૂા. 10,000 મળશે. અને હારે તો પોતાના લગાવેલા રૂા. 10,000 ગુમાવી દે છે. તેને જીતવાની અને હારવાની સંભાવના સરખી હોય છે. એટલે પ્રત્યેક પરિણામની સંભાવના સરખી (50 ટકા) રહે છે. આ રમતનું અપેક્ષિત પરિણામ કે મૂલ્ય આ પ્રમાણે છે.

અપેક્ષિત મૂલ્ય (Expected Value) = EU :

EU = 0.5 (10,000) + 0.5 (-10,000) = 5,000 - 5,000 = 0

આ એક ઈમાનદાર રમત કહી શકાય કે જેના પરિણામનું અપેક્ષિત મૂલ્ય શૂન્ય હોય છે. જોખમ પ્રત્યે વ્યક્તિના વ્યવહારને દર્શાવવા ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે.

14.5.1 જોખમ તટસ્થ (Risk Neutral) :

જોખમ તટસ્થ એટલે વ્યક્તિ જીતની સંભાવના પોતાના પક્ષમાં હોય તો જ તો રમતમાં ભાગ લે છે અને જો સંભાવના પોતાના પક્ષમાં ન હોય તો ભાગ લેતો

નથી. એટલે કે ઈમાનદાર રમત પ્રત્યે કે જેમાં હારની અને જીતની સંભાવના સરખી હોય તેવા જુગારમાં ભાગ લેતો નથી. તેના પ્રત્યે તે તટસ્થ રહે છે.

14.5.2 જોખમ પ્રિય (Risk Loving) :

જોખમ પ્રિય વ્યક્તિ જીત કે હારની સંભાવના પોતાના પક્ષમાં ન હોય તો પણ તે જુગારમાં ભાગ લેવા તત્પર રહે છે. તે રૂા. 10,000 ગુમાવીને માત્ર રૂા. 1,000 જ જીતવાની સંભાવના હોય તો પણ ભાગ લે છે. તે કોઈ પણ કક્ષાના જોખમને ઉઠાવવા હંમેશા તત્પર રહે છે.

14.5.3 જોખમ અપ્રિય (Risk Averse) :

જોખમ અપ્રિય વ્યક્તિ હંમેશા જીતની સંભાવના પોતાના પક્ષમાં હોય તો જ રમતમાં ભાગ લેતો હોય છે. પરંતુ જો જીતની સંભાવના પોતાના પક્ષમાં ન હોય તો ભાગ લેતો નથી, એટલે કે જીતની સંભાવના સંપૂર્ણ પણે પોતાના પક્ષમાં હોય તો જ જોખમ ઉઠાવે છે. તે ઈમાનદાર ખેલ પણ રમવા માટે તૈયાર થતો નથી.

14.6 અપેક્ષિત તુષ્ટીગુણ અને અચોક્કસતા સમધારણાનાં અભિગમો :

ઘણાં બધા વ્યક્તિઓ વધારે સંપત્તિ કે ધન મેળવવા માટે જુગાર રમતા હોય છે કે રેસમાં શરત લગાવતા હોય છે. જેનાથી તેને સંતોષ મળતો હોય છે. અર્થશાસ્ત્રી આ સંતોષ કે ઉપયોગિતાને માપવાનો પ્રયત્ન કરે છે. તે ત્રણ પ્રકારનાં વ્યક્તિઓને જોખમ પસંદગીને સંતોષ સાથે જોડીને ઉપયોગિતા માપવાનો પ્રત્યત્ન કરેલ છે.

ધારણાઓ :

- વ્યક્તિનો સંતોષ ધન સાથે જોડાયેલ છે.
- તુષ્ટિગુણ તેના સંતોષનું એક માપ છે.
- વ્યક્તિ પાસે એક નિશ્ચિત આવક છે.
- તે એક ઈમાનદાર રમત રમે છે કે જેમાં જીત અને હારની સરખી સંભાવના છે.
- તે તમામ પ્રકારની સંભાવનાથી પરિચિત છે.
- તે પોતાનો અપેક્ષિત તુષ્ટિગુણ મહત્તમ કરવા સતત પ્રયાસ કરે છે.

ઉપરોક્ત ધારણાઓને ધ્યાનમાં રાખીને જુગાર રમવામાં આવે છે. જેમાં આપણે આગળ જોયું તેમ એક સિક્કો ઉછાળીને હાર કે જીતને નક્કી કરવામાં આવે છે. સરળતા ખાતર એવું માની લેવામાં આવે છે કે વ્યક્તિ પાસે આવક રૂા.10,000 છે, અને તે રૂા. 5,000 દાવ પર લગાવે છે. સિક્કો ઉછાળી જો Head આવે તો 5,000 જીતે છે અને Tail આવે તો રૂા. 5,000 હારે છે અને જો શરત ન લગાવે તો તેની પાસેનાં રૂા. 10,000માં કોઈ વધારો-ઘટાડો થતો નથી. આને નિશ્ચિત સંભાવના તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ જો તે શરત લગાવે તો તે 0.5 જીતવાની સંભાવના પર રૂા. 15,000 મેળવે છે. (10,000 + 5,000) અથવા 0.5 સંભાવના પર હારવાથી રૂા. 5,000 ગુમાવે છે. (10,000 - 5,000) આવી સ્થિતિને અનિશ્ચિત સ્થિતિ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં પ્રત્યેક પરિણામની સંભાવના 50 ટકા છે. હવે આપણે આ વિશ્લેષણને તુષ્ટિગુણના સંદર્ભમાં પ્રત્યેક રૂપિયાનાં અપેક્ષિત મૂલ્યને ત્રણ પ્રકારનો જોખમોનાં અનુસંધાન જોઈએ છે.

જોખમ તટસ્થ વ્યક્તિ :

જોખમ પ્રત્યે તટસ્થ વ્યવસ્થાને નીચેની આકૃતિમાં દર્શાવેલ છે. જેમાં આડી ધરી OX પર આવક અને ઊભી ધરી OY પર કુલ તુષ્ટિગુણને દર્શાવવામાં આવેલ છે, જ્યારે રૂા.10,000 ની નિશ્ચિત સંભાવના સાથે અપેક્ષિત તુષ્ટિગુણ 16 છે. અનિશ્ચિત સંભાવના સામે અપેક્ષિત તુષ્ટિગુણ...

EU = 0.5 (8) + 0.5 (24) = 4 + 12 = 16

આપણને ખબર છે કે જોખમ તટસ્થ બાબતોમાં નિશ્ચિત સંભાવનાનો તુષ્ટિગુણ અને અનિશ્ચિત સંભાવનાનો તુષ્ટિગુણ બન્ને સરખા હોય છે. એટલે કે 16 = 16 એ અપેક્ષિત મૂલ્ય સરખું છે. જે આપણે આકૃતિ દ્વારા જોઈએ.



આકૃતિમાં TU રેખા કુલ તુષ્ટિગુણ રેખા છે, જે એક વ્યક્તિની નિશ્ચિત આવક દર્શાવે છે. TU રેખા મૂળમાંથી ઉદ્ભવતી ઉપર જતી એક સીધી રેખા છે જે સ્થિર સીમાંત તુષ્ટિગુણ દર્શાવે છે. જેમાં AB અને BC બિંદુનું અંતર એક સમાન હોય છે.

જોખમ પ્રિય વ્યક્તિ :



આ આકૃતિમાં OX ધરી પર આવક અને OY ધરી પર તુષ્ટિગુણ દર્શાવવામાં આવેલ છે. જયારે TU વક્ર તુષ્ટિગુણ દર્શાવે છે. જે ઉપર જતી એક સરળ રેખા છે. રૂા. 10,000 ની નિશ્ચિત સંભાવનાએ અપેક્ષિત તુષ્ટિગુણ 10 છે. અનિશ્ચિત સંભાવનાએ અપેક્ષિત તુષ્ટિગુણ ...

EU = 0.5 (4) + 0.5 (20) = 2 + 10 = 12

જયારે રૂા. 5,000 ના પરિણામનું તુષ્ટિગુણ સ્તર 8 છે અને 15,000 તે 20 છે. અનિશ્ચિત સંભાવનાએ (12) માટે અપેક્ષિત તુષ્ટિગુણ જયારે નિશ્ચિત સંભાવનાએ (10) ની અપેક્ષિત તુષ્ટિગુણ વધારે છે, એટલે 12 > 10 આ વ્યક્તિની અનિશ્ચિત સંભાવનાવાળો જુગાર નિશ્ચિત સંભાવનાવાળા જુગારથી વધારે પસંદ કરે છે. TU વક્ર પર જોખમ પ્રિય વ્યક્તિ પોતાની નિશ્ચિત સંભાવના (10,000) થી વધારે 2,000 સુધી (= 12,000 - 10,000) જુગાર માટે જોખમ ઉઠાવવા તૈયાર છે.

જોખમ અપ્રિય વ્યક્તિ : (Risk Averse) :

જોખમ અપ્રિય વ્યક્તિના વર્તનને નીચેની આકૃતિ દ્વારા દર્શાવવામાં આવેલ છે જેમાં OX ધરી પર આવક અને OY ધરી તુષ્ટિગુણ દર્શાવવામાં આવેલ છે. જયારે TU વક્ર એ કુલ તુષ્ટિગુણને દર્શાવે છે, જે આવકનો ઘટતો સીમાંત તુષ્ટિગુણ દર્શાવે છે.



જેવી રીતે આવક 5,000 થી 10,000 અને 10,000 થી 15,000 થાય છે ત્યારે સીમાંત તુષ્ટિગુણ 10 થી 8 (= 18 - 10) અને 8 થી 4 (= 22 - 18) થાય છે. 10,000 ની નિશ્ચિત સંભાવનાથી અપેક્ષિત તુષ્ટિગુણ 18 છે. અનિશ્ચિત સંભાવનાએ અપેક્ષિત તુષ્ટિગુણ 16 છે. જયારે 5,000 ના પરિણામે તુષ્ટિગુણ સ્તર 10 છે અને 15,000 નું 22 છે જે

EU = 0.5 (10) + 0.5 (22) = 5 + 11 = 16

આ ઉદાહરણમાં અનિશ્ચિત સંભાવનાએ અપેક્ષિત તુષ્ટિગુણ (16) અને નિશ્ચિત સંભાવનાએ અપેક્ષિત તુષ્ટિગુણ (18) થી ઓછો છે, એટલે કે 16 < 18 જોખમ અપ્રિય વ્યક્તિ ઊંચી તુષ્ટિગુણ વાળી નિશ્ચિત સંભાવનાને ઓછી તુષ્ટિગુણવાળી અનિશ્ચિત સંભાવનાથી વધારે પસંદ કરશે. તેથી જુગારી બચીને 1,500 રૂા. દેવા તૈયાર થશે; જો

10,000 ની નિશ્ચિત આવક તથા 8,500 ની અનિશ્ચિત આવક વચ્ચેનું અંતર છે જેને જોખમ પ્રિમિયમ તરીકે ઓળખમાં આવે છે. આકૃતિમાં 13 થી D સુધીના ભાગની જોખમ પ્રિમિયમ તરીકે ઓળખાય છે.

14.7 જોખમ ઘટાડવાનાં ઉપાયો :

જોખમ પ્રિય વ્યક્તિ સિવાય મોટાભાગના જોખમને દૂર કરવાના અથવા તેને ઘટાડવાના વિવિધ પ્રયાસો કરે છે તે આ પ્રમાણે છે.

14.7.1 વીમો (Insurance) :

વ્યક્તિ પોતે જે જોખમોનો સામનો કરે છે તેની સામે રક્ષણ મેળવવા માટે વીમો ખરીદે છે. શરૂઆતના સમયમાં પ્રીમિયમ ભરે છે તેના બદલામાં જે કાંઈ નુકસાન થાય તે બધું જ સરભર કરવાની ખાતરી વીમા કંપનીઓ આપતી હોય છે. અમુક ચુકવણીથી તે પોતાની જાતને નિશ્ચિત બનાવી શકે છે. દા.ત. એક વ્યક્તિ પોતાના ઘરને આગ સામે રક્ષણ મેળવવા વીમો કરાવે છે. તે ઘરની કિંમત રૂા. 2 લાખ છે તથા એક વર્ષમાં આગ લાગવાની સંભાવના 1/400 છે. એટલે કે 400 માંથી એક છે. તેની પાસે બે વિકલ્પો છે. એક તે વીમો નહિ કરાવે તેવા સમયે જો આગ લાગશે તો મકાનની કિંમત શૂન્ય થઈ જશે અને આગ નહીં લાગે તો મકાનની કિંમત એમજ રૂા. બે લાખ રહેશે. બીજો વિકલ્પ એ છે કે તે પોતાના મકાનનો વીમો કરાવે છે તે રૂા.5,000 નો વીમો કરાવે છે અને તેને આઠ વર્ષનો છે. જો આઠ વર્ષની અંદર આગ લાગે તો વીમા કંપની મકાન માલિક રૂા. 2 લાખ આપશે અને આગ ન લાગે તો આઠ વર્ષના અંતે તેનું મૂલ્ય 2,00,000 - 5,000 = રૂા. 1,95,000 થાય છે.

14.7.2 વિવિધીકરણ (Diversification) :

જોખમમાં વિવિધીકરણ દ્વારા પણ ઘટાડો થઈ શકે છે. પેઢી માત્ર એક પ્રકારનું રોકાણ કરવાના બદલે અનેક પ્રકારનાં રોકાણો કરે છે. એટલે કે તેનું વિસ્તરણ કરે છે. વીમા કંપની પણ પોતાનો લાભ મહત્તમ કરવા અને જોખમ ઘટાડવા વિવિધ પ્રકારના વિમાઓ ઉતારે છે. જેવા કે ઘર, જીવન, કાર, સ્વાસ્થ્ય વગેરે પ્રકારનો વિમાઓ ઉતારે છે. વિભિન્ન પ્રકારના વિમાનું વિવિધીકરણ કરે છે. એવી જ રીતે રોકાણકાર પણ સ્ટોક બજારમાં વ્યાપાર કરીને વિવિધીકરણથી જોખમ ઘટાડી શકે છે. તે બજારમાં પોર્ટફોલિયો દ્વારા જોખમવાળા સ્ટોકથી અપેક્ષિત નુકસાન ઘટાડી શકે છે.

14.7.3 ભાવિ બજાર (Futures Market) :

વ્યક્તિ પોતાની વસ્તુને ભાવિ બજારમાં સોદો કરીને પણ જોખમ ઘટાડી શકે છે. મોટા ભાગે ભાવિ બજાર કૃષિ-ઉત્પાદનને લગતી ચીજ-વસ્તુઓમાં વધારે જોવા મળે છે. ઉદાહરણ તરીકે કોઈ ખેડૂત જયારે ઘઉંનું વાવેતર કરે ત્યારે તે જાણતો નથી કે ઘઉંનું બજાર કેવુ રહેશે. ભાવ વધશે કે ઘટશે. જો તે ભાવ ઘટવાની અપેક્ષા રાખતો હોય તો તે ભવિષ્યની એક વિશેષ તારીખે અને વિશેષ કિંમતે તે સોદો કરે છે અને બજારના જોખમ સામે રક્ષણ મેળવે છે.

14.7.4 વાયદા બજાર (Forward Market) :

વાયદા બજારમાં ભવિષ્યની એક નક્કી તારીખે માલનું વેચાણ કરવાનું હોય છે પણ તેની કિંમત કે સોદો વર્તમાન હાજર કિંમત મુજબ કરવામાં આવે છે. તેને

વાયદા બજાર તરીકે ઓળખવામાં આવે છે. વાયદા બજારમાં અનેક વસ્તુઓ અને સાધનો જેવી કે ઘઉં, ચા, સોનુ, ચાંદી અને વિદેશી મુદ્રા વગેરેનો વેપાર કરવામાં આવે છે.

સોનાના વાયદા બજારના એક ઉદાહરણથી સમજીએ. 10 ગ્રામ સોનાની વર્તમાન કિંમત રૂા. 5,000 છે. તેને હાજર કિંમત તરીકે ઓળખવામાં આવે છે. તે સોનાની એક વર્ષ બાદ તેને રૂા. 5,500 મળવાની અપેક્ષા છે. તેને ભાવિ હાજર કિંમત તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તે જોખમ લેવાના બદલે વાયદા બજારમાં રૂા. 5,300 માં સોદો કરે છે. એટલે તેને એક વર્ષ બાદ રૂા. 5,300 કિંમત મળશે. જે રૂા. 200 જોખમ પ્રિમિયમ ભરીને જોખમને ટાળે છે.

14.7.5 પૂર્ણ સૂચના (Complete Information) :

લોકો અપૂર્ણ માહિતીના કારણે નિર્ણય લેવામાં જોખમ તથા અસ્થિરતાનો સામનો કરે છે. તેનાથી તે અધિક નફો મેળવવા માટે નિર્ણયો લઈ શકતા નથી. કોઈ પણ વસ્તુને વેચવા કે ખરીદવા માટે તેના વિશેની સંપૂર્ણ માહિતીની જરૂર પડે છે. તે વિવિધ પ્રકારની જાહેરાતોથી માહિતી મળે છે. અર્થશાસ્ત્રમાં માહિતીને એક વસ્તુ ગણવામાં આવે છે જે વેચી પણ શકાય છે અને ખરીદી પણ શકાય છે. પૂર્ણ માહિતીનું મૂલ્ય અને અપૂર્ણ માહિતીનું મૂલ્ય અલગ-અલગ હોય છે. ઉદાહરણ તરીકે કોઈ એક પેઢી પોતાનું વેચાણ વધારવા માટે જાહેરાત ખર્ચ કરે છે. જેનાથી ગ્રાહકોને સંપૂર્ણ માહિતી મળી શકે. જેનાથી તેના વેચાણ તથા નફાનાં વધારો થવાની સંભાવના છે. આપણે માની લઈએ કે પૂર્ણ માહિતી તેનો સંભવિત લાભ રૂા. 25,00,000 છે. પરંતુ અપૂર્ણ માહિતી સાથે તેનો લાભ રૂા.13,00,000 છે. પૂર્ણ માહિતીનાં સંભવિત લાભ અને અપૂર્ણ માહિતીનાં સંભવિત લાભ વચ્ચે અંતર (25,000 - 13,00,000 = 12,00,000) છે. જે પૂર્ણ માહિતી મૂલ્ય છે. આમ પેઢી પૂર્ણ માહિતી મેળવીને રૂા. 12,00,000 આવક મેળવી શકે છે.

14.8 જોખમ અણગમો (Risk Aversion) :

બે ઈમાનદાર રમતોનું અપેક્ષિત નાણાકીય મૂલ્ય સમાન હોય છે. પણ તે બન્ને રમતોનાં જોખમનું પ્રમાણ અલગ-અલગ હોય છે. દા.ત. રૂા.100 ની રમત માટે સિક્કા ઉછાળવો અને રૂા.1,00,000ની રમત માટે સિક્કો ઉછાળવો. બન્ને રમતો વાજબી અને ઈમાનદાર છે અને બન્નેનું અપેક્ષિત મૂલ્ય પણ એક સરખુ છે. પરંતુ એક લાખ રૂપિયાની રમતમાં જોખમનું પ્રમાણ વધારે છે. તેના કારણે તેમાં ભાગ લેનાર લોકોની સંખ્યા ઓછી હોય છે.

જેમ કોઈ પણ કાર્યના પરિણામોમાં અચોક્કસતા અને વિવિધતાની કક્ષા વધારે તેમ જોખમનું પ્રમાણ વધારે હોય છે અને જેમાં વિવિધતા ઓછી તેમ જોખમ ઓછું અને ચોક્કસતા વધારે હોય છે.

જો આપણે ઉદાહરણ મુજબ એક લાખ રૂપિયાની રમત માટે સિક્કો ઉછાળવામાં આવે અને તે રમત જીતે તો તેમાંથી મળતાં તુષ્ટિગુણમાં ઓછો વધારો થાય છે. પણ જો ધારે તો નુકસાનના કારણે થતાં તુષ્ટિગુણમાં થતો ઘટાડો વધારે હોય છે. જયારે રૂા. 100 ની રમત માટે સિક્કો ઉછાળવાથી જીતથી પ્રાપ્ત થતો તુષ્ટિગુણ વધારે હોય છે અને હારના કારણે નુકસાનથી થતા તુષ્ટિગુણમાં ઘટાડો ઓછો હોય છે. આ ઉદાહરણ એમ દર્શાવે છે કે લોકોને જોખમો પ્રત્યે અણગમો છે અને બિનજોખમી અથવા ઓછા જોખમવાળા વિકલ્પોની વધારે પસંદગી કરે છે. તેને જોખમ અણગમો તરીકે ઓળખાય છે.

14.9 જુગાર અને વીમો :

વ્યક્તિ પોતે જે જોખમોનો સમાનો કરે છે તેની સામે રક્ષણ મેળવવા વીમો કરાવે છે. શરૂઆતમાં પ્રિમિયમ ભરે છે તેના બદલામાં જે કાંઈ નુકસાન થાય તે ભરપાઈ કરવાની ખાતરી વિમા કંપની તેના ગ્રાહકોને આપે છે. અમુક રકમ ભરીને તે પોતાની જાતને નિશ્ચિત બનાવવાનો પ્રયત્ન કરે છે.

પરંતુ પ્રશ્ન એ છે કે તે ઓછામાં ઓછુ કેટલું વિમાનું પ્રિમિયમ ભરશે ? કોઈ પણ વ્યક્તિ એટલું પ્રિમિયમ ભરવા તૈયાર થશે કે કે તેને લાભ-નુકસાન કંઈ જ ન થાય. એટલે કે નુકસાનની રકમ જેટલું પ્રિમિયમ ભરવા તૈયાર થશે, એટલે કે નુકસાનની રકમ જેટલું પ્રિમિયમ ભરશે અને નુકસાની રકમ વીમા દ્વારા સરભર થશે. તો જ વીમો ખરીદશે. પરંતુ જો ભરેલ પ્રિમિયમ કરતાં વાસ્તવિક નુકસાન વધારે હોય તો વીમો ખરીદશે નહિ. નુકસાનની રકમ જેટલું ઓછામાં ઓછુ વીમા વળતર મળે તો તે વીમો ખરીદશે.

વીમા કંપનીનો પણ મુખ્ય ઉદ્દેશ નફાનો હોય છે. તે ગ્રાહક પાસેથી નાની રકમ લઈને નુકસાનની મોટી રકમની ચુકવણી કરતી હોય છે. પરંતુ જેવી રીતે વ્યક્તિ જોખમ અપ્રિય હોય તેમ કંપની પણ જોખમ અપ્રિય હોય છે. તેથી તે જોખમને ટાળવા અને મહત્તમ લાભ મેળવવા માટે જોખમને ટાળવાનો પ્રયત્ન કરે છે. જેના માટે તે જોખમ એકત્રિકરણ (Risk poobling) અને જોખમ પ્રસાર (Risk Spreading) ને અપનાવે છે.

વ્યક્તિ મોટા જોખમો સામે વીમો કરાવે છે અને નાના જોખમો સામે પણ વીમો કરાવે છે. જે પોતાના મકાનને પણ વીમા નીચે આવરી લે છે અને વાહનને પણ વીમા નીચે આવરી લે છે. વીમા એજન્ટો વીમો વેચે છે ત્યારે તેને અમુક ખર્ચ થાય છે. આ ખર્ચને આપણે વહીવટી ખર્ચ તરીકે ઓળખીએ છીએ. પ્રિમિયમની આવકમાંથી તે ખર્ચને આવરી લેવા પ્રયાસ કરે છે. પરંતુ વાજબી પ્રિમિયમમાં આ વહીવટી ખર્ચને ધ્યાનમાં લેવામાં આવતું નથી.

14.10 જોખમ અને અનિશ્ચિતતા :

વ્યક્તિ ''અનિશ્ચિત'' પરિસ્થિતિને અને ''જોખમી'' પરિસ્થિતિમાં કઈ રીતે વર્તન કરે છે તે સમજવા માટે ''જોખમ'' અને ''અનિશ્ચિતતા'' વચ્ચેનો ભેદ સમજવો અતિ આવશ્યક છે. જોખમમાં તમામ સંભવિત પરિણામોની સંભાવનાઓ વિશે વ્યક્તિને જાણકારી હોય છે, અને તેથી આપણે વ્યક્તિના નિર્ણયની તપાસ કરવા માટે અપેક્ષિત તુષ્ટિગુણના સિદ્ધાંતોનો ઉપયોગ કરીએ છીએ. કેટલીક પદ્ધતિઓ અને તકનિક વિકસાવીને જોખમી પરિસ્થિતિને પહોંચી વળવા માટેના પ્રયાસો કરવામાં આવે છે.

આર્થિક સાહિત્યમાં ''અનિશ્ચિતતા'' નો ખ્યાલ વ્યાપક ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યારે સંભવિત પરિણામોની સંભાવનાઓને ચોક્કસ રીતે વ્યક્તિ જાણી ન શકે અથવા તો જ્યાં સંભાવનાનો ખ્યાલ અપ્રસ્તુત હોય તેવી પરિસ્થિતિને સમજણ માટે ''અનિશ્ચિતતા'' ના ખ્યાલનો ઉપયોગ કરવામાં આવે છે. વાસ્તવિક જગતમાં આપણને આવા અનેક પ્રસંગો જોવા મળે છે. જેની આપણે વિસ્તૃત તપાસ કરી શકતા નથી.

14.11 જોખમ અણગમો અને વીમો :

કોઈપણ વ્યક્તિ જોખમ પ્રત્યે અણગમો દાખવતો હોય છે. તે અનિશ્ચિત પરિસ્થિતિનાં બદલે નિશ્ચિત અને બિનજોખમી રહેવાનું પસંદ કરે છે. તેથી વ્યક્તિ વાજબી રમતો દ્વારા મળતી સંપત્તિની વૃદ્ધિ કરતાં વર્તમાન ચાલુ સંપત્તિને જ વધારે પસંદ કરે છે. આવી જ રીતે લોકો મોટી રકમોની રમતો કરતાં નાની રકમોની રમતોને પસંદ કરતા હોય છે.

વાજબી રમતોની જીતથી તેને જે આનંદ મળશે તેના કરતાં તેના હારથી મળતી નિરાશા અને દુઃખ વધારે હશે. નાણાંના સંદર્ભમાં સમાન ઈનામો હોય તો પણ વ્યક્તિને મળતા સંતોષના સંદર્ભમાં તેને થતું નુકસાન વધારે હશે. તેથી વ્યક્તિ આવી રમતોથી છુટવા માટે અમુક રકમ આપવા પણ તૈયાર હશે. તે પ્રથમ પ્રકારની રમતમાં ભાગ લે તો W સંપત્તિમાંથી મળતો એક સમાન તુષ્ટિગુણ પ્રાપ્ત થશે. પરંતુ આવા પ્રકારની રમતોમાં ભાગ ન લેવા વ્યક્તિ W - W સુધીની રકમ આપવા તૈયાર થશે. તેથી લોકો શા માટે વીમો ખરીદે છે તેની સમજૂતી પણ આપી શકાય.

14.12 વાજબી રમતો અને અપેક્ષિત તુષ્ટિગુણ :

આપણે ઘણી વખત જોયુ હશે કે લોકો વાજબી રમતો રમવા ઈચ્છા ધરાવતા નથી. તેનું કારણ વાજબી રમત માટેની નક્કી કરેલ રકમ મોટી હોવાથી લોકો વાજબી રમતમાં પણ રમવાની ઈચ્છા ધરાવતાં નથી. આનાથી ઉલટું જો નાની રકમની રમત હોય તો લોકો રમત રમવાની સંમતિ આપે છે.

આપણે વાજબી રમતો અને અપેક્ષિત તુષ્ટિગુણ એ સિક્કો ઉછાળવાની રમતનાં ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયાસ કરીશું. તો આપણા આ કિસ્સામાં સિક્કો ઉછાળવાની રમતમાં રૂા.એક લાખ નક્કી કરવામાં આવે છે. રકમ મોટી હોવાને કારણે મગન કે છગન બન્ને આ રમતમાં ભાગ ન લે તે શક્ય છે.

આ ઉદાહરણ સમજતાં પહેલાં આપણા માટે ખુબ જરૂરી છે તે જાણવું કે આની રજૂઆત ક્યારે અને કોણે કરી. તો આની શરૂઆત અઢારમી સદીમાં વિશ્વના મહાન ગણિતશાસ્ત્રી ડેનીયલ બર્નોલીએ પ્રથમ વખત ''બર્ગરા પેરેડેકરા'' અંગે રજૂઆત કરી હતી.

પીટરબર્ગસ પેરેડોક્સમાં રમતની આ રીતે રજૂઆત કરવામાં આવે છે. જયાં સુધી સિક્કો ઉછાળતાં ઉપર Head ન આવે ત્યાં સુધી સતત સિક્કો ઉછાળવામાં આવશે.

ધારો કે, n વખત સિક્કો ઉછાળતાં Head સૌ પ્રથમ વખત આવ્યું તો ખેલાડીને 2n ડૉલર આપવામાં આવે છે. આમાં એવું પણ બની શકે કે આ રમત ઘણા લાંબા સમય સુધી ચાલુ રહે જેના લીધે તે જેટલીવાર ઉછાળવામાં આવે તેટલાં પરિણામ આપણને મળે. જેથી આ રમતમાં અગણિત પરિણામો પણ હોઈ શકે.

બે દિવસ સુધી સતત સિક્કો ઉછાળવામાં આવે તો પણ Head ન આવે તેવી શક્યતા છે. જયારે એવું પણ બની જાય છે કે સિક્કો ઉછળતાં પ્રથમવારમાં જ તાત્કાલિક Head આવી જાય.

આ કારણથી જયારે પ્રથમ વખત Head આવે ત્યારે જ ઈનામ મળે તેને આપણે X_1, જયારે બીજી વખત Head આવતાં ઈનામ મળે તેને X_2, ત્રીજી વખત Head આવતાં X_3, આજ રીતે n વખતનાં ઈનામને આપણે Xn તરીકે લઈએ તો તેને નીચેની દર્શાવેલ રીત મુજબ રજૂ કરી શકાય.

$X_1 = \$_2$

$X_2 = \$_4$

$X_3 = \$_8$

હવે આપણે એવી ધારણા કરીએ કે જો ith પ્રયાસે પ્રથમ વખત Head આવવાની શક્યતા 1/2 છે. એટલે કે i - 1 પ્રયાસે તે આપણને મળવાની સંભાવના છે તેમ માની કહી શકાય. જેથી આગળ જે સમીકરણો રજૂ કર્યા છે તેમાં ઈનામો મળવાની અલગ

અલગ સંભાવનાને આપણે ઉપરની ધારણાને ધ્યાનમાં રાખીને આ મુજબ રજૂ કરી શકીએ.

$$\pi_1 = \frac{1}{2}$$

$$\pi = \frac{1}{4}$$

$$\pi = \frac{1}{8}$$

:

:

$$\pi_n = \frac{1}{2^n}$$

આ ઉપરની દર્શાવેલ બધી જ સંભાવનાઓનો સરવાળો જયારે એક (1) થાય ત્યારે કોઈ પરિણામ મળે છે. જો આ આપણે સમજવું હોય તો તેને નીચેની રીતે સમીકરણમાં રજૂ કરીને સમજી શકાય.

$$\sum_{1=1}^{\infty} \pi_1 = \frac{1}{2}\left(1 + \frac{1}{2} + \frac{1}{4} \ldots\ldots\right)$$

$$= \frac{1}{2}\left(\frac{1}{1 - 1/2}\right)$$

$$= \frac{1}{2} \times 2 \qquad = 1$$

આપણે ઉપરનાં સમીકરણમાં જોયું કે બધી જ સંભાવનાઓનો સરવાળો એક થાય ત્યારે જ આપણને કોઈ પરિણામ મળે છે. હવે તેને જો આપણે અપેક્ષિત મૂલ્યનાં સંદર્ભમાં સમજવું હોય તો નીચેનાં સમીકરણ દ્વારા તેને સમજી શકાય.

$$\text{અપેક્ષિત મૂલ્ય} \quad = \sum_{i=1}^{\infty} \pi_1 \times 1$$

$$= \sum_{i=1}^{\infty} 2^1 \frac{1}{2^1}$$

$$= 1 + 1 + 1 \ldots + 1 \qquad = \infty$$

આથી, ઉપરોક્ત સમીકરણમાં આપણે જોઈ શકીએ છીએ કે પીટરબર્ગસ પેરેડોક્સ ગેઈમનું અપેક્ષિત મૂલ્ય અગણિત (∞) છે.

આ સમીકરણ દ્વારા આપણને જાણવા મળે છે કે ગમે તેટલી મોટી રકમ લેવામાં આવશે તો પણ ખેલાડી રમત રમવા તૈયાર નહીં થાય. તેનું કારણ છે કે જો એક બીલીયન ડૉલર પણ લેવામાં આવશે તો પણ તે રમતનાં અપેક્ષિત મૂલ્ય કરતાં ઘણી જ ઓછી રકમ હશે. પણ જે આપણે બર્નોલીની રમતની વાત કરીએ તો તે રમતમાં અગણિત અપેક્ષિત મૂલ્ય નથી. જયારે પીટરબર્ગસ પેરેડોક્સ ગેઈમ અપેક્ષિત મૂલ્ય અગણિત છે.

14.12.1 અપેક્ષિત તુષ્ટિગુણ :

આ કોયડાને ઉકેલવા બર્નોલી એવી દલીલ કરે છે કે વ્યક્તિને રસ ડોલર જીતવામાં નથી, પરંતુ તેમાંથી મળતો તુષ્ટિગુણ મહત્વનો છે, એટલે કે અમુક પ્રકારની રમત રમવાથી કેટલાં નાણાં મળશે તેના આધારે રમત રમવાનો કે ન રમવાનો નિર્ણય લેવામાં આવતો નથી. પરંતુ તે નાણાંમાંથી કેટલો તુષ્ટિગુણ મળશે તેનો નિર્ણય કરવામાં આવે છે.

જો આપણે એવું ધારવાથી કે વ્યક્તિની આવકમાં જેમ વધારો થાય તેમ તેમાંથી મળતો સીમાંત તુષ્ટિગુણ ઘટે છે તો પીટરબર્ગસ ગેઈમને ચોક્કસ અપેક્ષિત તુષ્ટિગુણ મૂલ્યમાં પરિવર્તિત કરવી પડે જેના માટે ખેલાડી રમવાનો અધિકાર મેળવવા માટે નાણાં ચૂકવવા ઈચ્છે છે.

બર્નોલીએ અપેક્ષિત મૂલ્યને રમતનાં ''નૈતિક મૂલ્ય'' તરીકે પણ ઓળખાવે છે. તે વ્યક્તિ માટે તે રમતનું કેટલું મહત્વ છે તેના આધારે નક્કી થાય છે. કોઈ પણ રમતનું ડોલર મહત્વમાં વધારો થાય પણ જો તુષ્ટિગુણ મૂલ્યમાં ઘટાડો થતો હોય તો તે રમતનું નૈતિક મૂલ્યમાં પણ ઘટાડો થતો હોય છે. તેથી તે અપેક્ષિત તુષ્ટિગુણ મૂલ્ય અને રમતનું નૈતિક મૂલ્યનું એકબીજા સાથે ધન સંબંધ જોવા મળે છે તો તે વધે તો નૈતિક મૂલ્ય પણ વધે છે અને જો ઘટે તો નૈતિક મૂલ્યમાં ઘટાડો થાય છે.

ટૂંકમાં એટલું કહી શકાય કે વ્યક્તિ અચોક્કસ સ્થિતિમાં વ્યક્તિનું વર્તન તપાસતા વ્યક્તિ નાણાંના બદલે તેમાંથી મળતાં તુષ્ટિગુણમાં રસ હોય છે.

બર્નોલીએ પણ પીટર બર્ગસનાં કોયડાને પૂર્ણ રીતે ઉકેલી શક્યા નથી. પરંતુ તેઓ અચોક્કસ અને અનિશ્ચિત પરિસ્થિતિમાં ગ્રાહક કેવી રીતે વર્તન કરશે તે સમજાવે છે. લોકોને ડોલરમાં નહી પણ ડોલરમાંથી મળતા અપેક્ષિત તુષ્ટિગુણમાં જ વધારે રસ હોય છે.

પરંતુ આ અભિગમની મુખ્ય ખાસીયત એ છે કે તેમાં તુષ્ટિગુણને માપી શકાય છે. પરંતુ વાસ્તવમાં તુષ્ટિગુણને માપી શકતો નથી. લોકો રમતો રમે છે, કારણ કે તેમાંથી નાણાં મળે છે. પણ તે નાણાંમાંથી કેટલો તુષ્ટિગુણ મળશે તે કહી શકાય નહિ. આ ખામીને દૂર કરવાનો પ્રયત્ન 1944માં વોન ન્યુમેન અને મોંગનસ્ટર્ન દ્વારા અચોક્કસ પરિસ્થિતિમાં ગ્રાહકના વર્તન સમજાવવા અલગ અભિગમ રજૂ કરેલ છે.

14.12.2 વોન ન્યુમેન - મોંગનસ્ટર્ન સિદ્ધાંત :

જે વોન ન્યુમેન અને એ મોંગનસ્ટર્ન નામના વિધાનોએ 1944માં પોતાના પુસ્તકમાં The Theory of Games and Economic Behaviour માં અચોક્કસ પરિસ્થિતિમાં વ્યક્તિના વર્તનને સમજવા માટે એક ગાણિતિક મોડેલ રજૂ કરવામાં આવ્યું. તેઓ જણાવે છે કે વ્યક્તિઓ અચોક્કસ પરિસ્થિતિમાં જે વિવિધ પસંદગીઓ કરે છે. તેનો આધાર તેમાંથી મળતા અપેક્ષિત તુષ્ટિગુણ પર રહેલો છે. આ અપેક્ષિત તુષ્ટિગુણનો ખ્યાલ ગ્રાહકના વર્તન અભિગમોમાંથી જ ઊતરી આવ્યો છે.

ગ્રાહકનું સુસંગત બુદ્ધિપૂર્વકનું વર્તન એટલે વસ્તુમાંથી મહત્તમ લાભ મેળવવાની અપેક્ષા. કોઈ પણ કાર્યમાંથી મહત્તમ લાભ અને ન્યુનતમ નુકસાન થાય તેવું વર્તન સુસંગત બુદ્ધિપૂર્વકનું વર્તન તરીકે ઓળખવામાં આવે છે.

આ સિદ્ધાંતમાં તુષ્ટિગુણને માપવા માટેનાં માપદંડોને રજૂ કરવામાં આવ્યા છે. આ

બાબતને આપણે એક ઉદાહરણ દ્વારા સમજીએ.

ધારો કે રમતમાં ભાગ લેવાથી n જેટલાં સંભવિત ઈનામો મળી શકે તેમ છે. આ ઈનામોને આ રીતે રજુ કરી શકાય.

X_1 X_2.....X_n

અપેક્ષા પ્રમાણે આ ઈનામોને ચડતાં ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. એટલે કે X_1 સૌથી ઓછુ પસંદ કરે છે. ત્યાર બાદ X_2 તેમાં X_n સૌથી વધારે પસંદ કરે છે. કારણ કે X_n રમતમાંથી સૌથી વધારે અપેક્ષિત તુષ્ટિગુણ મળે છે અને X_1માંથી સૌથી ઓછો તુષ્ટિગુણ મળે છે. તેથી X_1 સૌથી ઓછો પસંદ કરવામાં આવે છે. આ ઈનામોને આપણે પસંદગીના આધારે આવી રીતે ગોઠવી શકાય.

$u(X_1) = 0$

$u(X_n) = 1$

વોન ન્યુમેન- મોર્ગેસ્ટર્ન એવું દર્શાવે છે કે બન્ને અપેક્ષિત તુષ્ટિગુણનાં વિકલ્પને સંખ્યા કે ક્રમ આપીને ગ્રાહકની પસંદગીને દર્શાવી શકાય છે.

આમ વોન ન્યુમેન-મોર્ગેસ્ટર્ન અભિગમનાં ક્રમબદ્ધતા તુષ્ટિગુણ વિધેય તરીકે કામ કરતું હોય તેમ જણાય છે. જેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે વ્યક્તિ પોતાના અપેક્ષિત તુષ્ટિગુણને મહત્તમ કરવા તુષ્ટિગુણના આધારે વિકલ્પોની પસંદગી કરે છે અને મહત્તમ કલ્યાણ કરવાનો પ્રયાસ કરે છે અને અપેક્ષિત તુષ્ટિગુણનાં આધારે વ્યક્તિ અનિશ્ચિત પરિસ્થિતિમાં કઈ રીતે વર્તન કરે છે. તેની સમજૂતી આપે છે. તેને આધારે અપેક્ષિત તુષ્ટિગુણને મહત્તમ કરવાનો પ્રયત્ન કરે છે. તે બાબત સમજાવી શકાય.

14.13 સારાંશ :

આજના અત્યંત ગતિશીલ અને પરિવર્તનશીલ યુગમાં બજારમાં અને આર્થિક જગતમાં સતત ફેરફારો થાય છે. તેથી બજાર અનિશ્ચિત તથા આર્થિક અનિશ્ચિતતાના કારણે કોઈ પણ આર્થિક, વ્યાપારિક અને ઔદ્યોગિક કામગીરી કરવામાં જોખમો સર્જાય છે. વળી દરેક જોખમો પ્રત્યે દરેક વ્યક્તિનું વર્તન અલગ-અલગ હોય છે. જે વ્યક્તિની માનસિકતા પર આધાર રાખે છે. કેટલાંક લોકો જોખમ લેવાનું પસંદ કરે છે તો કેટલાંક તેનો વિરોધ કરે છે. આવી પરિસ્થિતિમાં લોકો કેવી રીતે વર્તન કરે છે તે દર્શાવવાનો તથા વિવિધ જોખમ કેવી રીતે ઘટાડી શકાય તે રજૂ કરવા પ્રયત્ન પ્રસ્તુત એકમમાં કરવામાં આવ્યો છે.

14.14 ચાવીરૂપ શબ્દો :

વીમો : ''વીમો એટલે પોલીસી ધારકોને આર્થિક સલામતીનું વચન આપતો કરાર.''

વાજબી રમતો : ''જે રમતોમાં જીતની અને હારની સંભાવના સરખી હોય તેને વાજબી રમતો કહે છે.''

જોખમ : જેના પરિણામો અંગે અગાઉથી ચોક્કસ અને નક્કર રીતે અનુમાન કે આગાહી ન થઈ શકે તેને જોખમ કહે છે.

સંભાવના : કોઈ પણ બાબત બનવાની સંભવિત શક્યતાઓને સંભાવના તરીકે ઓળખવામાં આવે છે.

જોખમ પ્રિય વ્યક્તિ : જોખમ પ્રિય વ્યક્તિ એટલે એવી વ્યક્તિ કે જીતની સંભાવના પોતાના પક્ષમાં ન હોવા છતાં પણ રમતોમાં ભાગ લે તેવું માનસ ધરાવતી વ્યક્તિ.

જોખમ અપ્રિય વ્યક્તિ: જોખમ અપ્રિય વ્યક્તિ એટલે એવી વ્યક્તિ જીતની સંભાવના પોતાના પક્ષમાં હોવા છતાં પણ રમતમાં ભાગ ન લે તેવું વર્તન ધરાવતી વ્યક્તિ

નીચેના પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો.

(1) અચોક્કસતાનો અર્થ આપી અસરો જણાવો.

(2) જોખમ એટલે શું ? જોખમ પ્રત્યે વ્યક્તિનું વર્તન જણાવો.

(3) અપેક્ષિત તુષ્ટિગુણ અને અચોક્કસતા અસાધારણાનો અભિગમ વિગતે સમજાવો.

(4) જોખમ ઘટાડવાના વિવિધ ઉપાયો જણાવો.

(5) વોન ન્યૂમેન અને મોર્ગેસ્ટર્નનો સિદ્ધાંત સમજાવો.

(6) વાજબી રમતો અને અપેક્ષિત તુષ્ટિગુણ વચ્ચેનો સંબંધ સમજાવો.

નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો.

(1) જુગાર અને વીમો

(2) જોખમ અને અનિશ્ચિતતા

(3) જોખમ અણગમો અને વીમો

(4) અપેક્ષિત તુષ્ટિગુણ એટલે શું ?

(5) વાજબી રમત અને અપેક્ષિત તુષ્ટિગુણ

- **સ્વાધ્યાય :**

નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

(1) સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જેમ જોખમનું પ્રમાણ ઊંચું તેમ તેમાંથી મળતો લાભ વધુ હોય છે.

(2) જુગારમાં ખેલાડીને સિક્કો ઉછાળીને ચુકવણી કરવામાં આવે છે.

(3) જોખમ પ્રિય વ્યક્તિ સંભાવના પોતાના પક્ષમાં ન હોય તો રમતમાં ભાગ લેતો નથી.

(4) વીમો એ પોલીસી ધારકોને આર્થિક સુરક્ષા આપતો એક કરાર છે.

(5) વાજબી રમતોમાં હારની અને જીતની સંભાવના સરખી હોય છે.

(6) વ્યક્તિ વસ્તુને વાયદા બજારમાં વેચાણ કરીને જોખમ ઘટાડી શકે છે.

(7) વીમો એ જુગારથી વિરુદ્ધ છે.

જવાબ : (1) ખરું (2) ખોટું (3) ખરું (4) ખરું (5) ખરું (6) ખરું (7) ખરું

યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(1) વીમાનું પણ એક બજાર છે. કારણ કે લોકો ..... અપ્રિય હોય છે.

A. બિન જોખમી B. જોખમ

C. અવિશ્વાસુ D. અંધશ્રધ્ધાળું

(2) જોખમને ..... દ્વારા ઘટાડી શકાય છે.

A. વીમો B. વાયદા બજાર

C. સંપૂર્ણ માહિતી D. ઉપરોક્ત બધા જ

(3) વીમા કંપનીઓ ..... દ્વારા મહત્તમ નફો મેળવી શકે છે.

A. જોખમ એકત્રીકરણ અને જોખમ પ્રસાર B. વાયદા બજાર

C. અપૂર્ણ માહિતી D. ઉપરોક્ત બધા જ

(4) બધાં જ પ્રકારની આર્થિક લેવડ-દેવડમાં ..... સામેલ હોય છે.

A. ખોટ B. લાભ

C. જોખમ D. ઉપરોક્ત કોઈ નહીં

(5) જોખમ પ્રત્યે વ્યક્તિનો વ્યવહાર ..... પ્રકારો છે.

A. પાંચ પ્રકારનો B. ત્રણ પ્રકારનો

C. બે પ્રકારનો D. એક પ્રકારનો

(6) એક જોખમ પ્રિય વ્યક્તિની જીતની સંભાવના પોતાના પક્ષે ન હોવા છતાં રમવા.....હોય છે.

A. તત્પર B. નિર્ભર

C. બેચેન D. ઉપરોક્ત કોઈ નહીં

(7) અનિશ્ચિતા માનવ જીવનું એક ..... તથ્ય છે.

A. મૌલિક B. લેખિત

C. અલૌકીક D. ઉપરોક્ત બધાં જ

(8) જોખમ તથા..... માં આંતર જાણવું આવશ્યક છે.

A. અનિશ્ચિતતા B. વાસ્તવિકતા

C. અચોક્કસતા D. બિનવાસ્તવિકતા

(9) અનિશ્ચિતતા એ એક એવી સ્થિતિ છે કે જેની સંભાવના ..... તેમ નથી.

A. માપી શકાય B. દર્શાવી શકાય

C. ઓળખી શકાય D. ઉપરોક્ત કોઈ નહીં

(10) કોઈ પણ પેઢી એક પ્રકારની વસ્તુનું ઉત્પાદન કરવાના બદલે અનેક પ્રકારની વસ્તુ ઉત્પાદન કરે તેને ..... કહે છે.

A. વાયદા બજાર B. વિવિધીકરણ

C. ભિન્ન બજાર D. એકરૂપ બજાર

જવાબ :

(1) B - જોખમ (2) D - ઉપરોક્ત બધા જ (3) A - જોખમ એકત્રીકરણ અને જોખમ પ્રસાર
(4) C - જોખમ (5) B - ત્રણ પ્રકારનો (6) A - તત્પર (7) A- મૌલિક (8) A - અનિશ્ચિતતા
(9) A - માપી શકાય (10) B - વિવિધિકરણ

14.15 ઉપયોગી પુસ્તકોની યાદી :

(1) **એકમલક્ષી અર્થશાસ્ત્ર** - 2, પ્રિ. આર. જોષી, ડૉ. પી.પી. પ્રજાપતિ, ડૉ. કિરણ પંડ્યા, પ્રા. જે.પી. ભટ્ટ, પોપ્યુલર પ્રકાશન, સુરત

(2) व्यष्टि अर्थशास्त्र के सिद्धांत : लक्ष्मी पब्लिकेशंस, दिल्ही

(3) माइक्रो कोनोमिक्स : प्रिंसिपल्स, एप्लीकेशंस एंड टूल्स, संबंध बासोलिया, डीएनडी पब्लिकेशंस

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

●

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in | Email : office.scs@baou.edu.in